Master Keys of Happy Life(Gujarati Edition): The Life

Patel, M.

VISIT...

LANZAROTE Caliente.COM

Capable to world's largest selling book

માસ્ટર કીઝ ઓફ હેપ્પી લાઈફ

ધ લાઈફ ચેન્જર ટર્નિંગ પોઈન્ટ

પ્રગતિ કરવી અને સુખી જીવન જીવવું તમારો જન્મસિદ્ધ અ



માસ્ટર કીઝ
ઑફ
હેપ્પી લાઈફ

ધ લાઈફ ચેન્જર ટર્નિંગ પોઈન્ટ

પ્રગતિ કરવી અને સુખી જીવન જીવવું તમારો જન્મસિદ્ધ અધિકાર છે.

એમ. પટેલ

માસ્ટર કીઝ ઑફ હેપ્પી લાઈફ - ધ લાઈફ ચેન્જર ટર્નિંગ પોઈન્ટ

લેખક : એમ. પટેલ

First Edition: June 2019

ISBN No. :

Self-published

હૃદયપૂર્વક આભાર ...

સૌથી પહેલા ઈશ્વરનો હું સાચાં મન અને સાચાં દિલથી ખૂબ ખૂબ આભાર માનું છું કે, જેમણે મને સમગ્ર માનવજાતને વર્તમાનમાં અને ભવિષ્યમાં અનેક યુગો સુધી ખૂબ જ ઉપયોગી થાય તેવા જ્ઞાનથી ભરપૂર આ પુસ્તક લખવા માટે નિમિત્ત બનાવ્યો અને આ ઉપરાંત, આ પુસ્તક લખવામાં જેમણે મને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદ કરી છે તે બધા જ લોકોનો પણ હું સાચાં મન અને સાચાં દિલથી ખૂબ ખૂબ આભાર માનું છું.

અર્પણ

આ પુસ્તક વિશ્વના તમામ માતાપિતા અને તમામ શિક્ષકોને સમર્પિત કે, જેઓ ઘરમાં અને શાળાઓમાં બાળકોનું ઘડતર કરી સાચાં અર્થમાં એક જવાબદાર વિશ્વનું નિર્માણ કરે છે.

આ "જીવન પરિવર્તક પુસ્તક" (લાઈફ ચેન્જર બુક)જન્મ દિવસ પર, સગાઇમાં, મેરેજમાં, મેરેજ એનિવર્સરી પર, નવા વર્ષના દિવસે, દિવાળી, નાતાલ, રમઝાન, પતેતી વગેરે બધા જ તહેવારનાં દિવસે, રાષ્ટ્રિય તહેવારો પર, ફ્રેન્ડશિપ ડે,વર્લ્ડ હેપ્પીનેસ ડે(20 માર્ચ), વર્લ્ડ બુક ડે(23 એપ્રિલ), ચિલ્ડ્રેન ડે,... વગેરે જેવા દિવસો પર અને તે સિવાયના દિવસોમાં પણ તમે તમારા મિત્રો, બાળકો, દેશ-વિદેશમાં રહેતાં તમારા સગાસંબંધીઓને અને કર્મચારીઓને એક મહાન અને એક ક્રાંતિકારી ગિફ્ટ આપવા માટે આ પુસ્તક તમે એકદમ સરળતાથી અને ખૂબ જ ઝડપથી amazon (એમેઝોન) પરથી ઑનલાઈન મેળવી શકશો.

કારણ કે, તમે કોઈને ગિફ્ટમાં આપેલ કોઈ એક મોંઘો મોબાઈલ ફોન, એક લેપટોપ, એક બાઈક, એક કાર કે અમુક રૂપિયા તેને અમુક સમય સુધી જ ખુશી આપી શકે છે કારણ કે, તે વસ્તુ કે રૂપિયા ગિફ્ટ સ્વીકારનાર વ્યક્તિએ પોતાની જાત મહેનતથી નથી મેળવ્યા. પરંતુ, જો તમે કોઈને સૌથી સર્વશ્રેષ્ઠ અને સૌથી ક્રાંતિકારી ગિફ્ટ આપવા માંગતા હોવ તો તમે આ પુસ્તક ગિફ્ટમાં અચૂક અને જરૂર આપજો. કારણ કે, આ પુસ્તકમાં બતાવવામાં આવેલ પ્રેક્ટિકલી અને પાવરફુલ સોલ્યૂશન, આઈડિયા, કામ કરવાની ટેક્નિક અને માર્ગદર્શનની મદદથી કાર્ય કરીને ગિફ્ટ સ્વીકારનાર વ્યક્તિ સક્ષમ અને સ્વાવલંબી બનીને પોતાની જાત મહેનતથી એક નહિ પણ દસ-દસ મોબાઇલ ફોન, એક નહિ પણ દસ-દસ લેપટોપ અને અસીમિત ધન અને અસીમિત સમૃદ્ધિનું સર્જન કઈ રીતે કરવું, સર્જન કરીને તેને કઈ રીતે

ટકાવી રાખવા અને ઉત્તરોત્તર ધન અને સમૃદ્ધિ કઈ રીતે વધારતા રહેવુ અને આજીવન ખુશ કઈ રીતે રહેવું તે ખૂબ જ સરળતાથી શીખવે છે.

આથી, જરૂર છે ફક્ત ગિફ્ટમાં શું આપવું અને શું ન આપવું, તે તરફની જૂની વિચારધારા છોડવાની અને નવી વિચારધારા અપનાવવાની. નવી વિચારધારા, નવી ગિફ્ટ એટલે " માસ્ટર કીઝ ઑફ હેપ્પી લાઈફ-ધ લાઈફ ચેન્જર ટર્નિંગ પોઈન્ટ " પુસ્તક.

~ અનુક્રમણિકા ~

Have A GreaT and RevolutioN Day !!!

સૌથી પહેલા તમામ વાચક મિત્રોને સાચાં દિલથી ખૂબ ખૂબ અભિનંદન !!!

કારણ કે, તમે પોતાની આજ અને આવતી કાલને બદલવાની પ્રબળ ઇચ્છા રાખો છો. કારણ કે આ દુનિયામાં જીવનારાં બધા લોકોમાં પોતાને બદલવાની કોઈ ઈચ્છા કે હિમ્મત નથી હોતા. તમે આ મહાન અને જીવન પરિવર્તક પુસ્તક વાંચી રહ્યા છો કારણ કે, તમે એક સારાં પરિવર્તનને સ્વીકારનાર, ઉત્સાહી, ઉમંગી, હિંમતવાન, ખુલ્લા વિચારવાળા, નીડર, હંમેશા કંઈક નવું અને સારું જ્ઞાન મેળવનાર વ્યક્તિ છો. કારણ કે, દુનિયા એ વાતની સાક્ષી છે કે, જે લોકો હંમેશા કઈંક ને કઈંક નવું અને સારું શીખતાં રહ્યા છે, નવું નવું જ્ઞાન લેતા રહ્યા છે તે લોકો જ આ દુનિયાને માનવતાનો, સફળતાનો, પ્રગતિનો, આધ્યાત્મિકતાનો, સંશોધનનો, સુખ અને શાંતિનો માર્ગ બતાવી શક્યા છે. આથી, વહાલા વાચક મિત્રો, આજ ની સવાર તમારી જિંદગીની ફક્ત શુભ સવાર નથી, પણ તમારી જિંદગીમાં સાચાં અર્થમાં અદભૂત ક્રાંતિ લાવનારી એક મહાન સવાર છે અને આથી જ સાચા અર્થમાં આજનો દિવસ પણ ફક્ત સારા દિવસને બદલે તમારી જિંદગીનો એક ક્રાંતિકારી અને એક મહાન દિવસ પણ છે.

~ આ પુસ્તક કોણે કોણે અને શા માટે વાંચવું જોઈએ ?

- આ પુસ્તક દરેક ધર્મના લોકો પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ, સ્કૂલ કે કોલેજમાં ભણતા વિધાર્થી હોય કે વિધાર્થિની દરેકે આ પુસ્તક વાંચવું જ જોઈએ.

- જે લોકોનો દ્રષ્ટિકોણ નકારાત્મક છે તેવા લોકો આ પુસ્તકની મદદથી પોતાના દ્રષ્ટિકોણને સકારાત્મક, રચનાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણમાં બદલી શકશે. જે લોકોનો દ્રષ્ટિકોણ સકારાત્મક છે તેવા લોકો આ પુસ્તકની મદદથી પોતાના દ્રષ્ટિકોણને વધુ રચનાત્મક અને વધુ સર્જનાત્મક દ્રષ્ટિકોણમાં બદલીને પોતાના ધ્યેયને ખૂબ જ ઝડપથી અને ખૂબ જ સરળતાથી પ્રાપ્ત કરી શકશે, સફળતાના નવા નવા શિખરો સર કરી શકશે. આથી, જે લોકો પોતાના દ્રષ્ટિકોણને વધુ સકારાત્મક, વધુ રચનાત્મક અને વધુ સર્જનાત્મક બનાવવા માગતા હોય તેવા લોકો માટે આ પુસ્તક એક લાઈફ ચેન્જર ટર્નિંગ પોઈન્ટ બની રહેશે.

-જે લોકો પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને નોકરી કે ધંધાની શોધમાં હોય તેવા લોકો માટે આ પુસ્તક એક ઉત્તમ માર્ગદર્શક સમાન છે. તેવા લોકોએ આ પુસ્તક જરૂર ને જરૂર જેટલું જલ્દી શક્ય હોય તેટલું જલ્દી વાંચવું જ જોઈએ.

-જે લોકોએ વર્તમાન સમયમાં હોમ લોન, કાર લોન જેવી લોન લીધેલી છે અથવા તો ભવિષ્યમાં લેવાના છે અથવા જે લોકો પર કોઈ પણ કારણસર ભૂતકાળનું અમુક દેવું, લેણું કે

ઋણ છે અથવા જે લોકો વર્તમાન સમયમાં કોઈ પણ પ્રકારની નાણાંકીય તંગી અનુભવી રહયા છે અથવા જે લોકો પોતાની વર્તમાન આર્થિક સ્થિતિને સુધારવાની તીવ્ર ઈચ્છા રાખે છે તેવા લોકો માટે આ પુસ્તક નાણાંને લાગતી સમસ્યાને સૉલ્વ કરવાવાળું એક સર્વશ્રેષ્ઠ મની પ્રૉબ્લેમ સૉલ્વર અને એક સર્વશ્રેષ્ઠ ગાઈડ બની રહેશે.

-જે લોકોને પોતાની વર્તમાન પરિસ્થિતિ સામે કોઈ પણ પ્રકારની સમસ્યા હોય, કોઈ પણ પ્રકારની ફરિયાદ હોય, કોઈ પણ પ્રકારની તકલીફ હોય, જે લોકો પોતાની વર્તમાન પરિસ્થિતિથી નાખુશ છે અને પોતાની આજ અને આવતી કાલને બદલવાની અને સુધારવાની તીવ્ર ઈચ્છા રાખે છે. તેવા લોકો માટે આ પુસ્તક એક સર્વ શ્રેષ્ઠ પ્રોબ્લેમ સોલ્વર બની રહેશે. આથી, આવા લોકોએ પણ આ પુસ્તક જરૂર ને જરૂર જેટલું જલ્દી શક્ય હોય તેટલું જલ્દી વાંચવું જ જોઈએ.

-જે લોકો પોતાની વર્તમાન નોકરી કે કામ ધંધાથી કોઈ પણ રીતે હેરાન-પરેશાન હોય, જે લોકોને પોતાના ધ્યેય સુધી પહોંચવાના માર્ગમાં કોઈ પણ પ્રકારની જૂની, ખોટી, નકામી ગેરમાન્યતા કે બીજા કોઈ પણ પ્રકારના અવરોધ આડે આવતા હોય તેમના માટે આ પુસ્તક એક સર્વશ્રેષ્ઠ ગોલ એચીવર બની રહેશે.આથી, આવા લોકોએ પણ આ પુસ્તક જરૂર ને જરૂર જેટલું જલ્દી શક્ય હોય તેટલું જલ્દી વાંચવું જ જોઈએ.

~ પ્રસ્તાવના ~

એક વાર આ પુસ્તક વાંચી તો જો,

"કિસ્મત" બદલાઈ જશે !!!

હાં, તમે એકદમ સાચું વાંચ્યું છે. ઈતિહાસ સાક્ષી છે કે, ઘણાં બધા પુસ્તકોએ દુનિયાનાં ઘણાં બધા લોકોની કિસ્મત બદલી છે. આ પુસ્તક પણ એક આવું જ એટલે કે, લાઈફ ચેન્જર પુસ્તક છે. આ પુસ્તક કોઈ સામાન્ય પુસ્તક નથી. આ પુસ્તકમાં બતાવવામાં આવેલા વાસ્તવિક, પ્રેક્ટિકલ અને શક્તિશાળી સોલ્યુશન, ટેક્નિક, આઈડિયા અને ગાઈડન્સ દુનિયાનાં અનેક લોકો માટે સાચાં અર્થમાં

(1) પ્રોબ્લેમ સોલવિંગ સૉલ્યુશન

(2) ગોલ એચીવર ગાઈડ

(3) વર્તમાનમાં અને/અથવા ભવિષ્યમાં નીડ ફુલફિલર (જરૂરિયાતોને કેવી રીતે પૂર્ણ કરવી)તે બાબતમાં એક પથદર્શક બની રહેશે અને આ બધા માપદંડો જ આ પુસ્તકને એક એક્સ્ટ્રા ઓર્ડિનરી લાઈફ ચેન્જર પુસ્તક બનાવે છે.

આ પુસ્તકમાં સુખી જીવનની ચાવીઓ એટલે કે, વાસ્તવિક અને પ્રેક્ટિકલ ઉપાયો એટલી સરળ રીતે રજુ કરવામાં આવ્યા છે કે, જેને દસ વર્ષનો છોકરો પણ સરળતાથી સમજી શકે અને પોતાના જીવનમાં અમલમાં મૂકી શકે. આ પુસ્તકને તમે માત્ર વાંચવા ખાતર ન વાંચતા. તમે જયારે પણ આ પુસ્તક વાંચવા બેસો ત્યારે દરેક પાનું વાંચતી વખતે પોતાની ભૂતકાળ કે વર્તમાન જિંદગીની તે પાનને અનુરૂપ કોઈ ક્ષણ કે કોઈ સ્થિતિને

સરખાવીને વાંચજો જેથી કરીને, તમને તમારા દ્વારા ભૂતકાળમાં થયેલી ભૂલનું સાચું કારણ જાણવા મળે અને વર્તમાનમાં તમે તે અથવા તે પ્રકારની કોઈ નવી ભૂલ ન કરી બેસો. તે બાબતે તમે અગાઉથી જ સાવચેત થઈ શકો અને બની શકે કે કોઈ ભૂલ તમે વર્તમાનમાં કરી રહ્યા હોવ તો તે ભૂલ તમારાથી અટકી જાય અને તે ભૂલને સુધારવા માટેનું કાયમી અને સાચું સોલ્યૂશન પણ તમને મળી જાય.

આ પુસ્તક તમારે શરૂઆતથી અંત સુધીના પ્રકરણનાં ક્રમ પ્રમાણે જ વાંચવું જેથી કરીને, તમે આ પુસ્તકમાં આપવામાં આવેલા જ્ઞાનને સારી રીતે સમજી શકો અને તેને ખૂબ જ સરળતાથી અમલમાં મૂકીને તેનો ભરપૂર લાભ લઈ શકો. આ પુસ્તકને વાંચતી વખતે તમારે કોઈપણ પ્રકરણ આગળ-પાછળ ન વાંચવા. આ પુસ્તકનું કોઈપણ એક પાનું વાંચતી વખતે તમને એવું ચોક્કસ ફીલ થશે કે, જો આ પુસ્તક મારી પાસે 10 વર્ષ પહેલા આવ્યું હોત, જો આ પુસ્તક મારી પાસે 20 વર્ષ પહેલા આવ્યું હોત, તો આજે જિંદગી કંઈક અલગ જ હોત. કોઈપણ દેશની સરકાર તેના દેશનો વિકાસ તે દેશના GDP ના આંકડા પરથી નક્કી કરે છે તે જ રીતે, આ પુસ્તક મનુષ્યને જીવનની દરેક પરિસ્થિતિમાં ખુશ રહેવાના અને તે પરિસ્થિતિને વધુ સારી અને પોતાને વધુ અનુકૂળ કઇ રીતે બનાવવી તેના સચોટ માપદંડ પણ બતાવશે.

આ પુસ્તક તમને તમારા નકારાત્મક દ્રષ્ટિકોણને સકારાત્મક દ્રષ્ટિકોણમાં બદલતા શીખવશે અને જો તમારો દ્રષ્ટિકોણ સકારાત્મક હશે તો વધારે સકારાત્મક દ્રષ્ટિકોણમાં બદલાતા શીખવશે. આ પુસ્તક બાળપણની કેટલીક જૂની, નકામી, ખોટી, ગેરમાન્યતાઓ તમારા મગજમાંથી દૂર કરશે. સાથે સાથે આ પુસ્તક વર્તમાન સમયની શિક્ષણ વ્યવસ્થાના નબળા પાસાઓને ઉજાગર કરે છે અને તેને જલ્દીથી જલ્દી સુધારવા પર ભાર મૂકે છે. આ પુસ્તક તમને શારીરિક તંદુરસ્તીની સાથે સાથે માનસિક તંદુરસ્તી કઇ રીતે મેળવવી અને તેને કઇ રીતે જાળવી રાખવી તે પણ શીખવે છે. આ પુસ્તકની મદદથી તમે તમારા આત્મવિશ્વાસને સેંકડો ગણો વધારીને તેની અદ્રશ્ય શક્તિનો જીવનના કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે ભરપૂર લાભ કઈ રીતે લેવો તે પણ શીખી શકશો. સાથે સાથે આ પુસ્તક તમારામાં રહેલી અસીમ ક્ષમતાઓની તમને જાણ કરાવશે અને તે ક્ષમતાઓને સેંકડો ગણી કઈ રીતે વધારવી તે પણ શીખવશે. આ પુસ્તક તમને તમારા નિર્ધારિત કરેલા લક્ષ્ય સુધી પહોંચવામાં અવરોધરૂપ બનતા અવરોધોને કેવી રીતે દૂર કરવા અને નિર્ધારિત સમય મર્યાદામાં, સરળતાથી અને ઝડપથી પોતના લક્ષ્યને કઈ રીતે પ્રાપ્ત કરવું તે પણ શીખવશે. આ પુસ્તક તમને નાણાં અંગેની અને વધુ નાણાં બનાવવા અંગેની વર્ષો જૂની ખોટી, નકામી, ગેરમાન્યતાઓને તમારા મગજમાંથી દૂર કરશે અને તમને વાસ્તવિક અને પ્રેક્ટિકલ ઉપાયો દ્વારા તથા પ્રાથમિક નાણાંકીય શિક્ષણ દ્વારા શૂન્યમાંથી કરોડો રૂપિયાનું સર્જન કઇ રીતે કરવું તે પણ શીખવશે.આ પુસ્તક તમારી ઉપર વર્તમાનમાં ગમે તેટલા રૂપિયાનું દેવું હોય, હોમલોન(ઋણ) કે અન્ય કોઈ લોન હોય તો તેને એકદમ સરળતાથી કઈ રીતે ચૂકવવું અને સાથે સાથે પોતાની પાસે રહેલી મૂડીમાં કઈ રીતે વધારો કરતા જવું તે પણ એકદમ સરળ, વાસ્તવિક અને પ્રેક્ટિકલ ઉપાયો દ્વારા શીખવશે. તે ઉપરાંત, તે મૂડીને વધુ ને વધુ કઈ રીતે વધારતા રહેવી અને તેને લાંબા સમય સુધી કઈ રીતે જાળવી રાખવી તે પણ શીખવે છે. આ પુસ્તક તમને સાચા અર્થમાં નાણાંકીય સ્વતંત્રતા(ફાઇનાન્સિયલ ફ્રીડમ) કઈ રીતે મેળવવી અને પોતાની સાચી જિંદગીનો સાચો આનંદ કઈ રીતે માણવો તે પણ

શીખવે છે. આ ઉપરાંત, આ પુસ્તક ખાસ કરીને, ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પોતાનું જીવન ધોરણ કઈ રીતે વધુ સફળ, વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ બનાવી શકે તે પણ શીખવે છે. સાથે સાથે આ પુસ્તક સમાજના ધનિક અને અતિ સમૃદ્ધ લોકોએ સમાજના ગરીબ અને પછાત વર્ગના લોકોને પોતાની યથાશક્તિ પ્રમાણે કઈ રીતે મદદ કરવી જોઈએ અને તેમને એક આદર્શ જીવન જીવવામાં કઈ રીતે મદદ કરવી તેની પર પણ પૂરો ભાર મૂકે છે.

તમે વર્તમાનમાં ગમે તેટલી સમૃદ્ધિ મેળવી હોય પરંતુ, તે બધી સમૃદ્ધિને હંમેશા પૈસાના માપદંડથી માપી શકાતી નથી. જીવનમાં અમુક પરિસ્થિતિમાં, અમુક સમયે, અમુક સંજોગોમાં આ માપદંડ બદલાઈ જતા હોય છે અને તે બદલાયેલા માપદંડને આધારે ખુશ રહેવાની વ્યાખ્યા પણ બદલાઈ જતી હોય છે. તો બદલાયેલા સમયને અનુરૂપ ખુશ રહેવા માટે પોતાની જાતમાં ક્યારે કયા કયા ફેરફાર કરવા, ક્યારે પૈસાને વધુ મહત્વ આપવું અને ક્યારે ન આપવું તે આ પુસ્તક તમને સારી રીતે શીખવે છે. આ પુસ્તકની મદદથી તમે જીવનની કોઈપણ પરિસ્થિતિમાં ઝડપથી, વધારે સારો અને વધારે સાચો નિર્ણય કઈ રીતે લેવો તે પણ શીખી શકશો. આ પુસ્તક દુનિયાના સેંકડો સુખી લોકો અને સેંકડો દુઃખી લોકોના જીવનનું એકદમ બારીકાઈપૂર્વક, તટસ્થ, નિષ્પક્ષ અને સાચું નિરીક્ષણ કરીને લખવામાં આવ્યું છે અને તેને આધારે કોઈપણ વ્યક્તિના સુખી કે દુઃખી હોવાના સચોટ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે અને તેને આધારે જ સુખી જીવનની શ્રેષ્ઠ ચાવીઓ નક્કી કરવામાં આવી છે. જે આ પુસ્તકના કોઈ પણ પાનાં પર તમને સરળતાથી મળી જશે. મારી વિનંતી છે કે, આ પુસ્તક તમે ફક્ત એકવાર વાંચીને મૂકી નહિ દેતા. આ પુસ્તક તમે જયારે પણ વાંચશો ત્યારે દરેક વખતે તેમાંથી તમને પોતાની વર્તમાન જિંદગીમાં નવું અને સારું અપડેટ કરવા જેવું કઈંક હંમેશા મળશે જ. કઈંક ને કઈંક નવું નવું જાણવા અને શીખવા મળશે જ.

ટૂંકમાં, આ પુસ્તક કોઈપણ વ્યક્તિને, તેના બાળકોને અને તેના પરિવારના સભ્યોને અને તેની આવનારી પેઢીઓને એક વધુ સફળ, વધુ સુખી, વધુ તંદુરસ્ત, વધુ સમૃદ્ધ અને વધુ શાંતિપૂર્ણ જીવન આપવાની પુરેપુરી ક્ષમતા ધરાવે છે.

આ પુસ્તકમાં કોઈ પણ વ્યક્તિની સમસ્યાને જડમૂળમાંથી સોલ્વ કરવા માટે, તેમને તેમના ગોલ સુધી ઝડપથી પહોંચાડવા માટે અને લોકો અત્યારે જે જે સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેવી સમસ્યાનો તેમને અને તેમની ભાવિ પેઢીને સામનો કરવો ન પડે. તે માટે આ પુસ્તકમાં બતાવવામાં આવેલ વાસ્તવિક, પ્રેક્ટિકલ અને શક્તિશાળી સોલ્યુશન, ટેક્નિક અને આઈડિયાને આધારે ફરીથી હું એટલું તો ચોક્કસ કહીશ જ કે,

એક વાર આ પુસ્તક વાંચી તો જો,

"કિસ્મત" બદલાઈ જશે !!!

-

એમ. પટેલ

પ્રકરણ ૧ : સકારાત્મક માનસિક દ્રષ્ટિકોણ

દ્રષ્ટિકોણ એટલે શું ? દ્રષ્ટિકોણ કેટલા પ્રકારના હોય છે? દરેક વ્યક્તિએ કેવા પ્રકારનો દ્રષ્ટિકોણ રાખવો જોઈએ? દ્રષ્ટિકોણનું જીવનમાં શું મહત્વ છે? કોઈ વ્યક્તિના જીવનમાં, તેની પ્રગતિ કે અધોગતિમાં, તેના સુખમાં કે દુ:ખમાં દ્રષ્ટિકોણ કેટલો મહત્વનો ભાગ ભજવે છે, તેની આપણે આગળ વિસ્તૃત ચર્ચા કરીશું.

દ્રષ્ટિકોણ એટલે આપણી આસપાસ બનતી ઘટનાઓને જોવાની આપણી દ્રષ્ટિ. સામાન્ય રીતે એવું માનવામાં અને એવું કહેવામાં આવે છે કે, દ્રષ્ટિ બે પ્રકારની હોય છે. એક સકારાત્મક દ્રષ્ટિ અને બીજી નકારાત્મક દ્રષ્ટિ. તેના આધારે દ્રષ્ટિકોણનાં પણ બે પ્રકાર પડે છે, એક સકારાત્મક દ્રષ્ટિકોણ અને બીજો નકારાત્મક દ્રષ્ટિકોણ. આની સાથેસાથે આપણે આનાથી આગળની પણ વાત કરીશું.

કહેવાય છે, 'જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ'.તમારી આસપાસ બનતી ઘટનાઓમાંથી તમે શું ગ્રહણ કરો છો અને શું ગ્રહણ નથી કરતા, તે માત્ર અને માત્ર તમારા દ્રષ્ટિકોણ પર જ આધાર રાખે છે.અલગ અલગ વ્યક્તિઓનો દ્રષ્ટિકોણ અલગ અલગ હોય છે. કોઈ એક જ ઘટનાને જોવાનો અભિગમ અલગ અલગ વ્યક્તિઓ પ્રમાણે અલગ અલગ હોય છે. કોઈ વ્યક્તિ એક સકારાત્મક ઘટનાને પણ નકારાત્મક દ્રષ્ટિ રાખીને જુએ તો તેવી વ્યક્તિ તેમાંથી નકારાત્મક બાબતોને જ ગ્રહણ કરશે અને બીજી કોઈ વ્યક્તિ કોઈ નકારાત્મક ઘટનાને પણ સકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને જુએ તો તે વ્યક્તિ તેમાંથી સકારાત્મક બાબતોને ગ્રહણ કરશે.

આ પૃથ્વી પર વસતા દરેક લોકોના જીવનમાં કોઈ ને કોઈ નાની કે મોટી મુશ્કેલી તો હોય જ છે પરંતુ, કેટલાક લોકો માત્ર અને માત્ર મુશ્કેલી પર જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેઓ હંમેશા કોઈ ને કોઈ મુશ્કેલીથી જ ઘેરાયેલા રહે છે અને પરિણામે આવા લોકો કાયમ માટે દુઃખી જ રહે છે. જયારે કેટલાક લોકો એવા પણ હોય છે કે, જેમના જીવનમાં પણ મુશ્કેલી તો હોય જ છે પરંતુ, આ લોકો પોતાનું સમગ્ર ધ્યાન મુશ્કેલીને બદલે તે મુશ્કેલીના સોલ્યૂશન પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેઓ તે સોલ્યૂશન મેળવવામાં સફળ થાય છે અને પોતાનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદથી જીવે છે. “કોઈ પણ વ્યક્તિ સવારે જાગે ત્યારે તેની પાસે માત્ર બે જ વિકલ્પ હોય છે. એક તો તે ગઈ કાલ સુધી જે પરિસ્થિતિ(વ્યક્તિગત અને વ્યાવસાયિક)માં જીવ્યો છે તે જ પરિસ્થિતિમાં જીવ્યા રાખવું અને બીજું ગઈ કાલની જે અણગમતી પરિસ્થિતિ છે તેમાં પોતાનાથી શક્ય હોય તેટલા તમામ ફેરફાર કરીને પોતાને જોઈતી પરિસ્થતિ બનાવવા તરફ મંડી પડવું.”

થોડાં વર્ષો પહેલા એક શાળામાં દસમા ધોરણનાં 500 વિધાર્થીઓ ઉપર એક સર્વે કરવામાં આવ્યો. જેમાં એક ટેબલ પર એક અડધો ભરેલો પાણીનો ગ્લાસ મુકવામાં આવ્યો અને બાજુમાં એક પાણીનો ભરેલો ઘડો મુકવામાં આવ્યો અને એક પછી એક વિધાર્થીઓને વારાફરતી બોલાવીને તેમને તે ગ્લાસમાં શું દેખાય છે તે અંગે પૂછવામાં આવ્યું. તેમના દ્વારા અપાયેલા જવાબને આધારે તેમના અલગ અલગ જૂથ પાડવામાં આવ્યા અને સામે જે પરિણામો આવ્યા તે આશ્ચર્યજનક આવ્યા.

આ સર્વેમાં 70 ટકા વિધાર્થીઓએ અડધો ગ્લાસ ખાલી છે તેવો જવાબ આપ્યો હતો એટલે

કે, તેમનો દ્રષ્ટિકોણ નકારાત્મક હતો.

25 ટકા વિદ્યાર્થીઓએ અડધો ગ્લાસ પાણીથી ભરેલો છે તેવો જવાબ આપ્યો હતો એટલે કે, તેમનો દ્રષ્ટિકોણ સકારાત્મક હતો.

અને બાકીના 5 ટકા વિદ્યાર્થીઓનો જવાબ પ્રસંશાને પાત્ર હતો.

5 ટકા વિદ્યાર્થીઓ કહ્યું કે, જે પાણીનો અડધો ગ્લાસ ભરેલો છે તેને સંપૂર્ણ ભરવો હોય તો બાજુના ઘડામાંથી કેટલુંક પાણી આ ગ્લાસમાં ભરવું પડે એટલે કે. તેમનો દ્રષ્ટિકોણ વધારે સકારાત્મક અને સર્જનાત્મક હતો.

તેના બરાબર પંદર વર્ષ પછી તે સર્વેમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓની વર્તમાન જિંદગી વિશે જાણવાનો પણ એક સર્વે થયો. તો તેમાં પણ ચોંકાવનારા પરિણામો સામે આવ્યા.

70 ટકા વિદ્યાર્થીઓ જેણે નકારાત્મક જવાબ આપ્યા હતા, તે હાલમાં પોતાની એક સાધારણ કરતા પણ નીચા સ્તરની અને દુઃખદ જિંદગી જીવી રહ્યા હતા, જેનાથી તે વર્તમાનમાં ખુશ ન હતા અને તેમને પોતાની હાલની જિંદગી સામે ઘણી બધી ફરિયાદો હતી કેમ કે, આ વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં નહિવત એવી જ પ્રગતિ કરી હતી.

25 ટકા વિદ્યાર્થીઓ જેણે સકારાત્મક જવાબ આપ્યો હતા, તે હાલમાં પોતાની સાધારણ સુખી જિંદગી જીવી રહ્યા હતા, જેણે પોતાની જિંદગીમાં સાધારણ પ્રગતિ કરી હતી.

5 ટકા વિદ્યાર્થીઓ કે જેણે વધારે સકારાત્મક અને સર્જનાત્મક જવાબ આપ્યો હતો, તે હાલમાં પોતાની સાધારણ કરતા ઘણી વધુ સુખી, ઘણી વધુ સમૃદ્ધ, વૈભવશાળી અને ઘણી જ ખુશહાલ જિંદગી જીવી રહ્યા હતા, કારણ કે આ જૂથના લોકોએ ખૂબ જ ઓછા સમયમાં ખૂબ જ સારી એવી પ્રગતિ કરી હતી અને આમાંના મોટા ભાગના વિદ્યાર્થીઓને પોતાની ખાનગી કંપની હતી અને ઘણાં વિદ્યાર્થીઓ મોટી મોટી કંપનીઓમાં CEOના પદ પર હતા. આ જૂથના વિદ્યાર્થીઓનો એક પ્લસ પોઇન્ટ એ પણ હતો કે, તેમના જીવનમાં ગમે ત્યારે, ગમે તેવી મુશ્કેલી આવે તો પણ તેઓ ગમે ત્યાંથી તે મુશ્કેલીનું કોઇ ને કોઈ સોલ્યૂશન શોધી કાઢતાં હતા. આના પરથી એ સાબિત થાય છે કે, કોઈપણ વ્યક્તિના જીવનમાં સકારાત્મક દ્રષ્ટિકોણ હોવો તે તો અનિવાર્ય છે જ, પણ આટલેથી અટકી ન જતા તેની કરતા પણ આગળનું એટલે કે વધારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ હોવો જરૂરી છે.

ઉપરના કિસ્સા પરથી, નકારાત્મક દ્રષ્ટિકોણ, સકારાત્મક દ્રષ્ટિકોણ તથા વધારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણને સમજવાનો પ્રયાસ કરીએ.

ગ્લાસ અડધો ખાલી છે. -આ જવાબ વ્યક્તિનો કોઈપણ પરિસ્થિતિને નકારાત્મક દ્રષ્ટિથી જોવાનો અભિગમ સૂચવે છે. આથી આવો દ્રષ્ટિકોણ નકારાત્મક દ્રષ્ટિકોણ કહેવાય અને આવી વ્યક્તિને નકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ કહી શકાય. આવી વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિ કે ઘટનામાંથી મોટેભાગે નકારાત્મક બાબતોને જ ગ્રહણ કરશે.

ગ્લાસ અડધો પાણીનો ભરેલો છે. - આ જવાબ વ્યક્તિનો કોઈપણ પરિસ્થિતિને સકારાત્મક દ્રષ્ટિથી જોવાનો અભિગમ સૂચવે છે. આથી આવો દ્રષ્ટિકોણ સકારાત્મક દ્રષ્ટિકોણ કહેવાય અને આવી વ્યક્તિને સકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ કહી શકાય. આવી વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાં ગમે ત્યાંથી સકારાત્મક બાબતોને શોધી કાઢશે. જે એક સારી બાબત કહેવાય.

ગ્લાસ અડધો પાણીનો ભરેલો છે અને બાજુનાં પાણીથી ભરેલા ઘડામાંથી થોડું પાણી લઈ ગ્લાસને આખો ભરી શકાય છે. -આવો જવાબ આપનાર વ્યક્તિનો અભિગમ વધારે સકારાત્મક અને સર્જનાત્મક કહેવાય. આથી આવી વ્યક્તિને વધારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ કહી શકાય. સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ પોતાની સામે જે પરિસ્થિતિ છે, તેમાંથી પોતાને જોઈતી સકારાત્મક બાબતોને તો તે શોધી કાઢે જ છે, તે સારી વાત છે જ.આ ઉપરાંત આટલેથી ન અટકતાં પોતાને જે જોઈએ છે, તે હજુ પણ વધારે પ્રમાણમાં કેવી રીતે મળે તે પણ શોધી કાઢે છે એટલે કે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિને અંતિમ માનતી નથી અને તેને પોતાને વધારે અનૂરૂપ બનાવવા માટેની તમામ સંભાવનાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને કોઇ પણ મુશ્કેલીનો કોઈને કોઇ માર્ગ શોધી કાઢીને પરિસ્થિતિને વધારે ને વધારે પોતાને અનુકૂળ બનાવે છે. સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિઓ આગળ જતા પોતાના જીવનમાં ખૂબ સારી એવી પ્રગતિ કરે છે અને સાથે સાથે પોતાના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિવાળી આનંદદાયક જિંદગી આપે છે.

સકારાત્મક અને નકારાત્મક દ્રષ્ટિકોણને હજી વધુ સ્પષ્ટ અને વધુ સારી રીતે સમજવાનો વધુ એક સરળ પ્રયાસ કરીએ. માની લો કે,એક દરિયાઇ બંદર પર બે હોડી, હોડી(A) અને હોડી (B) એકબીજાને ચોપાચપ અડીને ઉભી છે અને શરૂઆતના સમયમાં આ બંને હોડી વચ્ચેનું અંતર 0 mm છે. હવે આ બંને હોડી વિશાળ સમુદ્રમાં પોતાની મુસાફરી કરવાનું ચાલુ કરે છે. બંને હોડી વચ્ચેનું અંતર દર સેકન્ડે માત્ર અને માત્ર 1 mm વધે છે. આ અંતર એકદમ નહિવત કહેવાય. આથી,બની શકે કે, શરૂઆતના ટૂંકા સમય ગાળા પછી આ બંને હોડી વચ્ચેનું અંતર અમુક મીટર કે અમુક કિલોમીટર જ હશે. એટલે કે, હોડી(A)ને ચલાવનાર નાવિક હોડી (B)ને જોઈ શકતો હોય અને હોડી(B) ને ચલાવનાર નાવિક હોડી(A)ને જોઈ શકતો હોય. પરંતુ, સમયગાળો જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર પણ વધતું જશે અને એક સમય એવો આવશે કે, હોડી(A) અને હોડી (B)ના નાવિક એકબીજાની હોડીને જોઈ શકશે નહિં અને

- 5 વર્ષ પછી જોવામાં આવે તો હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર 15,76,80,000 mm એટલે કે 157.68 km હશે. તે જ રીતે,

-10વર્ષ પછી જોવામાં આવે તો હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર 31,53,60,000 mm એટલે કે 315.36 km હશે.

-15વર્ષ પછી જોવામાં આવે તો હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર 2,36,52,00,000 mm એટલે કે 2365.20 km હશે.

-20વર્ષ પછી જોવામાં આવે તો હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર 3,15,36,00,000 mm એટલે કે 3153.60 km હશે.

એટલે કે, સમય ગાળો જેમ જેમ વધતો જશે તેમ તેમ એક સમય એવો આવશે કે, હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર વધવાથી બંને હોડી અલગ અલગ શહેરમાં હશે અને આનાથી પણ સમયગાળો વધુ આગળ વધતો જશે તેમ તેમ હોડી(A) અને હોડી(B) વચ્ચેનું અંતર ઘણું બધું વધી જશે. આથી બંને હોડી અલગ અલગ દેશમાં હશે.બની શકે કે, હોડી(A) જે શહેર કે દેશમાં પહોંચે છે તે શહેર કે દેશ સુખ,શાંતિ ,સમૃદ્ધિ તેમ જ પ્રગતિના માર્ગે

રોકેટ ગતિએ આગળ ને આગળ વધતો હોય અને હોડી(B) જે શહેર કે દેશમાં પહોંચે છે તે શહેર કે દેશ ગરીબી, ભૂખમરો, ગૃહ યુદ્ધ જેવી સમસ્યાઓથી ઘેરાયેલો હોય.

આવું જ સકારાત્મક દ્રષ્ટિકોણ(A) અને નકારાત્મક દ્રષ્ટિકોણ(B)નાં ફરકની બાબતમાં પણ લાગુ પડે છે.બની શકે કે, શરૂઆતનાં ટૂંકા સમય ગાળામાં તમને તેનો ફાયદો કે અસર ન દેખાય તો તેવી પરિસ્થિતિમાં પણ તમારે અન્ય નકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિઓની જેમ ભૂલથી પણ નકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને ક્યારેય પણ કોઈ કામ ન કરવું.બની શકે કે,તમારો દ્રષ્ટિકોણ સકારાત્મક હશે અને શરૂઆતનાં ટૂંકા ગાળામાં તમને તેનો ફાયદો કે તેની અસર ન દેખાય પણ, જેમ જેમ સમયગાળો આગળ વધતો જશે તેમ તેમ લાંબે સમય ગાળે તમને તેનો ફાયદો ચોક્કસ ને ચક્કસ થશે જ. આથી, જીવનમાં ગમે ત્યારે, ગમે તેવી ખરાબમાં ખરાબ પરિસ્થિતિ આવે તો પણ તમારે હંમેશા વધારે સકારાત્મક અને રચનાત્મક દ્રષ્ટિકોણ જ રાખવો. વર્તમાનમાં અને ભવિષ્યમાં તમારા સારાં કે ખરાબ વ્યક્તિગત સંબંધો,તમારી સારી તંદુરસ્તીવાળી જિંદગી કે બીમાર જિંદગી, તમારી આર્થિક સમૃદ્ધિ કે પૈસાની અભાવવાળી જિંદગી, તમારી માન-સન્માન વાળી સામાજિક જિંદગી કે નિરસ સામાજિક જિંદગી તે તમામનો આધાર માત્ર અને માત્ર તમારા દ્રષ્ટિકોણ પર જ રહેલો છે. તમારો વધારે સકારાત્મક અને રચનાત્મક દ્રષ્ટિકોણ તમને અને તમારી અનેક પેઢીઓને ઉગારી લેશે. આ એક સત્ય હકીકત છે.

દ્રષ્ટિકોણ માટે સૌથી સારી વાત એ છે કે, કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે,ગમે ત્યાંથી પોતાના દ્રષ્ટિકોણને, પોતાના દ્વારા નકારાત્મકતાથી સકારાત્મકતા અને સર્જનાત્મકતા તરફ બદલી શકે છે. કેમ કે દ્રષ્ટિકોણ એ એક એવું પાસું છે કે જેના પર કોઈપણ વ્યક્તિના જીવનના સુખ અને દુઃખ, સફળતા અને નિષ્ફળતા, પ્રગતિ કે અધોગતિનો આધાર રહેલો છે.

હકીકતમાં, વિચાર એ જ મનનો ખોરાક છે. જેવો દ્રષ્ટિકોણ તેવા વિચાર, જેવા વિચાર તેવું વર્તન, જેવું વર્તન તેવો વ્યવહાર, જેવો વ્યવહાર તેવી જિંદગી. કોઈ વ્યક્તિ જેવા દ્રષ્ટિકોણ સાથે કોઈ ઘટનાને જોશે તેને અનુરૂપ તેમાંથી વિચાર ગ્રહણ કરશે.આ દ્રષ્ટિકોણ જો નકારાત્મક હશે તો તે વ્યક્તિ નકારાત્મક વિચાર ગ્રહણ કરશે, નકારાત્મક વિચાર ગ્રહણ કરવાથી તે વ્યક્તિનું વર્તન નકારાત્મક થઇ જશે, નકારાત્મક વર્તન દ્વારા તે વ્યક્તિ નકારાત્મક વ્યવહાર કરશે અને આ નકારાત્મક વ્યવહારોને કારણે આવા વ્યક્તિઓને આગળ જતા એક દુઃખદ,સામાન્ય કરતાં પણ નિમ્ન સ્તરની જિંદગી જીવવી પડશે.

આ જ રીતે, જો કોઈ વ્યક્તિનો દ્રષ્ટિકોણ સકારાત્મક અને સર્જનાત્મક હશે તો આવી વ્યક્તિ પોતાની આસપાસ બનતી ઘટનાઓમાંથી સકારાત્મક અને સર્જનાત્મક વિચાર ગ્રહણ કરશે, સકારાત્મક અને સર્જનાત્મક વિચારને કારણે આવી વ્યક્તિઓનું વર્તન સકારત્મક થઇ જશે. સકારાત્મક વર્તન દ્વારા તે વ્યક્તિ સકારાત્મક વ્યવહાર કરશે અને સકારાત્મક વ્યવહારોને કારણે આવી વ્યક્તિઓ આગળ જતા એક સકારાત્મક, વધુ સુખી, વધુ સમૃદ્ધ અને વધુ સારી જિંદગી જીવી શકશે.

નકારાત્મક વિચાર અને નકારાત્મક વલણ,નકારાત્મક વ્યક્તિ,નકારાત્મક માહોલ,નકારાત્મક સમાચાર,નકારાત્મક ઘટનાઓ આ બધા એવા અવરોધો છે કે, જેના અતિપ્રમાણ ને કારણે કોઈપણ વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર વહેલી કે મોડી નકારાત્મક અસર પડે છે અને વ્યક્તિ શારીરિક કે માનસિક રીતે વહેલી કે મોડી બીમાર પડે છે. અહીં કહેવાનો ભાવાર્થ એવો નથી કે, કોઇ વ્યક્તિએ કોઈ ઘટનાની જાણકારી ન રાખવી જોઈએ.

જાણકારી ચોક્કસ રાખવી જોઈએ, પણ એટલી બધી પણ નહિ કે કોઈ નકારાત્મક ઘટનાની નકારાત્મક માહિતી તમારા માનસપટ પર હાવી થાય જાય અને તમને માનસિક તણાવ વધી જાય. માનો કે તમારી આસપાસ કોઈ નકારાત્મક ઘટના બને છે તો સૌથી પહેલા તે નકારાત્મક ઘટના કયા કારણે બની, તેમાં શું શું ન બનવાનું બની ગયું, તેમાં તમે અથવા બીજા લોકોએ બચાવ કામગીરીમાં કઈ કઈ રીતે મદદ કરી અને ફરીવાર આવી કે આ પ્રકારની કોઈ ઘટના ન બને તે માટે અગાઉથી શું શું પગલાં લેશો, અગાઉથી શું શું તૈયારીઓ રાખશો. તે તમામ પાસાઓના જવાબ મેળવીને, સૉલ્યૂશન મેળવીને તમારે ફરીથી તમારા સકારત્મક અભિગમથી આગળ વધવું જોઈએ. ટૂંકમાં, તમારી આજુબાજુમાં ભૂતકાળમાં બની ગયેલી નકારાત્મક ઘટનાઓમાથી એ બોધપાઠ લેવો જોઈએ કે, ભવિષ્યમાં આવી કે આ પ્રકારની કોઈ નકારાત્મક ઘટના ન બને અને તેમ છતાં પણ જો બની જાય છે તો સૌથી પહેલા એવું કયું કામ કરીએ કે, જેથી તે નકારત્મક ઘટનામાંથી પોતાને અને બીજા લોકોને જલ્દીથી જલ્દી રાહત અપાવીને બહાર આવી શકીએ. અહિં કહેવાનો ભાવાર્થ એ છે કે, કોઈ નકારત્મક ઘટના ફરીવાર ન બને તે માટેની અગાઉની તકેદારી અને આપણા નિયંત્રણમાં ન હોય એવી કોઈ નકારત્મક ઘટના ઘટી જાય છે તો તેમાંથી પોતાને અને બીજા લોકોને જલ્દીથી જલ્દી બહાર નીકળવાના સોલ્યૂશન પર તમારું ફોક્સ હોવું જોઈએ, ના કે તે નકારાત્મક ઘટનાની નકારાત્મક જાણકારી અને નકારાત્મક પાસાઓ પર.

જીવનમાં દરેક વ્યક્તિએ ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ સકારાત્મક દ્રષ્ટિકોણ રાખવો જોઈએ જેથી કરીને, ગમે ત્યાંથી, ગમે તે સમયે મનને સારાં અને પૌષ્ટિક વિચારોનો પૌષ્ટિક આહાર મળી રહે. કેમ કે આપણે જયારે જાગ્રત અવસ્થામાં હોઈએ ત્યારે, કોઈ પણ કામ કરતા હોઈએ ત્યારે આપણે જે તે કામને અનુરૂપ વિચાર કરતા જ હોઈએ છીએ અને ત્યારે તે વિચાર જ મનનો ખોરાક બની જાય છે.

થોડાં વર્ષો અગાઉ એક શહેરમાં અડધી રાત્રે જૂની અને જર્જરીત બાવીસ માળની ઇમારત અચાનક જ પડી ગઈ. કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી યુદ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવી હતી, તેમ છતાં દુર્ઘટનામાં ઘણા બધા લોકો માર્યા ગયા અને ઘાયલ પણ થયા. બચાવકર્મીઓએ ઘણા લોકોને બચાવી પણ લીધા, પણ મૃત્યુઆંક ખરેખર બહુ મોટો હતો. આ દુઃખદ ઘટના પરથી આપણે સૌથી મહત્વની વાત એ કરવા માંગીએ છીએ કે, આ ઘટનાને જોવાનો અને ઘટના પછીનો લોકોનો દ્રષ્ટિકોણ કેવો હોય છે. સામાન્ય રીતે બે પ્રકારના દ્રષ્ટિકોણ રાખવાવાળા લોકો હોય છે.

(1) એક એવા લોકો જે ઇમારત તૂટી પડી તેમાં કેટલા લોકો ઘાયલ થયા, કેટલા લોકો મૃત્યુ પામ્યાં, બચાવકર્મીઓએ કેવી કેવી જહેમત ઉઠાવી અને કેટલા લોકોને બહાર કાઢ્યાં. આ દુઃખદ ઘટનાની તમામ ઊંડાણપૂર્વકની રજેરજની માહિતી રાખતા હશે અને કેટલાય મહિનાઓ સુધી આ દુઃખદ ઘટનાની માહિતી બીજા લોકોને આપ્યા કરશે.

(2) એક એવા લોકો જે ઘટનાની ઊંડાણમાં જઈ તટસ્થ વિશ્લેષણ કરીને ઇમારત પડવા પાછળનું સાચું કારણ,તે દુર્ઘટનામાં થયેલા જાનમાલની નુક્શાનની જાણકારી મેળવશે, તેમાં બચાવકર્મીઓની કામગીરી અને ભવિષ્યમાં આવી કે આ પ્રકારની કોઈ ઘટના ફરીવાર ન બને તે માટે કયા કયા પગલાં લેવા તેની પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે.

આ દુર્ઘટનાનું તટસ્થતા અને બારીકાઈથી વિશ્લેષણ કરતા સામે આવ્યું કે, દુર્ઘટનાગ્રસ્ત ઇમારતના રહીશોને મહાનગર પાલિકાએ છેલ્લા પાંચ વર્ષથી વારંવાર નોટિસો પાઠવી હતી

કે, ઇમારતના બાંધકામનું આયુષ્ય હવે પૂરું થઈ ગયું છે અને હવે ઇમારત ગમે ત્યારે પડી શકે છે પણ, તેમ છતાં તે ઇમારતના રહીશોએ તે નોટિસોને અવગણીને તેમાં જ રહેવાનું પસંદ કર્યું અને ઇમારત પડી જવાને કારણે પરિણામ ખૂબ જ દુઃખદ આવ્યું.

એક બુટ ચપ્પલ બનાવતી કંપનીના સેલ્સ મેનેજરે તેમના એક સેલ્સમેનને એક આદિવાસી અને પછાત વિસ્તારમાં બુટ ચંપલની કેવી જરૂરિયાત છે અને ભવિષ્યમાં ત્યાં કોઈ પ્લાન્ટ સ્થાપી શકાય છે કે કેમ તેની માહિતી મેળવવા માટે મોકલ્યો. આ સેલ્સમેન તે વિસ્તારમાં ગયો. ત્યાં તેણે જોયું કે, ત્યાં રહેનારા લોકો પગમાં બુટ ચપ્પલ જ પહેરતા ન હતાં. તેને લાગ્યું કે, આ વિસ્તારના લોકો બુટ ચપ્પલ જ પહેરતા નથી તો, અહિં તેમની કંપનીનો કોઈ પ્લાન્ટ નાખવો તેને યોગ્ય ન લાગ્યું. તેણે કંપની પર આવીને આ બધી માહિતી તેના સેલ્સ મેનેજરને આપી અને તે સેલ્સમેનનો મત એવો હતો કે ,ત્યાં કોઈ પ્લાન્ટ ન નાખવો જોઈએ.

તેના થોડાં દિવસ પછી તે જ સેલ્સ મેનેજરે તેની જ કંપનીના બીજા એક સેલ્સમેનને તે જ આદિવાસી અને પછાત વિસ્તારમાં બુટ ચંપલની કેવી જરૂરિયાત છે અને ભવિષ્યમાં ત્યાં કોઈ પ્લાન્ટ સ્થાપી શકાય છે કે કેમ તેની માહિતી મેળવવા માટે મોકલ્યો. તે સેલ્સમેને જોયું કે, અહીંના લોકોએ બુટ ચપ્પલ જ પહેરેલા જ ન હતા. તેણે વિચાર્યું કે અહિંના લોકોને સાચી અને યોગ્ય સમજણ આપીને જો પગમાં બુટ ચપ્પલ પહેરાવી દેવામાં આવે તો અહીંના બધા જ લોકો તેની કંપનીના ગ્રાહકો બની શકે તેમ છે. આથી, આ લોકોને બુટ ચપ્પલ ન પહેરવાથી પગને શું શું નુકશાન થાય છે અને બુટ ચપ્પલ પહેરવાથી પગને શું શું ફાયદા થઇ શકે છે, તેની પુરેપુરી જાણકારી જો આ લોકોને વિડિયો દ્વારા, ઓડિયો દ્વારા,લેખન દ્વારા અને લાઈવ ડેમો બતાવીને આપવામાં આવે તો અહીંના લોકો ચોક્કસ બુટ ચપ્પલ ખરીદશે અને પગમાં પહેરશે અને આનાથી કંપનીનો વેપાર પણ વધશે. જો આ વિસ્તારમાં કંપનીનો એક પ્લાન્ટ સ્થાપવામાં આવે તો માલ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ બચી જશે અને કંપનીને ખૂબ સારો એવો નફો થશે. તેણે આ સમગ્ર હકીકત અને સંભાવનાઓ તેના સેલ્સ મેનેજરને જણાવી.

સેલ્સ મેનેજરે આ સમગ્ર હકીકત તેના ઉપરી અધિકારીઓને જણાવી અને તે વિસ્તારમાં એક લાઈવ વિડિયો કોન્ફરન્સ યોજી, બુટ ચપ્પલ ન પહેરવાથી પગને શું શું નુકશાન થાય છે અને બુટ ચપ્પલ પહેરવાથી શું શું ફાયદા થાય છે તેનો વિડિયો ડેમોસ્ટ્રેશન બતાવવાનું નક્કી કર્યું અને તેમાં આવનાર દરેક વ્યક્તિને એક-એક જોડી ચપ્પલ ફ્રી માં આપવાનું નક્કી કર્યું. તે વિસ્તાર અને તેની આજુબાજુના ગામડાંઓને ભેગા કરીને તે સમગ્ર વિસ્તરણમાં કુલ મળીને લગભગ બાવીસ થી ત્રેવીસ હાજર લોકોની વસ્તી હતી. તેમાંથી લગભગ 150 લોકો વિડિયો કોન્ફરન્સમાં આવ્યા. વિડિયો કોન્ફરન્સ પૂરી થયા પછી તેમાં આવેલા દરેક લોકોને એક-એક જોડી ચપ્પલ ફ્રી માં આપવામાં આવ્યા અને કંપનીએ પોતાનો એક નવો સ્ટોર ત્યાં ખોલ્યો. તેના થોડા જ દિવસો પછી જે લોકો પગમાં ચપ્પલ પહેરતા હતા તેમની સરખમણીમાં જે લોકો પગમાં ચપ્પલ પહેરતા ન હતા તે લોકોને પગમાં કાંટા વધારે વાગતા હતા. પરિણામે પગમાં ઈજા વધારે થતી હતી, પગ પણ વધારે ગંદા થતા હતા. આથી, જે લોકો પગમાં ચપ્પલ પહેરતા ન હતા, તેઓ પણ પગમાં ચપ્પલ પહેરવા લાગ્યા. પરિણામે તે વિસ્તાર અને ધીરે ધીરે તેની આસપાસના વિસ્તારના લોકો પણ પગમાં બુટ ચપ્પલ પહેરવાના ફાયદા વિશે જાણીને બુટ ચપ્પલ ખરીદવા લાગ્યા અને જોતજોતામાં તે કંપનીનો તે વિસ્તારમાં વેપાર એટલો બધો વધી ગયો કે તે કંપનીએ તે વિસ્તારમાં પોતાનો

એક પ્લાન્ટ સ્થાપી દીધો અને કંપનીના નફામાં નોંધપાત્ર વધારો પણ થવા લાગ્યો. તેના થોડા જ સમય પછી બીજા નંબરનાં સેલ્સમેનને કંપનીમાં સારી પૉસ્ટ પર પ્રમોશન આપવામાં આવ્યું અને સાથે તેનો પગાર વધતા તેની આવક પણ વધી ગઈ.

વાત એકદમ સાચી છે કે, કોઈપણ વ્યક્તિના સુખ કે દુઃખ, સફળતા અને નિષ્ફળતા, પ્રગતિ કે અધોગતિનો આધાર તેના દ્રષ્ટિકોણ પર રહેલો છે અને તેના આધારે જ કોઈપણ વ્યક્તિ ઉપર સફળ વ્યક્તિ કે નિષ્ફળ વ્યક્તિ તરીકેનું લેબલ લાગતું હોય છે. દ્રષ્ટિકોણ માટે એક સારી વાત એ છે કે, કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે, ગમે તે સ્થળે પોતાનો દ્રષ્ટિકોણ ઈચ્છે ત્યારે નકારાત્મકતા તરફથી સકારાત્મકતા, સર્જનાત્મકતા અને સંભાવનાઓ તરફ બદલી શકે છે. જો કોઈ વ્યક્તિનો દ્રષ્ટિકોણ નકારાત્મક હશે તો તે વ્યક્તિ ભવિષ્યમાં પણ સામાન્ય કરતા પણ નિમ્ન સ્તરની દુઃખી જિંદગી જીવતી હશે અને તેને પોતાની હાલની વર્તમાન જિંદગી સામે ફરિયાદ હશે જ. આવી ઘણી બધી વ્યક્તિઓને આપણે આપણી આજુબાજુ જોઈ શકીએ છીએ. જો કોઈ વ્યક્તિનો દ્રષ્ટિકોણ વધારે સકારાત્મક અને વધારે સર્જનાત્મક હશે તો તે વ્યક્તિ ભવિષ્યમાં એક વધુ સારી, સુખ, શાંતિ, સમૃદ્ધિવાળી અને પ્રગતિદાયક જિંદગી જીવતી હશે.

હવે આપણે નકારાત્મક દ્રષ્ટિકોણ અને સકારાત્મક તથા સર્જનાત્મક દ્રષ્ટિકોણ વચ્ચેનો તફાવત જાણીશું અને નકારાત્મક દ્રષ્ટિકોણને કેવી રીતે એક સકારાત્મક તથા સર્જનાત્મક દ્રષ્ટિકોણમાં બદલી શકાય તે પણ જાણીશું. ઉપરના કિસ્સામાં આપણે પહેલા સેલ્સમેનનો નિષ્ફળ સેલ્સમેન અને બીજા સેલ્સમેનનો સફળ સેલ્સમેન તરીકે ઉલ્લેખ કરીશું.

- ઉપરના કિસ્સામાં પહેલો નિષ્ફળ સેલ્સમેન પરિસ્થિતિને ફક્ત તેના વાસ્તવિક સ્વરૂપે જ જુએ છે અને તે પરિસ્થિતિને અંતિમ પરિસ્થિતિ માની લે છે. (એટલે કે તે આદિવાસી અને પછાત વિસ્તારના લોકો પગમાં બુટ ચપ્પલ પહેરતા નથી.) તે કોઈ સકારાત્મક સંભાવનાઓ માટે વિચારતો નથી. આમ તેનો દ્રષ્ટિકોણ, નકારાત્મક દ્રષ્ટિકોણ હતો તેમ કહી શકાય.

- ઉપરના કિસ્સામાં બીજો સફળ સેલ્સમેન પણ પરિસ્થિતિને વાસ્તવિક સ્વરૂપે જુએ છે પણ, તે સફળ સેલ્સમેન તે સમયની વર્તમાન પરિસ્થિતિને કાયમી અને અંતિમ પરિસ્થિતિ માની નથી લેતો. તે અપાર સંભાવનાઓ પર વિચાર કરે છે, તે એવું વિચારે છે કે, એવું કયું કામ કરું, એવો કયો બદલાવ લાવું કે જેથી, તે પોતાને જોઈતી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે એટલે કે, તે આદિવાસીઓને પગમાં બુટ ચપ્પલ પહેરેલા જોઈ શકે. આ માટે સેલ્સમેન પોતાને જે પરિસ્થિતિ જોઈએ છે, તે પરિસ્થિતિનું નિર્માણ કરવામાં પોતે કયા કયા કાર્યો કરી શકે છે, અન્ય કોઈ વ્યક્તિ કે અન્ય કોઈ વસ્તુ કઈ રીતે મદદરૂપ થઇ શકે એમ છે તે અંગે વિચારે છે. (એટલે કે તે આદિવાસી અને પછાત વિસ્તારના લોકો પગમાં બુટ ચપ્પલ પહેરતા નથી. તે હવે પોતાને જેવી પરિસ્થિતિ જોઈએ છે તેવી એટલે કે, આદિવાસીઓને પગમાં બુટ ચપ્પલ કઈ રીતે પહેરાવવા તેની તમામ સંભાવનાઓ પર વિચારે છે,તે વિચારે છે કે, તે વિસ્તારના આદિવાસી લોકોને પગમાં બુટ ચપ્પલ ન પહેરવાથી શું શું નુકશાન થાય છે અને પગમાં બુટ ચપ્પલ પહેરવાથી શું શું ફાયદા થાય છે તેની માહિતી પોતાનાથી શક્ય તેટલા તમામ માધ્યમો દ્વારા, એકદમ સાદી અને સરળતાથી, સરળ ભાષામાં જેમ કે, વિડિયો દ્વારા, ઓડિયો દ્વારા,લેખન દ્વારા અને લાઈવ ડેમો બતાવીને તેમના સુધી પહોંચાડવાની વ્યવસ્થા પર કાર્ય કરે છે, જેથી કરીને આદિવાસી લોકો બુટ ચપ્પલના ફાયદા વિશે જાણીને બુટ ચપ્પલ

ખરીદવા તરફ પ્રેરાય.) અને આગળ સફળ સેલ્સમેન પોતાના કામના આયોજન પ્રમાણે કાર્યો કરીને કંપનીને નવી જગ્યાએથી વેપાર અપાવવામાં સફળ થાય છે અને કંપનીની પ્રગતિની સાથે સાથે તેની પ્રગતિ પણ થાય છે.

નકારાત્મક દ્રષ્ટિકોણ અને સકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતા લોકો વચ્ચેનાં કેટલાક તફાવત સમજીએ.આ દ્રષ્ટિકોણને આધારે જ કોઈપણ વ્યક્તિ ભવિષ્યમાં સુખી થશે કે દુઃખી થશે, પ્રગતિ કરશે કે અધોગતિ કરશે, સફળ થશે કે નિષ્ફળ જશે તેનો અંદાજ લગાવી શકાય છે અને તેના આધારે જ કોઈપણ વ્યક્તિ ઉપર સફળ વ્યક્તિ કે નિષ્ફળ વ્યક્તિ તરીકેની મહોર લાગતી હોય છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો આત્મવિશ્વાસુ હોતા નથી, જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે કારણ કે, તેઓ જાણે છે કે, સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણ તથા આત્મવિશ્વાસ એ સફળતાની મજબૂત અને ઊંચી ઇમારત બાંધવા માટેના પાયાં છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને ફક્ત અને ફક્ત એક અંતિમ પરિસ્થિતિ પ્રમાણે જ જોયા કરે છે. તે ત્યાં જ પોતાની વિચારયાત્રાને વિરામ આપી દે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈપણ પરિસ્થિતિને અંતિમ પરિસ્થિતિ પ્રમાણે ક્યારેય પણ જોતા નથી. જો કોઈ પરિસ્થિતિ પ્રતિકૂળ હોય તો પરિસ્થિતિને કઈ રીતે પોતાને અનૂરૂપ બનાવવી તેની તમામ સંભાવનાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે વિચારે છે કે પ્રતિકૂળ પરિસ્થિતિને અનૂકૂળ પરિસ્થિતિમાં ફેરવવા માટે પોતે કયા કયા કાર્યો કરી શકે છે, અન્ય કઈ કઈ વ્યક્તિની મદદ લઇ શકાય છે,અન્ય કઈ કઈ વસ્તુની મદદ લઇ શકાય છે અને તેમાંથી કોઈ ને કોઈ માર્ગ શોધી કાઢીને પ્રતિકૂળ પરિસ્થિતિને પોતાને અનૂકૂળ બનાવે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાને પોતાના ધ્યેય સુધી પહોંચવામાં, કોઈ કાર્યમાં સફળતા ન મળે તો પોતાના કાર્યને અધવચ્ચે જ છોડી દે છે.જયારે સકારાત્મક અને સર્જનતનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકોને કોઈ કાર્યમાં સફળતા ન મળે તો તેઓ બીજો કોઈ માર્ગ શોધી કાઢીને, કોઈ એવી પદ્ધતિ જે અગાઉની પદ્ધતિ કરતા નવી અને સારી હોય એવી પદ્ધતિ શોધી કાઢીને તેનો ઉપયોગ કરીને પોતાના કાર્યને સફળ બનાવે છે અને પોતાની મંજિલ સુધી પહોંચે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાને કોઈ કાર્યમાં નિષ્ફળતા મળે તો પોતાની નિષ્ફળતાઓ માટે જે તે વ્યક્તિ, વસ્તુ, પૈસા કે પરિસ્થિતિને જવાબદાર ગણીને બહાના કાઢતા હોય છે અને પોતાની જવાબદારીમાંથી છટકી જતા હોય છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકોને કોઈ કાર્યમાં નિષ્ફળતા મળે તો પણ તે ક્યારેય કોઈ વ્યક્તિ, વસ્તુ, પૈસા કે પરિસ્થિતિને જવાબદાર ગણતા નથી પરંતુ, પોતાને કયા કારણે નિષ્ફળતા મળી છે, પોતાનાથી જાણ્યે -અજાણ્યે કઈ ભૂલ થઈ છે, તેના મૂળ સુધી પહોંચીને તે ઘટનાનું પૂરી ઈમાનદારીથી,નિષ્પક્ષતાથી,બારીકાઈથી સચોટ વિશ્લેષણ કરીને, તેનું સચોટ અને સાચું કારણ શોધીને,તે ભૂલ સુધારે છે અને બીજીવાર આવી કે આ પ્રકારની કોઈ ભૂલ ન થાય તેની ખાસ કાળજી રાખે છે અને બીજીવાર ભૂલ સુધારીને કાર્ય કરીને સફળતા મેળવે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો હંમેશા પોતાને બધું જ આવડે છે, પોતાને કંઈ નવું શીખવાની જરૂર જ નથી, પોતાનામાં કોઈ ખામી જ નથી એવા ભ્રમમાં રહે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો દરરોજ કંઈક નવું નવું અને સારું શીખતાં રહીને પોતાનામાં આત્મસુધાર કરે છે, પોતાની ખામીઓને સુધારે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકોને પોતાની મંજિલ શું છે તેની ખબર હોતી નથી. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાની મંજિલ નક્કી કરીને તેના સુધી ઝડપથી અને સારી રીતે પહોંચવા માટેનો રોડ મેપ તૈયાર કરીને તે પ્રમાણે કાર્ય કરે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો જિંદગીમાં આગળ વધી શકતા નથી કારણ કે, તે એવું માને છે કે, તેની પાસે જો અગાઉથી જ સારી પરિસ્થિતિ હોત, અગાઉથી જ સારો માહોલ હોત તો તેઓ આગળ વધી શક્યા હોત. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો જિંદગીમાં આગળ વધવા માટે હંમેશા કઈંક ને કઈંક નવું અને સારું શીખતાં રહે છે, અપનાવતા રહે છે, અમલમાં મૂકતા રહે છે અને પરિસ્થિતિમાં ફેરફાર કરીને, માહોલને પોતાના અનુકૂળ બનાવીને આગળ ને આગળ વધતા રહે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો બીજા સફળ લોકોના સારા કામમાં પણ ફક્ત અને ફક્ત ખામી જ શોધ્યા કરે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો બીજા સફળ લોકોની પ્રસંશા કરે છે અને તેમના સારાં કાર્યોને પ્રોત્સાહન આપે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાના વિચાર અને નૉલેજને બીજા લોકો સાથે શૅર કરતા નથી. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાના વિચાર અને નૉલેજને બીજા લોકો સાથે શૅર કરે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટના પાસેથી કશું નવું શીખતાં નથી કારણ કે, તેઓ એવું માને છે કે તેઓને કંઈ નવું શીખવાની જરૂર નથી, તેઓ પહેલેથી જ બધું જાણે છે.જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈ વસ્તુ,વ્યક્તિ કે ઘટના પાસેથી હંમેશા નવું નવું શીખતાં રહે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈપણ પ્રકારનું નવું અને સારું પરિવર્તન કરતા ડરે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો ગમે ત્યારે કોઈપણ પ્રકારનું નવું અને સારું પરિવર્તન કરવા માટે તૈયાર રહે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો જીવનમાં આવવવાળી કોઈપણ સમસ્યાથી બહાના કાઢીને દૂર ભાગે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો જીવનમાં આવવાવાળી સમસ્યાનું કોઈને કોઈ સોલ્યૂશન પહેલેથી જ શોધી જ કાઢે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કંઈ પણ બોલ્યા પછી કે કંઈ પણ નવું કામ કર્યા પછી જ વિચારે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કંઈ પણ બોલ્યા પહેલા કે કંઈ પણ નવું કામ કરતા પહેલા વિચારે છે જેથી કરીને, મોટાભાગે પોતાને નાની મોટી સમસ્યાથી બચાવી લે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પાસે આવનારા દિવસોનું કોઈ કામનું પ્લાનિંગ જ હોતું નથી. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પાસે આવનારા દિવસોનું કામનું પ્લાનિંગ હોય છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો આવનારા સમયને કેવી રીતે પસાર કરવો તેવું વિચારે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો આવનારા સમયનો પોતાના ધ્યેય સુધી પહોંચવામાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેવું વિચારે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો ધનવાન લોકોને નફરત કરે છે,તેમના વિશે ખોટી ગેરમાન્યતા બાંધે છે અને ધનવાન બનવાના ખોટા ઉપાયો વિશે વિચારે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો ધનવાન લોકો વિશે સારું વિચારે છે, ધનવાન બનવાના સાચા ઉપાયો વિશે વિચારે છે, તે પ્રમાણે કામ કરે છે અને એક દિવસ તે ધનવાન બની જાય છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો સમસ્યા અને ડરને કારણે કામને અધૂરું છોડી દે છે.જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો સમસ્યા અને ડર હોવા છતાં પોતાના કામને સફળ બનાવવામાં લાગી રહે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકોને કોઈ કામમાં અચાનક સફળતા મળી પણ જાય તો તે સફળતાનો શ્રેય ફક્ત પોતાને જ આપે છે.જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કોઈ કામમાં સફળતા મેળવે છે તો તે સફળતાનો શ્રેય પોતાને મદદ કરવાવાળા તમામ લોકોને આપે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો બીજા કરતાં આગળ નીકળવા માટે બીજા લોકોનો પગ ખેંચે છે એટલે કે બીજા લોકોની લીટીને ભૂંસીને નાની કરે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાની ક્ષમતાઓનો પુરેપુરો ઉપયોગ કરીને, પોતાના કામની ગતિ વધારીને બીજા લોકો કરતા આગળ નીકળી જાય છે એટલે કે, બીજા લોકોની લીટીને ભૂંસ્યા વિના પોતાની લીટી મોટી કરે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો કામ કરવાના સમયે જાણ્યે કે અજાણ્યે ખોટી દિશામાં જઈને આરામ કરે છે અને નિષ્ફળતા મેળવે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો સાચી દિશામાં સ્માર્ટવર્ક કરે છે અને સફળતા મેળવે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકોને કોઈ મોટા ધ્યેય નથી હોતા, પરિણામે તેમની પાસે સારી ટીમ પણ નથી હોતી અને કદાચ જો આવા લોકો કોઈ ટીમ બનાવી લે છે તો તેને જાણ્યે-અજાણ્યે નકારાત્મક બાબતો બતાવીને થોડા જ સમયમાં વિખેરી નાખે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો મોટા ધ્યેયને પ્રાપ્ત કરવા સારી ટીમ બનાવીને તેને સકારાત્મક બાબતો બતાવીને, નવું બળ આપીને સફળતા પ્રાપ્ત કરે છે.

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો ભાગ્ય પર વિશ્વાસ રાખે છે અને ઘણા બધા કામો માટે બીજા પર નિર્ભર રહે છે. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો પોતાની પર અને પોતાની મહેનત પર વિશ્વાસ રાખે છે.

-નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો માત્ર અને માત્ર પોતાનું જ ભલું ઈચ્છે છે આથી, તેને કોઈ પસંદ કરતું નથી. જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો બધાનું ભલું ઈચ્છે છે.આથી, બધાં તેને પસંદ કરે છે

- નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો માત્ર પોતાની જ પ્રસંશા કરે છે અને બીજાની નિંદા કરે છે.જયારે સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો બીજા સફળ લોકોની સાચી

પ્રસંશા કરે છે.

ટૂંકમાં, કોઈપણ વ્યક્તિના દ્રષ્ટિકોણ ઉપરથી તેના ભવિષ્યની સફળતા કે નિષ્ફળતાનો, સુખ કે દુઃખનો, પ્રગતિ કે અધોગતિનો, સમૃદ્ધિ કે ગરીબાઈનો અંદાજ ચોક્કસ લગાવી શકાય છે.

~ આત્મચિંતન

-શું તમારો કે તમારા બાળકોનો દ્રષ્ટિકોણ નકારાત્મક તો નથી ને?
-શું તમે જાણ્યે-અજાણ્યે દરરોજ તમારી સાથે અને તમારી આસપાસ બનતી ઘટનાઓમાંથી ફક્ત અને ફક્ત નકારાત્મકતાને તો નથી ગ્રહણ કરી રહ્યા ને ?
-શું તમે તમારા નકારાત્મક દ્રષ્ટિકોણને સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણમાં પરિવર્તિત કરવા માટે ક્યારેય કોઈ પ્રયત્ન કર્યા છે કે નહિ?
-શું તમે તમારી પોતાની હાલની પરિસ્થિતિથી ખરેખર સુખી અને સંતુષ્ટ છો?
-શું તમે ભૂલમાં તમારી પોતાની હાલની પરિસ્થિતિને જ કાયમી અને અંતિમ તો નથી માની લીધી ને?

પ્રકરણ ૨ : બાળપણ અને આજનાં ભણતરનો ભાર

દરેક મનુષ્યનાં જીવનની સૌથી યાદગાર, અવિસ્મરણીય, કોઈપણ પ્રકારની ચિંતા વિના એકદમ નિશ્ચિન્ત થઈને જીવવાલાયક,મોજ મસ્તીથી ભરપૂર, બિંદાસ્ત અને અમૂલ્ય જીવનની કોઈ અવસ્થા હોય તો તે છે બાળપણની અવસ્થા. બાળપણમાં જીવન એક રમત જેવું લાગે છે. ના કોઈ ફિકર, ના કોઈ ચિંતા. દરેક સમયે બસ મોજ મસ્તી જ હોય છે. બાળક જયારે નાનું હોય ત્યારે તેને કોઈપણ પ્રકારની ચિંતા હોતી નથી. જેમ કે, ના ખાવાપીવાની ચિંતા, ના પૈસા કમાવાની ચિંતા ના ઓફિસે બૉસનો ઠપકો સાંભળવાની ચિંતા,ના ધંધામાં કોઈ નુકસાન જવાની ચિંતા વગેરે., અને ખરેખર ત્યારે જ તે સાચાં અર્થમાં બાળક પોતાની ખરી સ્વતંત્રતા અને આનંદની જિંદગી જીવતું હોય છે. નાનું બાળક જન્મે ત્યારથી તે થોડું ઘણું સમજણવાળું થાય અને ત્યાર બાદ તે યુવાન થાય ત્યાં સુધીમાં તો તેના મન અને મગજમાં જાણ્યે- અજાણ્યે તેના સગાસંબંધીઓ, તેના વડીલો, તેના મિત્રો, તેના શિક્ષકો,તેના પડોશીઓ,તેના મહોલ્લાના લોકો અને ત્યાં સુધી કે તેના માતા- પિતા દ્વારા જાણ્યે-અજાણ્યે

ઘણાં બધા નકારાત્મક,નકામા,જુના અને ખોટાં વિચારોને ભૂલથી તેને સ્વીકારવા અને અમલમાં મૂકવા માટે કહેવામાં આવે છે. જે આપણા આજના કહેવાતા સ્વતંત્ર સમાજની એક ખૂબ મોટી કરુણતા છે. કહેવામાં તો આજનો સભ્ય સમાજ સ્વતંત્ર અને ખુલ્લા વિચારવાળો છે પણ,વાત જયારે કોઈના વ્યક્તિગત બાબતની હોય ત્યારે લોકો પોતાના વિચારો પ્રમાણે જ,પોતાની માન્યતા પ્રમાણે જ બીજા લોકો કાર્ય કરે તેવું ઇચ્છતા હોય છે.

જેમ કે,કોઈ નાના બાળકને પોતાની મનગમતી પ્રવૃત્તિ કઇ પસંદ કરવી અને કઇ ન કરવી, કોઈ નાના બાળકને પોતાની મનગમતી રમત રમવા દેવી કે ના દેવી,કોઈ નાના બાળકને પોતાની પસંદગીનું રમવાનું રમકડું લઇ દેવું કે ન લઈ દેવું... વગેરે જેવી ઘણી બધી બાબતોમાં બાળકની ઈચ્છાઓ કદાચ જાણવામાં આવે તો પણ ઘરના વડીલો અને ત્યાં સુધી તેના માતા-પિતા પણ પોતાના વિચારો પ્રમાણે કાર્ય કરીને તેમના બાળકની ઇચ્છાઓની જાણ્યે કે અજાણ્યે નિર્મમ હત્યા કરી નાખે છે. કોઈ બાળક ભણવામાં ઘણું હોશિયાર છે, આગળ જતા તે ઉપરના ધોરણોમાં સારી ટકાવારી સાથે ઉત્તીર્ણ થાય છે અને ત્યારબાદ તેને કઈ ફેકલ્ટીમાં એડમિશન લેવું કે ના લેવું તેનો નિર્ણય પણ તેના માતાપિતા જ કરે છે. તેના બાળકને એમ પણ પૂછવામાં નથી આવતું કે, તેને કયા ક્ષેત્રમાં વધારે રસ છે,તેનું કૌશલ્ય કયા ક્ષેત્રમાં વધારે સારું છે,તે તેના કૌશલ્યને આધારે ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં વધારે સારું પ્રદર્શન કરી શકશે. એ જ રીતે, તેના બાળકને એમ પણ નથી પૂછવામાં આવતું કે, તેને કયા ક્ષેત્રમાં રસ નથી, કયા વિષયમાં તારો અભ્યાસ નબળો પડે છે વગેરે... સો માંથી પંચાણું બાળકોના માતાપિતા પોતાની મેળે જ, પોતાની પસંદગીના કે પોતાના સપનાઓ પ્રમાણે જ તેમને અભ્યાસમાં આગળ પ્રવેશ અપાવે છે પણ, તેમના છોકરા કે છોકરીના સપનાઓનું શું? શું તેમને પોતાનાં કોઈ સપનાઓ હોતા જ નથી? શું તેમના સપનાઓની તમારા સપનાઓ આગળ કોઈ કિંમત જ નહિ? શું તમારાં સપનાઓની કિંમત લાખો કરોડો રૂપિયાઓની અને તેમના સપનાઓની કિંમત એક ફૂટી કોડી પણ નહિ? વાસ્તવમાં તમે તમારા બાળકોને દુનિયાને બતાવવા શરીરથી એટલે કે શારીરિક રીતે સ્વતંત્રતા તો આપી દીધી પણ, તમારા ફૂલ જેવા નાના બાળકોની માનસિક સ્વતંત્રતાનું શું ?

- તમારા બાળકો હજી પણ ગુલામ છે તમારાં જૂનાં, ખોટાં,નકામા, ડરપોક,સંકુચિત,સમયની સાથે સારું પરિવર્તન ન કરી શકનાર રૂઢિચુસ્ત ,બંધિયાર વિચારોના.

- તમારા બાળકો હજી પણ ગુલામ છે તમારી વર્ષો પહેલાની જૂની,ખોટી,નકામી,સમયની સાથે સારું પરિવર્તન ન કરી શકનારી જડતાવાળી ગેરમાન્યતાનાં.

- તમારા બાળકો હજી પણ ગુલામ છે તમારી વંશ પરંપરાગત ચાલી આવતા સામાજિક, આર્થિક, વ્યવહારિક કુરિવાજો અને ધાર્મિક કુરિવાજોની પરંપરાના.

- તમારા બાળકો હજી પણ ગુલામ છે તમારી આર્થિક ઉપાર્જન માટેના નોકરી,ધંધા કે વેપાર વાણિજ્ય વિશેના તમારા પોતાના બનાવી બેઠેલા ખોટા અંગત ધારા ધોરણોના.

આ યાદી તો જે તે દેશનાં લોકો અને તેમની રહેણીકરણી,તેમના નિવાસસ્થાન,તેમના ધર્મ,તેમના સામાજિક રિવાજો, વ્યવહારિક રિવાજો અને આર્થિક વ્યવહારોને આધારે નાની કે મોટી બને. પણ, આ બધાની વચ્ચે સૌથી મહત્વની વાત એ છે કે, નાના બાળકોની અને તેમના બાળપણની સ્વતંત્રતાનું શું?તેમના પોતાના સપનાઓનું શું?કહેવાય છે કે કોઈ દેશની પ્રગતિનો મદાર તે દેશના યુવાઓ પર હોય છે.વાત સાચી છે પણ તેથી પણ થોડું વધુ ઊંડાણમાં જોઈએ

તો એમ ચોક્કસ કહી શકાય કે, જે તે દેશની પ્રગતિનો વાસ્તવિક આધાર તે દેશના બાળકોના શારીરિક અને માનસિક તંદુરસ્ત અને સર્વાંગી ઉછેર પર હોય છે. તેમના માનસિક વિકાસ માટે તેમના માનસપટ પર થાપવામાં આવતા સકારાત્મક વિચાર,તેમને તેમની પસંદગીના અને પ્રગતિના ક્ષેત્રોમાં કાર્ય કરવા માટે આપવામાં આવતી સ્વતંત્રતા,તેમના કૌશલ્યને મહત્તમ વિકસાવવામાં મદદરૂપ થાય તેવા પ્રેરણાદાયક પ્લેટફોર્મ,તેમના મૌલિક વિચારોને અને મૌલિક કાર્યોને સારામાં સારી રીતે કરી શકે અને સારામાં સારી સફળતા અપાવી શકે તે માટે મદદરૂપ થનાર પ્રેરણાદાયક વાંચન, પુસ્તક,સેમિનાર,વિડિઓ,ઓડિયો બુક,ઈ-બુક વગેરે જેવા પ્રેરણાદાયક પ્લેટફોર્મ સૌથી અગત્યનો ભાગ ભજવે છે. કારણ કે, આજનું શારીરિક રીતે તંદુરસ્ત કોઈપણ બાળક કદાચ આવતીકાલનો માનસિક રીતે તંદુરસ્ત યુવાન ન પણ બની શકે. કોઈપણ દેશને પોતાનાં દેશમાં શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત યુવાનો જોઈતા હોય તો સૌથી પહેલા જે તે દેશને પોતાના દેશમાં સૌથી પહેલા શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત બાળકો પેદા કરવા પડશે તો જ આગળ ભવિષ્યમાં તે બાળકો શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત યુવાઓ બની શકશે અને શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત યુવાઓ પાસે જ કોઈપણ દેશ પ્રગતિની આશા રાખી શકે. જે દેશના બાળકો શારિરીક અને માનસિક રીતે તંદુરસ્ત ન હોય તો તે દેશ પાસે તમે શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત યુવાઓની આશા રાખી શકો નહિ.આથી તે દેશ પાસે તમે પ્રગતિની આશા કઈ રીતે રાખી શકો?

દરેક વ્યક્તિની જિંદગીમાં બાળપણ એક એવો તબક્કો ,એક એવો સમય આવતો હોય છે કે, જેમાં બાળક શરૂઆતના વર્ષોમાં એકદમ નિખાલસ હોય છે.ત્યારે બાળકના ખાવા - પીવાથી લઈને તમામ જરૂરિયાતોનું ધ્યાન તેના માતાપિતા દ્વારા રાખવામાં આવતું હોય છે, તેની સાથે સાથે વિશ્વના તમામ માતાપિતા અને બાળકનો ઉછેર કરનાર વ્યક્તિએ એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે, જે રીતે તમે બાળકના શરીરના શારીરિક તંદુરસ્ત વિકાસમાં ખાસ સાર-સંભાળ રાખે છે,તે જ રીતે તેના કરતા પણ વધુ સાર-સંભાળ બાળકના માનસિક વિકાસ માટે પણ રાખવી જોઈએ.અહીં બાળકના ઉછેર માટે,તેના સર્વાંગી વિકાસ માટે ફક્ત બાળકના માતાપિતાને જ જવાબદાર નથી ગણવામાં આવતા પરંતુ, તેની સાથે સાથે બાળકને શાળામાં ભણાવતા શિક્ષકોની પણ એટલી જ જવાબદારી બને છે કારણ કે, બાળકો ઘર જેટલો જ સમય શાળાઓમાં વિતાવે છે અને ઘણી ફૂલ-ડે સ્કૂલોમાં તો ઘર કરતા પણ વધારે સમય શાળાઓમાં વિતાવે છે. આથી, ઘણીવાર એવું બને કે, બાળકને કોઈ કામ કરવામાં કોઈ વાર ભૂલ થાય તો તેને આ કામ તું જીવનમાં ક્યારેય નહિ કરી શકે અથવા આ કામ કરવા માટેની તારામાં બુદ્ધિ જ નથી. આ પ્રકારના નકારાત્મક ઠપકા ક્યારેય પણ ન આપવા જોઈએ. દુનિયામાં કામ કરનાર વ્યક્તિથી જ ભૂલ થાય છે પણ, એકવાર તે ભૂલ થયા પછી તે જ અથવા તેના જેવી બીજી કોઈ અન્ય ભૂલ ન થાય તેનું કઈ રીતે ધ્યાન રાખવું અને કોઈ પણ પ્રકારના નકારાત્મક વાક્યો કહેવાને બદલે તેને તે કામ તે બાળક કઈ રીતે કરી શકશે અથવા તે બાળક એવું તે શું કરે કે, જેની મદદથી તે કામ સારી રીતે શીખી શકે તેવું હકારાત્મક વલણ દાખવીને હકારાત્મક વાક્યો કહેવા જોઈએ. એક પ્રકારની ભૂલ બીજીવાર ન થાય તેની પણ કાળજી રાખવી જોઈએ અને જે ભૂલ એક વાર થઈ ગઈ છે તે કયા કારણે થઈ છે,તે યોગ્ય કારણ શોધીને તેને સુધારીને આગળ કઈ રીતે વધવું તેવા અભિગમ સાથે તમામ બાળકોને જીવનમાં પ્રગતિ કરવાના પાઠ ભણાવવા જોઈએ. આ દુનિયામાં એકપણ એવા નેતા, મહાનુભાવ,ધર્મપુરુષ નથી થયા કે જેનાથી ક્યારેય કોઈ ભૂલ જ ન થઇ હોય અને તેના બધા જ નિર્ણયો સાચા પડયા હોય. આની સાથે સાથે વિશ્વના તમામ શિક્ષકોએ તથા શિક્ષિકાઓએ બાળકોને પુસ્તકના જ્ઞાનની સાથે સાથે તેને જિંદગીમાં ડગલે ને પગલે કામ આવે

તેવા સાચા અને જીવન ઉપયોગી જ્ઞાન અને કામ બંને શીખવવા જોઈએ કે, જેના દ્વારા બાળકો તેમના જીવનમાં, જીવનના તમામ ક્ષેત્રો જેવા કે, સામાજિક,આર્થિક,આધ્યાત્મિક અને ધાર્મિક ક્ષેત્રોમાં અસાધારણ પ્રગતિ કરી શકે અને પગભર થઇ શકે.

અત્યારે હાલના સમયમાં વિશ્વના મોટાભાગના દેશોમાં બાળકોને શાળા અને કોલેજોમાં જે ભણતર ભણાવવામાં આવે છે તેમા ફક્ત અને ફક્ત પુસ્તકીય માહિતીઓ જ ભણાવવામાં આવે છે તે પણ આજના સમયની એક મોટી કરુણતા છે. બાળકને તેની અસલ જિંદગીમાં કામમાં આવે તેવા, જીવન ઉપયોગી થાય તેવા,આર્થિક રીતે પગભર થાય તેવા,પોતાના જીવનના કપરાં અને મુશ્કેલીવાળા સમયમાં કઈ રીતે સંતુલન રાખીને કઈ રીતે સુખેથી જીવવું,કોઈ કાર્યમાં અસફળતા મળે ત્યારે શું કરવું અને શું ન કરવું,સમાજના ગરીબ અને જરૂરિયાતવાળા લોકોનું ઉત્થાન કઈ રીતે કરવું,તેમને મદદરૂપ થઇ, તેમને આર્થિક અને જીવન ઉપયોગી બાબતમાં કઈ રીતે પગભર કરવા વગેરે જેવા જીવન ઉપયોગી,સમાજ ઉપયોગી વિષયો પણ શીખવવા જોઈએ અને શક્ય હોય તો પોતાને જીવનમાં ઉપયોગી થાય,સમાજને ઉપયોગી થાય તેવા વિષયો દરેક શાળાઓમાં, દરેક ધોરણોમાં ફરજીયાત બનાવવા જોઈએ અને ફરજીયાત ભણાવવા જોઈએ. સમાજમાં સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, બાળક જન્મે ત્યારથી તે જેમ જેમ મોટું થાય તેમ તેમ તેના આહાર વિશેનો ચાર્ટ બનાવવામાં આવે છે જેમાં બાળકને કયા સમયે કયો ખોરાક આપવો,કયા સમયે દૂધ આપવું,ક્યા સમયે પાણી આપવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે જેથી કરીને, બાળક શારીરિક રીતે તંદુરસ્ત અને મજબૂત બને પરંતુ, બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેની સાથે બાળકને પોતાના સકારાત્મક મનનાં નિર્માણ માટે માનસિક આહાર ચાર્ટ પ્રમાણે બાળકને માનસિક રીતે મજબૂત અને તંદુરસ્ત કરે તેવો આહાર પણ આપવો જોઈએ પણ વિશ્વના મોટાભાગના માતાપિતા અહીં થાપ ખાય જાય છે કારણ કે, બાળકને શાળાઓમાં અને ઘરમાં બાળક કઈ રીતે શારીરિક રીતે મજબૂત અને તંદુરસ્ત બનાય તે માટે શીખવવામાં આવે છે પરંતુ, બાળકને માનસિક રીતે મજબૂત અને તંદુરસ્ત કેમ બનવું, કેમ બનાવવું તે ન તો કોઈ તેને શાળા કે કૉલેજમાં શીખવે છે, કે ન તો કોઈ તેને ઘરમાં શીખવતું. તેને કારણે આવી જીવનશૈલીમાં મોટું થનાર બાળક અમુક વર્ષો પછી શારીરિક રીતે એક તંદુરસ્ત યુવાન તો બની જ જાય છે પણ,માનસિક રીતે તે દુર્બળ જ રહે છે. આવા બાળકો માનસિક રીતે મજબૂત યુવાન બની શકતા નથી.આને કારણે આ પ્રકારનાં માનસિક રીતે દુર્બળ એવા ઘણા યુવાનો પોતાને જીવનમાં કોઇ કાર્યમાં અસફળતા મળે તો તે પચાવી શકતા નથી અને ઘણીવાર આત્મહત્યા પણ કરી બેસે છે. ઘણીવાર કોઈ ધારેલું કાર્ય ન થાય તો પણ નિરાશામાં સરી પડે છે અને ઘણી વાર થોડા સમય પછી આત્મહત્યા કરી બેસે છે. ઘણીવાર ધંધામાં કોઈ નાની કે મોટી નુકશાની આવી પડે કે તરત જ હતાશ થઈ જાય છે,નિરાશામાં સરી પડે છે અને ઊંઘવાની ઘણીબધી ગોળીઓ એકસાથે લઈને હંમેશને માટે ચીર નિંદ્રામાં ચાલ્યા જાય છે. આ આજના સમાજની અને આજના સમયની એક કડવી વાસ્તવિકતા છે.

આપણને ઘણીવાર ટી.વી અને સમાચાર પત્રોમાં જોવા અને વાંચવા મળે છે કે, દસમા કે બારમા ધોરણમાં ભણતા વિધાર્થી કે વિધાર્થિનીએ પરીક્ષામાં ધારેલા ટકા ન આવતા ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી. ધંધામાં મોટું દેવું થઇ જતા પત્ની અને બાળકોને ઝેરી દવા પીવડાવી તે વ્યક્તિએ પોતે પણ આત્મ હત્યા કરી લીધી. સમાજનાં બુદ્ધિજીવી લોકો અને પોસ્ટ મોર્ટમ કરવાવાળા વ્યક્તિ, મરનાર વ્યક્તિએ શા માટે આત્મહત્યા કરી તેનું ફક્ત કારણ બતાવીને તે વાત પર પૂર્ણ વિરામ મૂકી દે છે. પરંતુ, સત્ય વાતના મૂળ ઊંડાણ સુધી

પહોંચવાની કોઈ તકલીફ જ લેતું નથી. જો ખરેખર આ વાતના ઊંડાણમાં જઈને એકદમ સૂક્ષ્મ દ્રષ્ટિ કરીને એકદમ બારીકાઈથી જોવામાં આવે તો ખબર પડશે કે, તે વ્યક્તિઓને કોઈ કામમાં ધાર્યું પરિણામ ન મળવાથી,પોતાની ઈચ્છા પ્રમાણે કોઈ કામ ન થવાથી આત્મહત્યા કરી છે. તે વ્યક્તિનો બાળપણથી જ તંદુરસ્ત માનસિક વિકાસ થયો નથી હોતો, બીજા શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે, આત્મહત્યા કરીને મરનાર વ્યક્તિઓ શારીરિક રીતે તો કદાચ તંદુરસ્ત હતા પરંતુ, માનસિક રીતે તો તંદુરસ્ત હતા જ નહિ. એનું ફક્ત અને ફક્ત કારણ એ જ કે, વ્યક્તિને ઘર કે શાળામાંથી ક્યારેય કોઈ પણ પ્રકારનું માનસિક રીતે તંદુરસ્ત કઈ રીતે રહેવું તેનું કોઈપણ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું જ નથી. માનસિક રીતે તંદૂરસ્ત રહેવા માટે મન અને મગજને પૌષ્ટિક અને સંતુલિત માનસિક આહાર કયો આપવો અને કયો ન આપવો તે ક્યારેય શીખવવામાં આવતું જ નથી.

થોડાં જ વર્ષો પહેલાની આ વાત છે. અમારા મહોલ્લામાં એક સુખી અને સંપન્ન પરિવાર રહેતો હતો. તે પરિવારમાં પતિ,પત્ની અને તેમના બે પુત્રો હતા. આ પરિવાર પૈસે ટકે પણ ઘણો જ સુખી હતો. નાનો પુત્ર બારમાં ધોરણમાં ભણતો હતો અને મોટો પુત્ર કોલેજના બીજા વર્ષમાં હતો. હવે બન્યું એવું કે નાના પુત્રની બારમાં ધોરણની બોર્ડની પરીક્ષા આવી, નાના પુત્રએ બારમાં ધોરણની બોર્ડની પરીક્ષા આપી પણ દીધી પરંતુ, તેના મનમાં ક્યાંક ને ક્યાંક પરીક્ષામાં નાપાસ થવાનો એક છૂપો કાલ્પનિક ભય સતાવતો હતો. તેની ના તો તેના ઘરમાં કોઈને ખબર હતી કે ના તો તેના કોઈ મિત્રને. તેની અંદરનો એક પ્રકારનો કાલ્પનિક ભય સતત ને સતત તેને ડરાવી રહ્યો હતો કે કદાચ તે પરીક્ષામાં નાપાસ થશે. ધીમે ધીમે આ નકારાત્મક વિચાર તેના મન પર એટલો હાવી થાય ગયો કે એક દિવસ જયારે ઘરમાં કોઈ જ ન હતું ત્યારે તેણે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી અને પોતાનું જીવન ટૂંકાવી દીધું. પણ સૌથી મહત્વની વાત તો એ છે કે નાના પુત્રનું બારમાં ધોરણની બોર્ડની પરીક્ષાનું તેનું પરિણામ પાસ આવ્યું એટલે કે નાનો પુત્ર બારમાં ધોરણની બોર્ડની પરીક્ષામાં ખુલ્લી પાસ થયો હતો. આ જાણીને સૌ દંગ રહી ગયા !

આ જ રીતે કેટલાક વિધાર્થીઓ કે વિધાર્થિનીઓ પરીક્ષાનું પરિણામ નાપાસ આવતા કોઈ પણ રીતે આત્મહત્યા કરી બેસે છે. તે આજના શિક્ષણની એક સૌથી મોટી પરાકાષ્ટા અને કરુણતા છે અને ખરેખર સૌથી મોટી કરુણતા તો ત્યારે સર્જાય છે જયારે કોઈ માતાપિતાનો એકનો એક દીકરો કે દીકરી પરીક્ષાનું નાપાસનુ પરિણામ આવવાના કારણે આત્મહત્યા કરી બેસે છે અને તે માબાપ સાવ નિરાધાર થઈ જાય છે, જે ઘડપણમાં ઘણું જ વધુ પીડા દાયક, દુઃખદાયક, કપરું અને અસહ્ય લાગે છે.

આજનાં સમયમાં ડિગ્રી અને સર્ટિફિકેટનું એટલું મહત્વ રહ્યું નથી, જેટલું થોડા વર્ષો પહેલા હતું.આજના સમયમાં પ્રગતિ કરવા માટે ખરેખર કૌશલ્ય અને આવડતની વધારે જરૂર પડે છે. મોટાભાગનાં દેશોમાં પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સુધી ક્યારેય પણ, જિંદગીના દુઃખદ અને કપરાં સમયમાં કઈ રીતે જીવવું, પૈસા કઈ કઈ રીતે કમાવા, કમાયેલા પૈસાની કઈ રીતે વૃદ્ધિ કરવી તે અંગેનું કોઈ જ્ઞાન જ આપવામાં આવતું નથી. આ માટે ચોક્કસ જે તે દેશની ત્રુટીવાળી ભણતર વ્યવસ્થાને જવાબદાર ગણી શકાય. એવું જરૂરી નથી કે, જે વિધાર્થીઓ ભણવામાં હંમેશા સારાં ગુણ લાવતા હોય, સારાં નંબરે પાસ થતાં હોય તે બધા જ વિધાર્થીઓ આગળ જતા નાણાંકીય રીતે સારામાં સારી રીતે સફળ થાય. બની શકે કે તે વિધાર્થીઓ ભણતર પછી પોતાનામાં બદલાતા સમયની સાથે સાથે સતત નવા અને સારાં પરિવર્તન ન લાવે તો, તેઓને એક સમયનાં શાળા કે કોલેજોના

ઓછાં ગુણ મેળવીને પાસ થનારા અથવા નાપાસ થનારાં, પણ બદલાતા સમયની સાથે પોતાનામાં સતત અને નવું સારું પરિવર્તન લાવનારા વિદ્યાર્થીઓને ત્યાં નોકરી કરવી પડે.

આજની મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓને સફળતા મેળવવા માટે શું શું કરવું તે શીખવવામાં આવે છે પરંતુ, જયારે કોઈ વિષય કે કોઈ ક્ષેત્રમાં ધારેલી સફળતા ન મળે અથવા નિષ્ફળતા મળે ત્યારે શું કરવું અને શું ન કરવું તે શીખવવામાં આવતું નથી. જે આજના સમયની એક મોટી કરુણતા અને દુઃખદાયક બાબત કહેવાય. કારણ કે, અસફળતા એ સફળતા સુધી પહોંચવાની પ્રોસેસનો એક ભાગ છે. અસફળતા એ કોઈ અંતિમ મુકામ નથી. આજના સમયમાં વિદ્યાર્થીઓને જે ભણતર ભણાવવામાં આવે છે તેમાં આત્મવિશ્વાસ, ફાઇનાન્સિયલ નૉલેજ,રિલેશન ડેવલોપમેન્ટ અને કોમ્યુનિકેશન સ્કિલ જેવા અગત્યના અને જીવનમાં ખૂબ જ ઉપયોગી થયા એવા વિષયો પર ભણાવવામાં આવતું જ નથી કે તેના પર કોઈ જાતની ચર્ચા જ કરવામાં આવતી નથી. જે આજના સમયનું અને આજની તેમ જ ભાવિ પેઢીનું બહુ મોટું દુર્ભાગ્ય કહેવાય.

કોઈપણ વ્યક્તિ તે ભલે નાની કે મોટી ઉંમરની હોય તે સફળતાનો, આનંદનો, ખુશીનો સમયગાળો આનંદપૂર્વક જીવી જ લે છે પરંતુ, જયારે તે જ વ્યક્તિને જિંદગીના કોઈ મુકામ પર અસફળતા મળે,ધારેલા પ્રમાણે કોઈ કામ ન થતા હોય,વ્યક્તિ પોતે નિરાશા અને હતાશામાં સરી પડી હોય, જિંદગીનો કપરો સમય ચાલી રહ્યો હોય તેવા વિકટ અને મુશ્કેલીભર્યા સમયમાં જીવવું ખૂબ દુઃખદ, કપરું અને ભારે થઇ પડે છે અને ખરેખર આવા સમયે જ તેવી વ્યક્તિઓને સાચા અને તંદુરસ્ત માનસિક પ્રશિક્ષણની તાતી જરૂરિયાત ઉભી થાય છે. કોઈપણ વ્યક્તિને માનસિક રીતે મજબૂત અને તંદુરસ્ત રહેવા માટેનો પૌષ્ટિક અને સંતુલિત માનસિક આહારનો ચાર્ટ કેવો હોવો જોઈએ? તેની વિસ્તૃત ચર્ચા આપણે આગળના પ્રકરણમાં કરીશું.

~ આત્મ ચિંતન

- શું તમે ભૂલમાં તમારી પોતાની અથવા તમારા બાળકોની ઉપર કોઈ જૂની,ખોટી, નકામી અને નકારાત્મક ગેરમાન્યતા,બંધિયાર વિચારો તો નથી ઠોકી બેસાડયાને **?**
-શું તમે ફક્ત તમારા જ સપનાઓને મહત્વ આપો છો કે સાથે સાથે તમારા ફૂલ જેવા કુમળાં બાળકોના સપનાઓને પણ મહત્વ આપો છો**?**
-શું તમે તમારી કે તમારા બાળકોના કૌશલ્યને ક્યારેય વધારે વિકસાવવાની તક આપી છે કે નહિ **?**
-શું તમે તમારી કે તમારા બાળકોના શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્યની પણ સારસંભાળ ક્યારેય લીધી છે કે નહિ**?**
-શું તમે તમારા બાળકોના અભ્યાસ પર અત્યારથી જ બિનજરૂરી અને ઘણું વધારે

દબાણ તો નથી મૂકી રહ્યાને ?

પ્રકરણ ૩ : માનસિક આહાર ચાર્ટ

પાછલાં પ્રકરણમાં આપણે પૌષ્ટિક માનસિક આહારના અભાવે કોઈ વ્યક્તિના જીવનમાં કેવી કેવી તકલીફો પડે છે? કેવી કેવી સમસ્યાઓ સર્જાય છે? અને તેના કેવા ખરાબ પરિણામો આવે છે તે વિગતવાર જોયું. હવે, આપણે માનસિક આહાર ચાર્ટ કેવો હોવો જોઈએ તેની વિગતવાર ચર્ચા કરીશું. જેમ શરીરને તંદુરસ્ત રહેવા માટે તંદુરસ્ત ખોરાકની જરૂર પડે છે, તેમ મનને તંદુરસ્ત રાખવા માટે તંદુરસ્ત વિચારોની જરૂર પડે છે. ખરેખર, સકારાત્મક અને સારાં વિચારો એ જ મનનો ખોરાક છે.મનને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપવામાં આવતા વિચારો જેટલા વધારે સારાં અને તંદુરસ્ત હશે મન એટલું જ વધારે તંદુરસ્ત બનશે. કોઈ પણ વ્યક્તિ પોતે તંદુરસ્ત રહેવા માટે શરીરને ઉપયોગી થાય એવા પોષકદ્રવ્યોથી ભરપૂર, શરીરને પૂરતી શક્તિ મળી રહે તેવો તાજો અને પૌષ્ટિક ખોરાક જ પસંદ કરે છે. કોઈ વ્યક્તિ ક્યારેય પણ પોતાના શરીરને નુકશાન થાય, પોતે બીમાર પડે તેવો ખોરાક ક્યારેય જાણી જોઈને ખાશે નહિ. તેમ દરેક વ્યક્તિએ હંમેશા પોતાનાં મનને સકારાત્મક ઉર્જા મળી રહે,પોતાની વિચારશક્તિ વિશાળ બને,પોતાની સમજણશક્તિ વિકાસ પામે,પોતાનું મન હંમેશા તંદુરસ્ત રહે, જીવનની ગમે તેવી મુશ્કેલ પળોમાં પોતે એક વધારે સાચો અને સારો નિર્ણય લઇ શકે તેવો વિચારરૂપી જ પૌષ્ટિક માનસિક આહાર પસંદ કરવો જોઈએ.

જો કોઈ વ્યક્તિ શારીરિક રીતે તંદુરસ્ત હોય તો સરળતાથી માનસિક રીતે તંદુરસ્ત બની શકશે પરંતુ, જો કોઈ વ્યક્તિ શારીરિક રીતે તંદુરસ્ત નહિ હોય તો તે વ્યક્તિ માનસિક રીતે ત્યારે જ તંદુરસ્ત બની શકશે, જયારે સૌ પ્રથમ શારીરિક રીતે તંદુરસ્ત બને. તે જ રીતે કોઈ વ્યક્તિની માનસિક સ્થિતિ લાંબો સમય સારી નથી રહેતી, કોઈ વ્યક્તિ માનસિક રીતે લાંબો સમય તંદુરસ્ત નથી રહી શકતી તો તેવી વ્યક્તિની થોડા સમય પછી બીમાર પાડવાની

શક્યતા વધી જાય છે, એટલે કે, તે વ્યક્તિ અમુક સમય પછી શારીરિક રીતે પણ તંદુરસ્ત નથી રહી શકતી. એટલે ટૂંકમાં, કેહવું હોય તો એમ ચોક્કસ કહી શકાય કે, દરેક વ્યક્તિની શારીરિક અને માનસિક તંદુરસ્તી એકબીજાની સાથે જોડાયેલી છે, જે વૈજ્ઞાનિકોએ સાબિત કરેલું છે.

શારીરિક રીતે તંદુરસ્ત રહેવા માટે દરેક વ્યક્તિ પ્રોટીન, વિટામિન, કાર્બોહાઈડ્રેટ, ખનિજ દ્રવ્યો, ક્ષાર વગેરે પોષકદ્રવ્યોથી ભરપૂર પૌષ્ટિક આહાર લેવાનું જ પસંદ કરે છે અને આ પ્રકારનો આહાર ઘરે, કોઈ રેસ્ટોરન્ટ કે કોઈ હોટેલમાં મળી જશે. પૌષ્ટિક માનસિક આહાર તમને ક્યારેય કોઈ રેસ્ટોરન્ટમાં કે કોઈ ફાસ્ટ ફૂડની દુકાને નહી મળે. પૌષ્ટિક માનસિક આહાર તમને પ્રેરણા આપનાર કોઈ સારું પુસ્તક, કોઈ સારો વિડિયો, કોઈ સારો સેમિનાર, કોઈ સારી ઓડિયો બુક, કોઈ સારી પ્રેરણાદાયક ઈ-બુક કે કોઈ સારી વ્યક્તિ પાસેથી જ મળશે.પૌષ્ટિક માનસિક આહાર એટલે કોઈ સકારાત્મક અને પ્રેરણાદાયક વ્યક્તિ, પુસ્તક, ઓડિયો બુક, વિડિયો, સેમિનાર કે ઈ-બુક માંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળતા સારાં અને પૌષ્ટિક વિચારો. દરેક વ્યક્તિએ પોતાના માનસિક વિકાસને વધુ વિકસિત કરવા માટે રોજિંદા જીવનની ગમે તેટલી વ્યસ્ત જિંદગીમાંથી ઓછામાં ઓછો દરરોજનો એક કલાકનો સમય ફરજિયાતપણે કાઢવો જોઈએ. કારણ કે, તમે રોજનો એક કલાક કાઢીને પોતાના મનને હંમેશા સતત સકારાત્મક વિચારો, તે વિચારો પ્રમાણે કામ કરવાની યોજના અને તે યોજના પ્રમાણે આગળ દિન-પ્રતિદિન કઈ રીતે કામ કરવું, તેનો રોડ મૅપ તમને જો એક વાર બનાવતા આવડી ગયું તો, તમે તમારી જિંદગીમાં ગમે તેટલા ઊંચા લક્ષ્યને પણ સરળતાથી પ્રાપ્ત કરી શકશો.

દરેક વ્યક્તિ પોતાની આવક અને બચત પ્રમાણે થોડા-ઘણાં રૂપિયા કોઈને કોઈ જગ્યાએ રોકાણ કરતી જ હોય છે અને રોકાણ કરવું જ જોઈએ. જેથી કરીને, ભવિષ્યમાં તેને ખૂબ સારું વળતર મળી રહે અને ભવિષ્યનાં પોતાના લાંબા કે ટૂંકા ધ્યેયને સરળતાથી પ્રાપ્ત કરી શકે. આ ધ્યેય દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોય છે. તેવી જ રીતે, દરેક વ્યક્તિએ પોતાની જાત ઉપર પણ રોકાણ કરવાની ટેવ પાડવી જ જોઈએ, જેથી કરીને, તમે પોતે પોતાને ભવિષ્યમાં ખૂબ સારું એવું વળતર આપી શકો. સારાં અને પ્રેરણાદાયક પુસ્તકો દ્વારા તમે તમને પોતાને અને તમારી આવનારી અનેક પેઢીઓને અગણિત અને અમર્યાદિત વળતર આપી શકો છો. આના માટે તમને જરૂર પડશે કોઈ પ્રેરણાદાયક પુસ્તક, કોઈ પ્રેરણાદાયક વિડિયો, કોઈ પ્રેરણાદાયક ઓડિયો બુક, કોઈ પ્રેરણાદાયક સેમિનાર, કોઈ પ્રેરણાદાયક ઈ-બુક અને કોઈ પ્રેરણાદાયક વ્યક્તિની.

કોઈ વ્યક્તિ પોતાની માનસિક ક્ષમતાઓના વિકાસ માટે, સાચી અને યોગ્ય દિશામાં ઓછામાં ઓછી એક કલાક પણ ફાળવાશે એટલે કે, પોતાની જાત પર દરરોજનું નિયમિતપણે ઓછામાં ઓછું એક કલાકનું પણ રોકાણ કરશે તો, એક વર્ષને અંતે તે 365 ગણું થઇ ગયું હશે એટલે કે, તમારું એક વર્ષ પહેલા જે માનસિક લેવલ હતું તેના કરતા તો એક વર્ષ પછી તમારું હાલનું માનસિક લેવલ ઘણું જ અપ થયું હશે. તેનો વિકસિત ગ્રાફ તમે તમારી જાતે જોઈ શકશો અને તેમાં તમારું હાલનું માનસિક લેવલ અગાઉની સરખામણીમાં ઘણું અપ થયેલું સ્પષ્ટપણે જોઈ શકશો અને અનુભવી પણ શકશો. આવી જ રીતે દરરોજની એક કલાક પ્રમાણે પાંચ વર્ષ પછી તમારું માનસિક લેવલ 1825 ગણું અપ થયેલું તમે જોઈ શકશો અને સ્પષ્ટપણે અનુભવી શકશો. આવી જ રીતે દરરોજની એક

કલાક પ્રમાણે દસ વર્ષ પછી તમારું માનસિક લેવલ 3650 ગણું અપ થયેલું તમે જોઈ શકશો અને સ્પષ્ટપણે અનુભવી શકશો કે, તમે દસ વર્ષ પહેલા જે જિંદગી જીવતા હતા તેના કરતાં અત્યારે ઘણી જ સારી, સુખી અને ખુશહાલ જિંદગી જીવી રહ્યા છો અને આ રીતે દરરોજની ફક્ત એક કલાક ફાળવીને ઘણાં બધા વર્ષો પછી તમારું રોકાણ પણ ઘણું બધું થઈ ગયું હશે, જેના વળતરથી તમે એક દિવસ એવી સુખી, સમૃદ્ધ અને તંદુરસ્ત જિંદગી જીવતા હશો કે તમે જેની ક્યારેય કલ્પના પણ નહિ કરી હોય !

વિશ્વમાં જે જે વ્યક્તિઓ પોતપોતાના ક્ષેત્રોમાં સફળ થયા છે, તેઓ હાલની તારીખે પણ પોતાના મનને સકારાત્મક ખોરાક આપવા, પોતાને સતત નવી ઉર્જા મળી રહે તે માટે દિવસના ચોવીસ કલાકમાંથી અમુક કલાક વાંચન પાછળ આપે જ છે,જેમાં તે કોઈ સારું પ્રેરણાદાયક પુસ્તક વાંચે જ છે, પછી ભલે ને તે પોતાના ઘરમાં હોય કે ઘરની બહાર, કોઈ વાહનમાં મુસાફરીમાં. ઘણા લોકો પોતાની કારમાં પણ પ્રેરણાદાયક ઓડિયો બુક સાંભળીને પોતાના મનને સકારાત્મક વિચારરૂપી ખોરાક આપતા હોય છે. પુસ્તક, વિડિયો, સેમિનાર,ઑડિયો બુક કે ઈ-બુક દ્વારા કઈ રીતે પ્રેરણાદાયક અને સકારાત્મક વિચારો દ્વારા પોતાના મનને પૌષ્ટિક ખોરાક આપવો તેની વિસ્તૃત ચર્ચા કરીએ.

(1) સકારાત્મક અને પ્રેરણાદાયક પુસ્તક :

દરેક વ્યક્તિએ પોતાના ઘરની નજીક કે કામ કરવાના સ્થળની નજીક કોઈ પુસ્તકાલય હોય તો તેમાં કાયમી સભ્યપદનું એક કાર્ડ કઢાવી લેવું જોઇએ. જેની ફી એકદમ સામાન્ય હોય છે. જે સમાજના દરેક વર્ગના લોકોને પોસાય તેવી જ હોય છે. દરેક વ્યક્તિએ સભ્યપદનું કાર્ડ કઢાવતી વખતે એ હંમેશા યાદ રાખવું કે, તે વ્યક્તિ આજે છે એના કરતા દસ વર્ષ પછી કે તેથી વધુ વર્ષો પછી પોતાની પ્રગતિને, પોતાના માનસિક લેવલને જે નવા લેવલ પર, નવી ઊંચાઈ પર જોવા માંગે છે તે માટે જ કાર્ડ કઢાવે છે. આ સભ્યપદનાં કાર્ડ દ્વારા તમે એક જ પુસ્તકાલયમાંથી ઘણા બધા પુસ્તકો વાંચી શકો છો.

પુસ્તક વાંચનની શરૂઆત દરેક વ્યક્તિ માટે અલગ અલગ પ્રકારના પુસ્તક દ્વારા અલગ અલગ હોય શકે છે. જે વ્યક્તિ વધારે પડતી નકારાત્મક વિચારધારા ધરાવતી હોય તેવી વ્યક્તિઓએ સૌથી પહેલા સકારાત્મક વિચારધારા ધરાવતા પુસ્તકો જ વાંચવા અને એક ફળદ્રુપ સકારાત્મક મનનું નિર્માણ કરવું કારણ કે, સકારાત્મક વિચારધારા જ નકારાત્મક વિચારધારાનો નાશ કરશે. જો કોઈ વ્યક્તિ વધુ પડતી નકારાત્મક વિચારધારા ધરાવતી હોય તો તેણે પોતાને જે ક્ષેત્રમાં પ્રગતિ કરવી છે તેને લગતા પુસ્તક ક્યારેય પહેલા વાંચવા નહિ કારણ કે, તમને કોઈ પુસ્તકમાંથી તમને જીવનમાં પ્રગતિ કરવાનો કોઈ સારો આઈડિયા, કોઈ સારો રસ્તો મળી પણ જશે. પણ, જો તમારાં મનમાં નકારાત્મક વિચારધારા હશે, તમારામાં નકારાત્મક ઉર્જા હશે તો તમે ક્યારેય પણ તે આઈડિયા કે સારા આયોજનને અમલમાં નહિ મૂકી શકો અને જો કદાચ બળજબરીથી અમલમાં મૂકી પણ દેશો તો આગળ જતા એવું બને કે, તમે શરૂઆત કરો ને થોડા સમય પછી તમને તેમાં નિષ્ફળતા મળે અને પછી તમે નિરાશ થઇ જાઓ.

કોઈ ખેડૂત પોતાના ખેતરમાંથી મબલક પાક લેવા માટે જેમ સૌથી પહેલા પોતાના ખેતરની જમીનને ખેડીને તેને ફળદ્રુપ બનાવે છે અને પછી તેમાં બિયારણ વાવીને, તેને પાણી

અને ખાતર આપીને, તેની યોગ્ય માવજત કરીને મબલક ઉત્પાદન લે છે. કારણ કે, ખેડૂત એ વાત બરાબર જાણે છે કે, જો તેની પાસે બિયારણ ગમે તેટલી સારી કક્ષાનું હશે પણ, વાવવા માટેની જમીન ફળદ્રુપ નહિ હોય તો તે બીજ સારી રીતે ઉગી શકશે નહિ. એટલે જ સૌથી પહેલા તે પોતાના ખેતરની જમીનને સારી રીતે ખેડીને તેને ફળદ્રુપ બનાવે છે. સૌ પ્રથમ જમીન ફળદ્રુપ હશે તો જ તેમાં બિયારણ વાવી શકાશે અને તેમાંથી મબલક ઉત્પાદન લઇ શકાશે. તેમ દરેક વ્યક્તિએ સૌ પ્રથમ સતત સકારત્મક વિચારો આપીને જ, સકારાત્મક કાર્યો દ્વારા જ પોતાના મનને ફળદ્રુપ બનાવવું પડશે અને પછી તે વ્યક્તિ ભવિષ્યમાં પોતાને અમુક મહિનાઓ કે અમુક વર્ષો પછી જે જગ્યાએ પહોંચવું છે તેના સ્વપ્નરૂપી બીજ આ સકારાત્મક ફળદ્રુપ મનરૂપી જમીનમાં વાવી શકશે અને પોતાના ધ્યેય સુધી ઝડપથી અને સારી રીતે પહોંચી શકશે. આથી, અહીં ફરીથી એક પાયાની વાત સમજવા જેવી છે કે, સૌથી પહેલા સકારાત્મક મનનું નિર્માણ કરો કેમ કે, તમારે જે કોઈ ક્ષેત્રમાં પ્રગતિ કરવી હોય, પછી ભલે તે ક્ષેત્ર ધાર્મિક હોય, આધ્યાત્મિક હોય, સામાજિક હોય કે આર્થિક હોય. કોઈ પણ હોય બધા જ ક્ષેત્રોમાં સકારાત્મક મન એક પાયો છે અને આ સકારાત્મક મનનો પાયો જેટલો વધારે મજબૂત હશે તેટલી જ તમે તેના ઉપર વધારે ઊંચી ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક કે આર્થિક કોઈપણ ક્ષેત્રની મજબૂત અને ઊંચી ઇમારત બાંધી શકશો.

જેવું અંદર હોય છે તેવું જ બહાર સર્જાય છે.- આ કુદરતનાં નિયમોમાંનો એક નિયમ છે. જેમ કે તમે ફળદ્રુપ જમીનમાં બાવળનું બીજ વાવો તો તમે ભવિષ્યમાં ક્યારેય કેરીની આશા રાખી શકો નહિ. જો તમારે ભવિષ્યમાં કેરી જોઈતી હોય તો તમારે આજે આંબાનું બીજ (એટલે કે કેરીની ગોટલી) વાવવું જ પડશે તો તમે ભવિષ્યમાં તે ઝાડ પાસેથી કેરી મેળવી શકશો. એટલે સૌ પ્રથમ સકારાત્મક મનરૂપી ફળદ્રુપ જમીનનું નિર્માણ કરો અને ત્યારબાદ તેમાં તમારી કોઈ સારી યોજનારૂપી બીજ વાવો તો જ તમને યોજના પ્રમાણે સારું પરિણામ પ્રાપ્ત થશે. સકારાત્મક મનનું નિર્માણ કરવામાં તમને સકારાત્મક અને પ્રેરણાદાયક પુસ્તક જેટલું મદદરૂપ થશે તેટલું અન્ય કોઈ સાધન મદદરૂપ નહિ થાય. આથી, જો તમે નકારાત્મક વિચારધારા ધરાવતા હો તો સૌથી પહેલા શરૂઆતના દિવસોમાં દરરોજ ઓછામાં ઓછું એક કલાક કોઈ સકારાત્મક અને પ્રેરણાદાયક પુસ્તક વાંચવાની ફરજિયાત પણે ટેવ પાડો અને ત્યારબાદ તમને જે પરિણામો મળવા લાગશે તે અદ્દભૂત અને ચમત્કારિક હશે !

(2) સકારાત્મક અને પ્રેરણાદાયક વિડિયો, ઑડિઓ બુક અને ઈ-બુક :

આજનાં સમયમાં સમગ્ર વિશ્વમાં રોકેટ ગતિએ ટેક્નૉલૉજી આગળને આગળ વધી રહી છે. આજનાં સમયમાં ગામડાંનો માણસ પણ પોતાના મોબાઈલની મદદથી ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યો છે અને પોતાના જીવનમાં પ્રગતિ કરી રહ્યો છે. તમે તમારા મોબાઈલ, કમ્પ્યુટર, લેપટોપ કે ટેબ્લેટની મદદથી તમારી પ્રગતિમાં મદદરૂપ થાય તેવા સકારાત્મક અને પ્રેરણાદાયક વિડિયો, ઓડિયો બુક કે ઈ-બુક તમારી જરૂરિયાત પ્રમાણે ઑન લાઈન અથવા ડાઉનલૉડ કરીને ઑફ લાઈન જોઈ શકો છો, સાંભળી શકો છો અને વાંચી પણ શકો છો. ઑન લાઈન રહેવાનો સૌથી મોટો ફાયદો એ છે કે, તમારી પાસે સમગ્ર વિશ્વમાં રોજબરોજ બનતી ઘટનાઓની માહિતી તમને મળી રહે છે. તે તમામ માહિતીમાંથી તમારા માટે જે કામની થતી હોય, તમને જીવનમાં તમારા ધ્યેય સુધી પહોંચાડવામાં મદદરૂપ થતી હોય, તમને જીવનમાં પ્રગતિ કરવામાં મદદરૂપ થતી હોય તેવી માહિતીને તમે ગ્રહણ કરી લો અને બાકીની નકારાત્મક માહિતીને જવા દો.તમને મદદરૂપ થનારી સકારાત્મક અને પ્રેરણાદાયક માહિતી

તમારી પાસે કોઈ સારા લેખ, વિડિયો, ઓડિયો કે ઈ-બુક સ્વરૂપે આવશે.

એકવાર સકારાત્મક મનનું નિર્માણ જાય થઈ પછી તમે દરરોજ તમને તમારા જીવનમાં પ્રગતિની રાહ બતાવી શકે તેવા, તમને તમારા ધ્યેય સુધી ઝડપથી પહોંચાડી શકે તેવા, તમે કોઈ નવું રચનાત્મક અને ક્રિયાત્મક કાર્ય કરો. ટૂંકમાં, તમને તમારા જીવનમાં કોઈને કોઈ રીતે ઉપયોગી થાય તેવા નવાં નવાં વિડિયો, ઑડિયો બુક અને ઈ-બુક મેળવતા રહો અને તેને અનૂરૂપ કાર્ય કરીને તમારી જિંદગીમાં અસાધારણ, અસીમ પ્રગતિ કરતાં રહો જેથી કરીને, તમે અને તમારો પરિવાર એક વધુ સારી, એક વધુ સુખી, વધુ બહેતર આનંદદાયક જિંદગી જીવી શકે.

(3) સકારાત્મક અને પ્રેરણાદાયક સેમિનાર :

સકારાત્મક અને પ્રેરણાદાયક સેમિનારમાં દરેક વ્યક્તિએ બને ત્યાં સુધી હાજરી આપવી જોઈએ પણ, પ્રેરણાદાયક સેમિનારમાં હાજરી આપવી દરેક વ્યક્તિ માટે શક્ય હોતું નથી. કારણ કે, દરેક મોટિવેશનલ સ્પીકર પોતાનાં સેમિનારમાં ફ્રી એન્ટ્રી રાખતા નથી. ઘણાં મોટિવેશનલ સ્પીકર પોતાના સેમિનાર માટે ઘણી ઊંચી ફી રાખતા હોય છે. જે દરેક વ્યક્તિ માટે ખર્ચ કરવી શક્ય હોતું નથી. આવા સેમિનારમાં મોટિવેશનલ સ્પીકર પોતાના અને બીજા અન્ય સફળ લોકોના જીવનની બાયોગ્રાફી વર્ણવીને તમને માનસિક રીતે નવી ઉર્જા આપીને, તમને તમારી પ્રગતિનાં પંથે આગળ વધવા માટે બળ પૂરું પડે છે. સેમિનાર યોજતા મોટિવેશનલ સ્પીકર તેમાં ભાગ લેતા દરેક વ્યક્તિને માનસિક રીતે સતત નવી ઉર્જા મળી રહે તે માટે કોઈ પ્રેરણાદાયક પુસ્તક, કોઈ પ્રેરણાદાયક વિડિયો, કોઈ પ્રેરણાદાયક ઓડિયો બુક કે કોઈ પ્રેરણાદાયક ઈ-બુક વગેરે આપતા હોય છે. આ નવી માનસિક ઉર્જા અને નવા બળની મદદથી સેમિનારમાં ભાગ   લેનાર વ્યક્તિ પોતાની પ્રગતિનાં પંથે સતત આગળ ને આગળ વધતો રહે અને પોતાના ધ્યેય સુધી સરળતાથી અને ઝડપથી પહોંચી શકે.

હવે, સૌથી મહત્વની વાત એ આવે છે કે, તમે જીવનમાં નક્કી કરેલા તમારા ધ્યેય સુધી પહોંચી જાવ તો પણ તમારે નવાં નવાં સકારાત્મક અને પ્રેરણાદાયક વિડિઓ, ઓડિયો બુક કે ઈ-બુક ને મેળવતા રહેવાનું બંધ નથી થવાનું. તેમાંથી તમારે જે કામનું હોય, ઉપયોગી હોય તેવું જ્ઞાન મેળવવાનું બંધ નથી કરવાનું. વિશ્વના મોટા ભાગના માણસો અહિં જ ભૂલ કરી બેસે છે છે. ઘણાં લોકો પોતે જીવનમાં નક્કી કરેલા પોતાના ધ્યેય સુધી પહોંચી જાય તે પછી નવું નવું શીખવાનું, નવું નવું જાણવાનું અને નવું નવું જ્ઞાન મેળવવાનું બંધ કરી દે છે અને તે પછી તેમની પ્રગતિ થવાની પણ બંધ થઈ જાય છે. કારણ કે, કુદરતના નિયમ પ્રમાણે કોઈ નદીનું પાણી તો જ સ્વચ્છ રહી શકે છે, જયારે તે નદી સતત વહેતી રહે. જયારે તે નદી વહેવાનું બંધ કરી દે છે, તેનું વહેણ સ્થિર થઇ જાય છે ત્યારે તેનું પાણી સ્થિર થવાને કારણે થોડા સમય પછી ધીમે ધીમે પોતાની સ્વચ્છતા ગુમાવી બેસે છે અને ગંદુ બની જાય છે. આથી, જે વ્યક્તિએ પોતાના જીવનમાં સતત અને અસાધારણ પ્રગતિ કરવી હોય અને જેણે પ્રગતિને પંથે સતત ને સતત આગળ વધવું હોય તે વ્યક્તિએ હંમેશા પોતાના જ્ઞાનના વહેણને પોતાની તરફ સતત ને સતત વહેંતું રાખવું પડશે.એટલે કે, આવી વ્યક્તિએ પોતે હંમેશા, દરરોજ નવું નવું પોતાને પ્રગતિ કરવામાં સતત ઉપયોગી થાય તેવું, નવું નવું જ્ઞાન મેળવતા રહેવું પડશે અને તેને અમલમાં મૂકીને તે પ્રમાણે કાર્ય કરવું પડશે. દુનિયાનાં ઈતિહાસ પર એક નજર નાખશો તો તમને

જાણવા મળશે કે, કોઈ વ્યક્તિ તો શું પણ, એક સમયની મોટી મોટી મલ્ટી નેશનલ કંપનીઓ બદલાતા સમયની સાથે સાથે પોતાને બદલી ન શકી તેને કારણે તેમનું અસ્તિત્વ પણ મટી ગયું છે.

તો આનાથી બચવાનો અને સતત નવાં નવાં જ્ઞાનના પ્રવાહને વહેતો રાખવાનો માત્ર અને માત્ર એક જ ઉપાય એ છે કે, તમે અથવા તમારી કંપની જયારે પણ કોઈ નાની કે મોટામાં મોટી સફળતા મેળવે ત્યારે પોતાની જાતને એક જ પ્રશ્ન પૂછવાનો કે, "હવે, આના પછી આગળનું શું ?" એટલે કે, હવે પછીનો આગળનો લક્ષ્યાંક કયો છે ? એટલે તમારા મનમાં આપોઆપ તમારા આગળનાં લક્ષ્યાંકનું ચિત્ર અંકિત થવા લાગશે. પછી તમારે પોતાની જાતને એ પ્રશ્ન પૂછવાનો છે કે, "હું એવું તે કયું કાર્ય કરું કે જેથી, તે નવાં લક્ષ્યાંક સુધી ઝડપથી પહોંચી શકું ?" એટલે તમારી સામે અંદરથી જ તે લક્ષ્યાંક સુધી ઝડપથી પહોંચવાના રસ્તાઓ, યુક્તિઓ આવવા લાગશે અને તે બધામાંથી તમારે જે રસ્તો કે યુક્તિ વધારે ઉપયોગી થતા હોય તે પ્રમાણે કાર્ય કરવાનું ચાલુ કરી દેવું અને તમારાં લક્ષ્યાંક સુધી પહોંચી જવું. બની શકે કે, તમે તમારી જાતને પહેલી વખત સવાલ પૂછો અને તમને તમારા લક્ષ્યાંક સુધી પહોંચવાનો રસ્તો કે યુક્તિ પહેલી વારમાં ન મળે તો, તમારે નિરાશ થઈને બેસી નથી જવાનું. તમારે બીજી વખત પોતાની જાતને પ્રશ્ન કરવાનો છે કે, " હું એવું તે કયું કાર્ય કરું કે જેથી, તે લક્ષ્યાંક સુધી ઝડપથી પહોંચી શકું ?" અને તમને સાચો જવાબ મળી જશે અને આવું તમારે ત્યાં સુધી કર્યા કરવાનું છે કે, જ્યાં સુધી તમને તમારા લક્ષ્યાંક સુધી પહોંચવાનો રસ્તો કે યુક્તિ સ્પષ્ટ રીતે ન દેખાય ત્યાં સુધી.

પૌષ્ટિક માનસિક આહાર એટલે ટૂંકમાં, એમ કહેવું હોય તો કહી શકાય કે, કોઈ વ્યક્તિને પોતાના સકારાત્મક મનનું નિર્માણ કરવામાં ઉપયોગી થાય એવું, પોતાની પ્રગતિનાં પંથે સતતને સતત આગળ વધવા માટે ઉપયોગી થાય એવું, કોઈ સકારાત્મક અને પ્રેરણાદાયક પુસ્તક, સકારાત્મક અને પ્રેરણાદાયક વિડિયો, સકારાત્મક અને પ્રેરણાદાયક ઓડિયો બુક, સકારાત્મક અને પ્રેરણાદાયક ઈ-બુક, સકારાત્મક અને પ્રેરણાદાયક વ્યક્તિ તથા સકારાત્મક અને પ્રેરણાદાયક સેમિનાર દ્વારા દરરોજ નવું નવું અને અવિરત, સતત મળતું વિચારરૂપી જ્ઞાન.

કોઈ ખેડૂત પોતાનાં ખેતરમાં વાવેલા બીજમાંથી સારો પાક કઈ રીતે ઉગે તે માટે બીજને શું શું આપવું જોઈએ તેની તે પુરેપુરી કાળજી રાખે છે અને સાથે સાથે તે ખેતરમાં પાકની સાથે ઉગી નીકળતું નીંદણ (વધારાનું ઘાસ) ને નિંદવાનું પણ કામ કરે છે તથા પાકને કોઈ વનસ્પતિજન્ય રોગ ન થાય અને કીટકોથી બચાવવા માટે તે જંતુનાશક દવાનો પણ છંટકાવ કરે છે. દરેક વ્યક્તિએ પોતાને માનસિક રીતે તંદુરસ્ત રાખવા માટે પૌષ્ટિક માનસિક આહારમાં શું શું લેવું જોઈએ તે આપણે વિગતવાર જોયું. કોઈ વ્યક્તિ ક્યારેય પણ ખાવામાં એવો ખોરાક નહિ લે કે જેથી, તે શારીરિક રીતે બીમાર પડે. તે જ રીતે કોઈ પણ વ્યક્તિએ જાણ્યે કે અજાણ્યે એવો માનસિક ખોરાક ક્યારેય લેવો નહિ કે જેથી, તે માનસિક રીતે બીમાર પડે. કોઈ વ્યક્તિ તેની આસપાસ બનતી ઘટનાઓમાંથી શું ગ્રહણ કરશે અને શું ગ્રહણ નહિ કરે, તેના આધારે તે તેમાંથી કેવો માનસિક ખોરાક મેળવશે અને કેવો નહિ મેળવે, તે દરેક વ્યક્તિના દ્રષ્ટિકોણનાં આધારે નક્કી થાય છે. કારણ કે, સકારાત્મક અને સર્જનાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો સકારાત્મક વિચારરૂપી સકારાત્મક માનસિક આહાર મેળવે છે અને નકારાત્મક દ્રષ્ટિકોણવાળા લોકો નકારાત્મક વિચારરૂપી નકારાત્મક માનસિક આહાર મેળવે છે.

~ આત્મ ચિંતન

- શું તમે તમારી કે તમારાં બાળકોના શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે સારાં માનસિક સ્વાસ્થ્ય માટે અત્યાર સુધીમાં ક્યારેય કોઈ માનસિક પૌષ્ટિક આહાર ચાર્ટની વ્યવસ્થા કરી છે ?
- શું તમે અત્યાર સુધીમાં તમારી પ્રગતિ થાય તે માટે તમે તમારાં પોતાના ઉપર કોઈ નિયમિત રોકાણ કર્યું છે ?
- શું તમે અત્યાર સુધીમાં ક્યારેય તમને તમારું માનસિક લેવલ ઊંચે લઈ જાય તેવા પુસ્તક, વિડિયો, ઓડિયો બુક, ઈ-બુક કે સેમિનાર માટે ક્યારેય સમય ફાળવ્યો છે ?

પ્રકરણ ૪: આત્મવિશ્વાસ અને તેની અદ્રશ્ય શક્તિ

આત્મવિશ્વાસ એટલે શું? આ પ્રશ્નનો એકદમ સરળ અને સાચો જવાબ છે. "દરેક વ્યક્તિનો પોતાની જાત પરનો વિશ્વાસ એટલે આત્મવિશ્વાસ."

આખી દુનિયામાં જેટલાં પણ લોકો છે તે બધા જ લોકો કોઈને કોઈ બાબતમાં અન્ય બીજી કોઈ વ્યક્તિ કરતાં એક કે બીજા પ્રકારે અલગ હોવાનાં. આ બધી બાબતોમાં મુખ્ય બાબતો છે, વ્યક્તિનો સ્વભાવ, વ્યક્તિની સમજણ શક્તિ, વ્યક્તિનો જે તે વાતાવરણમાં ઉછેર, વ્યક્તિનું ભણતર, વ્યક્તિનો પોતાના સગાંવહાલાં કે મિત્રો સાથેનો માહોલ, વ્યક્તિના કામકાજ કે ધંધાકીય સ્થળ પરનો માહોલ ...વગેરે વગેરે. અને આ બધી બાબતોની કોઈપણ વ્યક્તિ પર ઓછાવત્તા પ્રમાણમાં અસર પડે જ છે અને તેના આધારે જ દરેક વ્યક્તિમાં આત્મવિશ્વાસનું અલગ અલગ લેવલ બનતું હોય છે. જે આગળ જતા જે તે વ્યક્તિની સફળતા કે નિષ્ફળતા, સુખ કે દુઃખ નક્કી કરતું હોય છે. આત્મવિશ્વાસ અને સફળતાને બહુ જ સીધો સંબંધ છે કારણ કે , "આત્મવિશ્વાસ એ સફળતાની સીડી પરનું પહેલું પગથિયું છે." તમે સફળતાની સીડી પરનું પહેલું પગથિયું જો સારી રીતે ચઢી શકશો તો જ તમે આગળનાં પગથિયાં સારી રીતે ચઢી શકશો. સફળતાની સીડી પરનું પહેલું પગથિયું ચઢવા માટેની પાયાની અને સૌથી મહત્વની જરૂરિયાત છે-વ્યક્તિનો પોતાની જાત પરનો વિશ્વાસ એટલે કે, "આત્મવિશ્વાસ".

આત્મવિશ્વાસમાં એવી એવી જાદુઈ અને અદ્રશ્ય શક્તિઓ રહેલી છે કે, જેની આપણે

ક્યારેય કલ્પના પણ કરી શકતા નથી અને કલ્પના કરીએ તો પણ તે જાદુઈ શક્તિઓ સુધી આપણી કલ્પનાશક્તિ ક્યારેય પહોંચી શકતી નથી. કારણ કે આત્મવિશ્વાસની અદ્રશ્ય જાદુઈ શક્તિ એ બ્રહ્માંડના ગૂઢ અને વણઉકેલ્યા રહસ્યોમાંનુ એક રહસ્ય છે. સૌથી સારી વાત એ છે કે, કોઈપણ વ્યક્તિ આત્મવિશ્વાસની મદદથી જ જીવનમાં અશક્ય લગતા કામોને શક્ય કરી બતાવે છે. અમુક વર્ષો પહેલાં માનવી માટે હવામાં ઉડવું અશક્ય હતું પરંતુ, આત્મવિશ્વાસની શક્તિની મદદથી માનવીએ વિમાન બનાવ્યું અને સમગ્ર માનવજાત માટે હવામાં ઉડવું સરળ બન્યું. આજથી અમુક વર્ષો પહેલાં માનવીને ચંદ્ર પર જવું અશક્ય લાગતું હતું પરંતુ, આ એ જ શક્તિ છે જેની મદદથી માનવી નવી નવી ટેક્નોલૉજી અને સંશોધન કરીને અંતરિક્ષયાન બનાવીને ચંદ્ર પર પહોંચ્યો. અમુક વર્ષો પહેલા સેંકડો માઈલ દૂર પોતાના મિત્ર કે સગાસંબંધી સાથે વાત કરવું શક્યું ન હતું પરંતુ, માનવીએ ટેલિફોનની શોધ કરીને આને શક્ય બનાવ્યું અને તેનાથી આગળ વધીને હાલમાં, સેંકડો માઈલ દૂર પોતાના મિત્ર કે સગાસંબંધીને જોઈ પણ શકાય અને તેની સાથે વાત પણ કરી શકાય તે માટે તેણે ટેક્નૉલૉજી વિકસાવીને વિડિયો કોલિંગ વિક્સાવ્યું. આ બધું ત્યારે જ શક્ય બને છે જયારે વ્યકિને પોતાની જાતમાં અડગ આત્મવિશ્વાસ હોય. દુનિયાનાં ઘણાં લોકો આત્મવિશ્વાસ અને તેની અદ્દભૂત અદ્રશ્ય શક્તિઓનો લાભ ઉઠાવી શકતા નથી કારણ કે, તે લોકો એવો મિથ્યા અને નકામો તર્ક કરે છે કે તે શક્તિઓ દેખાતી નથી. આ માટે આવા લોકોની તેમની જૂની,પુરાણી સંકુચિત માનસિકતા જ જવાબદાર છે. આવા લોકોને એટલું જ સમજાવવાનું કે, એમ તો વીજળીના તારમાં પણ વીજળી દેખાતી નથી તો પણ લેમ્પ ચાલુ થાય છે અને પ્રકાશ આપે છે.વીજળીના ખુલ્લા તારને જયારે કોઈ વ્યક્તિ જાણ્યે કે અજાણ્યે અડી જાય છે ત્યારે તે વ્યક્તિને જાતે જ અનુભવ થાય છે કે, તારમાં અગાઉથી જ વીજળી હાજર છે, ભલે તેને જોઈ શકાતી ન હોય. જે લોકો આત્મવિશ્વાસ અને તેની અદ્રશ્ય શક્તિઓનો મહિમા જાણે છે, ફાયદાઓ જાણે છે, તે લોકો બીજી કોઈ પળોજણમાં પડયા વગર, બીજા લોકોને અશક્ય લગતા કામોને શક્ય કરી બતાવે છે, પોતે સફળ થાય છે અને માનવ ઈતિહાસમાં પોતાનું નામ સૂવર્ણ અક્ષરોમાં લખાવે છે. આની સાથે સાથે આવા લોકોનાં નામની આગળ “ મહાન ” શબ્દ પણ દુનિયા જ લગાવી દે છે. અહિં કહેવાનો ભાવાર્થ એ છે કે, દરેક વ્યક્તિએ પોતાની જાતમાં અસાધારણ આત્મવિશ્વાસ કેળવવો જોઈએ અને તેનો ઉપયોગ કરીને આત્મવિશ્વાસની અદ્રશ્ય જાદુઈ શક્તિઓનો મહત્તમ લાભ લેવો જોઈએ અને તેનાં દ્વારા જીવનનાં દરેક મુકામે સફળતા મેળવીને આગળને આગળ વધતાં રહેવું જોઈએ. આત્મવિશ્વાસ અને

આશીર્વાદમાં એવી અદ્રશ્ય શક્તિ રહેલી છે કે, જેની મદદથી અશક્ય લગતા કામો પણ નિ:સંદેહ શક્ય બની જાય છે. આ એક સત્ય હકીકત છે.

અઘરું અને અશક્ય શબ્દો બધા લોકો માટે નથી હોતા. તે જ રીતે અઘરું અને અશક્ય શબ્દો કાયમી પણ નથી હોતા. જે લોકો અમુક કાર્યોને અઘરાં અને અશક્ય માને છે તે કાર્યો તે લોકો માટે સાચે જ અઘરાં અને અશક્ય બની જાય છે અને તે જ કાર્યો પોતાની જાતમાં વિશ્વાસ રાખનાર અન્ય કોઈ આત્મવિશ્વાસુ વ્યક્તિ માટે અઘરાં અને અશક્ય નથી હોતા કારણ કે, આવા લોકોને પોતાની જાત પર સંપૂર્ણ વિશ્વાસ હોય છે કે, તે કાર્યોને તેઓ સારી રીતે સિદ્ધ કરી શકશે જ. આની સાથે આવી વ્યક્તિ તે પણ સિદ્ધ કરી બતાવે છે કે, અઘરું અને અશક્ય શબ્દો કાયમી નથી હોતા.

એક વાર નેપોલિયન બોનાપાર્ટ યુદ્ધ લાડવા માટે પોતાની સેના સાથે જઈ રહ્યો હતો. તેને રસ્તામાં એક વૃદ્ધ મહિલા મળી. તેણે નેપોલિયન બોનાપાર્ટને કહ્યું કે, આગળ આલ્પ્સ પર્વત છે અને તેને પાર કરવો તેના માટે અને તેની સેના માટે ખૂબ જ મુશ્કેલ છે. આથી, નેપોલિયન બોનાપાર્ટે પોતાના ગળાનો હાર તેને આપીને કહ્યું કે, હું તેને એક પડકાર માનું છું અને તેણે આગળ કૂચ ચાલુ રાખી. પરંતુ, તેણે જાણ્યું કે, આલ્પ્સ પર્વતને લઈને તેના સૈનિકોમાં કોઈ ચર્ચા ચાલી રહી છે, જે ચર્ચા તેના સૈનિકોનો આત્મવિશ્વાસ, મનોબળ ને તોડે તેવી હતી. આથી, તેણે તરત જ બધા જ સૈનિકોને ભેગા કર્યા અને તેમને બધાને એક સવાલ કર્યો કે, "તમારામાંથી ક્યારેય કોઈએ આલ્પ્સ પર્વત જોયો છે?" સદ્ભાગ્યે તે બધા જ સૈનિકોમાંથી કોઈએ ક્યારેય પણ આલ્પ્સ પર્વત જોયો ન હતો અને નેપોલિયન બોનાપાર્ટે કહ્યું કે, “જયારે આલ્પ્સ પર્વત આવશે ત્યારે હું તમને જણાવી દઈશ” અને તેમણે ફરી આગળ કૂચ ચાલુ કરી. રસ્તામાં નાના મોટા પર્વતો,મેદાનો આવતા જતા હતા અને તેને પાર કરીને તેમનું સૈન્ય આગળ ને આગળ વધતું જતું હતું. રસ્તામાં ફરી પાછાં નાના મોટા પર્વતો, મેદાનો આવતા જતા હતા અને તેમનું સૈન્ય આગળને આગળ વધતું જતું હતું. ત્યારે તેમાંથી કોઈએ નેપોલિયન બોનાપાર્ટને પૂછ્યું કે, "આપ્લ્સ પર્વત કેટલો દૂર છે?" ત્યારે નેપોલિયન બોનાપાર્ટે જવાબ આપ્યો કે, "આલ્પ્સ પર્વતને તો આપણે ઘણાં સમય પહેલાં પાર કરી ચુક્યા છીએ." અને તે સાંભળીને તેમની સેનામાં એક નવી જ ચેતના આવી ગઈ અને તેમનો આત્મવિશ્વાસ પણ અનેક ગણો વધી ગયો અને ફરી બીજા દિવસે દુશ્મન સેના સામે યુદ્ધ થયું ત્યારે નેપોલિયન બોનાપાર્ટ અને તેમની સેનાનો વિજય થયો.

આના પરથી એ સિદ્ધ થાય છે કે, અઘરાં અને અશક્ય લાગતાં કાર્યો બધી વ્યક્તિ માટે હંમેશા માટે અઘરાં અને અશક્ય નથી હોતા. જો તમે કોઈ સરળ કાર્યને પણ અઘરું માની બેસશો તો તે કાર્ય તમારા માટે એક દિવસ સાચે જ અઘરું બની જશે. એ જ રીતે, જો તમે કોઈ અઘરાં કાર્યને સરળ માનશો અને તે કાર્ય કરવા માટે પોતાની જાતમાં અસાધારણ આત્મવિશ્વાસ પેદા કરશો તો તે કાર્ય તમારા માટે સરળ બની જશે અને તમે તે કાર્યને સરળતાથી કરી શકશો. આ એક સત્ય હકીકત છે. કામ કરવાને લગતા આ સિદ્ધાંતનો બહુ જ ઓછા લોકોને ખ્યાલ હોય છે. આ દુનિયામાં ઘણાં એવા કાર્ય છે જે એક વ્યક્તિને અઘરાં લાગે છે તો તે જ કાર્ય દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માટે સરળ છે. કુદરત અનુસાર કોઈ કાર્ય ક્યારેય અઘરું હોતું નથી. માનવીની વિચારધારા જ કોઈ કાર્યને અઘરું કે સરળ બનાવે છે. જો કુદરત અનુસાર સાચે જ કોઈ કાર્ય અઘરું હોય તો દુનિયાની બધી જ

વ્યક્તિઓ માટે તે કાર્ય અઘરું હોવું પડે. પરંતુ, વાસ્તવિકતા આનાથી ઘણી જ અલગ છે.

માનવીનું મગજ તટસ્થ(ન્યુટ્રલ) છે. એ તમને એવું કામ કરીને આપશે જેવો તમે તેને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ, સંદેશો કે કમાન્ડ આપો છો.

વિકલ્પ-(1) : જો તમે તમારાં મગજને એવો સંદેશો આપશો કે, કોઈ કામ તમે કરી શકો છો અથવા કોઈ કામ કરવા માટે તમે સક્ષમ છો તો, તમારું મગજ તમને સંખ્યાબંધ એવા સકારાત્મક કારણો અને ઉપાયો તમારી આગળ રજુ કરશે કે જે બધાં જ કારણો અને ઉપાયોની મદદથી અથવા તેમાંથી તમારે જે વધુ ઉપયોગી હોય એવા કારણો અને ઉપાયોની મદદથી તમે તે કામ ખૂબ જ સરળતાથી અને સારી રીતે કરી શકશો.

વિકલ્પ-(2) : જો તમે તમારાં મગજને એવો સંદેશો આપશો છો કે, કોઈ કામ તમે નથી કરી શકતા અથવા તો કોઈ કામ તમારા માટે અઘરું છે અથવા તો કોઈ કામ કરવા માટે તમે સક્ષમ નથી તો, તમારૂં મગજ તમને સંખ્યાબંધ એવા કારણો આપશે કે, જે કારણોને લીધે તમે તે કામ કરવા માટે અસમર્થ જણાશો અને તે કામ કરવાનું તમે સાચે છોડી દેશો.

કામ કરી શકવાની અને કામ ન કરી શકવાની ઉપરની બંને બાબતોમાં તમે સાચા છો પણ, તમને અને તમારાં પરિવારને એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ સફળ અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપવા માટે ઉપરના બે વિકલ્પો, વિકલ્પ (1) આ કારણોને લીધે હું આ કામ કરી શકીશ. અને વિકલ્પ (2) આ કારણોને લીધે હું આ કામ નહિ કરી શકું. આ બંને વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવાની જવાબદારી ફક્ત અને ફક્ત તમારી જ છે, બીજા કોઈની નહિ.

તમે તમારી જાતમાં આત્મવિશ્વાસ રાખીને એમ કહેશો કે, કોઈ કામ કરવા માટે તમે સક્ષમ છો તો તમે તે કામ કરી શકશો. તમારું મગજ તે કામ કરવા માટેના આઈડિયા, યોજના, તે કામ કરવામાં તમને મદદરૂપ થાય તેવા લોકો, ચીજ વસ્તુઓ, સાધન- સામગ્રી શોધી કાઢવાના તમને રસ્તા આપશે અને તેના દ્વારા તમે તે કામ સરળતાથી કરી શકશો પણ, જો તમે તમારી જાતને એમ કહેશો કે, આ કામ હું નહિ કરી શકું તો તમારું મગજ તમારી સામે પળવારમાં એવા સંખ્યાબંધ કારણો શોધી આપશે કે, જે કારણો દ્વારા તમે તે કામ કરવા માટે અસમર્થ સાબિત થશો અને એક સમયે તમે તે કામ નહીં કરવાનું સ્વીકારી લેશો અથવા કામ કરવાનું છોડી જ દેશો.

તમે તમારી જાતને એમ કહેશો કે, આજની સવાર ખૂબ જ ખુશનૂમા છે તો, તમારૂં મગજ તમને એવા સંખ્યાબંધ કારણો જણાવશે કે, જે તમારી સવારને સાચે જ ખુશનૂમા સાબિત કરવામાં મદદ કરશે. જેમ કે,

-હું આજે સવારે એલાર્મ વાગતાની સાથે જ પથારીમાંથી ઉઠી ગયો. - મારી પાસે મોર્નિંગ વૉક કરવા માટે ઘણો જ સમય છે.

-સૂર્યના કોમળ કિરણો ધરતી પર ચોતરફ પથરાયેલા છે અને આજે સૂર્ય સ્નાન લેવા માટે પણ ઘણો જ સમય છે વગેરે, વગેરે.

જો તમે તમારી જાતને એમ કહેશો કે, આજની સવાર ખૂબ જ ખરાબ છે, તો તમારું મગજ તમને એવા સંખ્યાબંધ કારણો જણાવશે કે, જે તમારી સવારને સાચે જ ખરાબ

સાબિત કરશે. જેમ કે,

- આજે સવારે જાગવાનું ખૂબ જ મોડું થઈ ગયું.

- સવારે દૂધવાળો પણ સમય કરતાં ઘણો મોડો આવ્યો.

- મોડા ઊઠવાને કારણે રસ્તામાં ખૂબ જ ટ્રાફિક જામ થઈ ગયો હશે અને તેથી ઓફિસે મોડા પહોંચવાને કારણે બૉસનો ઠપકો સાંભળવો પડશે વગેરે,વગેરે.

માનવીનું મગજ એ માનવીનો સૌથી આજ્ઞાકારી, સૌથી વધુ શક્તિશાળી અને સૌથી વધુ ઈમાનદાર મિત્ર છે. તમે તેને આપેલા સંદેશાનું કે કમાન્ડનું એ કોઈપણ પણ ભેદભાવ વગર બરાબર પાલન કરે છે અને તમારાં દ્વારા અપાયેલાં સંદેશ કે કમાન્ડ અનુસાર તમને કારણો અને/ અથવા ઉપાયો આપે છે.

દુનિયાની કોઈ એક વ્યક્તિ માટે એક મહિનાના 20,000 રૂપિયા કમાવા અઘરાં છે તો દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માટે એક મહિનાના 40,000 રૂપિયા કમાવા એકદમ સરળ છે. દુનિયાની ક્રિકેટની કોઈ એક ટીમ માટે 50 ઓવરમાં 300 રન કરવા અઘરાં છે તો દુનિયાની બીજી કોઈ ક્રિકેટ ટીમ માટે 50 ઓવરમાં 400 રન કરવા પણ સહેલા છે. દુનિયાના કોઈ એક દેશ માટે અંતરિક્ષમાં એકસાથે 5 ઉપગ્રહ તરતા મુકવા એક અઘરું કાર્ય છે તો દુનિયાના કોઈ બીજા દેશ માટે અંતરિક્ષમાં એકસાથે 10 ઉપગ્રહ તરતા મુકવા એક સરળ કાર્ય છે. નવમા ધોરણના કોઈ એક વર્ગખંડમાં કોઈ એક વિધાર્થીને પરીક્ષામાં 45 ટકા લાવવા અઘરાં છે તો તે જ વર્ગખંડમાં ભણતા અન્ય વિધાર્થી માટે પરીક્ષામાં 70 ટકા લાવવા એકદમ સરળ વાત છે. આવા ઘણા બધા કિસ્સાઓ લખી શકાય. પરંતુ, તે બધા કિસ્સાઓનો મૂળ સાર જોઈએ તો એમ ચોક્કસ કહી શકાય કે, અઘરા કાર્ય અને સહેલા કાર્ય એ જે તે વ્યક્તિની વિચારધારાના જ પરિણામ છે. અઘરા કાર્ય અને સહેલા કાર્ય એ જે તે વ્યકતિના સકારાત્મક માનસિક દ્રષ્ટિકોણ કે નકારાત્મક માનસિક દ્રષ્ટિકોણની ઉપજ છે. કોઈ એક જ કાર્ય કોઈ એક વ્યક્તિને અઘરું લાગે અને તે જ કાર્ય બીજી કોઈ વ્યક્તિને સરળ લાગે તો એમ ચોક્કસ કહી શકાય કે, તે બે વ્યક્તિઓના દ્રષ્ટિકોણ, તેમના આત્મવિશ્વાસ, તેમની કામ કરવાની પદ્ધતિ, કામ કરવાની ટેકનિક, તેમની કામ કરવા માટેની ટીમ ,તેમના અન્ય વ્યક્તિઓ સાથેના સંપર્કો ,તેમના કામ કરવા માટેની સાધન સંપત્તિ વગેરે જેવી બાબતોમાં ચોક્કસપણે કોઈ ને કોઈ મોટો તફાવત હોવો જોઈએ. જો કોઈ વ્યકિને કોઈ એક કાર્ય અઘરું લાગતું હોય તો તેવી વ્યક્તિએ તે જ કાર્ય જે વ્યક્તિને સહેલું લાગતું હોય તેવી વ્યક્તિને મળીને, તેમની જેમ આત્મવિશ્વાસ કેળવીને,તેમની જેમ દ્રષ્ટિકોણ રાખીને, તેમના જેવી કામ કરવાની પદ્ધતિ અપનાવીને,તેમના જેવી કામ કરવાની ટેકનિક અપનાવીને, તેમની ટીમના માણસો જેવા કૌશલ્યવાળા માણસોની પોતાની ટીમ બનાવીને, તેમને જે જે લોકો સાથે સંપર્કો હોય તેવા અથવા તે જ માણસો સાથે સંપર્કો બનાવીને, તેમના જેવી કામ કરવા માટેની સાધન-સંપત્તિ ઉપયોગમાં લઈને પોતાને અઘરાં લગતા કાર્યોને સરળ બનાવવા જોઈએ.

અહિં, કહેવાનો ભાવાર્થ એ નથી કે, કોઈ એક વ્યક્તિએ પોતાનાથી આગળ હોય તેવી બીજી વ્યક્તિની કોઈ ને કોઈ બાબતમાં આખી જિંદગી કોપી જ કર્યા રાખવી પણ, શરૂઆતના સમયમાં જયારે તમારું કામ કરવાનું લેવલ નીચું હોય ત્યારે ફક્ત શરૂઆતના સમયમાં તમે તમારું કામ કરવાનું લેવલ ઉપર લઇ જવા માંગતા હોવ ત્યારે, શરૂઆતના

સમયમાં પોતાની જાતને ઉપરના લેવલના કામની તૈયારી માટે, શરૂઆતના સમયમાં આત્મવિશ્વાસને વધારવા(બૂસ્ટ) માટે જ કોપી કરવી અને જ્યારે તમે તમારાથી આગળના વ્યક્તિના લેવલની સાથે અથવા તેની નજીક પહોંચી જાવ, તમારામાં પોતાનામાં પોતાની મેળે આગળ વધવાનો આત્મવિશ્વાસ આવી જાય પછી તમારે પોતાની જાતમાં, પોતાની મૌલિકતાથી ઉપયોગી એવા સુધારાઓ કરીને, આગળના સ્તરના વ્યક્તિ કરતા પણ દરેક બાબતોમાં પોતાના પ્રદર્શનને વધુ સારું અને સર્વશ્રેષ્ઠ બનાવવા મહેનત કરવાની ચાલુ કરી દેવી જોઈએ.

થોડાં દિવસ પહેલા હું મારાં એક મિત્રને મળ્યો હતો. જે એક મોટી અને ઘણી ઊંચી નામના ધરાવતી કંપનીમાં મેનેજર હતો. થોડી વાતચીત બાદ જાણવા મળ્યું કે, તે તેમની કંપનીમાં સારું કામ આપી શકે એવા કુશળ કર્મચારીઓ શોધતો હતો. તો તેને મેં કહ્યું કે, "તમારી કંપનીની છાપ તો ઘણી સારી છે તેથી તો, તમારી કંપનીને સારાં અને કુશળ કર્મચારીઓ તો મળવા જ જોઈએ." તેણે કહ્યું, "વાત એકદમ સાચી છે. ઘણાં કર્મચારીઓ ઇન્ટરવ્યૂ માટે આવે પણ છે પણ, તેમાના મોટાભાગના કર્મચારીઓ ઇન્ટરવ્યૂ અને ટ્રાયલ પિરિયડમાં પાસ થઈ ગયા પછી કોઈને કોઈ બહાનું કાઢીને કંપનીમાં કામ પર આવતા નથી અને જે કર્મચારીઓ ઇન્ટરવ્યૂ અને ટ્રાયલ પિરિયડમાં પાસ થઈ જાય છે તે હકીકતમાં એટલા સક્ષમ હોતા નથી કે, કંપનીને જેવું જોઈએ તેવું કામ શરુઆથી જ આપવા માંડે. તેમને થોડાં વધારે દિવસ ટ્રેનિંગ આપવી પડે છે અને પછી કંપનીને જેવું જોઈએ તેવું કામ આપવા માટે સક્ષમ બને છે." તો મેં તેને સવાલ કર્યો કે, "તમે ઈન્ટરવ્યૂમાં શા માટે આનાથી પણ વધુ સારા કર્મચારીઓને પસંદ નથી કરતા ?" તો તેણે જે જવાબ આપ્યો એ ખરેખર સાંભળવા લાયક હતો. તેણે જવાબમાં કહ્યું કે, "જે કર્મચારીઓ ઇન્ટરવ્યૂમાં પાસ થઈ જાય છે અને તેનાથી આગળ ટ્રાયલ પિરિયડમાં પણ પાસ થઈ જાય છે કે, જે ખરેખર કંપનીને જેવું કામ જોઈએ છે તેવું કામ આપવા માટે સક્ષમ હોય છે અથવા તો તે કામની ઘણી નજીક હોય છે, તેઓ સેલેરીનું ઘણું મોટું પેકેજ મેળવવા સક્ષમ હોયછે.આવા કર્મચારીઓને ઘણીવાર પોતાની જાત પર જ આત્મવિશ્વાસ નથી હોતો કે, તે આ કંપનીમાં કામ કરવા માટે સક્ષમ છે કે નહિ? અને પોતાની જાત પર આત્મવિશ્વાસ ન હોવાને કારણે તેઓ અધવચ્ચે જ પોતાના ટ્રાયલ પિરિયડને પૂર્ણ કર્યા વગર જ પોતે આ કંપનીમાં શા માટે કામ નહિ કરી શકે તેવું કોઈને કોઈ ખોટું બહાનું કાઢીને ચાલ્યા જાય છે અને તેને કારણે અમારી કંપનીમાં નવા નવા કર્મચારીઓની માંગ રહે જ છે." તો મેં તેને પૂછ્યું કે, "તમારી કંપનીમાં જે કર્મચારીઓ પસંદ થાય છે તે લાયકાતની દ્રષ્ટિએ કેવા હોય છે?" તો તેણે જે જવાબ આપ્યો તે પણ ખરેખર સાંભળવા લાયક હતો. તેણે કહ્યું "કંપનીમાં જે જે કર્મચારીઓ ઇન્ટરવ્યૂ માટે આવે છે તેમાં તેમની લાયકાત બાદ તેમના ટ્રાયલ પિરિયડ દરમિયાન તે કેવા આત્મવિશ્વાસ સાથે કેવું કામ કરીને આપે છે તે પણ નોંધવામાં આવે છે. એટલે કે ઈન્ટરવ્યૂમાં આવેલ કોઈ કર્મચારીની લાયકાત સર્ટિફિકેટ પ્રમાણે યોગ્ય ન પણ હોય અને કોઈ કર્મચારીનું કંપનીને જે પ્રકારનું કામ જોઈએ છે તેવું કામ ન હોય તેવા કર્મચારીઓને અમે પસંદ નથી કરતા પણ, ઇન્ટરવ્યૂમાં આવેલા કોઈ કર્મચારીની લાયકાત ભલે સર્ટિફિકેટનાં ધારાધોરણ કરતા થોડી ઓછી હોય,પરંતુ તેણે ટ્રાયલ પિરિયડ દરમ્યાન આત્મવિશ્વાસપૂર્વક કરેલા કામની, તેની મૌલિકતાની અને કૌશલ્યની નોંધ લેવાય છે. જો તેણે કરેલું કામ કંપનીને જે પ્રકારનું કામ જોઈએ છે તેના કરતાં થોડું નીચા લેવલનું હોય અને તે કર્મચારી જો આત્મવિશ્વાસપૂર્વક પોતાને અમુક દિવસોમાં કંપનીને જે પ્રકારનું કામ જોઈએ છે તે પ્રકારનું

કામ આપવા માટે આત્મવિશ્વાસપૂર્વક બાહેંધરી આપે તો તેવા કર્મચારીની પસંદગી કરી લેવામાં આવે છે." તો મેં તેને પૂછ્યું કે, "તમે તમારી કંપનીમાં આ રીતે જે કર્મચારીઓ પસંદ કરો છો, તેમાં કેટલા ટકા લોકો તમારી કંપનીને જે પ્રકારનું કામ જોઈએ છે તે પ્રકારનું પરફેક્ટ અને ક્ષતિરહિત કામ આપવામાં સફળ થાય છે ?" તો તેણે જવાબ આપ્યો, "98 ટકા." આ મુલાકાતનાં દોઢેક મહિના પછી એક અગ્રણી સમાચાર પત્રનાં એક લેખમાં પણ વાંચવા મળ્યું કે, મોટી મોટી નામાંકિત મલ્ટી નેશનલ કંપનીઓ પણ હવે નવા કર્મચારીઓની ભરતી માટે ડિગ્રીઓ અને સર્ટિફિકેટ કરતાં વધારે નવા કર્મચારીઓની કોઠાસૂઝ,આવડત અને આત્મવિશ્વાસને વધારે મહત્વ આપવા લાગી છે, ત્યારે મને મારાં મિત્રની આ રસપ્રદ અને પ્રેરણાદાયક મુલાકાત ફરી વખત યાદ આવી.

અહિં, સૌથી નોંધનીય બાબત એ છે કે, આત્મવિશ્વાસ એક એવો ગુણ છે જે કોઈપણ વ્યક્તિની સફળતા, પ્રગતિ અને ખુશી સાથે સીધો સંબંધ ધરાવે છે અને તેના આધારે જ કોઈપણ વ્યક્તિ પોતાની અને પોતાના પરિવારની જિંદગીને વધુ સારી, વધુ સુખી, વધારે પ્રગતિદાયક, વધુ સમૃદ્ધિવાળી બનાવી શકે છે.

થોડાં જ વર્ષો પહેલાની વાત છે. કેટલાક લોકો દ્વારા એક પર્વતીય વિસ્તારના એક ગામમાં પર્વતારોહણ માટે એક સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમાં આજુબાજુના ગામનાં અને શહેરોનાં પર્વતારોહકોને ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. ગામમાં અને આજુબાજુનાં ગામમાં તથા આજુબાજુનાં શહેરોમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા અને જે કોઈ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લેવા માગતા હોય તેવા બધા લોકોને નામ નોંધાવવાની અંતિમ તારીખ પણ જણાવવામાં આવી. આ સ્પર્ધમાં પ્રથમ આવનાર વિજેતાને ઈનામમાં ઘણી મોટી રકમ આપવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી અને તેના પોસ્ટરો પણ છપાવવામાં આવ્યા. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કુલ 28 વ્યક્તિઓએ ફોર્મ ભર્યા અને તેઓને સ્પર્ધાની તારીખ અને સમય જણાવવામાં આવ્યા. અગાઉથી નક્કી થયેલા તારીખ અને સમય પ્રમાણે બધા સ્પર્ધકો સ્પર્ધામાં ભાગ લેવા પહોંચી ગયા અને તેમને ચેતવણીના ભાગરૂપે પર્વતારોહણમાં આવનારી મુશ્કેલી વિશે સાવચેત કરવામાં આવ્યા. જેમકે, પર્વતારોહણ શરુ કર્યા પછી આગળ અમુક ઊંચાઈ પર જતા હવા એકદમ ઠંડી, પાતળી અને ઝડપી બની જશે, શ્વાસ લેવામાં પણ મુશ્કેલી આવી શકે છે, ભેખડો ધસી પડવાનો પુરેપુરો ભય છે. આગળ અમુક ઊંચાઇ પરના ડેન્જર ઝોનમાં અગાઉ ઘણાં પર્વતારોહક પોતાનો જીવ ગુમાવી બેસ્યા છે.આથી અમુક ઊંચાઈએ પહોંચ્યા પછી ધીમે ધીમે અને કાળજી રાખીને આગળ વધવું વગેરે જેવી સાવચેતીઓ આપવામાં આવી અને આ સાવચેતીઓ આપવાને બરાબર પંદર મિનિટ પછી સ્પર્ધા શરુ કરવામાં આવી.

શરૂઆતના સમયમાં સ્પર્ધા શરુ થઈ કે તરત જ બધા પર્વતારોહકો ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા હતા પરંતુ, અમુક ઊંચાઈ પર ડેન્જર ઝોનમાં પહોંચ્યા પછી બધા જ પર્વતારોહકો ધીમા પડી ગયા અને ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા. પરંતુ, તે બધામાં એક પર્વતારોહક એવો હતો જે ડેન્જર ઝોનમાં પણ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો હતો અને તે ખૂબ જ ઝડપથી વધુ ને વધુ આગળ વધતો જ જતો હતો.તે બીજા બધા પર્વતારોહકો કરતા ઘણો જ આગળ નીકળી ગયો અને પરિણામે તે પર્વતારોહક તે સ્પર્ધમાં પ્રથમ નંબરે આવ્યો.સ્પર્ધા પૂરી થયા પછી તેને ઈનામમાં ઘણી મોટી રકમ આપવામાં

આવી. સ્પર્ધા યોજનાર બધા જ લોકો મનોચિકિત્સક હતા. તેઓ મનોવિજ્ઞાનને લાગતો એક પ્રયોગ કરવા માગતા હતા તેથી, તે બધા જ મનોચિકિત્સકોએ મળીને આ પર્વતારોહણની સ્પર્ધા યોજી હતી. સ્પર્ધામાં પ્રથમ નંબરે આવનાર વ્યક્તિ જયારે ઇનામ લઈને પોતાના ઘરે જતો હતો ત્યારે સ્પર્ધા યોજનાર મનોચિકિત્સકે કોઈના દ્વારા તેને બોલાવ્યો અને કહ્યું કે, "અમે ડેન્જર ઝોનમાં જે જે મુશ્કેલીઓ આવે છે તે બાબત અંગે તમને માહિતગાર કરાવ્યાં હતા તેમ છતાં તમે ડેન્જર ઝોનમાં પણ ઘણી જ ઝડપથી આગળ વધી શક્યાં તેનું કારણ શું? "પેલા વ્યક્તિએ કંઇ જવાબ આપ્યો નહિ અને ફક્ત મનોચિકિત્સક સામે જોતો જ રહ્યો. સ્પર્ધા યોજનાર મનોચિકિત્સકે તેને બીજીવાર સવાલ કર્યો કે, "અમે ડેન્જર ઝોનમાં જે જે મુશ્કેલીઓ આવે છે તે બાબત અંગે તમને માહિતગાર કરાવ્યાં હતા તેમ છતાં તમે ડેન્જર ઝોનમાં પણ ઘણી જ ઝડપથી આગળ વધી શક્યાં તેનું કારણ શું? " ત્યારે તેની સાથે આવનાર તેના ગામનાં બીજા એક યુવકે મનોચિકિત્સકને કહ્યું કે, “સ્પર્ધા જીતનાર આ વ્યક્તિ તો બહેરો છે.” આ સાંભળતા જ તે મનોચિકિત્સકને પોતાનાં પ્રશ્નનો જવાબ મળી ગયો હતો. તેણે અન્ય મનોચિકિત્સકોને કહ્યું કે, “આપણે સૌ જાણીએ છીએ તેમ પર્વત પર અમુક ઊંચાઈએ કોઈ ડેન્જર ઝોન નથી, નીચે તળેટીમાં જે સામાન્ય હવા છે તે જ સામાન્ય હવા અમુક ઊંચાઈ પર ભ્રામક રીતે ઉભા કરેલા ડેન્જર ઝોનની ઊંચાઈએ પણ છે,હજી સુધી એક પણ પર્વતારોહકનું મૃત્યુ આ પર્વત ચઢવાને કારણે નથી થયું. સ્પર્ધા શરુ થયા પહેલા આપણે સ્પર્ધકોનાં મનમાં નકારાત્મક બાબતો ઘુસાડીને, તેમનાં મનમાં ડર ઘુસાડીને, તેમના મગજને નેગેટિવ બ્રેઈન વૉશ દ્વારા, તેમનાં આત્મવિશ્વાસને તોડવાનું જે કામ આપણે કર્યું. તેને કારણે આ બહેરા વ્યક્તિ કરતાં પર્વતારોહણમાં જે ઘણાં સારાં અને ઝડપી કહી શકાય એવા બીજાં પર્વતારોહકો પણ આપણાં ફક્ત ડરાવવા માટે બનાવી દીધેલા ડેન્જર ઝોનમાં આગળ વધી શક્યાં નહિ અને આ બહેરો વ્યક્તિ બહેરો હોવાને કારણે આપણી બનાવેલી કાલ્પનિક નકારાત્મક બાબતોને ન સાંભળવાને કારણે સ્પર્ધામાં પ્રથમ આવ્યો.”

આના પરથી એ જાણવા મળે છે કે,

-કોઈ એક સહેલું કામ પણ દુનિયાના કોઈ એક વ્યક્તિ માટે નકારાત્મક બાબતો સાંભળવાને કારણે અઘરું અથવા અશક્ય બની જાય છે. જયારે તે જ કામ દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માટે નકારાત્મક બાબતો ન સાંભળવાને કારણે સહેલું અને શક્ય બની જાય છે.

-દુનિયાનાં કોઈ એક વ્યક્તિ પાસે કોઈ સહેલા કામને કરવા માટે પૂરતો આત્મવિશ્વાસ ન હોવાને કારણે તે કામ અઘરું અથવા અશક્ય લાગે છે. જયારે દુનિયાની કોઈ બીજી વ્યક્તિને તે જ કામ કરવા માટે પોતાની જાત પર પૂરો વિશ્વાસ હોવાને કારણે તે જ કામ સરળ અને શક્ય લાગે છે અને તે વ્યક્તિ તે કામને ખૂબ જ સારી રીતે કરી શકે છે.

-દુનિયાનાં કોઈ એક વ્યક્તિને સહેલા કામને કરવાની કોઈ કોઠાસૂઝ, આવડત કે કામ કરવાનું સારું પ્લાનિંગ ન હોવાને કારણે તે કામ અઘરું અથવા અશક્ય લાગે છે. જયારે દુનિયાની કોઈ બીજી વ્યક્તિને તે જ કામ પોતાની પાસે રહેલી સારી કોઠાસૂઝ, આવડત અને કામ કરવાનું સારું પ્લાનિંગ હોવાને કારણે સહેલું અને શક્ય લાગે છે અને તે વ્યક્તિ તે કામને ખૂબ જ સારી રીતે કરી શકે છે.

-દુનિયાના કોઈ એક વ્યક્તિ પાસે કોઈ એક સહેલા કામને કરવા માટેની સારી ટેકનિક ન

હોવાને કારણે તે કામ અઘરું અથવા અશક્ય લાગે છે. જયારે દુનિયાની કોઈ બીજી વ્યક્તિ પાસે તે જ કામ કરવા માટેની સારી ટેકનિક હોવાને કારણે સહેલું અને શક્ય લાગે છે અને તે વ્યક્તિ તે કામને ઘણી જ સારી રીતે કરી પણ શકે છે.

-દુનિયાની કોઈ એક કંપની પાસે આત્મવિશ્વાસથી ભરપૂર, કુશળ અનુભવી અને ઉત્સાહી ટીમ ન હોવાને કારણે મંદીના સમયમાં લોકોને પોતાનો માલસામાન વેચવાનું કામ અઘરું અથવા અશક્ય લાગે છે.જયારે દુનિયાની બીજી કોઇ કંપની પાસે કુશળ, અનુભવી અને ઉત્સાહી ટીમ હોવાને કારણે મંદીના સમયમાં તે જ અથવા તેના જેવો માલસામાન વેચવાનું કામ સરળ અને શક્ય લાગે છે.

-દુનિયાની કોઈ એક એન્જીનયરીંગ કંપની પાસે આત્મવિશ્વાસથી ભરપૂર, કુશળ અનુભવી અને ઉત્સાહી ટીમ ન હોવાને કારણે તે કંપનીને પર્વતો ખોદીને હાઇ-વે બનાવવાનું, નદીઓ ઉપર પુલો અને ડેમ બનાવવાનું, નદી કે દરિયા નીચેથી ટનલ બનાવવાનું કામ અઘરું કે અશક્ય લાગતું હોય છે.જયારે દુનિયાની બીજી કોઈ એક એન્જીનયરીંગ કંપની પાસે આત્મવિશ્વાસથી ભરપૂર, કુશળ અનુભવી અને ઉત્સાહી ટીમ હોવાને કારણે તે કંપનીને પર્વતો ખોદીને હાઇ -વે બનાવવાનું, નદીઓ ઉપર પુલો અને બંધ બનાવવાનું, નદી કે દરિયા નીચેથી ટનલ બનાવવાનું કામ સરળ અને શક્ય લાગે છે અને આવી કંપની આવા ઘણાં બધા કામોને શક્ય કરીને પણ બતાવે છે.

- દુનિયાનાં કોઈ એક દેશ પાસે સારી સ્પેસ એજન્સીં અને કુશળ ટીમ ન હોવાને કારણે અવકાશમાં એક સાથે 5 ઉપગ્રહ તરતા મુકવા પણ અઘરાં અને અશક્ય લગતા હોય છે. જયારે દુનિયાનાં બીજા કોઈ દેશ પાસે સારી સ્પેસ એજન્સી અને કુશળ ટીમ હોવાને કારણે અવકાશમાં એક સાથે 10 ઉપગ્રહ તરતા મુકવા પણ સરળ અને શક્ય છે.

ટૂંકમાં, અહિં કહેવાનો ભાવાર્થ એ છે કે, જે કામ દુનિયાની કોઈ એક વ્યક્તિ માટે, કોઈ એક ટીમ માટે, કોઈ એક કંપની માટે કે કોઈ એક દેશ માટે અઘરું અથવા અશક્ય હોય તો એવું જરૂરી નથી કે તે જ કામ દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માટે, બીજી કોઈ એક ટીમ માટે,બીજી કોઇ એક કંપની માટે કે બીજા કોઈ એક દેશ માટે અઘરું અથવા અશક્ય જ હોય. કોઈ એક કામ કોઈ એક વ્યક્તિ, કોઈ એક ટીમ, કોઈ એક કંપની કે કોઇ એક દેશથી નથી થઇ શક્યું, તો ક્યારેય એમ નહિ માની લેવું કે, તે કામ તમારાથી અથવા તમારી ટીમ દ્વારા અથવા તમારી કંપની દ્વારા કે તમારા દેશથી નહિ થાય. તમારે એ પ્રમાણે વિચારવું જોઈએ કે, અગાઉ જે જે લોકો અથવા જે જે ટીમ અથવા જે જે કંપની અથવા જે જે દેશો આ કામને સફળ કરવામાં એવું તો શું ચુકી ગયા અથવા જે ન કરી શકવાના કારણે તે બધા નિષ્ફળ ગયા. જ્યાં સુધી તે ખૂટતી કડી ન મળે ત્યાં સુધી તેને શોધવાના પ્રયત્નો દિવસ-રાત ચાલુ રાખવા જોઈએ અને જેવી તે ખૂટતી કડી તમને મળી જાય કે તરત જ તમારે અથવા તમારી ટીમને અથવા તમારી કંપનીને અથવા તમારા દેશને તે ખૂટતી કડીને અનુરૂપ કાર્ય કરીને અગાઉ નિષ્ફળ ગયેલા કાર્યને સફળ બનાવવું જોઈએ. એકવાર જો તમે આ ખૂટતી કડી શોધવામાં નિપુણ બની ગયા તો, દુનિયાનાં કોઈપણ અઘરાં કામ તમને એકદમ સરળ જ લાગવા માંડશે અને તમે તે કામમાં ધારેલી સફળતા પણ મેળવી શકશો. આત્મ વિશ્વાસ એ નાનકડી હાથબતી છે. જે અંધકારમાં તમને બધું જ નહિ બતાવી શકે પણ તમને આગળનું ડગલું ક્યાં મૂકવું તેની જગ્યા જરૂર બતાવશે ને જો તમે ક્રમશ: એક પછી એક ડગલું આગળ ને આગળ વધતા જશો તો એક દિવસ તમે તમારી લક્ષ્ય

પ્રાપ્તિના સાચા માર્ગે આગળ વધીને તમારા લક્ષ્યને પ્રાપ્ત કરી ચોક્કસ શકશો.

અત્યાર સુધી આપણે આત્મવિશ્વાસ અને તેની અદ્રશ્ય શક્તિને કારણે કોઈપણ વ્યક્તિને, કોઈપણ ટીમને, કોઈપણ કંપનીને કે કોઈપણ દેશને શું શું ફાયદાઓ થાય છે તે જોયું. હવે, આપણે એનાથી આગળ દુનિયાની કોઈપણ વ્યક્તિ પોતાનામાં અસાધારણ આત્મવિશ્વાસનું કેવી સર્જન કરી શકે તેની ઉપર વિગતવાર ચર્ચા કરીશું. જેથી કરીને, દુનિયાની દરેક વ્યક્તિ આત્મવિશ્વાસ અને તેની અદ્રશ્ય શક્તિનો મહત્તમ લાભ ઉઠાવીને પોતાને, પોતાના પરિવારને, પોતાની ટીમને, પોતાની કંપનીને પોતાના સમાજને અને પોતાના રાષ્ટ્રને વધુ ને વધુ સુખ, શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ આપી શકે.

સૌથી પહેલા તમારી આજુબાજુની કોઈ પણ વ્યક્તિ, તમારાં સગાવ્હાલાં, તમારાં મિત્રો, તમારાં પાડોશી, કોઈ દુકાનદાર, તમારાં મેનેજર, તમારાં બૉસ, તમારા શિક્ષક કે તમારાં પ્રોફેસરની નકારાત્મક વાતો અને નકારાત્મક સૂચનો કે જે તમને તમારાં ધ્યેય સુધી પહોંચવામાં અવરોધ ઉભા કરે છે, તેવી વાતો અને તેવા બિનજરૂરી, નકામાં અને ખોટાં સૂચનોને અવગણો કારણ કે, આ એવી નકારાત્મક વ્યક્તિઓ છે કે, જે જાણ્યે-અજાણ્યે તમારા મગજમાં દિન-પ્રતિદિન નકારાત્મક બાબતો ઉમેરતા જશે અને તમારામાં તમારા ધ્યેય સુધી પહોચવા માટે જરૂરી આત્મવિશ્વાસનાં લેવલમાં ઘટાડો કરશે, તમારા આત્મવિશ્વાસને તોડવાનું કામ કરશે. તમારા આત્મવિશ્વાસમાં આવા લોકો વધારો તો નહિ કરે પરંતુ,તમારા આત્મવિશ્વાસમાં ઘટાડો કરશે, નેગેટિવ બ્રેઈન વૉશ દ્વારા તમને નુકશાન પહોંચાડશે. આથી શક્ય હોય તેટલા પોતાને આવા લોકોથી દૂર રાખો અને જો દૂર રાખી શકાય એમ ન હોય તો તેમની નકારાત્મક બાબતોને સાંભળવાનું બંધ જ કરી દેવું. જેથી કરીને, તમે તમારા આત્મવિશ્વાસનાં લેવલને નીચું જતા અટકાવી શકો, તમે તમારા આત્મવિશ્વાસમાં ઘટાડો થતા અટકાવી શકો.

-અત્યારે તમારા આત્મવિશ્વાસનું લેવલ બની શકે કે નીચું હોય અથવા તમારે જોઈએ તે પ્રકારનું લેવલ ન હોય તો, તમે તમારા આત્મવિશ્વાસનું લેવલ ઉપર લઇ જવા માટે હંમેશા સકારાત્મક અને સર્જનાત્મક પુસ્તકો વાંચવાનું કામ કરો અને તેને અનુસરીને તમારી જિંદગીને અનુરૂપ સકારાત્મક અને સર્જનાત્મક કાર્યો કરવાનું ચાલુ કરી દો. શરૂઆતમાં તમે ધારો તો નાના નાના કાર્યો કરવાથી શરૂઆત કરી શકો છો અને આ બાબતમાં તમે જેમ જેમ નિપુણ થતા જાઓ તેમ તેમ તમે ક્રમશ: સ્ટેપ બાય સ્ટેપ મોટા, એનાથી મોટા કાર્યો કરતા જાઓ. આની અસર તમને એક દિવસમાં નહિ દેખાય પરંતુ, તમે જેમ જેમ આ પ્રમાણે કાર્યો કરતા જશો તેમ તેમ અમુક દિવસો પછી, અમુક મહિનાઓ પછી કે અમુક વર્ષો પછી તમને તમારા આત્મવિશ્વાસનાં લેવલમાં નાના મોટા કાર્યો કરવામાં અનેક ગણો વધારો થયેલો જણાશે અને તમે તેને અનુભવી પણ શકશો. તમારામાં અગાઉ બે, ત્રણ, ચાર, પાંચ કે છ મહિના પહેલાં કે એક વર્ષ પહેલાં જે આત્મવિશ્વાસ હતો તેની સરખામણીમાં તમારો હાલનો આત્મવિશ્વાસ અનેક ગણો વધી ગયો હશે.

- ઘણાં લોકોનું એમ માનવું છે કે, જે કામ ન આવડતું હોય, જે કામ મુશ્કેલ હોય, જે કામમાં ફાવટ ઓછી હોય તેવા કામને પહેલા કરવા જોઈએ, તેને પૂર્ણ કર્યા બાદ જ બાકીના સરળ કામ કરવા જોઈએ પણ, જયારે તમારી પાસે સમયની મર્યાદા હોય ત્યારે આ માન્યતા તદ્દન ખોટી પડે છે કારણ કે, આ જૂની અને ખોટી માન્યતા પ્રમાણે જો કામ કરવામાં આવે તો અંતે સમય ઘટતા સરેરાશ નુકશાન જ થાય છે.

જયારે તમારે મર્યાદિત સમયમાં ઘણાં બધાં કામ કરવાના હોય ત્યારે સૌથી પહેલા સરળ હોય તેવા, જે કામ કરવામાં તમને વધુ ફાવટ હોય તેવા કામને પહેલાં મહત્વ આપવું, જે કામ કરવામાં તમને મુશ્કેલી પડતી હોય, જે કામ કરવામાં તમને ઓછી ફાવટ હોય, જે કામ કરવામાં તમારો સમય વધારે જતો હોય એવા કામને ક્રમશ: છેલ્લે રાખવા કારણકે, જયારે તમે તમને જે કામ સરળ લગતા હોય અને તમને જે કામ કરવામાં વધુ ફાવટ હોય તેવા કામ પહેલાં પૂર્ણ કરી લ્યો છો ત્યારે તમારા આત્મવિશ્વાસમાં આપમેળે જ અનેક ગણો વધારો થઈ જાય છે. જેની મદદથી તમને પાછળના અઘરાં અને ઓછી ફાવટવાળા કામ સારી રીતે કરવા માટે અનેકગણા વધેલા આત્મવિશ્વાસની શક્તિનો લાભ તમને મળે છે તેની મદદથી અને બાકીનો પૂરતો સમય મળવાને કારણે તમે બાકીના બધા કામ પણ સારી રીતે કરી શકો છો.

ઉદાહરણ તરીકે, કોઈ એક વિધાર્થી બે કલાકની સમય મર્યાદામાં 50 ગુણનું પ્રશ્નપત્ર પરીક્ષામાં લખવા બેસે છે ત્યારે તેની પાસે બે વિકલ્પ હોય છે

વિકલ્પ-(1) : જો તે વિધાર્થી સૌથી પહેલા પોતાને ન આવડતાં હોય અથવા પોતાને મુશ્કેલ લાગતાં હોય તેવા પ્રશ્નના જવાબ સૌથી પહેલા લખવા બેસશે તો, તે પ્રશ્નોના જવાબ બહુ સારી રીતે લખી શકશે નહિ અને તેમનો આત્મવિશ્વાસ તૂટશે. બાકીના પ્રશ્નોના જવાબ માટે પાછળ સમય પણ ઘટશે. તેના કારણે બાકીના જે પ્રશ્નોના જવાબ પોતાને આવડે છે, સરળ લાગે છે તેના જવાબ પણ સારી રીતે લખી શકશે નહિ અને બની શકે કે જે પ્રશ્નોના જવાબ સારી રીતે આવડતા હોય તેવા ઘણા પ્રશ્નોના જવાબમાંથી કેટલાક જવાબ આત્મવિશ્વાસ ઘટવાને કારણે, માનસિક તણાવ, ટેન્શન વધવાને કારણે ભૂલી પણ જાય.

આના બદલે વિકલ્પ-(2): જો તે વિધાર્થી સૌથી પહેલા પોતાને જે જે પ્રશ્નોના જવાબ સારી રીતે આવડે છે, પોતાને જે પ્રશ્નોના જવાબ સરળ લાગે છે, જે જે પ્રશ્નોના જવાબ લખવામાં પોતાને સારી ફાવટ છે તે પહેલા લખશે તો, તે પ્રશ્નોના દરેક જવાબ સાચાં અને સારી રીતે લખી શકશે અને ત્યારબાદ આપોઆપ જ તેના આત્મવિશ્વાસમાં અનેક ગણો વધારો થવાને કારણે અને બાકીના મુશ્કેલ પ્રશ્નોનાં જવાબ માટે પૂરતો સમય મળવાને કારણે જે પ્રશ્નોના જવાબ નથી આવડતાં અથવા જે પ્રશ્નોનાં જવાબ લખવામાં ઓછી ફાવટ છે તેવા પ્રશ્નોના જવાબ લખવા માટે તેને વિચારવાનો પૂરતો સમય મળી રહે અને કદાચ તે બધા માંથી અમુક પ્રશ્નોના જવાબ તેને આવડી પણ જાય અને તે વિધાર્થી તે પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત પણ કરી લે.

ઉપરના બંને વિકલ્પો પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, જો કોઈ વિધાર્થી વિકલ્પ-(1) પ્રમાણે કાર્ય કરશે તો તેનો આત્મવિશ્વાસ તૂટવાને કારણે અને પછીથી કરવાના કાર્ય પાછળ પૂરતો સમય ન ફાળવી શકવાને કારણે તેને સરવાળે નુકશાન જ થવાનું અને

જો કોઈ વિધાર્થી વિકલ્પ-(2) પ્રમાણે કાર્ય કરશે તો તેના આત્મવિશ્વાસમાં અનેક ગણો વધારો થવાને કારણે અને પછીથી કરવાના કાર્ય પાછળ પૂરતો સમય મળી શકવાને કારણે તેને ચોક્કસ ફાયદો થશે જ.

આ નિયમ શિક્ષણની સાથે સાથે જીવનનાં બીજા ક્ષેત્રો માટે એટલો જ લાગુ પડે છે.

-જયારે તમે માનસિક તણાવમાં હોવ, તમારો આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હોય તેવા સમયે તમારે તમારા મગજને શાંત રાખીને પાંચ-સાત મિનિટ માટે ઊંડા શ્વાસ લેવા. આવું

કરવાથી મગજમાં ડોપામીન કેમિકલની માત્રાનું સંતુલન નોર્મલ થઈ જશે અને તમારો માનસિક તણાવ આપોઆપ ઘટી જશે અને તમે પહેલા કરતાં પોતાને વધુ સ્ફૂર્તિલા અને વધુ આત્મવિશ્વાસુ અનુભવી શકશો કારણ કે, જયારે વ્યક્તિ માનસિક રીતે તણાવમાં હોય ત્યારે ડોપામીન કેમિકલની માત્રા સામાન્ય કરતાં ઘટી જાય છે. આની સાથે સાથે વ્યક્તિનો પોતાનો આત્મવિશ્વાસ પણ ઘટી જાય છે.

-તમારા ચાલવાની ગતિને બીજા નોર્મલ વ્યક્તિઓની ચાલ કરતાં થોડી વધુ ઝડપી બનાવો. કારણ કે, આત્મવિશ્વાસથી ભરપૂર કોઈપણ વ્યક્તિની ચાલવાની ગતિ હંમેશા બીજા નોર્મલ લોકો કરતા થોડી વધુ ઝડપી જ હોય છે. બની શકે કે, આનો ફાયદો શરૂઆતમાં તમને ન દેખાય પરંતુ,પોતાની ચાલવાની ગતિને થોડી વધુ ઝડપી બનાવીને એકવાર અમલમાં મૂકીને જુઓ, તમને તેનો ફાયદો અમુક મહિનાઓ પછી ચોક્કસ દેખાશે અને તમારામાં આત્મવિશ્વાસ પણ અનેક ગણો વધી ગયો હશે.

- કોઈપણ વ્યક્તિ(પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ) સાથે વાત કરતી વખતે હંમેશા આઈ-કોન્ટેક્ટ બનાવી રાખો. જો તમે કોઇ વ્યક્તિ સાથે વાતચીત કરતી વખતે બરાબર આઈ-કોન્ટેક્ટ નથી બનાવી શકતા અથવા તેનાથી નજર ફેરવ્યા જ કરશો તો સામેવાળી વ્યક્તિ એવું માની લેશે કે, તમારામાં આત્મવિશ્વાસનો અભાવ છે. જે તમારા માટે વહેલું કે મોડું નુકશાનકારક સાબિત થશે કારણ કે, કોઈપણ આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિ હંમેશા કોઈપણ વ્યક્તિની સાથે વાતચીત કરતી વખતે બહુ સારી રીતે આઈ -કોન્ટેક્ટ બનાવી રાખે છે. અહિં, કહેવાનો અર્થ એ નથી કે, તમારે કોઈપણ વ્યક્તિની સાથે વાતચીત કરતી વખતે વાતચીતના પુરા સમયગાળા દરમિયાન સો એ સો ટકા સામેવાળી વ્યક્તિની આંખોમાં જ જોયા કરવું પરંતુ, વચ્ચે વચ્ચે તે વ્યક્તિના મોં, તેમના હાવભાવને પણ જોવા. ટૂંકમાં, કુલ વાતચીતના 80 ટકા થી 85 ટકા જેટલો સમય તો આઈ-કોન્ટેક્ટ બનાવી જ રાખવો જેથી, કરીને તમને કોઈપણ વ્યક્તિ સાથે ક્યારેય પણ વાતચીત કરવામાં સંકોચ ન થાય અને તમારા આત્મવિશ્વાસનાં લેવલને તમે ઊંચું લઇ જઇ શકો. ખાસ કરીને, નવી કંપનીમાં અથવા નવી નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા માટે જતી વ્યક્તિને પોતાનો આત્મવિશ્વાસ વધારવા માટે આ યુક્તિ બહુ જ કામ લાગશે.

- કોઈપણ વ્યક્તિ અત્યારે જે કોઈપણ લેવલ પર, જે કંઈ પણ કામ કરી રહી હોય તેમાં તેણે પોતાની વિચારવાની અને કામ કરવાની ક્ષમતાઓને કયારેય મર્યાદિત કરીને ન રાખવી. તમે અત્યારે તમારી દુકાનમાં ઓફિસમાં, ફેક્ટરીમાં કે કંપનીમાં જે કોઈપણ લેવલ પર, કોઈપણ પ્રકારનું કામ કરી રહ્યા હોવ તે કામની પ્રોડકટીવિટી અને ગુણવત્તા ગઈકાલની સરખામણીમાં ઓછામાં ઓછી બે સ્ટેપ કે તેના કરતાં વધારીને આપો જેથી, કરીને તમે આવતીકાલે, તમે આજે કરેલા કામ કરતાં હજી વધારે બે સ્ટેપ, વધુ સારું કરીને આપી શકો અને તમારામાં તે કામ કરવાની અન્ય કર્મચારીની સરખામણીમાં વધારે નિપુણતા આવતી જાય.અમુક સમય પછી તમે પોતે જ અનુભવી શકશો કે, બાકીના સહકર્મચારીઓ કરતા તમારામાં કામ કરવાની ઘણી વધુ નિપુણતા આવી ગઈ છે અને તે પણ દરરોજના અન્ય કર્મચારીઓ કરતાં ફક્ત બે સ્ટેપ આગળ રહીને. નિયમિતપણે આવું કરતા રહેવાથી તમારામાં કામ કરવાની નિપુણતા તો આવી જ જશે તેની સાથે સાથે તમારો આત્મવિશ્વાસ પણ અનેક ગણો વધી ગયો હશે. જે આત્મવિશ્વાસની મદદથી તમે તમારા અન્ય બીજા કામો પણ ખૂબ સારી રીતે કરી શકશો. જીવનનાં કોઈપણ ક્ષેત્રમાં ખૂબ જ ઝડપથી આત્મવિશ્વાસ વધારવા માટેની આ એક બ્રહ્માસ્ત્ર સમાન સૌથી શક્તિશાળી ટેકનિક છે. સૌથી નવાઈની

વાત એ છે કે, આ એકદમ સરળ હોવાથી દુનિયાનાં બહુ જ ઓછાં લોકો આ ટેકનિકને જાણે છે. કારણ કે, દુનિયાનાં મોટાભાગનાં લોકો એવું માને છે કે, જે અઘરું હોય તે જ સારું હોય છે, પણ ખરેખર તેવું નથી હોતું. ઘણીવાર અને આમ તો મોટેભાગે " સરળ એ જ શ્રેષ્ઠ " હોય છે.

~ આત્મચિંતન

-શું હાલમાં તમારામાં કોઈપણ કાર્ય કરવા માટે આત્મવિશ્વાસની ઊણપ તો નથી ને ?
-શું હાલમાં તમે કોઈના દ્વારા કહેવાયેલા અઘરાં અને અશક્ય કામોને હજી પણ સાચે જ અઘરાં અને અશક્ય કામ માનો છો ?
-શું તમારાં આત્મવિશ્વાસને તોડવા માટે અન્ય કોઈ વ્યક્તિ નકારાત્મક વિચારો દ્વારા તમારાં મગજને નેગેટિવ બ્રેઈનવોશ તો નથી કરી રહ્યું ને?
-શું તમારા રોજિંદા જીવનમાં કરવા પડતા નાનામાં નાના કામથી લઈને મોટામાં મોટા કામો કરવા માટે તમારી પાસે જે આત્મવિશ્વાસ, કામનું પ્લાનિંગ, મૌલિકતા, કોઠાસૂઝ, ટેકનિક કે આવડત છે, તેમાં ઉત્તરોત્તર, દિન-પ્રતિદિન વધારો કરો છો કે નહિ ?
- શું તમારી પાસે આત્મવિશ્વાસથી ભરપૂર, કુશળ, ઉત્સાહી અને અનુભવી માણસોની સારી ટીમ છે કે નહિ, જે તમને અને તમારી કંપનીને મંદી અને મુશ્કેલીના સમયમાં પણ સારો એવો ફાયદો કરાવી શકે?
-શું તમે ક્યારેય પણ અગાઉના બે, ત્રણ, ચાર કે છ મહિના પહેલા તમારા આત્મવિશ્વાસનું લેવલ કેટલું હતું અને અત્યારે હાલમાં કેટલું છે, વધ્યું છે કે નહિ, તેની ક્યારેય ત્રિ-માસિક, છ-માસિક કે વાર્ષિક સરખામણી કરી છે કે નહિ ?
-શું તમે જયારે કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરો છો ત્યારે તમે તેની આંખોથી નજર હટાવી લો છો કે સારો એવો આઈ-કોન્ટેક્ટ બનાવી રાખો છો ?
-શું તમારી ચાલવાની ગતિ એક આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિની જેમ ટટ્ટાર અને થોડી ઝડપી છે કે આત્મવિશ્વાસના અભાવમાં ફક્ત કહેવા માટે જીવતી વ્યક્તિની જેમ શિથિલ અને મંદ ?

-શું તમારી કામ કરવાની પદ્ધતિ અન્ય કર્મચારીઓની સરખામણીમાં ગુણવત્તા અને પ્રોડકટીવીટીમાં બે -સ્ટેપ કે તેના કરતા વધુ ફાયદો કરાવી આપે તેવી છે કે

પ્રકરણ ૫ : તમારી ક્ષમતાઓને ઓળખો અને તેને વિકસાવો

ક્ષમતા એટલે શું? આ પ્રશ્નનો એકદમ સરળ જવાબ આપવામાં આવે તો, એમ કહી શકાય કે, કોઈપણ વ્યક્તિ કે મશીનનું મહત્તમ મહેનત દ્વારા, મહત્તમ તાકાત દ્વારા અમુક નિશ્ચિત મર્યાદિત સમયમાં કરેલા કામનું માપ અથવા તે વ્યક્તિ કે મશીન ભવિષ્યમાં તમને જે કામ કરીને આપશે તે કામનું માપ. મશીનની તો ઘણી બધી મર્યાદા હોય છે જેમ કે, તે અમુક સમયમાં,અમુક વાતાવરણમાં, અમુક નિશ્ચિત માત્રામાં જ તમને કામ કરીને આપે છે. તે આપણે બધા સારી રીતે જાણીએ જ છીએ. ઇલેક્ટ્રિક ઉપકરણો જેવા કે, મિક્ક્ષર, ગ્રાઈન્ડર, વોશિંગ મશીન, ફ્રીજ, બેટરી, પેન ડ્રાઈવ, હાર્ડ ડિસ્ક, ઇલેક્ટ્રિક વજન કાંટો, બલ્બ, પંખો, એ.સી., વજનનું વાહન કરતી લિફ્ટ... વગેરે જેવા તમામ મશીનો ઉપર તેમની કાર્ય કરી શકવાની ક્ષમતાને આધારે તેમની એક નિશ્ચિત કેપેસિટી (ક્ષમતા) લખેલી હોય છે, તેની ઉપર એક નિશ્ચિત કેપેસિટીનું લેબલ લાગેલું હોય છે. જ્યારે મનુષ્ય ઉપર કોઈ પણ પ્રકારની કેપેસિટીનું લેબલ લાગેલું હોતું નથી. ખુદ મનુષ્ય જ પોતાનાં બંધિયાર વિચારો વડે પોતાની ક્ષમતાઓ ઉપર કેપેસિટીનું સાચું કે ખોટું લેબલ લગાવતો હોય છે.સમસ્યા ત્યારે સર્જાય છે જયારે માનવી પોતાની ઉપર કોઈપણ પ્રકારની, એક અથવા એક કરતા વધારે મર્યાદા પોતાની

ઉપર જાણ્યે-અજાણ્યે બાંધી લે છે અથવા કોઈ માણસને કોઈના દ્વારા નેગેટિવ બ્રેઇનવૉશ કરીને બંધાવવામાં આવે છે. ઘણાં બધા ભોળા લોકોને તો એ પણ ખબર નથી પડતી કે, તેમનું ક્યારે નેગેટિવ બ્રેઇનવૉશ થઈ જાય છે. કારણ કે, આ નેગેટિવ બ્રેઇનવૉશ જાણ્યે-અજાણ્યે અથવા પ્રિ-પ્લાનિંગથી તેમના જ સગાસંબંધીઓ દ્વારા, મિત્રો દ્વારા, પડોશીઓ દ્વારા, મેનેજર દ્વારા, બૉસ દ્વારા, કોઈ ઉપરી અધિકારી દ્વારા, કોઈ સેલ્સમેન દ્વારા, કોઈ દુકાનદાર દ્વારા કરવામાં આવે છે જેથી કરીને, તેમને ફાયદો થાય, તમારે પોતાને ફાયદો ન પણ થાય અથવા બની શકે કે તમને ક્યારેક નુકશાન પણ જાય.આ નેગેટિવ બેઇનવૉશ ક્યારેક તમને અને તમારી ક્ષમતાઓને મર્યાદિત કરવા માટે, તમારી ક્ષમતાઓને બાંધવા માટે અથવા આજીવન કે ખૂબ લાંબા સમય સુધી બીજા માટે કામ કરાવવા માટે પણ અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે.જેથી કરીને, તમે તમારી વર્તમાન જિંદગી જે પણ પ્રકારની જીવતા હો તેમ જ જીવ્યા રાખો અને ભવિષ્યમાં તમે ક્યારેય પણ તમારી કરતા ઘણી સારી બહેતર જિંદગી જીવતા લોકો સુધી ક્યારેય ન પહોંચી શકો અથવા તેનાથી આગળ ન નીકળી શકો.

તમને અને તમારી ક્ષમતાઓને મર્યાદામાં રાખવા માટે, તમારી પ્રગતિને મર્યાદામાં

રાખવા માટે, તમારી અને તમારા પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિને મર્યાદામાં રાખવા માટે જે કારણ જવાબદાર છે તે છે નેગેટિવ બ્રેઇનવૉશ. નેગેટિવ બ્રેનવૉશ એટલે તમને તમારા ધ્યેયથી ભટકાવવા માટે, તમને શારીરિક કે માનસિક રીતે નુકશાન થાય, તમને સામાજિક, રાષ્ટ્રિય, આર્થિક માનવીય રીતે નુકશાન થાય, તમારી ક્ષમતાઓને મર્યાદામાં બાંધવા માટે, તમારી પ્રગતિને અવરોધવા માટે ટૂંકમાં, તમને જાણ્યે -અજાણ્યે નુકશાન પહોંચાડવા માટે કોઈ વ્યક્તિનાં નકારાત્મક વિચારો દ્વારા, કોઈ નકારાત્મક ટેલિવિઝન પ્રોગ્રામ દ્વારા, કોઈ ઘટનાઓ દ્વારા, કોઈ નકારાત્મક ઓડિયો દ્વારા, કોઈ નકારાત્મક વિડિયો દ્વારા તમારા માટે જે નુકશાન કારક હોય એવી તમને જણાવવામાં આવતી નકારાત્મક માહિતી.

નકારાત્મક(નેગેટિવ) બ્રેન વૉશ ને એક સરળ ઉદાહરણથી સરળતાથી સમજવાનો પ્રયાસ કરીએ.

9

અહિં, અંગ્રેજી ભાષનો ગણિતનો અંક Nine(નાઈન) એટલે કે, નવ લખેલા છે. પરંતુ, જે વ્યક્તિ તમને કોઈપણ રીતે, કોઈ પણ ઈરાદાથી નુકશાન પહોંચાડવા માગતી હશે, તમારું નકારાત્મક (નેગેટિવ) બ્રેન વૉશ કરવા માગતી હશે તે વ્યક્તિ તમને આ Nine એટલે કે નવ ના અંક ને તમારી સામે અલગ અલગ એંગલથી એવી રીતે રજૂ કરશે કે જેથી કરીને, તે વ્યક્તિને ફાયદો થાય. બની શકે કે, કદાચ તમને ફાયદો ન થાય અથવા નહિવત એવો જ ફાયદો થાય અથવા તો તમને ટૂંક સમય પછી કે લાંબે ગાળે નુકશાન પણ જાય.

જેમ કે, (1) તમારું નકારાત્મક (નેગેટિવ)બ્રેન વૉશ કરવાવાળી વ્યક્તિ તમને એમ પણ કહી શકે કે, તે નાઈન(નવ) નથી લખ્યા પરંતુ, સિક્સ(છ) લખ્યા છે.

(2)તમારું નકારાત્મક (નેગેટિવ)બ્રેન વૉશ કરવા વાળી વ્યક્તિ તમને એમ પણ કહી શકે કે, તે નાઈન (નવ) નથી લખ્યા પરંતુ, તે અંગ્રેજી ભાષાની બીજી એબીસીડી નો મૂળાક્ષર જી(g) લખ્યો છે.

(3) તમારું નકારાત્મક (નેગેટિવ)બ્રેન વૉશ કરવા વાળી વ્યક્તિ તમને એમ પણ કહી શકે કે, તે નાઈન(નવ) નથી લખ્યા પરંતુ, તે ગુજરાતી ભાષાનો અંક સાત(૭) લખ્યો હોય એવું લાગે છે, એટલે તે સાત(૭) જ લખેલો હોવો જોઈએ.વગેરે વગેરે.

ટૂંકમાં, અહિં કહેવાનો અર્થ એટલો જ છે કે, જે વ્યક્તિ તમારું નકારાત્મક(નેગેટિવ) બ્રેન વૉશ કરવા માંગે છે તે વ્યક્તિ કોઈ ઘટના, કોઈ વ્યક્તિ, કોઈ ચીજ વસ્તુ, કોઈ પૈસા, કોઈ આયોજન કે કોઈ સ્કીમને તમારી સમક્ષ 360 ડિગ્રી માંથી અલગ અલગ એટલા બધા એંગલથી રજૂ કરશે કે, જેનાથી ખરેખર તેમને ફાયદો થાય અને બની શકે કે તમને કોઈ ફાયદો ન થાય અથવા તો ટૂંકા ગાળે કે લાંબા ગાળે તમને નુકશાન જાય.

જ્યાં સુધી જિંદગી છે ત્યાં સુધી ડગલે ને પગલે, ચોવીસે કલાક અને સાત દિવસ, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કોઈપણ વ્યક્તિનું બ્રેઈનવોશ તો થવાનું જ અને થાય જ છે પણ, નક્કી તમારે કરવાનું છે કે, તમારા માટે સકારાત્મક બ્રેઈનવોશ કયું છે અને નકારાત્મક બ્રેઈનવોશ કયું છે? નક્કી તમારે જ કરવાનું છે કે, કઈ વ્યક્તિ, કયું પુસ્તક, કઈ ઓડિયો-બુક, કયો ઓડિયો, કયો વિડિયો, કઈ માહિતી તમારા માટે સકારાત્મક છે અને તેવી જ રીતે તમારા માટે કઈ વ્યક્તિ, કયો ઓડિયો, કયો વિડિયો, કઈ માહિતી નકારાત્મક છે ?

નક્કી તમારે જ કરવાનું છે કે,

- કયું પુસ્તક વાંચવાથી તમારા જીવનમાં વધુ સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવશે, વધુ પ્રગતિ થશે?

- કઈ વ્યક્તિની મદદથી તમે તમારા ધ્યેય સુધી ઝડપથી અને સારી રીતે પહોંચી શકશો, તે જ પ્રમાણે કઈ વ્યક્તિ તમને તમારા ધ્યેય સુધી પહોંચવામાં અવરોધરૂપ બને છે ?

- કઈ વ્યક્તિની મદદથી તમે તમારી વર્તમાન જિંદગીમાં વધારે ખુશીઓ લાવી શકો છો, તે જ પ્રમાણે કઈ વ્યક્તિ તમારી વર્તમાન જિંદગીને વધુ સુખી બનાવવામાં તમને અવરોધરૂપ છે અથવા કઈ વ્યક્તિને કારણે તમારી વર્તમાન જિંદગી દુઃખી છે ?

- કઈ વ્યક્તિ કે વસ્તુ તમારી પ્રગતિને રોકેટ ગતિએ આગળ વધવામાં મદદ કરશે, તે જ રીતે કઈ વ્યક્તિ કે વસ્તુ તમારી પ્રગતિમાં અવરોધરૂપ બને છે ?

-કયું પુસ્તક, કઈ ઓડિયો બુક, કયો વિડિયો, કઈ વ્યક્તિ તમને તમારા જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપીને તમને આત્મબળ પૂરું પાડે છે, તે જ રીતે કઈ વ્યક્તિ, કઈ જૂની, ખોટી અને નકામી ગેરમાન્યતા તમને જીવનમાં આગળ વધતા અટકાવે છે અથવા તમને જીવનમાં આગળ વધવામાં અવરોધરૂપ બને છે?

- કયું પુસ્તક, કઈ ઓડિયો બુક , કયો વિડિયો, કઈ વ્યક્તિની મદદથી તમે તમારી ક્ષમતાઓને અસીમ વિકસાવી શકો છો, તે જ રીતે કઈ વ્યક્તિ, કઈ જૂની, ખોટી અને નકામી ગેરમાન્યતાએ તમારી ક્ષમતાઓને સીમિત કરી રાખી છે, બાંધી રાખી છે?

આ બધા પ્રશ્નો પર શાંતિથી, આરામથી, આંખો બંધ કરીને શાંત મનથી વિચાર કરશો તો જવાબ તમને તમારી અંદરથી જ આપોઆપ આવવા લાગશે અને જે જવાબ આવશે તે જવાબ જાણીને તમે આશ્ચર્યચકિત થઇ જશો ! અને આ સમય સાચે જ તમારી જિંદગીનો એક મહત્વનો " ટર્નિંગ-પોઇન્ટ " સાબિત થશે.

ટૂંકમાં, સકારાત્મક અને સર્જનાત્મક માહિતી દ્વારા એટલે કે, સકારાત્મક બ્રેઈનવોશ દ્વારા કોઈપણ વ્યક્તિ તેના જીવનમાં અપાર સુખ, શાંતિ, સમૃદ્ધિ, તંદુરસ્તી અને પ્રગતિ મેળવી શકે છે. જયારે નકારાત્મક માહિતી દ્વારા એટલે કે નકારાત્મક (નેગેટિવ) બ્રેઈનવોશ કોઈપણ વ્યક્તિની જિંદગીમાં આવતી સુખ,શાંતિ ,સમૃદ્ધિ ,તંદુરસ્તી અને પ્રગતિને અટકાવે છે અથવા તો મર્યાદિત રાખે છે.

દરેક વ્યક્તિએ પોતાની શારીરિક અને માનસિક કામ કરવાની ક્ષમતામાં દિવસે દિવસે, પોતાનાથી શક્ય હોય તેટલો બે સ્ટેપ, ત્રણ સ્ટેપ, ચાર સ્ટેપ કે તેનાથી વધારે સ્ટેપ

વધારો કરતા રહેવું જોઈએ. જેથી કરીને, તમે આગળ જતા ભવિષ્યમાં કોઈપણ ક્ષેત્રમાં પોતાની ક્ષમતાઓને વધારીને ખૂબ સારી એવી પ્રગતિ કરી શકો. તમારી સાથે કામ કરતા બીજા કર્મચારીઓ કદાચ ભલે પોતાના કામકાજના સમયમાં અમુક નિશ્ચિત માત્રામાં જ કામ કરીને આપે પરંતુ, તમારે તેનાથી આગળ વધીને થોડું વધુ સારી ગુણવત્તાનું અને પ્રોડકટીવિટીમાં થોડું વધારે કરીને આપવું જોઈએ અને આગળ ભવિષ્યમાં જતા એક દિવસ એવો આવશે કે, તમારી કામ કરવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ તમારી સાથેના સહકર્મચારીઓ કરતા અનેક ગણ વધી ગયા હશે અને તમારો પગાર અને/અથવા તમારી પોસ્ટ પણ તેઓની સરખામણીમાં ઘણાં ઊંચા હશે. આના માટે જરૂર છે આજથી જ બીજા સહકર્મચારીઓ કરતા, હરીફ કંપની કરતા તમારા કામની ગુણવત્તા અને પ્રોડકટીવિટીમાં ઓછામાં ઓછું બે સ્ટેપ કે તેના કરતા વધારે આગળ રહેવાની. જો તમે સમય આગળ વધવાની સાથે સાથે,પોતાના કામ કરવાની ક્ષમતામાં વધારો નથી કરતા, પોતાના કામ કરવાની ટેક્નિકમાં નવા અને સારા પરિવર્તન નથી લાવતા તો, ભવિષ્યમાં એક દિવસ એવો આવશે કે, તમે કંપનીમાં જયારે દાખલ થયા હશો ત્યારની, અને તેના પાંચ કે છ વર્ષ પછી પણ અને કદાચ જો થઈ હશે તો તે એકદમ સામાન્ય, સાધારણ કહી શકાય તેવી જ થઈ હશે અને આના માટે જવાબદાર ફક્ત અને ફક્ત તમે પોતે જ હોવાના, બીજું કોઈપણ નહિ. ઈતિહાસમાં નજર ફેરવશો તો તમને એવા ઘણા બધા દાખલા જોવા મળશે કે, એક સમયે આખી દુનિયામાં ધૂમ મચાવતી મલ્ટીનેશનલ કંપનીઓ કે જે બદલાતા સમયની સાથે પોતાની ક્ષમતાઓમાં ફેરફાર ન કરવાને કારણે અથવા ન કરી શકવાને કારણે, ગ્રાહકોની માંગ પ્રમાણે પોતાનામાં પરિવર્તન ન કરવાને કારણે, આવી ઘણી બધી કંપનીઓનું આજે અસ્તિત્વ જ રહ્યું નહિ હોય અથવા આવી કંપનીઓને દુનિયાની બીજી કોઈ કંપનીએ ખરીદી લીધી હશે. તો બની શકે છે કે, એક કર્મચારી તરીકે તમે તમારામાં બદલાતા સમયની સાથે પોતાના કામ કરવાની ક્ષમતામાં સારું પરિવર્તન નથી લાવતા તો, ભવિષ્યમાં તમારી નોકરી પણ ખતરામાં પડી શકે છે. જો તમે એક કંપની ચલાવતા હોવ તો એક માલિક તરીકે, એક CEO તરીકે તમે બદલાતા સમયની સાથે ગ્રાહકોની માંગને ન ઓળખી શકવાને કારણે, પોતાના પ્લાન્ટની કાર્ય ક્ષમતામાં નવી અને સારી ટેક્નોલોજી મુજબ પરિવર્તન ન કરવાને કારણે તમારી કંપનીનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાઈ શકે છે.

હાથીનું બચ્ચું નાનું હોય છે ત્યારથી જ તેનો માલિક તેને એકદમ નાના અને પાતળાં દોરડા વડે બાંધે છે. આ દોરડું હાથીના બચ્ચાનાં પગમાં બાંધવામાં આવે છે. ધીમે ધીમે સમય આગળ વધવાની સાથે સાથે હાથીનું બચ્ચું મોટું થતું જાય છે અને એક દિવસ, એક સમયનું હાથીનું બચ્ચું એક કદાવર હાથી બની જાય છે અને તે સમયે પણ તે કદાવર હાથીને બાંધવા માટે તેનો માલિક નાના અને પાતળાં દોરડાનો જ ઉપયોગ કરે છે. જે અત્યારે તેના માટે તોડવું એકદમ સામાન્ય વાત છે પણ, તેમ છતાં તે કદાવર હાથી તેને તોડી શકતો નથી, આવું કેમ? આમ હોવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, હાથીનું બચ્ચું જયારે નાનું હોય છે, તે સમયે તેનો માલિક એ વાત બરાબર જાણે છે કે, આ સમયે હાથીનું બચ્ચું નાના અને પાતળાં દોરડાને તોડવા માટે સક્ષમ નથી, એટલે તેનો માલિક તેને નાના અને પાતળાં દોરડા વડે જ બાંધે છે. તે સમયે હાથીનું બચ્ચું તે દોરડાથી છૂટવા માટે, તે દોરડાને તોડવા માટે ઘણા બધા પ્રયત્નો કરે છે પણ, તે તોડી શકતું નથી. કારણ કે, તે સમયે તેની પાસે તે દોરડાને તોડવા માટેનું પૂરતું બળ હોતું નથી, તાકાત હોતી નથી, ક્ષમતા હોતી નથી. દોરડું તોડવા માટે ઘણી બધી મહેનત કરવા છતાં, ઘણા બધા પ્રયત્નો કરવા છતાં તે સમયે દોરડું ન તૂટવાને કારણે તે સમયે હાથીના

બચ્ચાંના મગજમાં એવી ગેરમાન્યતા બંધાઈ જાય છે કે, તે દોરડું તોડવા માટે તે સક્ષમ નથી, તે હવે ક્યારેય પણ તોડી શકશે નહિ અને અમુક સમય પછી તે હાથીનું બચ્ચું તે દોરડાંને તોડવા માટે પ્રયત્નો કરવાનું જ છોડી દે છે અને હાથીનું બચ્ચું જયારે એક કદાવર હાથી બની જાય છે ત્યારે પણ પેલા નાના અને પાતળાં દોરડાને તોડવા માટે પ્રયત્નો જ કરતું નથી. પરિણામે તે દોરડાને તોડી શકતું નથી, આનું સાચું કારણ શું ?

હાથીનું બચ્ચું જયારે નાનું હોય છે ત્યારે તે બચ્ચામાં પોતાના પગને બાંધેલા પેલા નાના અને પાતળાં દોરડાને તોડવા માટે એટલી તાકાત નથી હોતી કે, તે તેને તોડી શકે. આ સમજી શકાય તેવી વાત છે પરંતુ, જયારે હાથીનું બચ્ચું મોટું થઈને એક કદાવર હાથી બની જાય છે ત્યારે તેનામાં એટલી તાકાત તો હોય છે કે, તે પેલા નાના અને પાતળા એક દોરડાને તો શું પણ તેની કરતા મોટા અને જાડાં ઘણાં બધા દોરડાને પણ તોડી શકે. પણ, કદાવર હાથીને તે સમયે પોતાની સાચી ક્ષમતાઓની જાણ નથી હોતી અને પોતાની સાચી ક્ષણતાઓની જાણ ન હોવાને કારણે તે કદાવર હાથી તે પાતળાં દોરડાને તોડી શકતો નથી.

આ કિસ્સાનું નિષ્પક્ષ અને તટસ્થતાથી વિશ્લેષણ કરવામાં આવે તો જાણવા મળશે કે, કદાવર હાથી ભૂતકાળમાં જયારે નાનું બચ્ચું હતું ત્યારે તેણે તે દોરડાને તોડવા માટે ઘણા બધા પ્રયત્નો કર્યા હતા અને પ્રયત્નો ચાલુ પણ રાખ્યા હતા પણ, તે સમયે તે દોરડું તેનાથી ન હતું અને તેણે એમ માની લીધું કે, તે દોરડું હવે ક્યારેય તેનાથી ક્યારેય તૂટશે જ નહિ. પરંતુ, અહિં સમજવા જેવી વાત એ છે કે, કોઈ એક સમયની વાસ્તવિકતા ક્યારેય કાયમ માટે એકસરખી નથી હોતી. હાથીનું બચ્ચું જયારે નાનું હતું અને પેલા દોરડાને તોડવા માટે તે સમયે તેનામાં પૂરતી ક્ષમતા ન હોવાને કારણે સક્ષમ ન હતું. તે ભૂતકાળના સમયની વાસ્તવિકતા છે પરંતુ, અમુક સમય પછી, જયારે હાથીનું બચ્ચું મોટું થઈને એક કદાવર હાથી બની જાય છે ત્યારે તેની તાકાતમાં ઘણો બધો વધારો થઈ જાય છે અને તેની ક્ષમતામાં પણ અનેક ગણો વધારો થઈ જાય છે. પોતાની ક્ષમતામાં અનેક ગણો વધારો થવા છતાં પણ, માત્ર પોતાને પોતાની હાલની, વર્તમાન સમયની ક્ષમતાઓની પૂરતી જાણકારી ન હોવાને કારણે ભૂતકાળના અગાઉના કાર્યો તે વર્તમાનમાં કરવા માટે સક્ષમ હોવા છતાં પણ ન કરી શકે, તે સૌથી ખરાબ અને કમનસીબ વાત કહેવાય. કારણ કે, જો કોઈ વ્યક્તિ મોટા કદાવર હાથી પાસે જઈને તેના કાનમાં કહે કે , "હાથી, તું હવે પેલા જેવું નાનું બચ્ચું નથી રહ્યો, અત્યારે, તું વર્તમાનમાં એક મોટો કદાવર હાથી બની ગયો છે અને તારી ક્ષમતા, તારી તાકાત પહેલા કરતા અનેક ગણી વધી ગઈ છે. અત્યારે તારામાં એટલું બધું બળ છે, એટલી બધી તાકાત છે કે, જો તું, ધારે તો આવા એક શું, એક સાથે દસ-દસ દોરડા તું તોડી શકે છો, એક સાથે દસ-દસ દોરડા તોડવા માટે તું સક્ષમ છો. " આવું સાંભળ્યા બાદ કદાવર હાથી ગણતરીની સેકન્ડમાં જ તે દોરડાને તોડી નાખશે કારણ કે, હવે હાથીને પોતાની સાચી ક્ષમતા, તાકાતની જાણ થઈ ગઈ છે. જે અગાઉ કોઈ કારણસર ન હતી. આવું હાથીની જેમ ઘણીવાર ઘણાં માણસો સાથે બનતું હોય છે. કોઈ વ્યક્તિને પોતાની ક્ષમતાઓની સાચી અને પુરેપુરી જાણકારી ન હોવી એ માનવ સમાજની એક મોટી દુઃખદાયક કરુણતા કહેવાય. કારણ કે, કોઈ એક વ્યક્તિને પોતાની કાર્ય ક્ષમતાની સાચી અને પુરેપુરી જાણકારી ન હોવાને કારણે તે વ્યક્તિ પોતાને અને પોતાના પરિવારને એક વધારે સુખી, વધારે સમૃદ્ધ, વધારે શાંતિપૂર્ણ, વધારે પ્રગતિદાયક જીવન આપવાનું ચૂકી જાય છે. જે વિશાળ દ્રષ્ટિથી જોઈએ તો તેને કારણે તે વ્યક્તિ પોતાની, પોતાના પરિવારની, પોતાના સમાજની અને

પોતાના રાષ્ટ્રની પ્રગતિ કરવાનું ચૂકી જાય છે.

અહિં કહેવાનો મુખ્ય ભાવાર્થ એ છે કે, તમે ભૂતકાળમાં કોઈ કાર્ય કરવા માટે સાહસ કર્યું હોય અને તે કાર્યમાં કરવામાં તમને તે સમયે સફળતા ન મળી હોય તો તમારે ક્યારેય એમ ન માની લેવું કે, ભવિષ્યમાં ક્યારેય તમે તે કાર્ય કરવામાં સફળ નહિ થઇ શકો. બની શકે કે, ભૂતકાળમાં તે કાર્ય કરવા માટે તમારી પાસે પુરતી માહિતી ન હોય, પૂરતી ક્ષમતા ન હોય, પૂરતું કૌશલ્ય ન હોય, કુશળ અને અનુભવી ટીમ ન હોય અને બીજા ઘણા બધા કારણોને લીધે તમને તે કાર્યમાં સફળતા ન મળી હોય.તેને ફક્ત અને ફક્ત ભૂતકાળના સમયની વાસ્તવિકતા કહેવાય. પરંતુ,હવે જિંદગીનાં અમુક મહિનાઓ પછી કે અમુક વર્ષો પછી,

-વર્તમાનમાં તમારી કાર્ય કરવાની ક્ષમતામાં ભૂતકાળની સરખામણીમાં ઘણો સારો વધારો થયો છે.

-વર્તમાનમાં તમારી સાહસવૃત્તિમાં ભૂતકાળની સરખામણીમાં ઘણો બધો વધારો થયો છે.

-વર્તમાનમાં તમારી પાસે કોઈ ક્ષેત્રની ખૂબ જ સાચી, સારી જાણકારી, માહિતી અને જ્ઞાન છે, જે ભૂતકાળમાં ન હતું અથવા તો બિલકુલ ઓછું હતું.

-વર્તમાનમાં તમે કોઈ કાર્ય કરવામાં ખૂબ સારી એવી નિપુણતા મેળવી છે. જે નિપુણતા ભૂતકાળમાં તમારી પાસે ન હતી અથવા ઓછી હતી.

-વર્તમાનમાં તમારી પાસે કોઈ મોટા કાર્યને કરવા માટે કૂશળ, અનુભવી, કોઠાસૂઝવાળી અને સાહસિક ટીમ છે. જે ભૂતકાળમાં ન હતી.

દુનિયામાં મોટાભાગનાં લોકો પોતાના જીવનમાં સામાજિક, આર્થિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ નથી કરી શકતા તેનું કારણ એ નથી કે, તેમની પાસે ક્ષમતા નથી. પરંતુ, એટલા માટે નથી કરી શકતા કે, તેઓની પાસે પૂરતી ક્ષમતા હોવા છતાં પણ,તે ક્ષમતાઓની તેમને જાણકારી જ નથી હોતી અને જાણકારીને અભાવે તેઓ કોઈ નવું કાર્ય કરતા નથી અને તેઓ સામાજિક, આર્થિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરવાનું ચુકી જાય છે.

અમુક સમય પહેલા એવું કહેવામાં આવતું હતું કે, દુનિયાનો દરેક વ્યક્તિ પોતપોતાની પાસે રહેલી માહિતી અનુસાર કંઈ પણ મેળવે છે અને તેને આધારે જ પોતાના જીવનમાં સામાજિક, આર્થિક, આધ્યાત્મિક કે કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ કરે છે. પરંતુ, આ વાત પૂર્ણ સત્ય નથી. દુનિયાનો જે કોઈ પણ વ્યક્તિ માહિતી અને પોતાની ક્ષમતાઓને જાણે છે અને તે પ્રમાણે કાર્ય છે તે વ્યક્તિ સામાજિક, આર્થિક, આધ્યાત્મિક કે કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ કરે છે.

ક્રિકેટના કોઈ એક બેટ્સમેનને પોતાની ક્ષમતાઓ પર વિશ્વાસ ન હોય તો તે બેટ્સમેન પ્રથમ ક્રમે, ઓપનિંગમાં બેટિંગ કરવા આવે અને પૂરી 50 ઓવર રમવા છતાં પણ 100 રન બનાવી શકશે નહિ, પરંતુ જો કોઈ બેટ્સમેનને પોતાની ક્ષમતાઓ પર અને પોતાની જાત પર પૂરો વિશ્વાસ હોય અને તે બેટ્સમેન ભલે 5, 6 કે 7 માં સ્થાને બેટિંગ કરવા આવે અને ફક્ત 15 ઓવર બાકી હોવા છતાં પણ 100 રન બનાવશે. કોઈ કર્મચારીને પોતાની ક્ષમતાઓની

જાણકારી ન હોવાથી તે દર મહિને સામાન્ય પગારની નોકરી કરશે. જયારે કોઈ કર્મચારીને પોતાની ક્ષમતાઓની જાણકારી અને પોતાની જાત પર પૂર્ણ વિશ્વાસ હશે તો તે કર્મચારી દર મહિને સામાન્ય કરતા ઘણો ઊંચો પગાર મેળવશે. આ એકદમ સત્ય હકીકત છે.

થોડાં જ વર્ષો પહેલાની વાત છે. આ વાત મારા બે મિત્રોની છે. બંને મિત્રો એક જ ક્ષેત્રમાં નોકરી કરતા હતા. એક મિત્ર ઊંચી ગુણવત્તાનું કામ કરીને આપતો હતો અને સાથે સાથે તેની કામની પ્રોડકટીવીટી પણ ઘણી સારી હતી. તેનો દર મહિને પગાર N રૂપિયા હતો. (જયાં, N= ગમે તેટલા આંકડાની કોઈ પણ ધન સંખ્યા, તમે ધારો તે લખી શકો છો.) જયારે મારો બીજો મિત્ર જેની કામની ગુણવત્તા અને કામની પ્રોડકટીવીટી પહેલા મિત્ર કરતા થોડી ઉતરતી કક્ષાની હતી. પરંતુ, મારા બીજા મિત્રનો દર મહિને પગાર પહેલા મિત્ર કરતા c (જયાં, c=ગમે તેટલા આંકડાની કોઈ પણ ધન સંખ્યા, તમે ધારો તે લખી શકો છો.) રૂપિયા વધારે હતો. એટલે કે, મારા બીજા મિત્રનો દર મહિનાનો પગાર (N+c) રૂપિયા હતો.આ બંને મિત્રોની સાથે મારો ત્રીજો મિત્ર પણ હતો, જે ભૂતકાળમાં અમુક વર્ષો સુધી આ બે મિત્રો સાથે કામ કરી ચુક્યો હતો.તો મેં મારા ત્રીજા મિત્રને કહ્યું કે," તું તો આ બંને વ્યક્તિ સાથે કામ કરી ચુક્યો છે, તો જેની કામની ગુણવત્તા અને કામની પ્રોડકટીવીટી સારા છે તો તેનો પગાર શા માટે ઓછો છે? જયારે બીજાની કામ કરવાની ગુણવત્તા અને કામની પ્રોડકટીવીટી થોડી ઉતરતી કક્ષાની છે તો, તેનો પગાર શા માટે વધારે? આવું કેમ?"
તો તેણે જે જવાબ આપ્યો તે ખરેખર પ્રેરણાદાયક અને સાંભળવા જેવો હતો. તેણે કહ્યું "જે બીજો મિત્ર દર મહિને (N+c) રૂપિયાના પગારમાં નોકરી કરે છે તેને તેની ક્ષમતા પ્રમાણે બરાબર જ મળે છે. કારણ કે, તેને તેની ક્ષમતાની પુરેપુરી જાણકારી છે અને તેની ક્ષમતા પ્રમાણે તે દર મહિને (N+c)રૂપિયા મેળવી શકવાની લાયકાત ધરાવે છે. જયારે પહેલો મિત્ર જેની કામની ગુણવત્તા અને કામ કરવાની પ્રોડકટીવીટી ઘણા સારા છે તે મિત્રને પોતાની ખુદની ક્ષમતાઓ પર જ ભરોસો નથી, વિશ્વાસ નથી અને તે ડરમાં કામ કર્યા કરે છે કે તે બીજી કોઈ કંપનીમાં કામ કરી શકશે કે નહિ, બીજી કોઈ કંપનીમાં તેનું કામ ચાલશે કે નહિ અને તેવા ડરને કારણે જ પહેલો મિત્ર દર મહિને N રૂપિયામાં નોકરી કરે છે." આ વાત પરથી એ સાબિત થાય છે કે, કોઈ વ્યક્તિ પાસે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરવાની સારી ક્ષમતા હોય તે ઘણી સારી વાત કહેવાય, પરંતુ, તે પૂરતું નથી. ક્ષમતાની સાથે સાથે તેની પૂરી જાણકારી અને પોતાની જાતમાં પૂર્ણ આત્મવિશ્વાસ પણ હોવો જોઈએ. જેથી, કરીને કોઈપણ વ્યક્તિ જે તે ક્ષેત્રમાં સારામાં સારી અને વધારેમાં વધારે પ્રગતિ કરી શકે અને પોતાને અને પોતાના પરિવારને એક વધુ સુખી, સમૃદ્ધ, શાંતિપૂર્ણ અને બહેતર જીવન આપી શકે.

ક્ષમતા માટે સૌથી સારી વાત એ છે કે, કોઈપણ વ્યક્તિ પોતાની ક્ષમતામાં ધારે ત્યારે વધારો કરી શકે છે, પોતાને વધારે સક્ષમ બનાવી શકે છે. કોઈ પણ પ્રકારની ક્ષમતા પર કોઈનો પણ એકાધિકાર નથી. ક્ષમતા માટે સૌથી સારી વાત એ પણ છે કે, કોઈ પણ મનુષ્ય કોઈ કામ જેમ જેમ વધુ ને વધુ કરતો જાય છે તેમ તેમ કુદરતી રીતે જ તેની ક્ષમતા આપોઆપ વધતી પણ જાય છે. તમે કોઈ પણ નવું કામ હાથમાં લો, ભલે તે કામ તમે આગાઉ ક્યારેય ન કર્યું હોય, જેમ જેમ તમે તે કામ આગળ ને આગળ કરવાનું શરુ કરશો ત્યારબાદ, કુદરતી રીતે જ તમારી ક્ષમતા આપોઆપ વધતી જશે. તમે જ્યાં હોઉ ત્યાંથી કામ કરવાનું શરુ કરી દો, કુદરત તમારી ક્ષમતાઓને આપોઆપ વધારતી જશે. પોતાનામાં અને

કુદરતમાં પૂર્ણ વિશ્વાસ રાખીને કામ કરવાનું અત્યારથી જ શરુ કરી દો. વિશ્વાસ એ કુદરતની અદ્રશ્ય શક્તિઓ પૈકીની એક શક્તિ છે.તે દેખાતી નથી પરંતુ, તેના પરિણામો ખૂબ જ ચમત્કારિક હોય છે. અત્યારે કોઈ વ્યક્તિ કોઈ કાર્ય કરવામાં જોઈએ તેટલી સક્ષમ કદાચ ન પણ હોય પરંતુ, તે વ્યક્તિ રોજેરોજ તાલીમ દ્વારા, પ્રેકટીસ દ્વારા, યોગ્ય અને સાચી માહિતી દ્વારા, જ્ઞાન દ્વારા પોતાની ક્ષમતામાં વધારો કરી શકે છે.

- કોલેજમાં પોતાના ગૃપના વિધાર્થીઓ સાથે સંપર્કમાં રહેવા માટે નાનો પ્રોજેક્ટ શરુ કરનાર વ્યક્તિને એ ક્યાં ખબર હતી કે, તેની ક્ષમતા વિશ્વની સૌથી મોટી સોશિઅલ મીડિયા સાઈટ અને એપ્લિકેશન ધરાવનાર કંપનીનો માલિક બનવાની છે.

- નાની ઉંમરે પોતાના ગેરેજમાં ફક્ત પુસ્તકો વેચનાર છોકરાને એ ક્યાં ખબર હતી કે, તેની ક્ષમતા વિશ્વની સૌથી મોટી ઑન લાઈન A to Z તમામ પ્રકારની ચીજવસ્તુઓ વેચનાર કંપની બનાવવાની છે.

-માત્ર દસ વર્ષની ઉંમરથી જ ઘેર ઘેર સમાચાર પત્રો વહેંચીને તેમાંથી મેળવેલી આવકમાંથી નિયમિત રોકાણ કરનાર છોકરાને એ ક્યાં ખબર હતી કે, તેની ક્ષમતા શેરબજારમાં વિશ્વના સૌથી મોટા રોકાણકાર અને વિશ્વના સૌથી વધારે ધનિક ટોપ ટેન લોકોની યાદીમાં પોતાનું નામ નોંધાવવાની છે.

આ લોકો જેમ જેમ કામ કરતા ગયા, આગળ આગળ વધતા ગયા એમ એમ એમની ક્ષમતા કુદરતી રીતે જ આપમેળે વિકસતી ગઈ. આથી, સૌથી પાયાની શરત એ છે કે, અત્યારે તમે જ્યાં હોઉં ત્યાંથી કાર્ય કરવાનું ચાલુ કરી દો અને આની સાથે સાથે પોતાની જાતમાં અને કુદરતમાં પણ પૂર્ણ વિશ્વાસ રાખવાનો.એટલે,તમે એક ડગલું આગળ વધશો તો કુદરત તમને બીજા દસ ડગલાં આગળ કઈ રીતે વધવું તેનો રોડ મેપ બતાવવામાં મદદ કરશે. ફરી પાછાં તમે બીજું ડગલું આગળ વધશો એટલે કુદરત તમને બીજા નવા દસ ડગલાં કઈ રીતે આગળ વધવું તેનો નવો રોડમેપ બતાવવામાં પણ મદદ કરશે. આ રીતે આગળ વધવાની પ્રક્રિયા દિવસ-રાત, મહિનાઓ અને ઘણાં વર્ષો સુધી સતત ને સતત ચાલતી જ રહેશે અને તમે એક દિવસ એવા મુકામે પહોંચશો કે, જેની તમે ક્યારેય કલ્પના પણ નહિ કરી હોય !

આથી જરૂર છે, તમારે રોજેરોજ પ્રેક્ટિકલી કાર્ય કરતા રહેવાની,પોતાની ક્ષમતાઓને રોજેરોજ વધારતા જવાની અને એક દિવસ એવો આવશે કે તમને પરિણામ મળશે જ. બની શકે કે, તમને કોઇ એવોર્ડ ન પણ મળે, તમને કોઈ સુવર્ણ ચંદ્રક ન પણ મળે, તમને કોઈ સર્ટિફીકેટ ન પણ મળે. પરંતુ, પાંચ વર્ષ પહેલા તમારી જે ક્ષમતા હતી,તેના કરતા તમારી આજની ક્ષમતા તો ચોક્કસ વધી જ હશે. તેનો ફાયદો તમને ચોક્કસ મળવાનો જ.

-ક્ષમતાનો વિકાસ જ કોઈપણ વ્યક્તિને ઝીરો માંથી હીરો બનાવે છે.

-ક્ષમતાનો વિકાસ જ કોઈપણ ચોથા, પાંચમા કે છઠ્ઠા ક્રમે બેટિંગ કરવા આવતા ક્રિકેટના બેટ્સમેનને ઓપનિંગ બેટ્સમેન બનાવે છે.

-ક્ષમતાનો વિકાસ જ જે તે સમયની એક નાની અને નુકશાન કરતી કંપનીને ખૂબ નફો કરતી અને મોટા કદની(જાયન્ટ) કંપની બનાવે છે.

-ક્ષમતાનો વિકાસ જ કોઈ એક નાની દુકાન કે ગેરેજમાં શરુ થયેલી નાની દુકાનને વિશ્વની

મોટી મલ્ટીનેશનલ કંપની બનાવે છે.

- ક્ષમતાનો વિકાસ જ કોઈ એક સમયે સાઈકલ પર અમુક ચીજવસ્તુ વેચનાર ફેરિયાને મોટી કંપનીનો માલિક બનાવે છે.

-ક્ષમતાના વિકાસ ને લીધે જ કોઈ એક સમયે ફળ અને શાકભાજી બીજા દેશમાંથી આયાત કરનાર દેશ તે જ ફળ અને શાકભાજીની નિકાસ કરતો થઈ જાય છે.

સૌથી મહત્વની વાત એ છે કે, અહિં ક્ષમતાનો વિકાસ એટલે અહિં, માત્ર કોઈ એક વ્યક્તિના ક્ષમતાની વિકાસની વાત નથી પરંતુ, તેનાથી આગળ કોઈ એક ટીમની ક્ષમતાનો વિકાસ કરવો, કોઈ એક કંપનીની ક્ષમતાનો વિકાસ કરવો, કોઈ એક ગામ, શહેર, રાજ્ય કે દેશની કાર્ય ક્ષમતાનો વિકાસ કરવો તેવો વિસ્તૃત અર્થ છે. પણ, જયારે કોઈ એક વ્યક્તિ પોતાની કાર્ય ક્ષમતામાં વિકાસ કરવાની શરૂઆત કરશે ત્યાર પછી આપોઆપ જ કોઈ ટીમ, કોઈ કંપની, કોઈ ગામ, શહેર, રાજ્ય કે દેશની કાર્ય ક્ષમતા આપોઆપ જ વધવા લાગશે અને ત્યારે જ સાચા અર્થમાં કોઈ એક દેશ વધુ સુખ, વધુ શાંતિ, વધુ સમૃદ્ધિ અને વધુ પ્રગતિના માર્ગે વધુ ઝડપથી આગળ વધી શકશે.

કોઈપણ વ્યક્તિને પોતાની ક્ષમતાઓ ટૂંક સમયમાં અને ઝડપથી વધારવા માટેનું સૌથી સરળ, સૌથી વધારે ઉત્સાહવર્ધક, ક્ષમતામાં સૌથી વધારે વધારો કરવાવવાળું, જીવનમાં ડગલે ને પગલે ખૂબ જ ઉપયોગી, કરોડો લોકોના જીવનમાં પ્રગતિદાયક અને જીવન પરિવર્તક સુવાક્ય આ પ્રમાણે છે.આ સુવાક્ય આપણને આપણાં પ્રેમાળ પિતા ઈશ્વર કહી રહ્યા છે, તે યાદ રાખવું અને આ સુવાક્યનું દિવસમાં વધારેને વધારે, મનમાં કે મોટેથી અનુકૂળતા પ્રમાણે રટણ કરવું જોઈએ. આ પ્રેરણાદાયક, ઉત્સાહવર્ધક સુવાક્ય દ્વારા જગતના ઘણા બધા લોકોએ પોતાની ક્ષમતામાં,પોતાની કાર્ય ક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે અને પોતાના જીવનમાં અસાધારણ પ્રગતિ કરી છે.

" તને તારી ક્ષમતાની જાણ હોય કે ન હોય, મને છે. આ કામ તું કરી શકીશ જ. "

-ઈશ્વર

- કોઈપણ વ્યક્તિ માટે, કોઈપણ ક્ષેત્રમાં પોતાની ક્ષમતા વધારવા માટે સૌથી પાયાની શરત એ છે કે, તે વ્યક્તિને ખુદને પોતાના પર વિશ્વાસ હોવો જોઈએ કે તેનામાં સાચે જ ક્ષમતા વધારવાની તાકાત છે અને આ વાતની તેને પોતાને જાણ પણ હોવી જોઈએ. જો આ વાતની તેને જાણ જ નહિ હોય તો તે વ્યક્તિ ક્યારેય પણ પોતાની ક્ષમતાઓ વધારવા માટે પહેલ જ નહિ કરે.

- કોઈ પણ વ્યક્તિ અત્યારે જે કોઈપણ લેવલ પર, જે કંઈ પણ કામ કરી રહી હોય તેમાં તેણે પોતાની વિચારવાની અને કામ કરવાની ક્ષમતાઓને કયારેય મર્યાદિત કરીને ન રાખવી. દરેક વ્યક્તિએ પોતે આજે જે લેવલ પર છે, પોતે અત્યારે જે કંઈપણ વિચારે છે, તેના કરતા ઓછામાં ઓછું બે સ્ટેપ કે તેના કરતા વધારે સ્ટેપ આગળ રહીને કામ કરી શકવા માટે ક્ષમતા ધરાવે છે, સક્ષમ છે આવું હંમેશા પોતાની જાતને યાદ કરાવતા રહેવું જોઈએ.

-તમે અત્યારે તમારી દુકાનમાં, ઓફિસમાં, ફેક્ટરીમાં કે કંપનીમાં જે કોઈપણ લેવલ પર, જે

કંઈ પણ કામ કરી રહ્યા હોવ તે કામની પ્રોડકટીવિટી અને ગુણવત્તા ગઈકાલની સરખામણીમાં ઓછામાં ઓછી બે સ્ટેપ કે તેના કરતાં વધારીને આપો. જેથી કરીને, તમે આવતીકાલે, તમે આજે કરેલા કામ કરતાં હજી વધારે બે સ્ટેપ, વધુ સારું કરીને આપી શકો અને તમારામાં અન્ય કર્મચારીની સરખામણીમાં તે કામ કરવાની વધારે નિપુણતા આવતી જાય. અમુક સમય પછી તમે પોતે જ અનુભવી શકશો કે,બાકીના સહકર્મચારીઓ કરતા તમારામાં તે કામ કરવાની ઘણી વધુ નિપુણતા આવી ગઈ છે અને તે પણ અન્ય કર્મચારીઓ કરતાં દરરોજના ફક્ત બે સ્ટેપ આગળ રહીને. નિયમિતપણે આવું કરતા રહેવાથી તમારામાં કામ કરવાની નિપુણતા તો આવી જ જશે,તેની સાથે સાથે તમારો આત્મવિશ્વાસ પણ અનેક ગણો વધી ગયો હશે. જે આત્મવિશ્વાસની મદદથી તમે તમારા અન્ય બીજા કામો પણ ખૂબ સારી રીતે કરી શકશો પણ, આ બધું ત્યારે જ થઈ શકશે જયારે તમને તમારી પોતાની જાત ઉપર આત્મવિશ્વાસ હોય અને તમને એ પણ યાદ હોય કે, તમારામાં પણ એ ક્ષમતા છે, જે અન્ય બીજા લોકોમાં છે.

-આ ઉપરાંત, દરેક વ્યક્તિ પોતાના જે તે કાર્ય ક્ષેત્રને અનુકૂળ, પોતાના કાર્ય પ્રમાણે સાચી માહિતી કે જ્ઞાનમાં વધારો કરીને, સતત નવું નવું અને સારું સારું શીખતાં રહીને અને તેને અમલમાં મૂકીને, નવી અને અધતન ટેક્નોલોજી વિકસાવીને અને તેને અમલમાં મૂકીને, પોતાના કાર્યની પોતાના કરતા કોઈ વધારે નિપુણ કર્મચારી પાસેથી સાચી માહિતી મેળવીને, પોતાના કાર્યની પ્રેક્ટિસનો સમય વધારીને પોતાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી શકે છે અને પોતાના જીવનમાં અસાધારણ પ્રગતિ કરી શકે છે.

~આત્મ ચિંતન

-શું તમે તમારી પોતાની ઉપર, કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની મર્યાદા તો નથી બાંધી લીધી ને ?
-તમે જીવનમાં વધુ પ્રગતિ ન કરી શકો અથવા વધુ પ્રગતિ કરી કોઇ વ્યક્તિ કરતા આગળ ન નીકળી શકો અથવા આજીવન તમે કોઈ વ્યક્તિના ગુલામ જ બન્યા રહો અને તે વ્યક્તિ આજીવન તમારી પાસે તેનું ધાર્યું કામ કરાવતી રહે તે માટે કોઈ પણ વ્યક્તિ તમારી ઉપર નેગેટિવ બ્રેઈનવોશ દ્વારા તમારી કાર્ય ક્ષમતાને અને તમારી વિચારવાની ક્ષમતાને બાંધી તો નથી રહી ને?
-શું આજના અમુક ટેલિવિઝન પ્રોગ્રામ, કોઈ ઓડિયો, તમારા પાડોશી, તમારા મિત્રો, તમારા મેનેજર, તમારા બૉસ તમારા પ્રગતિના માર્ગમાં અવરોધરૂપ હોય એવી ખોટી અને નકારાત્મક માહિતી દ્વારા તમારું નેગેટિવ બ્રેઈનવોશ તો નથી કરી રહ્યા ને ?
-શું તમે બદલાતા સમયની સાથે પોતાનામાં અથવા પોતાની કંપનીમાં કોઈ એવા ફેરફાર કર્યા છે કે જેથી કરીને, તમે આવનારા સમયમાં પણ અડીખમ ઉભા રહી શકો અને પોતાની અને પોતાની કંપનીને પ્રગતિના પંથે રોકેટ ગતિએ આગળ

વધારી શકો?
- શું તમે હજી પણ ભૂતકાળની કોઈ એક સમયની જૂની, ખોટી, નકામી અને ગેરમાન્યતામાં તો જીવન નથી જીવી રહયાં ને ?
-ભૂતકાળમાં સાચી માહિતી, સારી ટીમ, સંપર્કો, અધતન ટેક્નોલોજી અને સાધન-સંપત્તિના અભાવમાં તમે અમુક કાર્યમાં સફળ ન થયા હોવ, પરંતુ વર્તમાનમાં આ બધું જ તમારી પાસે હોવા છતાં તમે હજુ પણ એમ તો નથી માની રહ્યા કે, વર્તમાનમાં પણ તે કાર્ય કરવા માટે તમે પોતે સક્ષમ નથી અથવા તો તે કાર્યમાં તમે સફળ નહિ થાવ ?
- શું હજી પણ તમે રાહ જોઈને બેઠા છો કે, કોઈ આવીને તમારા કાનમાં એમ કહે કે, "આ કામ કરવાની ક્ષમતા તારામાં છે અથવા તો આ કામ તું કરી શકીશ જ ? "
-શું તમે તમારી કોઈ કાર્ય કરવાની ક્ષમતાની જાણકારીના અભાવમાં તમને પોતાને, પોતાના પરિવારને એક વધારે સુખી, વધારે સમૃદ્ધ, વધારે શાંતિપૂર્ણ, વધારે પ્રગતિદાયક જિંદગી આપવાનું ચુકી તો નથી રહયા ને ?

પ્રકરણ ૬ : લક્ષ્ય, લક્ષ્ય પ્રાપ્તિના માર્ગના અવરોધો, તેના ઉકેલ અને વાસ્તવિક લક્ષ્ય પ્રાપ્તિ

લક્ષ્ય એટલે કોઈપણ વ્યક્તિએ પોતાના જીવનમાં લાંબા કે ટૂંકા ગાળાના સમયમાં, પોતાને ઉપયોગી હોય, પોતે જે ઇચ્છતી હોય એવી કોઈ ચીજવસ્તુ, અમુક નાણાં, કોઈ વાહન, કોઈ સ્થાન, કોઈ વ્યક્તિ, અમુક પરીક્ષા કે સ્પર્ધામાં નંબર, કોઈ પોસ્ટ, કોઈ નોકરી, કોઈ કંપની, કોઈ ખિતાબ, કોઈ શોધ-સંશોધન વગેરેની પ્રાપ્તિ.

કોઈપણ વ્યક્તિ સવારે જાગે ત્યારથી રાત્રે સુવે ત્યાં સુધીમાં જાણ્યે કે અજાણ્યે ઘણી બધી ચીજવસ્તુઓ, ઘણી બધી વ્યક્તિઓ, ઘણા બધા નાણાં, ઘણા બધા વાહન, કોઈ

નોકરી વગેરેને મેળવીને પોતાના ઇચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ કરતી હોય છે. આ લક્ષ્ય પ્રાપ્તિ અલગ અલગ વ્યક્તિ માટે અલગ અલગ સમય ગાળાની હોય છે. કોઈ એક વ્યક્તિ માટે તેની લક્ષ્ય પ્રાપ્તિ બની શકે કે ટૂંકા ગાળાની હોય, કોઈ બીજી વ્યક્તિ માટે તેની લક્ષ્ય પ્રાપ્તિ બની શકે કે મધ્યમ ગાળાની હોય અને કોઈ ત્રીજી વ્યક્તિ માટે તેની લક્ષ્ય પ્રાપ્તિ લાંબા ગાળાની હોય. લક્ષ્ય અને લક્ષ્ય પ્રાપ્તિનો સમય ગાળો જે તે વ્યક્તિનું આસપાસનું વાતાવરણ,તેનો ઉછેર, તેની પોતાની ઈચ્છાઓ, તેના શોખ, તેની આવક, તેની આસપાસના લોકો અને તેની સાથેના વ્યવહારો, તેની પાસે રહેલી ચીજવસ્તુઓ અને તેના ઉપયોગ વગેરે જેવી ઘણી બધી બાબતો ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચોક્કસ આધાર રાખે છે. કોઈ એક વ્યક્તિ માટે દરરોજ ઘરેથી સમયસર ઑફિસે પહોંચવા માટે કોઈ બસ કે ટ્રેનને પકડવી અને તે જ પ્રમાણે ઑફિસેથી ઘરે સમયસર પાછાં આવવા માટે બસ કે ટ્રેનને પકડવી તે પણ એક લક્ષ્ય જ છે. કોઈપણ એક ક્રિકેટ ટીમ વન-ડે મેચમાં 300 રન બનાવવાનો અડગ અને મક્કમ ઈરાદો રાખે છે તે પણ એક લક્ષ્ય નક્કી કર્યું એમ કહેવાય. કોઈ એક વ્યક્તિ પોતાની આવકમાંથી બચત કરીને ભેગા કરેલા અમુક રૂપિયા ડબલ કરવા માટે બેન્ક કે પોસ્ટ ઑફિસમાં અમુક વર્ષો માટે ફિક્સડ ડિપોઝિટ સ્કીમમાં મૂકે છે તો તે પણ એક લક્ષ્ય નક્કી કર્યું એમ કહેવાય. કોઈ એક નાની કંપની પોતાનું ઉત્પાદન અને વેચાણ ઘણું બધી વધારીને અમુક વર્ષો પછી એક મોટી, વિશાળ અને મલ્ટી-નેશનલ કંપની બનવા માંગે છે તો તે પણ એક લક્ષ્ય નક્કી કર્યું એમ જ કહેવાય.

કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનમાં વધારે પ્રગતિ કરવા, પોતાના જીવનને વધુ સુખી,વધુ શાંતિપૂર્ણ, વધુ સમૃદ્ધ બનાવવા, પોતાને તંદુરસ્ત બનાવવા,પોતાના જીવનને સામાજિક,આર્થિક,રાષ્ટ્રિય કે આધ્યાત્મિક ક્ષેત્રમાં ટૂંકમાં, પોતાનો સર્વાંગી વિકાસ કરવા માટે વધારે ને વધારે પ્રગતિના પંથે આગળ વધવા માટે એક અથવા વધારે લક્ષ્ય બનાવે છે અને તેને મેળવવા તરફ, આગળ વધવા માટે મહેનત પણ કરે છે અને કરવી જ જોઈએ. પણ તેમ છતાં, દરેક વ્યક્તિ પોતાના જીવનમાં પોતાના નિર્ધારિત કરેલા લક્ષ્યને પ્રાપ્ત નથી કરી શકતી અથવા તે લક્ષ્ય સુધી નથી પહોંચી શકતી, આવું કેમ? આના અલગ અલગ વ્યક્તિઓ પ્રમાણે અલગ અલગ પ્રકારના ઘણા બધા કારણો આપી શકાય. આ બધા કારણોના મૂળમાં એકદમ બારીકાઈથી, તટસ્થ અને નિષ્પક્ષ નિરીક્ષણ કરવામાં આવે તો જાણવા મળશે કે, ઘણા બધા લોકોના કારણો તો ફક્ત અને ફક્ત બહાના હોય છે અથવા જાણ્યે-અજાણ્યે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમના દ્વારા થયેલી ભૂલ જ હશે. અહિં કહેવાનો અર્થ ફક્ત એટલો જ છે કે, ભૂતકાળમાં તમારે કોઈપણ પ્રકારની જેમ કે, શારીરિક , માનસિક, આર્થિક, શાળાકીય, સામાજિક, કૌટુંબિક વગેરે કોઈ પણ પ્રકારની સમસ્યા હતી તેવી જ અથવા તો તેના કરતા પણ વધારે ખરાબ સમસ્યા જગતમાં બીજા લોકોને પણ હતી તેમ છતાં, જગતના બીજા બધા લોકોએ પોતાની સમસ્યાને બદલે પોતાના લક્ષ્ય, પોતાના સોલ્યૂશન પર પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું, પોતાના લક્ષ્ય અને સોલ્યૂશન પર મક્કમ ગતિએ કાર્ય કરવાનું ચાલુ રાખ્યું અને તેઓ પોતાના જીવનમાં અસાધારણ પ્રગતિ કરી શક્યા. જયારે જગતમાં ઘણા બધા એવા પણ લોકો છે કે જેમણે પોતાનું સંપૂર્ણ ધ્યાન પોતાની ભૂતકાળની કે વર્તમાનની કોઈને કોઈ એક કે એક કરતા વધારે સમસ્યા પર કેન્દ્રિત કર્યું અને સમસ્યામાં ને સમસ્યામાં જ રહી ગયા અને પોતાના જીવનમાં કોઈ ખાસ પ્રગતિ ન કરી શક્યા. આ તમામ સમસ્યાને, કારણોને આપણે લક્ષ્ય પ્રાપ્તિના માર્ગ પરના અવરોધો ગણીશું અને તે અવરોધોને પાર કરીને, તે અવરોધોના સોલ્યૂશન મેળવીને લક્ષ્ય પ્રાપ્તિના માર્ગ પર ઝડપથી અને સારી રીતે આગળ

કઈ રીતે વધવું તે પણ જોઈશું.

જેમ કે,

-(અવરોધ -1) મારી આર્થિક પરિસ્થિતિ તો બાળપણથી જ ખૂબ ખરાબ હતી અથવા મારું બાળપણ તો ગરીબીમાં જ વીત્યું છે એટલે હું જીવનમાં પ્રગતિ ન કરી શક્યો કે આગળ ન વધી શક્યો અથવા મારે બાળપણથી જ ઘરની બધી જવાબદારી સંભાળવી પડી હતી. વગેરે, વગેરે.

(સોલ્યૂશન-1) ભારતની એક સ્કૂલમાં ભણતી છોકરીને પોતાની આર્થિક પરિસ્થિતિ બહુ સારી ન હોવાથી, નાણાંની જરૂરિયાતને લીધે જ પહેલું ગીત ગાવું પડ્યું અને આ છોકરી આગળ જતા પોતાના ટેલેન્ટને આધારે ફક્ત ભારતની જ નહિ પરંતુ, આખા વિશ્વની વિશ્વ વિખ્યાત ગાયિકા બની. એક મધ્યમ વર્ગિય માણસની પાસે ધંધો કરવા માટે નાણાં ન હતા પણ, તેણે શેર બજારમાંથી IPO મારફત નાણાં એકઠા કર્યા અને પોતાની એક નાની કંપની ચાલુ કરી, જે આગળ જતા ટૂંક સમયમાં જ એક વિશાળકાય(જાયન્ટ) કંપની બની ગઈ. કંપની મોટી થવાની સાથે સાથે તે કંપનીનો માલિક અને તે કંપનીના શૅર હોલ્ડરો પણ નાણાકીય બાબતમાં સમૃદ્ધ બની ગયા. અહિં કહેવાનો અર્થ એ છે કે, ભૂતકાળમાં કે વર્તમાનમાં ભલે તમારી પાસે બહુ નાણાં ન હોય પરંતુ, તમારી અંદર કોઈ ને કોઈ ટેલેન્ટ હશે,કોઈ ને કોઈ ક્ષેત્રમાં તમારી નિપુણતા (માસ્ટરી) હશે જ. બસ તેને શોધી કાઢો અને તે પ્રમાણે કાર્ય કરવાનું ચાલુ કરી દો. આ ટેલેન્ટ જ તમને એક દિવસ ઝીરો માંથી હીરો બનાવશે. આ ટેલેન્ટ જ તમને રંક માંથી રાજા બનાવશે કારણ કે, કુદરતે અગાઉથી જ દરેક મનુષ્યની અંદર કોઈ ને કોઈ પ્રકારનું શ્રેષ્ઠ ટેલેન્ટ આપેલું જ છે.જરૂર છે માત્ર તેને ઓળખવાની અને તે પ્રમાણે કાર્ય શરુ કરી દેવાની. કોઈપણ વ્યક્તિએ, ક્યારેય પણ પોતાના ટેલેન્ટ અને ક્ષમતાઓ પર એક સોયની અણીના દસ કરોડમાં ભાગ જેટલી પણ શંકા ન કરવી કારણ કે, આ સૃષ્ટિ પર દરેક મનુષ્ય અનન્ય (યુનિક) છે.

-(અવરોધ-2) મને બાળપણમાં શાળાકીય શિક્ષણ લેવાનો મોકો ન મળ્યો, જો મને તે સમયે શાળાકીય શિક્ષણ મળ્યું હોત તો આજે હું ઘણો જ સફળ અને સમૃદ્ધ હોત અથવા અત્યાર કરતા હું ઘણી જ સારી અને ઊંચા સ્તરની જિંદગી જીવતો હોત અથવા હું આજે જે પૉસ્ટ પર છું તેના કરતા ઘણી ઊંચી પૉસ્ટ પર હોત વગેરે વગેરે.

(સોલ્યૂશન-2) દુનિયાના ઈતિહાસમાં નજર ફેરવશો તો તમને જાણવા મળશે કે, પ્રખ્યાત ફૉર વ્હીલર કાર બનાવતી કંપનીના માલિકને પણ પોતાનું શાળાકીય શિક્ષણ લેવાનો મોકો મળ્યો ન હતો તેમ છતાં, તેઓ પોતાના જીવનમાં અસાધારણ પ્રગતિ કરી શક્યા. વિશ્વમાં હીરાનું મેન્યુફેક્ચરીંગ અને પોલિશ કરતી હીરાની ઘણી મોટી મોટી કંપનીના માલિકો પણ પોતાના જીવનમાં કોઈ કારણસર પોતાનું શાળાકીય શિક્ષણ પૂરું નથી લઇ શક્યા પણ, તેમ છતાં પણ તેઓ આજે પોતાના જીવનમાં સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં ખૂબ સારી એવી પ્રગતિ તો કરી જ શક્યા છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, દુનિયામાં ઘણા બધા એવા લોકો છે કે જેઓ અભણ છે અથવા તો બહુ જ ઓછું ભણેલા છે પણ તેમ છતાં, તેઓએ પોતાના જીવનમાં ખૂબ જ સારી એવી પ્રગતિ કરી છે અને પોતાની વધુ સુખી, સમૃદ્ધ અને શાંતિપૂર્ણ જિંદગી જીવે છે. આ લોકોની પોતાની પાસે શૈક્ષણિક જ્ઞાન ન હતું અને તે શૈક્ષણિક જ્ઞાનના અભાવને કારણે પોતાને વર્તમાનમાં અને ભવિષ્યમાં કોઈ તકલીફ ન પડે અથવા તો કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે ભણેલા, ડિગ્રી વાળા લોકોને સારો પગાર

આપીને પોતાને ત્યાં નોકરી પર રાખી લીધા અને તે લોકોના ભણતરના જ્ઞાનનો પોતાની કંપનીના વિકાસ માટે ઉપયોગ કર્યો અને પ્રગતિ કરી શક્યા.અહિં એક વાત ખાસ યાદ રાખવી કે, જીવનમાં અસાધારણ પ્રગતિ કરવા માટે ભણતરના નોલેજ કરતા જે તે ક્ષેત્રના સ્પેશ્યલાઈઝડ નોલેજની વધારે જરૂર પડે છે.

-(અવરોધ-3) મારી માં નું અથવા બાપનું અથવા માં-બાપ બંનેનું હું જયારે નાનો હતો ત્યારે જ તેમનું અવસાન થઈ ગયેલું. જો તેઓ આજે જીવતા હોત તો તેમની મદદથી હું જિંદગીમાં ઘણો જ આગળ વધી શક્યો હોત અથવા ઘણી સારી એવી પ્રગતિ કરી શક્યો હોત.

(સોલ્યૂશન-3) એક બાળક જયારે નાનું હતું ત્યારે જ તેના પિતાનું અવસાન થઈ ગયેલું પણ તે બાળકે હિંમત હાર્યા વિના, જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવી તેમ છતાં પણ તે તમામ મુશ્કેલીઓનું એક પછી એક સોલ્યૂશન મેળવતા રહીને, તે બાળક ભારત દેશનો એક વિખ્યાત સંગીતકાર બને છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, કોઈપણ મનુષ્ય,પશુ,પંખી,જીવજંતુ ટૂંકમાં કોઈપણ જીવનું જીવન અને મૃત્યુ તો ભગવાનના હાથમાં હોય છે, ઈશ્વરનાં હાથમાં હોય છે કારણ કે, આ સમગ્ર બ્રહ્માંડમાં અંતિમ ફક્ત અને ફક્ત ઈશ્વર જ છે. આ દુનિયામાં કોઈ પણ માણસનું એવું એક પણ ઘર નહિ હોય કે જેના ઘરેથી ક્યારેય પણ કોઈ માણસનું મૃત્યુ નહિ થયું હોય પણ, અહિં મહત્વની બાબત દ્રષ્ટિકોણની છે. કોઈ એક બાળકના પિતાનું અવસાન થાય છે ત્યારે તે બાળક ભગવાનને એમ કહે છે કે, "હે ભગવાન, તે મારી પાસેથી બધું જ છીનવી લીધું." જયારે કોઈ બીજા બાળકના પિતાનું અવસાન થાય છે ત્યારે તે બાળક ભગવાનને કહે છે, " હે ભગવાન, તું મને હવે એવી તાકાત અને શક્તિ આપજે કે જેની મદદથી હું મારા જીવનમાં આવનારી કોઈપણ પ્રકારની મુશ્કેલીનું સાચું સોલ્યૂશન શોધી કાઢું અને જીવનમાં આગળ વધી શકું અને ગમે તેવી મોટામાં મોટી જવાબદારી પણ લઈ શકું." અહિં બીજા બાળકનો દ્રષ્ટિકોણ સકારાત્મક, સર્જનાત્મક અને જીવનમાં ગમે તેવી મોટામાં માટી જવાબદારી લેવા માટે પોતાને સક્ષમ બનાવવાનો છે અને તે કરી શકશે જ. કારણ કે જગતના દરેક ધર્મગ્રંથમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લખેલું જ છે કે, “દરેક મનુષ્યને ઈશ્વરમાં જેટલી શ્રદ્ધા હશે તેટલું મળશે." એટલે કે, જો તમને ઈશ્વરમાં વધારે શ્રદ્ધા હશે તો તમને વધારે મળશે અને જો ઈશ્વરમાં તમને ઓછી શ્રદ્ધા હશે તો તમને ઓછું મળશે.

-(અવરોધ-4) થોડાં વર્ષો અગાઉ મારી સાથે એક અકસ્માત થયો હતો અથવા મારી આંખોથી બરાબર દેખાતું નથી અથવા જન્મજાત અથવા જન્મ બાદ કોઈ બીમારીને કારણે શરીરના કોઈ અંગને ઈજા થઈ હતી જેને લીધે હું જીવનમાં આગળ ન વધી શક્યો અથવા પ્રગતિ ન કરી શક્યો.

(સોલ્યૂશન-4) ભારતની એક પ્રખ્યાત નૃત્યાંગના કે જેના બંને પગ જતા રહેવા છતાં કૃત્રિમ પગ વડે પોતાનું નૃત્ય ચાલુ રાખ્યું.એક પુરુષ કે જેના બંને પગ અશક્ત હતા તેમ છતાં તેણે દેશના રાષ્ટ્રપતિ પદનું સુકાન ખૂબ સારી રીતે સંભાળી રાખ્યું. ભારતમાં અને આખી દુનિયામાં ઘણા બધા એવા લોકો થઈ ગયા કે, જેઓ જન્મથી જ અંધ હતા અથવા કોઈ અકસ્માતને કારણે તેમને આંખો ગુમાવવાનો વારો આવ્યો હોય પણ તેમ છતાં, તે લોકોએ ભાગ્ય આગળ હાર ન માની અને પોતાના પસંદગીના ક્ષેત્રમાં લગાતાર મહેનત કરતા રહ્યા. તેને કારણે આવા ઘણા બધા લોકો એક સારા કવિ, સારા લેખક કે સારા સંગીતકાર બની શક્યા અને આંખોથી જોનારા ઘણા બધા લોકોને પોતાના ક્ષેત્રમાં રોજગારી પણ આપી.એક

શૂટિંગનો ખેલાડી કે જે શૂટિંગની રમતમાં જમણા હાથથી બંદૂક પકડીને પોતાના નિશાન પર શૂટ કરતો હતો. કોઈ એક અકસ્માતમાં તેનો જમણો હાથ ચાલ્યો ગયો પણ તેમ છતાં પણ, પોતાના ડાબા હાથથી શૂટિંગની પ્રેક્ટિસ કરવાનું ચાલુ રાખ્યું અને પોતાના હરિફોને હરાવીને સ્પર્ધામાં પ્રથમ નંબરે આવતો રહ્યો. એટલું જ નહિ, ઓલમ્પિકમાં પોતાના દેશને ત્રણ-ત્રણ વાર ગોલ્ડ મેડલ જીતીને પોતાનું અને પોતાના દેશનું નામ આખી દુનિયામાં રોશન કર્યું. અહિં, કહેવાનો અર્થ એ છે કે, વિશ્વની ઘણી બધી વ્યક્તિઓ સાથે તમારી જેવા અથવા તમારી કરતા પણ વધારે ખરાબ અકસ્માત થયા છે,તમારી કરતા પણ વધારે ખરાબ બીમારીનો ભોગ બન્યા છે તેમ છતાં પણ, ક્યારેય તેઓએ કોઈને ફરિયાદ નથી કરી અને પોતાના લક્ષ્ય તરફ, પોતાના લક્ષ્યને મેળવવામાં લક્ષ્ય પ્રાપ્તિના માર્ગે આગળને આગળ વધવાનું ચાલુ રાખ્યું અને પોતાના લક્ષ્યને મેળવીને જ રહ્યા અને એક નવો ઈતિહાસ રચ્યો. કોઈ અણધાર્યા અકસ્માતમાં તમારા શરીરનું કોઈ અંગ ચાલ્યું જાય તે અતિ દુઃખદાયક કહેવાય.તે સમજી શકાય તેવી વાત છે પરંતુ, આ દુઃખ પર ક્યાં સુધી દુઃખી થયા રાખવાનું? રોજેરોજ દુઃખી થયા રાખવાને બદલે તમારી પાસે જે સહીસલામત અને સુરક્ષિત અંગ છે કે, જેની પાસેથી તમે ધાર્યું કામ કરાવી શકો છો અથવા તો ધાર્યું કામ કરાવવા માટે ટ્રેઈન કરી શકો એમ છો, તાલીમ આપી શકો છો તે અંગને પોતાની તમામ શારીરિક અને માનસિક ઉર્જા આપીને તે અંગને કામમાં લેવા પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરો અને તેની પાસેથી તમારું ધાર્યું કામ લો. કોઈ પણ પ્રશ્ન કે સમસ્યા ત્યારે જ સમસ્યા બને છે જયારે તમે તેને સમસ્યાના રૂપમાં જોવા લાગો છો અને તેને સાચે જ સમસ્યા માનવા લાગો છો. તમારે જે કોઈ પ્રશ્ન હોય, જે કોઈ સમસ્યા હોય તેને જગતના અન્ય લોકો સૉલ્વ કરી શકતા હોય તો તમે શા માટે તેને સૉલ્વ ન કરી શકો? તમારી કોઈ પ્રશ્ન કે સમસ્યાને સૉલ્વ કરવાની પદ્ધતિમાં કોઈક કડી ખૂટતી હોય તો તેને શોધો અને તમારી સૉલ્વ કરવાની સોલ્યૂશન પદ્ધતિને વધારે બેટર બનાવો અને તમારા પ્રશ્નો કે સમસ્યાઓને સૉલ્વ કરો. જીવનમાં ગમે ત્યારે, ગમે તેવી, નાની કે મોટી મુશ્કેલીઓ આવે તેમ છતાં પણ, તમારે તમારું સમગ્ર ધ્યાન સતત અને હંમેશા તે મુશ્કેલીના સોલ્યૂશન પર જ રાખવું જોઈએ. કારણ કે, તમે જેની પર તમારું ધ્યાન કેન્દ્રિત કરશો તેના પર તમારી ઉર્જા વહેવા લાગશે અને તે અનેક ગણું વધીને તમારી સામે પ્રગટ થશે. આથી, હંમેશા તમારું સમગ્ર ધ્યાન મુશ્કેલીના બદલે સોલ્યૂશન પર કેન્દ્રિત કરો.જો તમને કોઈ સમયે કોઈ મુશ્કેલીનું સોલ્યૂશન ન દેખાતું હોય તો તમારે ભૂલથી પણ એમ ન કહેવું, એમ ન વિચારવું કે આ મારાથી નહિ થાય. તેના બદલે એમ વિચારવું કે, "સોલ્યૂશન કેવી રીતે મળશે? કઈ વ્યક્તિને મળવાથી સોલ્યૂશન મળશે? કયા સાધન કે સંપત્તિ દ્વારા સોલ્યૂશન પ્રાપ્ત થશે? કયું પુસ્તક વાંચવાથી સોલ્યૂશન મળશે?" યાદ રાખો, “જયારે તમે કોઈ સમસ્યાને સોલ્વ કરો છો ત્યારે તે જ સમસ્યા તમારી પ્રગતિની સીડી પરનું એક પગથિયું બની જાય છે.” આથી, તમે તમારા જીવનમાં આવનારી ગમે તેવી નાની કે મોટી સમસ્યાને સૉલ્વ કરતા જશો, તેમ તેમ તે તમામ સમસ્યાઓ તમારા જીવનની પ્રગતિની સીડીના પગથિયાં બનતી જશે અને તમે વધુને વધુ આગળ વધતા જશો.

-(અવરોધ-5) હું અનેક વાર આ ક્ષેત્રમાં હારી ચુક્યો છું. હવે આ ક્ષેત્રમાં મારા સફળ થવાના ચાન્સ બહુ ઓછા છે અથવા હું આ ક્ષેત્રમાં ફરી સફળ નહિ થઈ શકું. વગેરે વગેરે.

(સોલ્યૂશન-5) અમેરિકાનો એક પુરુષ ઘણા વર્ષો સુધી અનેક વખત ચૂંટણીઓ હાર્યો હતો તેમ છતાં પણ, તે ડગ્યો નહિ અને ચૂંટણીઓ લડતો રહયો. પરિણામે તે એક દિવસ અમેરિકાનો રાષ્ટ્રપતિ બન્યો. ભારતમાં એક સમયે લગાતાર તેર-તેર ફ્લોપ ફિલ્મો

આપવા છતાં તે માણસ પોતાના કાર્યક્ષેત્રમાંથી જરા પણ ડગ્યો નહિ અને આજે એ જ માણસ બોલીવુડમાં પોતાની સફળતાને લીધે “શહેનશાહ”ના નામથી ઓળખાય છે અને પોતાની ઉંમરને માત આપીને આજે પણ બોલીવુડમાં સફળતાપૂર્વક કામ કરી રહ્યો છે. અહિં, કહેવાનો અર્થ એ છે કે, તમે ભૂતકાળમાં ભલે કોઈપણ કાર્ય ક્ષેત્રમાં, ગમે તેટલી વાર નિષ્ફળ ગયા હોવ તો પણ તમારે નાસીપાસ થઈને તમારું કાર્ય ક્ષેત્ર છોડવાની સહેજ પણ જરૂર નથી. ભૂતકાળની નિષ્ફળતાઓનું સંપૂર્ણ ઈમાનદારીથી, એકદમ બારીકાઈથી, તટસ્થ અને નિષ્પક્ષ વિશ્લેષણ કરીને ભૂતકાળની ભૂલોને સુધારી લઈને અને ફરીથી તે અથવા તે પ્રકારની બીજી કોઈ નવી ભૂલ ન થાય તેની ખાસ કાળજી રાખવી અને પોતાના કાર્યક્ષેત્રમાં જ્યાં સુધી સફળ ન થાવ ત્યાં સુધી દરરોજ નવા જોશ, નવા ઉત્સાહ, નવા ઉમંગ, નવી ઉર્જા અને ઝૂનૂન સાથે સફળતા મેળવવા માટે મંડ્યા રહેવું.

-(અવરોધ-6) હું ગરીબ ઘરમાં જન્મ્યો હતો. તે સમયે મારી પાસે પૂરતા નાણાં ન હતા અથવા તો અત્યારે મારી પાસે પૂરતા નાણાં નથી. આથી, હું જીવનમાં કોઈ ક્ષેત્રમાં સફળ ન થઈ શક્યો અથવા પ્રગતિ ન કરી શક્યો અથવા કોઈ ઊંચી પૉસ્ટ પર ન પહોંચી શક્યો.

(સોલ્યૂશન-6) દક્ષિણ ભારતના એક ઘરમાં એક ગરીબ કુટુંબમાં જન્મ લીધા બાદ એક બાળક અનેક મુશ્કેલીઓને સોલ્વ કરીને ભારતનો જ નહિ પરંતુ સમગ્ર દુનિયાનો એક મહાન વૈજ્ઞાનિક બને છે અને રોકેટ અને મિસાઈલ ક્ષેત્રમાં ભારતને સ્વાવલંબી બનાવે છે અને આજે તે જ વૈજ્ઞાનિક " મિસાઈલ મેન" ના નામથી ઓળખાય છે. ભારતમાં ગુજરાતમાં વડનગરના રેલવે સ્ટેશને ચા ની દુકાન ચલાવનારનો પુત્ર અનેક મોટી મોટી સમસ્યાઓને સૉલ્વ કરીને એક દિવસ ભારતનો વડાપ્રધાન બને છે અને સમગ્ર દુનિયાને ભારતની એક નવી અને આગવી ઓળખ અપાવે છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમે ગરીબ ઘરમાં જન્મ લો છો કે ધનવાન ઘરમાં તે મહત્વનું નથી. મહત્વનું છે તમારી અંદર રહેલું તમારું ટેલેન્ટ, તમારી પ્રતિભા. તમારી કોઠાસૂઝને ઓળખો અને તેને અનુસાર કાર્ય કરીને એક નવી ઊંચાઈ પર પહોંચીને એક નવો ઈતિહાસ રચો. ટેલેન્ટ અને કોઠાસૂઝ પર કોઈનો એકાધિકાર નથી, કોઈનો ઈજારો નથી. ટેલેન્ટ અને કોઠાસૂઝ પર ફક્ત ધનવાન લોકોનો ઈજારો નથી કારણ કે, જો એવું હોત તો ભારતના "મિસાઈલમેન" અને વર્તમાન વડાપ્રધાન જે મહિના અને જે વર્ષમાં જન્મ્યા હતા, તે વર્ષમાં તેમના કુટુંબની આર્થિક પરિસ્થિતિ કરતા, ઘણી વધારે સારી આર્થિક પરિસ્થિતિ ધરાવતા અનેક કુટુંબમાં ઘણા બધા બાળકો જન્મ્યા હતા તો, તે ધનવાન કુટુંબના બાળકોમાંથી આજે કોઈ એક બાળક મિસાઇલમેન અને બીજું કોઈ એક બાળક વડાપ્રધાન હોત. પણ તેવું નથી. તમે ગરીબ કુટુંબમાં જન્મ્યા હોવ કે ધનવાન કુટુંબમાં જન્મ્યા હોવ તે મહત્વનું નથી પરંતુ, તમે પોતાના ટેલેન્ટ પ્રમાણે કેવા કેવા કાર્યો કરો છે તેના આધારે જ તમારી આગવી ઓળખ થતી હોય છે અને તેને અનુસાર જ કોઈ વ્યક્તિ યોગ્ય પદ કે પ્રતિષ્ઠા મેળવે છે અને દેશ અને દુનિયામાં પોતાની આગવી ઓળખ બનાવે છે.

-(અવરોધ-7) મારું બાળપણ ગરીબીમાં વીત્યું હતું, ભૂતકાળમાં મારી પાસે ધંધો કરવા માટે અથવા તો વેપાર કરવા માટે પૂરતા નાણાં ન હતા અથવા ભૂતકાળમાં મારે જેવી પરિસ્થિતિ જોઇતી હતી તેવી મને મળી ન હતી.તેથી, વર્તમાનમાં મારી આર્થિક પરિસ્થિતિ બહુ સારી નથી અથવા તો સાધારણ છે

(સોલ્યૂશન-7) કોઈ એક યુવાન પાસે ભૂતકાળમાં પોતાની કંપની શરુ કરવા માટે પૂરતા નાણાં ન હોવાથી પોતાના ગેરેજમાં જ પોતાનું કામ કરવાનુ શરુ કરે છે અને પોતાની મહેનત,

કોઠાસૂઝ,આવડત અને મેનેજમેન્ટથી ખૂબ લગન અને નિષ્ઠાથી કામ કરે છે અને અમુક વર્ષો પછી તે જ કંપની દુનિયાની એક વિશાળ મલ્ટી-નેશનલ કંપની બની જાય છે અને તે કંપનીના માલિકની ગણના દુનિયાના ટોપ 10 ધનાઢ્ય લોકોમાં થાય છે. આ દુનિયામાં એક સમયના ઘણા બધા એવા ગરીબ લોકો પણ છે કે, જેમને દિવસના બે ટાઈમ પેટ ભરીને જમવાનું પણ મળતું ન હતું. જો આજે બપોરે જમવાનું મળે તો સાંજે ભૂખ્યા રહેવાનું, બીજે દિવસે સવારે પણ ભૂખ્યા રહેવાનું અને બીજે દિવસે છેક બપોરે જમવાનું મળતું. તે પણ પેટ ભરીને તો નહિ જ. આવી પરિસ્થિતિમાં તે લોકો કેટલાય દિવસો, મહિનાઓ અને વર્ષો જીવ્યા અને જીવનમાં ગમે ખૂબ કપરી અને મુશ્કેલ પરિસ્થિતિ આવી તેમ છતાં પણ હિંમત હાર્યા વિના, નાસીપાસ થયા વિના તે તમામ મુશ્કેલીઓનું કોઈને કોઈ સોલ્યૂશન કાઢીને તેમાંથી બહાર નીકળ્યા અને આજે એક ઘણી સારી કહી શકાય તેવી સુખ, શાંતિ અને સમૃદ્ધ જિંદગી જીવી રહ્યા છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમે ગરીબ કુટુંબ જન્મો છો કે ધનવાન કુટુંબમાં, તે તમારા હાથની વાત નથી. કોઈ પણ વ્યક્તિનો જન્મ ક્યાં થશે અને ક્યાં નહિ એ કુદરતને આધીન છે. પરંતુ, જો તમે આજીવન ગરીબીમાં જ જીવો છો અને અંતે ગરીબીમાં જ મૃત્યુ પામો છો તો તેમાં તમારો ચોક્કસ વાંક કહી શકાય. જો તમે કોઈ ગરીબ કુટુંબમાં જન્મ લીધો છે તો બની શકે કે, તમારી જિંદગીના શરૂઆતના અમુક વર્ષો ગરીબીમાં જવાના કે જ્યાં સુધી તમે ઘણી સારી એવી આવક મેળવીને આર્થિક રીતે પગભર ન થાવ ત્યાં સુધી. પણ, જો તમે ગરીબ કુટુંબમાં જન્મ લો છો અને તમે બાળપણથી માંડીને યુવાની અને અંતે તમારી વૃદ્ધાવસ્થા ટૂંકમાં, આજીવન ગરીબીમાં જ વિતાવો છો તો તેમાં તમારો ચોક્કસ જ વાંક ગણાય કારણ કે, કરોડપતિ બનીને એક વધારે સુખી,વધુ સમૃદ્ધ, વધુ શાંતિપૂર્ણ અને વધુ બહેતર જીવન જીવવા પર કોઈનો પણ એકાધિકાર નથી, કોઈનો પણ ઈજારો નથી. સૌથી સારી વાત એ છે કે, કરોડપતિ બનવા માટે બહુ બુદ્ધિશાળી હોવું જરૂરી નથી. જો તમે બહુ બુદ્ધિશાળી હોવ તો પણ તમે કરોડપતિ બની શકો છો અને જો તમે બહુ બુદ્ધિશાળી ન હોવ તો પણ તમે કરોડપતિ બની શકો છો અને એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ શાંતિપૂર્ણ અને વધુ બહેતર જીવન પોતાને અને પોતાના પરિવારને આપી શકો છો.

-(અવરોધ-8) હું એકવાર દેવાળિયો બની ગયો હતો અથવા મારા માથે લાખો, કરોડો રૂપિયાનું દેવું થઈ ગયું હતું તેથી, હું વધારે પ્રગતિ ન કરી શક્યો અથવા હવે હું વધારે પ્રગતિ નહિ કરી શકું. વગેરે, વગેરે.

(સોલ્યૂશન-8) આજની ઠંડાપીણાની એક અગ્રણી કંપની ઉપર અમુક વર્ષો અગાઉ ઘણું બધું દેવું થઈ ગયું હતું અને તે કંપની સાવ મંદ પડી ગઈ હતી પરંતુ, તે કંપનીના માલિકે પોતાની પ્રોડક્ટ, માર્કેટિંગ અને મેનેજમેન્ટમાં જબરદસ્ત સુધારા કરીને, બાઉન્સ બેક કરીને ફરીથી પોતાની મંદ પડેલી કંપનીને પ્રગતિના ટ્રેક પર એવી દોડાવી, એવી દોડાવી કે,આ કંપનીને દુનિયાના સૌથી વધુ ઠંડાપીણા વેચતી ટોપ 10 કંપનીના લિસ્ટમાં સ્થાન અપાવ્યું. ભારતની ફૉર વ્હીલર કાર બનાવતી કંપની (A) ઉપર કોઈ કારણોસર અમુક વર્ષો અગાઉ આર્થિક સંકટ આવી પડ્યું અને આ કંપનીનો માલિક પોતાના પ્રતિનિધિ મંડળ સાથે વિદેશમાં ફૉર વ્હીલર કાર બનાવતી અન્ય કંપની(B) પાસે ગયો અને તેમને પોતાની કંપની(A) ખરીદી લેવા માટે કહ્યું. ત્યારે કંપની(B)ના માલિકે કંપની (A)ના માલિકને અભિમાનથી કહ્યું કે, "કાર બનાવતા નથી આવડતી તો શા માટે બનાવો છો?" આ શબ્દોની કંપની(A)ના માલિક પર ખૂબ જ ઊંડી અસર થઈ અને તે જ ક્ષણે કંપની(A)નો માલિક અને તેમનું પ્રતિનિધિ મંડળ ભારત આવવા નીકળી ગયું અને ભારત આવીને તરત જ તેમણે પોતાના પ્લાન્ટમાં

નીચેથી લઈને સૌથી ઉપરના તમામ સ્તરમાં જે કરવા પડે તેવા બધા જ સુધારા-વધારા કર્યા અને પોતાના પ્લાન્ટમાં જ સૌથી ઉત્તમ કાર બનાવવાનું ચાલુ કરી દીધું અને તે પણ ખૂબ જ ઓછી કિંમતમાં અને તે ઉત્તમ કાર દુનિયાના દેશોમાં એક્સપોર્ટ કરવાનું પણ ચાલુ કરી દીધું. પરિણામ એ આવ્યું કે, વિદેશમાં કંપની (B)ની જે કાર વેચાતી હતી તેની સરખામણીમાં લોકો કંપની (A)ની કારને વધુ પસંદ કરવા લાગ્યા અને ખરીદવા લાગ્યા. જોતજોતામાં કંપની(A)ની કારનું દુનિયામાં વેચાણ ખૂબ જ વધવા લાગ્યું અને કંપની(B)ની કારનું વેચાણ ખૂબ જ ઘટવા લાગ્યું અને પરિણામે, અમુક સમય બાદ કંપની(B)નો માલિક અને તેનું પ્રતિનિધિ મંડળ કંપની(A) પાસે ભારત આવ્યું અને કહ્યું કે, "અમારી કંપની દિવસે દિવસે ખોટ કરી રહી છે. અમે અમારી કંપની તમને વેચવા માંગીએ છીએ. તેને ખરીદી લ્યો." અને કંપની(A)ના માલિકે કંપની(B)ને ખરીદી લીધી. અહિં, કહેવાનો અર્થ એ છે કે, તમે ભૂતકાળમાં ભલે દેવાળીયા બની ગયા હો તો પણ તમે તમારી કંપનીમાં જરૂરી સુધારા વધારા કરીને, બાઉન્સ બેક કરીને પોતાની કંપનીને પ્રગતિના પંથે ફરી એકવાર દોડાવી શકો છો. આ ઉપરાંત તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે, તમારો વર્તમાન ભલે ગમે તેટલો સુખી અને સમૃદ્ધ હોય તેમ છતાં પણ તમારે ક્યારેય પણ પોતાની જાત પર અહંકાર કરવો નહિ, અભિમાન કરવું નહિ અને તમારી પાસે કોઈપણ પ્રકારની મદદ માટે આવેલા લોકોની સાથે ક્યારેય પણ અભિમાનમાં આવીને વાત કરવી નહિ કે ખરાબ વ્યવહાર કરવો નહિ કારણ કે, વિશ્વમાં બહુ જ ઓછા લોકો જાણે છે કે, ભગવાનના ઘણા બધા નામોમાંથી ભગવાનનું એક નામ "ગર્વભંજન" પણ છે. જેનો અર્થ થાય છે, અભિમાનને ભાંગવું, અભિમાનનો નાશ કરવો, અહંકારનો નાશ કરવો. આથી, કોઈપણ વ્યક્તિએ ક્યારેય પણ પોતાના રૂપ, સૌંદર્ય, આવડત, હોશિયારી, બુદ્ધિ, ચતુરાઈ, પદ, પ્રતિષ્ઠા, નાણાં, સગાવહાલા કે પરિચિતોના પદ કે પ્રતિષ્ઠા, પોતાના પાસે રહેલી કોઈ ચીજવસ્તુ કે સાધન-સંપત્તિ ઉપર ક્યારેય પણ, ભૂલથી પણ અભિમાન ન કરવું. કારણ કે, ઈતિહાસમાં એવા અનેક દાખલ તમને જોવા મળશે કે, જયારે જયારે કોઈ વ્યક્તિને જેનું જેનું પણ અભિમાન આવ્યું છે ત્યારે ત્યારે ઈશ્વરે તેમની પાસેથી તેને વહેલા કે મોડા છીનવી લીધા છે. આત્મવિશ્વાસ અને અહંકાર વચ્ચે એકદમ પાતળી ભેદરેખા હોય છે. દરેક વ્યક્તિએ તેને ઓળખવી જોઈએ. જેમ કે,

આ કામ હું કરી શકીશ જ. - તે તમારો આત્મવિશ્વાસ કહેવાય.

ફક્ત હું જ આ કામ કરી શકીશ. - તે તમારો અહંકાર કહેવાય.

-(અવરોધ-9) થોડા વર્ષો અગાઉ હું અસફળતાઓને લીધે પડી ભાંગ્યો હતો અથવા થોડા વર્ષો અગાઉ હું ડિપ્રેશનમાં ચાલ્યો ગયો હતો. જેને લીધે હું જીવનમાં ઘણી સારી પ્રગતિ ન કરી શક્યો અથવા હું સફળ ન થઈ શકયો.

(સોલ્યૂશન–9) નાના બાળકો માટે કાર્ટૂનને લગતું મનોરંજન પૂરું પાડનાર મોટી કંપનીના માલિકનું ત્રણ-ત્રણ વાર નર્વસ બ્રેકડાઉન થયું હતું, ડિપ્રેશનનો શિકાર બન્યા હતા પણ, તેમ છતાં પણ તેમણે હાર ન માની અને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મક્કમ રીતે કામ કરતા રહ્યા અને પોતાના લક્ષ્યને મેળવવામાં સફળ થયા.રમત-ગમતની દુનિયાના ઈતિહાસ પર એક નજર ફેરવશો તો જાણવા મળશે કે, જગતમાં રમત-ગમતની દુનિયાના કેટલાય ખેલાડીઓ કે જે ઘણી બધી મેચોમાં એક પછી એક એમ લગાતાર સતત નિષ્ફળતા મળવાને લીધે, સારું પ્રદર્શન ન કરી શકવાને કારણે અને અમુક બીમારીને લીધે કેટલાય મહિનાઓ સુધી ડિપ્રેશનમાં ચાલ્યા ગયા હતા અને એક સમયે તો તેણે પોતે રમતમાંથી નિવૃત્તિ લેવાનું નક્કી

જ કરી લીધું હતું પરંતુ, તે ખેલાડીઓએ પોતાની અંદર રહેલા સાચા અને ઈમાનદાર ખેલાડીનો એક અવાજ સાંભળ્યો, "એક વધારે પ્રયત્ન કરી તો જો." અને તે ખેલાડીઓએ આ પ્રેરણાદાયક અને ઉત્સાહવર્ધક અવાજને સાંભળીને એક વધારે મેચ રમી, એક વધારે પ્રયત્ન કરીને પોતાનું સો એ સો ટકા ટેલેન્ટ પોતાની રમતને આપ્યું અને તે મેચમાં સારામાં સારું પ્રદર્શન કરીને પોતાની ટીમને પણ જીત અપાવી. એટલું જ નહિ, તે પછીની દરેક મેચ પહેલા પોતાની અંદર રહેલા સાચા અને ઈમાનદાર ખેલાડીની પેલી વાત, "એક વધારે પ્રયત્ન કરી તો જો." ને સાંભળીને તે પછીની દરેક મેચમાં સતત સારું પ્રદર્શન કરતા રહીને આજે તેમાંથી મોટા ભાગના ખેલાડીઓએ પોતાની રમતના વિશ્વના ટોપ 10 ખેલાડીઓમાં સન્માનજનક અને ગૌરવપૂર્ણ સ્થાન મેળવ્યું છે અને લાંબા સમયથી જાળવી પણ રાખ્યું છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, ભૂતકાળમાં તમને કોઈ એક ક્ષેત્રમાં, એક મેચમાં કે અમુક મેચમાં નિષ્ફળતા મળે તો તે નિષ્ફળતા માત્ર અને માત્ર તે એક જ મેચમાં કે તે એક જ ક્ષેત્રમાં જ મળી છે તે ખાસ યાદ રાખવું. તેની સિવાયની બાકીની મેચમાં કે બાકીના ક્ષેત્રમાં તમારી ભવિષ્યમાં આવનારી મેચ કે તમારા દ્વારા ભવિષ્યમાં કરવાના પ્રયત્નો પર તમારી અગાઉની ભૂતકાળની નિષ્ફળતાનો સહેજ પણ ભાર લાગવો ન જોઈએ તો જ તમે ભવિષ્યમાં કોઈપણ ક્ષેત્રમાં કે કોઈપણ મેચમાં કે કોઈપણ પ્રયત્ન દ્વારા સારામાં સારું પ્રદર્શન કરી શકશો અને સારામાં સારી સફળતા પણ મેળવી શકશો. એક વાત હંમેશા યાદ રાખવી કે, જીવનમાં આગળ વધવા માગતો માણસ, જીવનમાં આગળ ને આગળ પ્રગતિ કરવા માગતો માણસ ક્યારેય હારતો નથી . કાં તો એ જીતે છે કાં તો એ શીખે છે. તમે ભૂતકાળમાં કોઈ કાર્યમાં સફળતા મેળવવા માટે પ્રયત્નો કર્યા હોય અને તે કાર્યમાં તમને ધારેલી સફળતા ન મળી હોય અથવા તે કામમાં તમે નિષ્ફળ ગયા હોવ તો તમારે તે નિષ્ફળ ગયેલા પ્રયત્નોમાંથી બોધપાઠ લેવો જોઈએ. અગાઉ થયેલી ભૂલને સુધારી લેવી જોઈએ અને ભવિષ્યમાં ક્યારેય તે અથવા તે પ્રકારની નવી બીજી કોઈ ભૂલ ન થાય તેનું સભાનપણે ખાસ ધ્યાન રાખવું જોઈએ. અહિં, એક વાત ખાસ યાદ રાખવી કે , "કોઈપણ માણસ ક્યારેય પણ નિષ્ફળ નથી જતો, માત્ર તેણે કરેલો પ્રયત્ન જ નિષ્ફળ જાય છે." કોઈ પણ મનુષ્ય ત્યાં સુધી હારતો નથી જ્યાં સુધી એ પોતે મનથી હાર ન માની લે ત્યાં સુધી. ભલે પછી આખી દુનિયા તેની વિરુદ્ધ કેમ ન હોય? જીવનની આ રમતમાં તમે ત્યાં આઉટ ત્યાં સુધી નથી થતા કે જ્યાં સુધી તમે પોતાને આઉટ જાહેર ન કરો ત્યાં સુધી. હાર અને જીત એ આખું જીવન નથી, હાર અને જીત તો ફક્ત જીવનનો એક ભાગ છે. હાર એ જીતવાની પ્રોસેસનો એક ભાગ છે. કોઈ એક હાર પણ અંતિમ નથી એ જ રીતે, કોઈ એક જીત પણ અંતિમ નથી. હાર અને જીતનું આ ચક્ર તો જ્યાં સુધી જીવન અને સમય છે ત્યાં સુધી તેની સાથે સાથે ચાલ્યા જ કરવાનું, ચાલ્યા જ કરવાનું, ચાલ્યા જ કરવાનું.... તમે ગમે ત્યારે કોઈપણ પ્રકારની ગમે તેટલી મોટામાં મોટી મુશ્કેલીમાં કેમ ન હોવ, તમારી માથે ભલે ગમે તેટલું મોટામાં મોટું દુઃખ પણ કેમ ન આવી પડ્યું હોય, તમારી ઉપર ભલે લાખો-કરોડો રૂપિયાનું દેવું થઈ ગયું હોય, તમે ભલે ગમે તેટલા વિષયમાં નાપાસ થાય હોવ, તમે ભલે ગમે તે ધોરણમાં ગમે તેટલી વાર નાપાસ થાય હોવ, ભલે તમારો હાલનો સમય અત્યારે ગમે તેટલો ખરાબ ચાલી રહ્યો હોય, તમે કોઈ પણ ધંધામાં કે ક્ષેત્રમાં ભલે ગમે તેટલી ખરાબમાં ખરાબ રીતે નિષ્ફળ ગયા હોવ, તમારી પાસેથી ભલે ગમે તેટલી કિંમતી ચીજ વસ્તુ, રોકડ રકમ, સોના મહોરનો કિંમતી ખજાનો ભલે લુંટાય ગયો હોય, બની શકે કે તમારી ઉપર પરિવારના કોઈ અંગતને કે સ્નેહીજનને કે સગાવહાલાને કે મિત્રને ગુમાવી બેસવાનું ખૂબ ભારે દુઃખ હોય તો પણ તમારે નીચે નવી હિમ્મત આપનારું, નવજીવન આપનારું, નવો જોશ અને ઉત્સાહ આપનારું, નવી ઉર્જાથી ભરપૂર અને શક્તિ આપનારું, ગમે તેવા ડિપ્રેશનને માત

આપનારું, ગમે તેવી વિકટ અને કપરી પરિસ્થિતિમાં નવું જીવન જીવવા માટે બેઠો કરનારું, ગમે તેવી ખરાબ નિષ્ફળતાના ખરાબ સમયમાં નવું જોમ અને નવી તાકાત આપનારું,જગતનું સૌથી વધુ પ્રેરણાદાયક, નવજીવન આપનાર, સૌથી વધુ ઉત્સાહવર્ધક, ગમે તેવા પડી ભાંગેલા માણસમાં નવાં પ્રાણ રેડીને તેને દોડતો કરનારા આ જીવન પરિવર્તક મંત્ર સમાન સુવાક્યને ચોવીસે કલાક,સાતે દિવસ,હંમેશને માટે, પોતાના દિલ અને દિમાગમાં કંડારી રાખવું જોઈએ.

"આ સમય પણ વીતી જશે."

"આ સમય પણ વીતી જશે."

આ જીવન પરિવર્તક મંત્ર સમાન નવજીવન બક્ષનાર સુવાક્ય તમને જીવનમાં ગમે તેટલી ખરાબમાં ખરાબ, ગમે તેટલી દુ:ખદાયી પરિસ્થિતિમાં પણ તમને જીવન જીવવા માટે નવી તાકાત,નવી ઉમ્મીદ, નવું જોમ,નવું જોશ, નવી ઉર્જા,નવી આશાનું કિરણ આપશે અને આ જ જીવન પરિવર્તક મંત્ર સમાન નવજીવન બક્ષનાર સુવાક્ય તમને તમારી સુખદાયી,જાહોજલાલી, ધન દોલતથી ભરપૂર સમૃદ્ધ અને વૈભવશાળી જિંદગીમાં પણ તમને ભૂલથી પણ અભિમાન અને અહંકાર કરતા અટકાવશે. આથી દરેક વ્યક્તિને ભલામણ છે કે, પોતાના ઘરમાં, ઓફિસમાં, ફેક્ટરીમાં, કંપનીમાં કે કામકાજ કરવાના કોઈ પણ સ્થળે આ શક્તિવર્ધક અને નવજીવન બક્ષનાર મંત્રને લખીને નજર સમક્ષ રાખવો જોઈએ. જેથી કરીને, તમે દુ:ખદ, નિરાશાજનક અને સંકટ સમયે આ મહામંત્રને વાંચીને નવા જોશ, નવા ઉત્સાહ, નવી ઉર્જા અને નવી તાકાત સાથે આગળ કાર્ય કરી શકો અને તમે ગમે તેવી સુખ અને મોજશોખવાળી, ખૂબ જ વૈભવશાળી, ધન-દોલતથી સમૃદ્ધ જિંદગી જીવતા હોવ તો પણ તમે ભૂલથી પણ અહંકારી અને ઘમંડી ન બની જાવ અને તમે જીવનની ગમે તેવી પરિસ્થિતિમાં પણ સમતા રાખીને એક ખૂબ જ સારું જીવન જીવી શકશો. આપણે આગળ (અવરોધ-8) અને **(સોલ્યૂશન-8)** માં જોયું કે, ઘમંડથી, અહંકારથી બોલાયેલું એક વાક્ય પણ કોઈપણ માણસને વહેલો કે મોડો રાજામાંથી રંક બનાવી દે છે અને તેનાથી ન ધાર્યું હોય તેવું નુકશાન વેઠવાનો વારો આવે છે. ઉપર જણાવેલું જીવન પરિવર્તક મંત્ર સમાન સુવાક્ય જો તમને દરેક ક્ષણે યાદ હશે તો, તમે જીવનમાં ગમે તેટલી સારી કે ખરાબ પરિસ્થિતિમાં પણ તમારા મનની સમતા જાળવી શકશો અને વર્તમાનમાં કે ભવિષ્યમાં તમને થનારા મોટા નુકશાનથી બચી શકશો.

-(અવરોધ-10) મારી ઉંમર ઘણી વધારે છે તેથી, હવે હું આગળ પ્રગતિ કરવા માટે સમર્થ નથી અથવા હું કંઈક નવું કરવા માટે સમર્થ નથી અથવા મારામાં હવે પહેલા જેવી તાકાત રહી નથી, ક્ષમતા રહી નથી, વગેરે વગેરે.

(સોલ્યૂશન-10) દુનિયાનો એક માણસ 60 વર્ષની ઉંમરે પણ પોતાનું પહેલું રેસ્ટોરન્ટ ખોલે છે અને પોતાની રેસિપીના જોરે જોતજોતામાં આખી દુનિયામાં ફ્રેન્ચાઈઝી મોડેલ દ્વારા પોતાના બિઝનેસને ફેલાવે છે. ક્રિકેટમાં કોઈ એક ખેલાડી અમુક ઉંમરે પહોંચે ત્યારે નિવૃત્તિ લે છે જયારે, ક્રિકેટમાં બીજા ઘણા બધા એવા ખેલાડીઓ પણ છે કે જે પેલા નિવૃત્તિ લેનાર ખેલાડીની ઉંમર જેવડા અથવા તેના કરતા વધારે ઉંમરના છે અને હાલમાં તેઓ હજુ પણ સતત સારું પ્રદર્શન કરતા રહીને પણ ગૌરવથી ક્રિકેટ મેચ રમે છે. આ ઉપરાંત, આ જગતમાં એવા ઘણા બધા માણસો પણ છે કે, જેમણે નિવૃત્તિની વયે પણ દુનિયા કરતા કંઈક અલગ અને નવું કાર્ય કરીને સમાજમાં નવયુવાનો માટે એક નવા માર્ગદર્શક તરીકે ઉભરી

આવ્યા છે. અહિં, કહેવાનો અર્થ એ છે કે, કશું પણ નવું જાણવા માટે, કશું પણ નવું શીખવા માટે, કશું પણ નવું અને સારું કરવા માટે કોઈ પણ ઉંમર બાધ નથી, ઉંમર આડે આવતી નથી. ગમે ત્યારે, ગમે તે ક્ષેત્રમાં કશું પણ નવીન અને સારું કરવા માટે તમારું જે તે ક્ષેત્રમાં પ્રદર્શન મહત્વનું છે, નહિ કે તમારી ઉંમર. "હંમેશા સારું પ્રદર્શન કરતા રહો તો વય કંઈ અવરોધરૂપ નથી." અહિં, એક વાત ખાસ યાદ રાખવી કે, ઉંમર મનુષ્યના મગજમાં હોય છે, શરીરમાં નહિ. તમે કોઈ પણ ઉંમરે મનથી પોતાને હંમેશા નવયુવાન માનતા રહેશો તો તમે હંમેશને માટે નવયુવાન જ રહેશો. કાગળ પર તમારી કેટલી ઉંમર છે તે મહત્વનું નથી પરંતુ, તમે મનથી પોતાની ઉંમર કેટલી માનો છો તે ખૂબ મહત્વનું છે કારણ કે,વૈજ્ઞાનિક રીતે એ સાબિત થઈ ચૂક્યું છે કે,મનુષ્યના દરેક અંગ થોડા થોડા મહિનાઓમાં નવા બનતા રહે છે. આથી તમારું શરીર અમુક મહિનાઓ જૂનું જ છે, નહિ કે વર્ષો જૂનું.

-(અવરોધ-11) મારી ઉંમર બહુ નાની છે અથવા હું સ્ત્રી છું એટલે હું અમુક ક્ષેત્રમાં સફળતા નહિ મેળવી શકું અથવા હું પુરુષ છું એટલે હું અમુક ક્ષેત્રમાં સફળતા નહિ મેળવી શકું વગેરે વગેરે.

(સોલ્યૂશન-11) એક છોકરી કે જે નાની ઉંમરથી જ બેડમિન્ટનની રમતમાં પોતાની મહેનતથી સારામાં સારું પ્રદર્શન કરીને વિશ્વના ટોપ 10 બેડમિન્ટન ખેલાડીઓમાં સ્થાન મેળવે છે. એક છોકરો કે જે પોતાના કોલેજના સમયથી જ અમુક પ્રોજેક્ટ મોડેલ દ્વારા એક સારામાં સારી સોશિયલ મીડિયા એપ્લિકેશન બનાવે છે અને તે એપ્લિકેશનના યુઝર્સ એટલા બધા વધારવામાં સફળ થાય છે કે, તે એપ્લિકેશન આજે વિશ્વની ટોપ 10 એપ્લિકેશનમાં સ્થાન પામે છે અને તે છોકરો આજે દુનિયાના ટોપ 10 ધનવાન લોકોની યાદીમાં પોતાનું સ્થાન મેળવે છે.આજથી થોડા વર્ષો પહેલા ભારતના મહારાષ્ટ્રમાં અમુક મહિલાઓએ ભેગા મળીને, સંગઠન દ્વારા પોતાના ઘરની અગાશી ઉપર સ્વાદિષ્ટ પાપડ વણવાની અને તે પાપડને વેચવાની શરૂઆત કરી હતી અને પાપડનું વેચાણ દિન-પ્રતિદિન એટલું બધું વધતું ગયું કે, તે સંગઠને આજે પાપડની જાણીતી મોટી કંપનીના રૂપમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે અને આ પાપડની કંપની એક મોટી બ્રાન્ડ બનીને ઉભરી આવી છે. આ કંપની આજે દુનિયાના ઘણા બધા દેશોમાં પાપડ એક્સપોર્ટ પણ કરે છે.આ ઉપરાંત, ઘણી બધી સ્ત્રીઓ મોટી મોટી મલ્ટી-નેશનલ કંપનીમાં CEOના પદ પર છે અને ઘણી સારી રીતે કંપનીનું સંચાલન પણ કરે છે.રસોઈ સામાન્ય રીતે સ્ત્રીઓનો વિષય હોય એવું માનવામાં આવતું હોય છે પણ, આ દુનિયામાં ઘણા બધા પુરુષો એવા પણ છે કે જેમણે રસોઈની કળામાં ઘણી સારી નિપુણતા મેળવી છે અને આજે રસોઈની દુનિયામાં પોતાની એક આગવી ઓળખ ઉભી કરી છે. તેમના માર્ગદર્શનથી 5 સ્ટાર હોટેલોમાં તેમની નીચે ઘણી બધી સ્ત્રીઓ અને પુરુષો સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે અને ટીવી ઉપર રસોઈ શો માં રસોઈને લાગતી કેટલીક મહત્વની રેસિપીઓ પણ આપે છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમે છોકરો હોવ કે છોકરી, સ્ત્રી હોવ કે પુરુષ, તમારી ઉંમર નાની હોય છે મોટી એ કંઈ બહુ મહત્વનું નથી. પરંતુ, સૌથી મહત્વની બાબત છે જે તે ક્ષેત્રમાં તમારું પ્રદર્શન. તમે કોઈપણ ક્ષેત્રમાં નાની ઉંમરે પણ સારામાં સારું પ્રદર્શન કરો તો દુનિયા તમારા સારા પ્રદર્શનને લીધે તમને ઓળખશે, નહિ કે તમારી ઉંમરને લીધે. આથી, તમે અત્યારે જ્યાં હોવ ત્યાંથી તમારા કામના ક્ષેત્રમાં ફક્ત અને ફક્ત પોતાના પ્રદર્શનને વધુ સારામાં સારું કરવાનો પ્રયત્ન કરો અને સારામાં સારી સફળતા મેળવીને પોતાની એક આગવી ઓળખ ઉભી કરો.

-(અવરોધ-12) મારી ઊંચાઈ બહુ જ ઓછી છે અથવા ઘણી વધારે છે અથવા મારું શરીર

ખૂબ જ પાતળું છે અથવા મારું શરીર ઘણું જાડું છે અથવા મારો અવાજ સારો નથી અથવા મારા શરીરનો રંગ વધારે પડતો શ્યામ છે અથવા મારો ચહેરો કદરૂપો છે અથવા હું બીજી છોકરીઓ કે સ્ત્રીઓ જેવી સુંદર નથી વગેરે વગેરે.

(સોલ્યૂશન-12) ભારતનો એક ભૂતપૂર્વ ક્રિકેટર જે આજે ક્રિકેટની દુનિયામાં પોતાના રનના રેકોર્ડ વડે "માસ્ટર બ્લાસ્ટર"ના નામથી ઓળખાય છે, તે બેટ્સમેનની ઊંચાઈ પણ ઓછી છે છતાં પણ, તે ખેલાડી ક્રિકેટમાં એક સફળ બેટ્સમેન બની શક્યો. ભારતની એક મહિલા દોડવીર કે જેના શરીરનો વર્ણ શ્યામ છે તેમ છતાં પણ, તેણે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય દોડની સ્પર્ધામાં ભાગ લઈને ઘણી બધી વખત વિજેતા થઈને ઘણા બધા સુવર્ણ ચંદ્રક જીત્યા છે અને દેશનું સન્માન અને ગૌરવ વધાર્યું છે. બોલિવૂડમાં ઘણા અભિનેતા અને અભિનેત્રીઓ એવા છે કે, જેની ઊંચાઈ ઘણી ઓછી છે પણ, તેમ છતાં તેઓએ પોતાની એક્ટિંગના જોરે ઘણી બધી સુપર હિટ ફિલ્મો આપી છે અને આજે સફળતાની ટોચે બિરાજમાન છે. પોતાનો ચહેરો ભલે કદરૂપો હોય પણ પોતાનામાં રહેલી લોકોને હસાવવાની કોમેડી એક્ટિંગના જોરે આજે આવા ઘણા લોકોએ બોલિવૂડમાં સારામાં સારી સફળતા મેળવી છે અને આજે પણ લોકોને પેટ પકડીને હસાવી રહ્યા છે. ભારતમાં આઝાદીની લડતનો પાયો નાખનાર અને ભારતને આઝાદી અપાવવામાં ભાગ ભજવનાર વ્યક્તિ શરીરે પાતળા હતા પણ, તેઓએ પોતાના મક્કમ મનોબળ વડે અંગ્રેજોની ગુલામીમાંથી ભારતને આઝાદી અપાવી. બોલિવૂડનો એક જાણીતો ગાયક કે જેના શરીરનું કદ ઘણું જાડું હતું પણ, તેમ છતાં તેણે એક સફળ ગાયક તરીકેની નામના મેળવી અને તેણે ગાયેલા ઘણા સુપર હિટ ગીતો આજે પણ લોકો આનંદથી સાંભળે છે અને ગાય પણ છે. આજે બોલિવૂડમાં શહેનશાહના નામથી પ્રખ્યાત અભિનેતાને એક સમયે એક ટી.વી. ચેનલે તેનો અવાજ સારો ન હોવાથી તેને રિજેક્ટ કર્યા હતા પણ, તેમ છતાં તેણે હાર ન માની અને બોલિવૂડમાં કામ કરવાનું ચાલુ રાખ્યું અને આજે તે શહેનશાહ બોલિવૂડમાં સફળતાનાં શિખર પર બિરાજમાન છે.આજે બોલિવૂડમાં ઘણી અભિનેત્રીઓ અને અભિનેતાઓ એવા છે કે, જેમના શરીરનો વર્ણ શ્યામ છે અથવા તેમનો ચહેરો સુંદર નથી પણ, તેમ છતાં તેઓએ પોતાની એક્ટિંગના જોરે, પોતાના ટેલેન્ટના જોરે એવી સફળતા મેળવી છે કે, આ લોકો આજે સફળતાનો પર્યાય બની ગયા છે. અમેરિકાનો એક પુરુષ કે જેનો ચહેરો સૂંદર ન હતો તેમ છતાં પણ તે પુરુષ અમેરિકાનો રાષ્ટ્ર પ્રમુખ બન્યો હતો અને સારામાં સારી રીતે પોતાના દેશનો રાજકીય વહીવટ ચલાવવામાં સફળ પણ રહ્યો હતો. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમારા શરીરનો રંગ કેવો છે, તમારી ઊંચાઈ કેટલી છે, તમારો અવાજ કેવો છે, તમારા શરીરનું કદ કેવું છે, આ બધા કરતા વધારે મહત્વનું એ છે કે, તમે જે તે ક્ષેત્રમાં તમારા કામનું કેવું પર્ફોમન્સ આપો છો, તમે જે તે ક્ષેત્રમાં કેવું પ્રદર્શન કરો છો તેના આધારે જ તમારી સફળતા નક્કી થાય છે. તમારાં સારા કે નબળા પર્ફોમન્સના આધારે જ જે તે ક્ષેત્રમાં તમારું સ્થાન નક્કી થાય છે. બની શકે કે, તમારી બાહ્ય સુંદરતા અમુક વર્ષો સુધી તમને સાથ આપે ત્યાં સુધી તમે કોઈ ક્ષેત્રમાં સફળ રહી પણ શકો અને અમુક વર્ષો બાદ બની શકે કે તમારી બાહ્ય સુંદરતા તમારો સાથ છોડી દે તો તમારી સફળતા પણ તમારો સાથ છોડી દે પણ, જો તમે તમારી અંદરનાં ટેલેન્ટને હંમેશને માટે જીવંત રાખી શકશો તો તમે હંમેશને માટે પોતાની સફળતા જાતે જ નક્કી કરી શકશો. તમારું શરીર પાતળું છે કે જાડું તેના આધારે તમારી સફળતા ક્યારેય નક્કી થતી નથી. સફળતા નક્કી થાય છે તમારાં મક્કમ મનોબળ વડે તમે લીધેલા તમારા વધારે સારા સકારાત્મક, સર્જનાત્મક અને સર્વ શ્રેષ્ઠ નિર્ણય પર. શ્રેષ્ઠતા ક્યારેય કાળા-ગોરાનો ભેદ કરતી નથી એટલે કે શ્રેષ્ઠતા વ્યક્તિના શરીરના વર્ણને ઓળખતી નથી. શ્રેષ્ઠતા ક્યારેય સુંદરતા અને કદરૂપતાનો ભેદ કરતી

નથી એટલે કે, શ્રેષ્ઠતા વ્યક્તિના રૂપને ઓળખતી નથી. શ્રેષ્ઠતા ક્યારેય શરીરના જાડા કે પાતળા હોવાનો ભેદ કરતી નથી એટલે કે, શ્રેષ્ઠતા ક્યારેય વ્યક્તિના શરીરના કદને ઓળખતી નથી. શ્રેષ્ઠતા માત્ર અને માત્ર તમારા જે તે ક્ષેત્રમાં પર્ફોમન્સની ભાષાને સમજે છે, ઓળખે છે અને તેને અનૂરૂપ તમને પ્રતિક્રિયા આપે છે. જો કોઈ ક્ષેત્રમાં તમારૂ પર્ફોમન્સ ખરેખર ઘણું જ સારું હશે તો શ્રેષ્ઠતા તમને સફળતાની ટોચ પર પહોંચાડી દેશે અને જો કોઈ ક્ષેત્રમાં તમારું પર્ફોમન્સ ઘણું જ ખરાબ હશે તો તમને સફળતાની ટોચ પર નહિ પહોંચાડે.આથી,અત્યારે તમે જયાં હોવ ત્યાંથી દિન-પ્રતિદિન, દરેક કલાકે, દરેક ક્ષણે પોતાના કામના પ્રદર્શનને વધુ ને વધુ શ્રેષ્ઠ બનાવવા પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરો.

-(અવરોધ-13) બાળપણમાં હું ભણવામાં કે બીજી અમુક બાબતોમાં હોશિયાર ન હતો અથવા મને બાળપણમાં મંદ બુદ્ધિ કહીને બોલાવવામાં આવતો હતો અથવા બાળપણમાં મને અમુક કામ કરવાનો મોકો આપવામાં ન આવ્યો કે ન મળ્યો અથવા બાળપણમાં અથવા યુવાનીના શરૂઆતના વર્ષોમાં મારી પાસે સુખ સગવડ અને સારી સુવિધાઓ ન હતી. તેથી, હું અન્ય લોકોની જેમ પ્રગતિ ન કરી શક્યો કે જીવનમાં આગળ ન વધી શક્યો વગેરે વગેરે.

(સોલ્યૂશન-13) દુનિયામાં સૌ પ્રથમ વીજળીનો બલ્બ બનાવનાર વૈજ્ઞાનિકને તેના બાળપણનાં દિવસોમાં તેની શાળાના શિક્ષકો તેને મંદ બુદ્ધિનો બાળક કહીને બોલાવતા હતા. આજે ભારતમાં સૌથી વધુ પ્રખ્યાત વૉશિંગ પાવડર વેચતી કંપનીના માલિક કે જેની અડધી જિંદગી સાયકલ પર વૉશિંગ પાવડર વેચવામાં ગઈ તેમ છતાં, તેમણે કોઈ પણ જાતની શરમ અને સંકોચ વગર જોશ અને ઉત્સાહથી જીવનમાં આગળ વધવાનું ચાલુ રાખ્યું અને એક દિવસ એક મોટી કંપનીના માલિક બની શક્યા. દક્ષિણ ભારતના સુપર સ્ટાર તરીકે ઓળખાતા અભિનેતાએ પોતાની જિંદગીના ત્રેવીસ વર્ષની ઉંમર સુધી બસમાં બસ કંડક્ટર તરીકેની નોકરી કરી હતી. અહિં કહેવાનો અર્થ એ છે કે, દરેક વ્યક્તિને બાળપણથી જ તમામ સુખ સુવિધાઓ અને તમામ સગવડતાઓ મળે જ એવું નથી હોતું. જે વ્યક્તિને બાળપણથી જ તમામ સુખ સુવિધાઓવાળું અને તમામ સગવડતાઓવાળું વૈભવી જીવન મળ્યું હોય તો તે ખૂબ સારી વાત કહેવાય પણ, જો કોઈ વ્યક્તિને તે ન મળ્યું હોય તો તે વ્યક્તિને એટલી ક્ષમતા તો કુદરત આપે જ છે કે, તે વ્યક્તિ પોતાની જિંદગીના વિતેલા વર્ષોમાં જે જિંદગી જીવ્યા હોય તેના કરતા વર્તમાનમાં ઘણી સારી સુખી, શાંતિપૂર્ણ અને સમૃદ્ધિવાળી જિંદગીનું સર્જન કરી શકે. બસ, જરૂર હોય છે તે ક્ષમતાઓને ઓળખવાની અને તે ક્ષમતાઓનો યોગ્ય અને સાચી દિશામાં ઉપયોગ કરવાની. તમને બાળપણમાં અમુક સુખ, સગવડતાઓ અને સુવિધાઓવાળું જીવન ન મળ્યું હોય તો તેનો મતલબ એવો નથી કે, તમે આગળ જિંદગીમાં પ્રગતિ નહિ કરી શકો અથવા જિંદગીમાં આગળ નહિ વધી શકો. જિંદગીમાં આગળ વધવા માટે, પ્રગતિ કરવા માટે તમે ભૂતકાળમાં શું હતા? ભૂતકાળમાં લોકો તમને શું કહીને બોલાવતા હતા? ભૂતકાળમાં લોકો તમારા વિશે શું વિચારતા હતા? ભૂતકાળમાં તમારી પાસે શું હતું અને શું ન હતું? આ બધી બાબતોનું કોઈ મહત્વ નથી. મહત્વ એ વાતનું છે કે, તમે અત્યારે તમારી પોતાની વિશે શું વિચારો છો અને ભવિષ્યમાં પોતાને કયા સ્થાને જોવા માંગો છો . માનવીની મહત્તા તે ભૂતકાળમાં શું હતો અથવા તે વર્તમાનમાં શું છે તેમાં નથી પરંતુ, તે શું બની શકે છે તેમાં રહેલી છે. જીવનમાં પ્રગતિ કરવા પર કોઈનો પણ એકાધિકાર નથી. જીવનમાં અસાધારણ પ્રગતિ કરવી એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર અને હક છે.

-(અવરોધ-14) હું કંઈક બીજું બનવા માંગતો હતો અથવા ભૂતકાળમાં કોઇ ક્ષેત્રમાં મને કામ

કરવાની તક ન મળી અથવા મોકો ન મળ્યો તેને કારણે આજે હું કંઈક બીજું જ બની ગયો. આથી, હું જિંદગીમાં સફળ ન થઈ શક્યો અથવા આગળ ન વધી શક્યો વગેરે, વગેરે.

(સોલ્યૂશન-14) ભૂતકાળના એક સમયના પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર અને લેખક એક ખૂબ સારા ફૂટબોલર બનવા માંગતા હતા અને તે મોટિવેશનલ સ્પીકર બની ગયા. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમે થોડા વર્ષો પહેલા ભલે ગમે તે ક્ષેત્રમાં ગમે તે બનવા માગતા હોવ અને કોઈ પણ કારણસર તમને તે ક્ષેત્રમાં કામ કરવાનો મોકો ન મળ્યો હોય કે ધારેલી સફળતા ન મેળવી શક્યા હો અને બીજા તમારી પસંદગી સિવાયના અન્ય કોઈ ક્ષેત્રમાં તમારે કામ કરવાનો વારો આવ્યો હોય તો એનો મતલબ એ નથી કે, તમારે તમારી પસંદગી સિવાયના અન્ય કોઈ ક્ષેત્રમાં ફક્ત કામ કરવા ખાતર જ કામ કર્યા કરવું.તમે ધારો તો તમે તે ક્ષેત્રમાં પણ તમારૂં ટેલન્ટ સો ટકા આપીને, સાચી અને યોગ્ય દિશામાં મહેનત કરીને, તમારું સારામાં સારું પર્ફોમન્સ બતાવીને તે ક્ષેત્રમાં સારામાં સારી સફળતા મેળવી શકો છો અને તે ક્ષેત્રમાં પોતાની એક અલગ અને આગવી ઓળખ ઉભી કરી શકો છો. એક સમય એવો આવશે કે, જયારે તમે સફળતાની ટોચ પર પહોંચી જશો અને તે સમયે તમને ભૂતકાળમાં કોઈ એક દિવસ ન ગમતું ક્ષેત્ર તે દિવસે તમને ખૂબ જ ગમવા માંડ્યું હશે. કોઈ કામ નાનું હોય કે મોટું, કોઈ ક્ષેત્ર નવું હોય કે જૂનું કે જેમાં કોઈ પણ વ્યક્તિને જેવી સફળતાનો સ્વાદ ચાખવા મળે કે તરત જ તે કામ કે ક્ષેત્ર તમને આપોઆપ જ ગમવા માંડે છે.

દુનિયાના મોટાભાગના લોકો જયારે અસફળ થાય છે અથવા જેઓ જીવનમાં પ્રગતિ નથી કરી શક્યા અથવા જીવનમાં આગળ નથી વધી શક્યા તો તેના કારણમાં તેઓ ઉપર જણાવેલ બહાનાઓ (અવરોધો)માંથી કોઈને કોઈ એક બહાનું તમારી આગળ ધરી દેશે અને પોતે આત્મસંતોષ પણ માની લેશે. ક્યાં સુધી તમે બહાનાઓ કાઢતા રહેશો? ક્યારેક તો તમને પોતાને અંદરથી શરમ આવશે ને? પણ, બહુ ઓછા લોકો એવા હશે કે, જેઓ પ્રમાણિકપણે અને પૂરી ઈમાનદારીથી એમ કહેશે કે, હા, મારાથી તે સમયે અમુક ભૂલ થઇ હતી અથવા અમુક કાર્ય કરવાનું મારાથી અથવા મારી ટીમથી ચૂકાઇ ગયું હતું. તેને કારણે હું સફળ ન થઈ શક્યો.

એક વાત હંમેશને માટે યાદ રાખવી કે, બહાના કાઢવાથી હજી સુધી ક્યારેય કોઈની પ્રગતિ થઈ નથી. પ્રગતિ થાય છે, બહાનાંમાં રહેલી તકલીફોને હરાવીને, તકલીફોનું સાચું અને કાયમી સોલ્યૂશન મેળવીને. પ્રગતિ થાય છે, જવાબદારી લેવાથી. " જેટલી મોટી જવાબદારી તેટલી વધારે પ્રગતિ. "

દુનિયાના મોટાભાગના લોકો બહાનાના કવચમાં પોતાની કમજોરી ઢાંકે છે અને પોતાના કમ્ફર્ટ ઝોનની બહાર નીકળતા ગભરાય છે અથવા ડરે છે અથવા આળસ કરે છે. આથી, આવા લોકો ક્યારેય પણ અસાધારણ પ્રગતિ કરી શકતા નથી અને એક સાધારણ જિંદગી જીવીને પોતાનું જીવન માત્ર અને માત્ર પસાર કરે છે. હા, હા, ફરી વાર કહું છું, એક સાધારણ જિંદગી જીવીને પોતાનું જીવન માત્ર અને માત્ર પસાર કરે છે.આવા લોકો પોતાના જીવનનો સાચો આનંદ માણી શકતા નથી.

દુનિયાનો કોઈપણ માણસ નાનો હોય કે મોટો હોય, ગરીબ હોય કે ધનવાન હોય, દરેક વ્યક્તિના મનમાં કોઇ ને કોઈ નાનો કે મોટો, ટૂંકા ગાળાનો કે લાંબા ગાળાનો લક્ષ્ય હોવો જ જોઈએ. દુનિયાના ઘણા બધા લોકો પોતાનું લક્ષ્ય નક્કી કરે છે પણ તેમ છતાં, બધી જ વ્યક્તિઓ પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકતી નથી, પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરી શકતા નથી.

આનું એક મોટામાં મોટુ કારણ એ છે કે, દરેક વ્યક્તિ પોતાના લક્ષ્ય તરફ આગળ વધવામાં, પોતાના લક્ષ્યને મેળવવા માટે આગળ વધે છે, મહેનત પણ કરે છે પણ,લક્ષ્ય પ્રાપ્તિના માર્ગમાં કોઈને કોઈ કારણસર અધવચ્ચે જ અટકી જાય છે અને કોઈ કારણસર અટકી ગયા બાદ ત્યાંથી આગળ જ વધી શકતી નથી અને તેને કારણે આવી વ્યક્તિઓને પોતાના લક્ષ્યની પ્રાપ્તિ કોઈ દિવસ થતી નથી. તો ઘણા બધા લોકોને પોતાનું લક્ષ્ય સ્પષ્ટપણે દેખાતું નથી અથવા જોઈ શકતા નથી અથવા નક્કી કરી શકતા નથી અથવા તે લક્ષ્યને કઈ રીતે મેળવવું તેનું કોઈ આયોજન ન હોવાને કારણે આવા લોકો પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરવાનું જ માંડી વાળે છે અને તેને કારણે આવા લોકોને પોતાની સાધારણ જિંદગી જીવવી પડે છે.

કોઈ એક શહેર A થી બીજા શહેર B પહોંચવા માટે એક બસને 450 કિમીનું અંતર રાત્રિના સમયમાં કાપવાનું છે તો, બસનો ડ્રાઈવર પોતાની બસની હેડ લાઈટ ચાલુ કરીને ક્યારેય એમ નહિ કહે કે, બસની હેડ લાઈટનો પ્રકાશ તો માત્ર અમુક ફુટ સુધી જ દૂર જાય છે તેથી 450 કિમી દૂરનું બીજું શહેર B હું જોઈ શકતો નથી. આથી, હું ત્યાં સુધી બસને નહિ લઈ જઈ શકું. તે બસ ડ્રાઈવર પોતાની બસને A શહેરથી B શહેર જવા માટે ચાલુ કરશે ત્યારે બસની હેડ લાઈટ દ્વારા તેને શરૂઆતમાં તો રાત્રિના અંધકારમાં અમુક 90 કે 100 ફુટ દૂર સુધીનું અંતર જ દેખાશે અને તેમ છતાં પણ બસને હંકારવાનું ચાલુ કરશે અને જેમ જેમ તે પોતાની બસ આગળ આગળ હંકારવાની ચાલુ રાખશે અને અમુક ફૂટનું અંતર કાપીને બસ જેવી થોડી વધુ આગળ ચાલશે કે ફરીથી બીજા 90 કે 100 ફુટ દૂર સુધીનું દેખાશે. આ રીતે ક્રમશઃ શરૂઆતમાં અમુક થોડા થોડા ફૂટનું અંતર કાપીને, અમુક થોડા કિમી, 1 કિમી, 2 કિમી, 3 કિમી......10 કિમી .....20કિમી......50 કિમી.... આ રીતે વધુને વધુ કિમીનું અંતર કાપીને એક સમયે બસ પોતાના નિર્ધારિત લક્ષ્ય, 450 કિમી એટલે કે શહેર B પહોંચી જશે.

આ સત્ય વાત પરથી કહેવાનો અર્થ એ છે કે, જો તમને શરૂઆતમાં તમારું લક્ષ્ય ભલે ગમે તે કારણસર ન દેખાતું હોય અથવા અસ્પષ્ટ દેખાતું હોય તો પણ, તમારે તે માર્ગ પર આગળ વધવાનું છોડી ન દેવું જોઈએ અથવા તે માર્ગ પર અટકીને ઉભા ન રહી જવું જોઈએ. તમને જ્યાં સુધી દેખાતું હોય ત્યાં સુધી જાઓ તો ખરા, આગળ તમને જરૂર દેખાશે. તમે જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ તમને તમારા લક્ષ્ય પ્રાપ્તિના માર્ગ પર આગળ વધવામાં મદદરૂપ થાય તેવા કોઈને કોઈ વ્યક્તિ અથવા વસ્તુ અથવા કોઈ સજીવ અથવા નિર્જિવ પુરાવાઓ મળવા લાગશે અને એક દિવસ તમે તમારા લક્ષ્ય સુધી ચોક્કસ પહોંચી શકશો પણ, આના માટે પાયાની શરત એ છે કે, તમારે નિયમિતપણે, મક્કમતાથી યોગ્ય અને સાચી દિશામાં ભલે ધીમી અથવા ઝડપી પરંતુ, મક્કમ ગતિએ સતત ને સતત આગળ વધતા રહેવું પડશે. જેમ બસ ડ્રાઈવરને રાત્રિના અંધકારમાં બસની હેડ લાઈટનો પ્રકાશ ભલે 90 કે 100 ફુટ સુધી જ દૂરનો રસ્તો બતાવે છે અને તે હેડ લાઈટના પ્રકાશની મદદથી ભલે 90 કે 100 ફુટ દૂરનું જ જોઈ શકે છે પણ, જેમ જેમ તે બસને આગળ ને આગળ હંકારતો જાય છે, અમુક ફૂટનું અંતર કાપતો જાય છે તેમ તેમ તેના માર્ગમાં બીજું નવું ને નવું 90 કે 100 ફૂટનું અજવાળું ઉમેરાતું જાય છે અને બીજો આગળનો 90 કે 100 ફૂટનો સ્પષ્ટ રસ્તો બતાય છે અને તે ફરી પાછો આગળ વધતો રહે છે. આ રીતે ક્રમશ: સતત ને સતત યોગ્ય અને સાચી દિશામાં તે આગળ વધતો રહે છે અને અંતે એક સમયે તે પોતાના લક્ષ્ય સ્થાને પહોંચી જાય છે. આ રીતે તમારે પણ પોતાની જિંદગીમાં સતત અને હંમેશા પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાની

યોગ્ય અને સાચી દિશામાં ભલે ધીમે અથવા ઝડપથી, મક્કમતાથી સતત આગળ વધતા રહેવું જોઈએ જેથી, તમે તમારા લક્ષ્યને ચોક્કસ પ્રાપ્ત કરી શકો. આ સત્ય વાત પરથી કહેવાનો અર્થ એ છે કે, દરેક વ્યક્તિને પોતાની જાતમાં આત્મવિશ્વાસ તો હોય જ છે.બની શકે કે,આ આત્મવિશ્વાસ નું સ્તર અલગ અલગ વ્યક્તિઓમાં હોય. કોઈ એક કાર્ય કરવા માટે બની શકે કે, કોઈ એક વ્યક્તિને પોતાના આત્મવિશ્વાસની મદદથી 10 સ્ટેપ સુધીનો માર્ગ દેખાતો હોય. જ્યારે અન્ય બીજી વ્યક્તિને પોતાના આત્મવિશ્વાસની મદદથી તે જ કાર્ય કરવા માટેના 5 સ્ટેપ સુધીનો માર્ગ જ દેખાતો હોય. તો આ બંને પ્રકારના વ્યક્તિઓએ પોતાના લક્ષ્યને મેળવવાના માર્ગ પર પાંચ- પાંચ સ્ટેપ કે દસ-દસ સ્ટેપ આગળ ને આગળ વધતા જ રહેવું જોઈએ કારણ કે, આત્મવિશ્વાસ એ નાનકડી હાથબતી છે, જે અંધકારમાં તમને બધું જ નહીં બતાવી શકે પણ તમને આગલું ડગલું મુકવાની જગ્યા ક્યાં છે એ જરૂર બતાવશે અને તમે બે-બે, ચાર-ચાર, પાંચ- પાંચ કે દસ-દસ ડગલાં જેમ જેમ આગળ ને આગળ મૂકતા જશો તેમ તેમ તમને આગળ વધુ ને વધુ ડગલાં મૂકવાની જગ્યા કુદરતી રીતે આપોઆપ જ મળવા લાગશે અને એક દિવસ એવો આવશે કે તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરી લીધું હશે.

દરેક વ્યક્તિને પોતપોતાની પસંદગી અને ઈચ્છા પ્રમાણે અલગ અલગ લક્ષ્ય હોય છે. જેમ કે, કોઈ એક વ્યક્તિનું લક્ષ્ય એક સારા ક્રિકેટર કે ફૂટબોલર બનવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિનું લક્ષ્ય સારા ડૉક્ટર કે એંજિન્યર બનવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિનું લક્ષ્ય પોતાની જિંદગીના અમુક વર્ષો સુધીમાં કરોડો અને અબજો રૂપિયા મેળવવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિ માટે પોતાની જિંદગીના અમુક મહિનાઓ પછી સારી નોકરી મેળવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિ માટે અમુક સમય પછી બીજી અન્ય કોઈ વ્યક્તિને મેળવવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિ માટે અમુક મહિનાઓ કે વર્ષો પછી સારી કાર કે બંગલો મેળવવાનું હોય શકે, કોઈ એક વ્યક્તિ માટે અમુક મહિનાઓ કે વર્ષો પછી પોતાની એક મોટી ફેક્ટરી કે કંપની ઉભી કરવાનું હોય શકે, વગેરે વગેરે. તમે એક વાર તમારું લક્ષ્ય સ્પષ્ટપણે નક્કી કરી લો છો ત્યારબાદ, તમે જ્યાં હો ત્યાંથી તમને તમારું લક્ષ્ય સ્પષ્ટ દેખાય કે ન દેખાય પણ તે લક્ષ્યની દિશામાં આગળ વધવાનું ચાલુ કરી દેવું. મોટા ભાગના લોકો અહિં જ ભૂલ કરી બેસે છે કારણ કે, અમુક અમુક લોકોને પોતાનું લક્ષ્ય સ્પષ્ટ દેખાતું હોય તેમ છતાં પણ, તે લક્ષ્યને મેળવવાનો સાચો રસ્તો, કોઈ સાચી યોજના તેમની પાસે ન હોવાથી આવા લોકો લક્ષ્ય પ્રાપ્ત કરવાનું જ માંડી વાળે છે પરંતુ,આવા લોકોએ કોઈ સાચી અને યોગ્ય યોજના કે રસ્તો બનાવીને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાના માર્ગે આગળ વધવું જોઈએ. અહિં, એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે, ભલે તમને તમારા લક્ષ્ય સુધી પહોંચવાનો રસ્તો કે યોજના સો એ સો ટકા સ્પષ્ટ દેખાતી ન હોય અથવા ધૂંધળી દેખાતી હોય તો પણ તમને તમે જ્યાં હોવ ત્યાંથી અમુક ડગલાં આગળ વધવા સુધીનું અંતર તો સ્પષ્ટ દેખાતું જ હશે તો ઓછામાં ઓછું ત્યાં સુધી તો આગળ વધવું જ અને ત્યાં સુધી જશો તો તમને તેનાથી પણ વધુ આગળ વધવા માટે ઉપયોગી થઈ શકે તેવા કોઈ અન્ય વ્યક્તિ, અન્ય કોઈ સાધન કે સંપત્તિ, અન્ય કોઈ સજીવ કે નિર્જીવ પુરાવા, કોઈ પ્રેરણા, કોઈ યુક્તિ, કોઈ આઈડિયા કોઈને કોઈ રૂપ કે સ્વરૂપમાં ચોક્કસ મળી આવશે અને તે તમારી મદદ કરશે. જેની મદદથી તમે તમારા લક્ષ્ય પ્રાપ્તિના માર્ગે વધુ આગળ વધી શકશો . "જો તમારું ધ્યાન, તમારા વિચારો સતત મુશ્કેલી ઉપર જ કેન્દ્રિત હશે તો તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત નહિ કરી શકો તે નક્કી છે એ જ રીતે, જો તમારું ધ્યાન, તમારા વિચારો સતત તમારા લક્ષ્ય પર જ કેન્દ્રિત હશે તો આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે પણ તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરી

શકશો તે પણ નક્કી છે."

આ ઉપરાંત, પોતાના લક્ષ્યને મેળવવામાં સૌથી મહત્વની બીજી વાત એ છે કે, પોતાના શરૂઆતના સ્થાનેથી, પોતાની શરૂઆતની સ્થિતિથી છેવટની અને અંતિમ પોતાના લક્ષ્ય પ્રાપ્તિ વખતનું સ્થાન અને અંતિમ લક્ષ્ય પ્રાપ્તિની સ્થિતિ વચ્ચેના રસ્તાને, વચ્ચેના સમયને,વચ્ચેની યોજનાનું વિભાજન કરવું. જેથી કરીને, તમે તમારા ગમે તેવા મોટા લક્ષ્ય સુધી પણ આત્મવિશ્વાસથી, સરળતાથી અને ઝડપથી પહોંચી શકો.

A B

વિકલ્પ-(1)

A 1 2 3 4 5 6 7 8 9 10 B

વિકલ્પ-(2)

(અહિં 1,2,3,4.....એમ અલગ અલગ આંકડાઓ અલગ અલગ વિભાજન પ્રમાણે, અલગ અલગ લક્ષ્ય પ્રમાણે, અલગ અલગ સમય અથવા અલગ અલગ વ્યક્તિ અથવા અલગ અલગ ચીજવસ્તુ અથવા અલગ અલગ નાણાં હોઈ શકે છે.)

કોઈ એક વ્યક્તિ માટે પોતાના પ્રારંભિક સ્થાન અને પ્રારંભિક સ્થિતિથી (એટલે કે,સ્થાન A થી) પોતાના લક્ષ્ય પ્રાપ્તિ વખતના અંતિમ સ્થાન અને લક્ષ્ય પ્રાપ્તિ વખતની અંતિમ સ્થિતિ (એટલે કે, સ્થાન B) સુધી કેવી રીતે સરળતાથી અને ઝડપથી પહોંચું તે વિસ્તૃત સમજીએ.

-વિશ્વના મોટાભાગના લોકો વિકલ્પ-(1) પ્રમાણે પોતાના પ્રારંભિક સ્થાનેથી પોતાના લક્ષ્યને મેળવવા માટે કામ તો કરે છે પણ, તે કામમાં કોઈ પણ પ્રકારની યોજના હોતી નથી અથવા કોઈ પણ પ્રકારનું મેનેજમેન્ટ હોતું નથી અથવા કેટલા સમય પછી ક્યાં પહોંચવું તેનો કોઈ માપદંડ હોતો નથી અથવા કેટલા સમય પછી કઈ વ્યક્તિને સાથે લઈને પોતાના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી શકાય તેની કોઈ યોજના હોતી નથી અથવા કેટલા સમય પછી અમુક ચીજ વસ્તુ કે નાણાં પોતે મેળવશે અને તે ચીજ વસ્તુ કે નાણાં પોતાને કઈ રીતે ઝડપથી અને સરળતાથી પોતાના લક્ષ્ય સુધી પહોંચાડશે,તેનું કોઈ નક્કર આયોજન હોતું નથી... વગેરે કારણોને લીધે આવા લોકો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકતા નથી એટલે કે આવા લોકો પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે કોઈપણ પ્રકારના અગાઉના આયોજન વિના પોતાના લક્ષ્ય તરફ આંધળી દોટ મૂકે છે અને તેનો દોષ પોતાના ભાગ્યને આપે છે અને એવું પણ કહે છે કે, મારુ તો ભાગ્ય જ ખરાબ છે અથવા તે વ્યક્તિ, વસ્તુ કે નાણાં મારા ભાગ્યમાં ન હતા તેથી, હું તેને મેળવી ન શક્યો અથવા તે નોકરી મારા ભાગ્યમાં ન હતી તેથી, હું તેને મેળવી ન શક્યો. જે ખરેખર બહુ જ ખોટું કહેવાય, બેજવાબદાર કહેવાય. આવા લોકોએ ખરેખર પોતાને બેજવાબદાર બનાવવા કરતા, પોતે પોતાના લક્ષ્ય સુધી કઈ રીતે ઝડપથી અને સરળતાથી પહોંચી શકે તે માટે વિકલ્પ-(2) પ્રમાણે કાર્ય કરવું જોઈએ.

-વિકલ્પ-(2) પ્રમાણે, સૌથી પહેલા તમારા પ્રારંભિક સ્થાનેથી, પ્રારંભિક સ્થિતિથી, પ્રારંભિક

સમયથી તમારા અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાના અંતરને, સમયને અને તમારી યોજનાને બરાબર ઓળખો અને તેને પ્રાપ્ત કરવા માટે લાગતા સમયને સેકન્ડ, મિનિટ, કલાક કે દિવસો પ્રમાણે વિભાજન કરી દો. એટલે કે, તમારા મુખ્ય લક્ષ્ય સુધી પહોંચવા માટેના માર્ગને, રોડ મેપને, તમારા આયોજનને તમે અમુક સમય કે અમુક વ્યક્તિ કે અમુક ચીજ વસ્તુ કે અમુક નાણાં વડે વિભાજન કરીને પેટા લક્ષ્ય બનાવતા જાઓ અને વારાફરતી એક પછી એક પેટા લક્ષ્ય બનાવીને તેને પ્રાપ્ત કરીને પોતાના મુખ્ય લક્ષ્યને પ્રાપ્ત કરો.

એટલે કે, - તમારા લક્ષ્યની કુલ રકમ / કુલ સમય

-તમારા લક્ષ્યનું કુલ અંતર / કુલ સમય

-તમારા લક્ષ્યની કુલ ચીજ વસ્તુઓ / કુલ સમય

-તમારા લક્ષ્યની કુલ વ્યક્તિઓ / કુલ સમય

-તમારા લક્ષ્યનું કોઈપણ પ્રકારનું કુલ કામ/ કુલ સમય

-તમારા લક્ષ્યની કોઈપણ પ્રકારની કુલ યોજનાઓ / કુલ સમય

ઉદાહરણ તરીકે, તમે અમુક સમય સુધીમાં અમુક મોટી રકમ તમારા બેન્ક બેલેન્સમાં જોવા માગતા હો તો, તમારા આજના દિવસથી તમે તે રકમ કેટલા વર્ષ પછી તમારા બેન્કખાતામાં જોવા માંગો છો તેનો કુલ સમય નક્કી કરી લો. કદાચ તે સમય માની લો કે, પાંચ વર્ષ છે તો તમારી કુલ રકમનો પાંચ વર્ષના કુલ દિવસો વડે ભાગાકાર કરો. (તમારા લક્ષ્ય પ્રાપ્તિની રકમ/1825 દિવસ) અહિં, જે જવાબ આવે તે રકમ આજથી જ તમારા બેન્ક ખાતામાં નિયમિતપણે જમા કરાવવાનું ચાલુ કરી દો અને આ રીતે દરરોજ નિયમિતપણે કરતા રહેવાથી જયારે પાંચ વર્ષ પુરા થશે ત્યારે તમારા લક્ષ્ય પ્રમાણેની રકમ તમારા બેન્ક ખાતામાં જમા થઈ ગઈ હશે. શરૂઆતના દિવસથી જ રોજે રોજ તમને નાની રકમ તમારા બેન્ક ખાતામાં જમા કરાવવામાં કોઈ તકલીફ નહિ પડે અથવા તકલીફ પડશે તો એકદમ ઓછી પડશે. પરંતુ, સાડા ચાર કે પોણા પાંચ વર્ષ પછી તમારે એક સાથે મોટી રકમ તમારા બેન્ક ખાતામાં જમા કરાવવી મુશ્કેલ પણ થઈ પડે અથવા તેમાં તમને અગવડતા પડી શકે તેવું પણ બને. આ જ સિધ્ધાંત કોઈપણ શિક્ષણને લગતા અભ્યાસક્રમ માટે, કોઈ પણ યોજનાઓ માટે, કોઇ પણ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, કોઈ પણ ચીજવસ્તુઓ મેળવવા માટે, ગમે તેટલી વ્યક્તિઓને એકજૂથ કરવા માટે ટૂંકમાં, કોઈ પણ પ્રકારના નાના કે મોટા કાર્ય માટે એટલો જ લાગુ પડે છે.

આ વાત દરેક વ્યક્તિને એકદમ સરળતાથી સમજાય તેવી છે પણ, તેમ છતાં આ સરળ અને શ્રેષ્ઠ સિધ્ધાંતનો જગતનાં બહુ જ ઓછા લોકો પોતાના રોજિંદા જીવનમાં અમલ કરે છે.અહિં, ફરી એકવાર યાદ કરી લઈએ કે, “સરળ એ જ શ્રેષ્ઠ હોય છે.”

આ રીતે તમે આજથી એટલે કે શરૂઆતના સમયથી અમુક સેકન્ડ પછી કે અમુક મિનિટો પછી કે અમુક કલાકો પછી કે અમુક દિવસો પછી કે અમુક મહિનાઓ પછી કે અમુક વર્ષો પછી તમે જેટલું અંતર કાપવા માંગતા હોવ, તમે જેટલા પણ નાણાં મેળવવા માગતા હોવ, જેટલી પણ વ્યક્તિને મેળવવા માંગતા હોવ, જેટલી પણ યોજના બનાવવા માંગતા હોવ, જેટલી પણ ચીજ વસ્તુઓ મેળવવા માંગતા હોવ તે તમામનું લિસ્ટ બનાવીને તેને વારાફરતી તમારી જરૂરિયાત મુજબ કુલ સમય વડે ભાગાકાર કરો અને જે જવાબ આવે તેને

પ્રતિદિન કાર્યના રૂપમાં અમલમાં મુકતા જાઓ અને આ રીતે નિયમિત અને મક્કમપણે કાર્ય કરતા રહેવાથી તમે નિર્ધારિત કરેલા સમયે તમારા લક્ષ્યને સરળતાથી પ્રાપ્ત કરી શકશો.

વિકલ્પ-(2) પ્રમાણે, પોતાના અગાઉના આયોજન પ્રમાણે કાર્ય કરીને પોતાના લક્ષ્ય સુધી પહોંચવાનો સૌથી મોટો ફાયદો એ છે કે, તમે જેમ જેમ પોતાના પેટા લક્ષ્યને પ્રાપ્ત કરતા જશો તેમ તેમ તમારામાં કુદરતી રીતે જ પોતાના મુખ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો ઉત્સાહ, ઉમંગ, જોશ, ઉર્જા વધતા જશે અને તમને એક નવી તાકાત પણ મળતી જશે જે તમને તમારા મુખ્ય લક્ષ્ય સુધી પહોંચાડવામાં વધુ મદદરૂપ બનશે અને તેની મદદથી તમે તમારા મુખ્ય લક્ષ્યને વધુ સરળતાથી, વધુ ઝડપથી અને વધુ આનંદથી પ્રાપ્ત કરી શકશો.

~ આત્મ ચિંતન

-શું તમે તમારા જીવનમાં પ્રગતિ કરવા માટે, સુખ, શાંતિ, તંદુરસ્તી અને સમૃદ્ધિવાળી જિંદગી જીવવા માટે કોઈપણ નાના કે મોટા, ટૂંકા કે લાંબા ગાળાના લક્ષ્ય બનાવ્યા છે કે નહિ?
-શું તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કોઈ નક્કર આયોજન કર્યા છે કે નહિ ?
-શું તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દિવસ-રાત કાર્ય કરો છો કે અમુક બહાનાઓ બતાવીને, અમુક સમસ્યાઓ બતાવીને તે લક્ષ્યને પ્રાપ્ત કરવાનું જ માંડીવાળો છો ?
-શું ક્યારેય પણ તમે પોતે મનથી તો હારી નથી જતા ને ?
-શું તમને કોઈ સમયે કોઈ કામમાં સફળતા નથી મળતી તો તેવા સમયે તમે નિરાશ થઈ જાવ છો કે અગાઉ સફળતા ન મળી હોય તેવા કોઈ કારણ શોધીને તેને સૉલ્વ   કરીને ફરી નવા જોશ અને ઉત્સાહથી સફળતા મેળવવા માટે કાર્ય કરવા માંડો છો?
-શું તમે તમારા પ્રારંભિક સ્થાનેથી તમારા લક્ષ્ય સુધી પહોંચવાના માર્ગનું કોઈ નક્કર આયોજન વડે, સમય અથવા નાણાં અથવા ચીજ વસ્તુ અથવા વ્યક્તિ વડે વિભાજન કરીને આગળ વધો છો કે કોઈ આયોજન વગરની આંધળી દોટ મુકો છો ?

પ્રકરણ ૭ : બે કે બે કરતા વધારે કામમાંથી પ્રથમ કયા કામની પસંદગી કરવી તથા ઝડપી અને સાચો નિર્ણય કેવી રીતે લેવો ?

કોઈપણ વ્યક્તિ પોતાના રોજિંદા જીવનમાં, સવારથી સાંજ સુધી પોતાના માટે અને/અથવા બીજાના માટે ઘણા બધા કાર્યો કરે છે. તે કાર્યો પોતાના ઘરના, પોતાની ઑફિસના, પોતાના કામ-ધંધાના સ્થળના, પોતાની ફેક્ટરીના કે કંપનીના પોતે જ્યાં કામ કરે છે, તેના હોય શકે છે અને આ પ્રમાણે જ લગભગ દુનિયાના બધા લોકોની દિનચર્યા ચાલતી હોય છે.

જ્યાં સુધી કોઇ એક વ્યક્તિ પાસે પોતાને કરવા માટેનું કોઇ એક કામ હોય છે, ત્યાં સુધી તે વ્યક્તિ તે એક કામને ખૂબ જ સારી રીતે અને સફળતાથી કરી શકે છે. પરંતુ, જો કોઈ વ્યક્તિ પાસે ફક્ત તે જ વ્યક્તિને કરવા પડે તેવા બે-ત્રણ કે તેથી વધુ કામો એક સાથે અને એક સમયે ભેગા થઇ જાય છે ત્યારે ઘણા વ્યક્તિને કયા સમયે, કયું કામ પહેલા કરવું અને કયું કામ પછી કરવું, તેનો યોગ્ય નિર્ણય ન કરી શકવાને કારણે ઘણા બધા કાર્યો બાકી રહી જાય છે અથવા સમયસર પુરા થઇ શકતા નથી અથવા સારી રીતે પૂર્ણ થતા નથી અથવા કામની ગુણવત્તા બગડે છે અથવા અમુક કાર્યો કરવાનું ભૂલી જવાય છે. જેને લીધે માનસિક તણાવ, ટેંશન પેદા થાય છે અને તેની સીધી કે આડકતરી અસર જે તે વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પણ પડે છે અને અહીંથી જ ઘણી બધી સમસ્યાઓનું નિર્માણ થાય છે.આથી આ પ્રકારની સમસ્યામાંથી બહાર નીકળવા માટેનો સૌથી સરળ અને સૌથી વધુ અસરદાર ઉપાય એક ટેકનિક છે અને તે ટેક્નિકનું નામ છે NTB ટેક્નિક .

તમારી પાસે જયારે બે કે બે કરતા વધુ કામો એકસાથે ભેગા થઈ જાય ત્યારે તે બધા જ કામોને

-તેમની સૌથી વધારે જરૂરિયાતથી સૌથી ઓછી જરૂરિયાત (Need)

- કયું કામ પહેલા પૂર્ણ કરીને આપવાનું છે અને કયું કામ પછી પૂર્ણ કરીને આપવાનું છે એટલે કે, સમય મર્યાદા(Time)

- કયા કામને કરવાથી સૌથી વહેલો અને/અથવા વધુ ફાયદો થશે અને કયા કામને કરવાથી મોડો અને/અથવા ઓછો ફાયદો થશે. (Benefit)

આ પ્રમાણે વિભાજિત કરી દો.

આ પ્રમાણે (1)કામની જરૂરિયાત, (2) કામ પૂર્ણ કરી આપવાના સમય (એટલે કે કામની સમય મર્યાદા) અને (3)તે કામ કરવાથી થતો ફાયદો. આ ત્રણ માપદંડ પ્રમાણે બધા કામોને અલગ અલગ વિભાજિત કરી દો. એકવાર તમે આ રીતે કામ વિભાજન કરવાની કળામાં નિપુણ બની જશો ત્યારબાદ તમારી પાસે ગમે તેટલા કાર્યો એકસાથે ભેગા થઇ જશે તો પણ તમે કોઈપણ પ્રકારના માનસિક તણાવ વગર, આનંદથી તે તમામ કામોને ખૂબ જ સારી રીતે

સફળતાપૂર્વક કરી શકશો.

ઉદાહરણ તરીકે, કોઈ એક ઓફિસમાં કે ઘરમાં કોઈ એક યુવક કે યુવતી પાસે એકસાથે પાંચ કામ(A,B,C,D,E) ભેગા થઈ જાય છે અને તે પાંચે કામ પોતે જ કરવા પડે એમ જ છે તો, સૌથી પહેલા,

(1) તે તમામ પાંચે કામને તેમની સૌથી વધારે જરૂરિયાથી લઈને સૌથી ઓછી જરૂરિયાતના ક્રમમાં ગોઠવો.

(2) જેવા આ પાંચે કામ તેની સૌથી વધારે જરૂરિયાતથી લઈને સૌથી ઓછી જરૂરિયાતના ક્રમમાં ગોઠવાય જાય તે પછી, તરત જ તે તમામ પાંચે કામ પૂર્ણ કરવાના સમય એટલે કે,સમય મર્યાદાના ક્રમમાં ગોઠવો. એટલે, કામ પસંદગી કરવાના બીજા માપદંડમાં, આ બંને કામ પુરા કરવામાં જે કામ પૂરું કરવા પાછળ સમય ઓછો લાગતો હોય તેવા કામને પહેલા રાખો અને જે કામ પૂરું કરવા પાછળ સમય વધુ લાગતો હોય તે કામને બીજા સ્થાને રાખો.

દા.ત.-(કામ A ને પૂર્ણ કરવામાં સૌથી ઓછો સમય લાગે છે અને ત્યારબાદ ક્રમશ: કામ B અને કામ C ને પૂર્ણ કરવામાં કામ A ની સરખામણીમાં વધુ સમય લાગતો હોય તો તેને સમય મર્યાદાના ક્રમ પ્રમાણે A,B,C….. આ પ્રમાણે ગોઠવાતા જાઓ.)

(3)આ રીતે કામની જરૂરિયાત અને કામ પૂર્ણ કરવાની સમય મર્યાદાને આધારે (એટલે કે, કામ A પહેલા ક્રમે અને કામ B બીજા ક્રમે) ગોઠવાય જાય ત્યાર પછી, તે બંને માંથી કયું કામ કરવાથી વહેલો અને/અથવા વધુ ફાયદો થશે અને કયું કામ કરવાથી મોડો અને/અથવા ઓછો ફાયદો ફાયદો થશે તે પ્રમાણે, કામ A અને કામ B ને ગોઠવો. એટલે કે, જો કામ A કરવાથી વહેલો અને/અથવા વધુ ફાયદો મળતો હોય તો કામ A ને પહેલા પૂર્ણ કરવું અને જો કામ A કરવાથી વહેલો અને/અથવા વધુ ફાયદો ન મળતો હોય પરંતુ, કામ B ને કરવાથી વહેલો અને/અથવા વધુ ફાયદો મળતો હોય તો પહેલા કામ B ને પહેલા પૂર્ણ કરવું.

આ NTB ટેકનિક, સિદ્ધાંત દુનિયાના દરેક ક્ષેત્રમાં, દરેક કામમાં લાગુ પડે છે અને એકવાર તમે આ ટેક્નિકનો ઉપયોગ કરવામાં નિપુણ બની જશો ત્યારબાદ તમે પોતે ગમે તેટલા કામોને સ્ટેપ બાય સ્ટેપ, કોઈ પણ પ્રકારના માનસિક તણાવ વગર, આનંદથી,સફળતાપૂર્વક કરી શકશો અને સાથે સાથે તમારું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ સારું રહેશે અને તમે ઑફિસ અથવા ઘરના કોઈ પણ કામમાં ચોવીસે કલાક ખુશ રહી શકશો.

તમારી પાસે રહેલા કામોમાંથી કયા કામની સૌથી વધારે જરૂરિયાત છે અને કયા કામની સૌથી ઓછી, કયા કામને અમુક સમય મર્યાદામાં રહીને પહેલા પૂર્ણ કરવાનું છે અને કયા કામને પછી, કયું કામ પૂર્ણ કરવાથી વહેલા અને/અથવા વધુ ફાયદો થશે અને કયું કામ પૂર્ણ કરવાથી મોડો અને/અથવા ઓછો ફાયદો થશે, તે નક્કી કરવાનું કામ જે તે વ્યક્તિના કામના પ્રકાર પ્રમાણે, પોતાની નિર્ણય શક્તિ, સમજણ શક્તિ, તે વ્યક્તિની ક્ષમતા, યાદશક્તિ, તેની આવડત અને કોઠાસૂઝ, તેની હિમ્મત, તેની સર્જનાત્મક અને રચનાત્મક શક્તિ ...વગેરે જેવી ઘણી બધી બાબતો ઉપર આધાર રાખે છે.

આજથી એક વર્ષ પહેલાની વાત છે. મારો મિત્ર જે કંપનીમાં કામ કરતો હતો તે કંપનીમાં થોડા દિવસોનું દિવાળી વેકેશન પડયું હતું. મારો મિત્ર અને મારા મિત્રનો પરિવાર ભાડાના ફ્લેટમાં રહેતા હતા. આ ફ્લેટ તેના કોઈ સંબંધીનો હતો. તે ફ્લેટનું ભાડું Rs 5000 /માસ હતું. તેઓ દિવાળી પર આખા વર્ષનું ભાડું એકસાથે ચુકવતા હતા. મારા મિત્ર અને તેના પરિવારના બધા જ સભ્યોએ દિવાળીના વેકેશનમાં ગામડે જવાનું નક્કી કર્યું. વેકેશન પાડવાના બરાબર બે દિવસ પછીની એટલે કે બરાબર ત્રીજા દિવસની સાંજની સાત વાગ્યાની તેના ગામ જવાની બસની ટિકિટ લઈ લીધી. વેકેશનના શરૂઆતના બે દિવસ તો તેના અને તેના ઘરના નાના નાના કામ પતાવવામાં જ પુરા થઈ ગયા અને જે દિવસે તેને ગામડે જવાનું હતું તે જ દિવસે તેને આખા વર્ષનું ભાડું ચૂકવવાનો સમય મળ્યો કારણ કે, તેને કોઈ અન્ય સંબંધી પાસેથી Rs 90,000 લેવાના હતા. તે સંબંધી વેકેશન પછીના ત્રીજા દિવસે સાંજે પાંચ વાગ્યે Rs 90,000 આપવા આવવાના હતા.તે સંબંધી તેને સાંજે બરાબર પાંચ વાગ્યે 90,000 રૂપિયા આપી ગયા. ત્યારબાદ મારા મિત્રએ 60,000 રૂપિયા ભાડા માટે ચૂકવવાના અને બાકીના 30,000 રૂપિયા પોતાના સેઇફ લોકરમાં મુકવાનું નક્કી કર્યું. મારો મિત્ર ભાડાની રકમ ચૂકવવા જેવો ઘરની બહાર નીકળ્યો કે તરત જ, તેની પત્ની એ તેને કહ્યું કે, "મારે અમુક ચીજ વસ્તુની ખરીદી કરવાની બાકી રહી ગઈ છે,એટલે તમે મારી સાથે તે લેવા માટે આવો, આપણે થોડા સમયમાં જ પાછાં આવી જઈશું." આથી, મારો મિત્ર તેની પત્નીની સાથે અમુક ચીજ વસ્તુઓ લેવા માટે નીકળી ગયો. તે દિવસે તેની પત્નીએ લગભગ 850 રૂપિયાની ખરીદી કરી. આ ચીજ વસ્તુઓ એવી હતી કે, તેની ખરીદી અમુક દિવસો પછી કરે તો પણ ચાલી શકે એમ હતું. તેઓને ઘરે પરત ફરતા જ સાંજના સાડા છ વાગી ગયા. આથી, મારા મિત્રને ભાડું ચૂકવવા જવા માટેનો અને બાકીની રકમ સેઇફ લોકરમાં મુકવાનો સમય ન મળ્યો અને તેને તેની તમામ રકમ એટલે કે, 90,000 રૂપિયા પોતાના ઘરમાં મૂકીને જવું પડ્યું. આ દરમ્યાન વેકેશનમાં બન્યું એવું કે, મારા મિત્રના ઘરે રાત્રે ચોર આવ્યા અને ચોરે એટલી ચતુરાઈથી ચોરી કરી કે, બાજુના ફ્લેટમાં રહેતા લોકોને પણ ખબર ન પાડવા દીધી અને તે 90,000 રૂપિયા અને બીજી અમુક રકમ એમ કુલ મળીને લગભગ 1,10,000 રૂપિયાની ચોરી કરીને નાસી ગયા. આથી, જે રકમને મારો મિત્ર ભાડું ચૂકવવા માટે જવાનો હતો તે અને જે રકમ સેઇફ લોકરમાં મુકવા જવાનો હતો તે રકમ તો ચોરાઈ જ ગઈ પરંતુ, તે સિવાયની બીજી રકમ પણ ચોરાઈ ગઈ. આથી, તેને દિવાળી પછી, વેકેશન ખૂલતાં જ આવીને ચૂકવવાની ભાડાની રકમ બીજા લોકો પાસેથી ઉછીનાં લઈને ચૂકવવી પડી. આ સત્ય ઘટના પરથી કહેવાનો અર્થ એ છે કે, તમારે જ્યારે ઘણા બધા કામો એક સાથે ભેગા થઈ જાય ત્યારે તે તમામ કામોને NBT સિદ્ધાંત પ્રમાણે વિભાજન કરીને ગોઠવણી કરી દો અને ત્યારબાદ એક પછી એક કામ, સ્ટેપ બાય સ્ટેપ સફળતાપૂર્વક પૂર્ણ કરતા જાવ, જેથી કરીને તમારે ક્યારેય પસ્તાવાનો વારો ન આવે.

ઉપરની ઘટનાનું નિષ્પક્ષતાથી, તટસ્થતાથી અને એકદમ સત્ય વિશ્લેષણ કરવામાં આવે તો ખબર પડશે કે,

-જે કામ કરવાની પહેલા જરૂરિયાત હતી(એટલે કે, ભાડું ચૂકવવાનું કામ અને સેઇફ લોકરમાં અમુક રૂપિયા મુકવાનું કામ) તે કામ પહેલા ન થઈ શક્યું અને બીજા જે કામની જરૂરિયાત ઓછી હતી(મારા મિત્રની પત્નીને જે અમુક ચીજ વસ્તુની ખરીદી કરવાની બાકી રહી ગઈ હતી તે કામ) તે કામ પહેલા પૂર્ણ કર્યું અને એમ નક્કી કર્યું કે, બીજા નંબરનું કામ પૂર્ણ કરીને જે

સમય બચશે તેમાં પહેલા નંબરનું કામ પૂર્ણ કરી દઈશ પણ બન્યું એવું કે, જે સમય મર્યાદા હતી તે સમય મર્યાદામાં માત્ર બીજા નંબરનું કામ જ થઇ શક્યું અને પહેલા નંબરનું ખૂબ વધુ જરૂરિયાતવાળું, વધુ મહત્વનું કામ ન થઈ શક્યું. તેને કારણે મારા મિત્રને તેની મહેનતની કમાણીના 90,000 રૂપિયા ગુમાવવા પડયા.

આ પ્રકારના મોટા ભાગના કિસ્સાઓમાં, દુનિયાના મોટાભાગના લોકો અજાણ્યે એકસરખી જ ભૂલ કરે છે. આવા ઘણા બધા કિસ્સાઓ આપણી આસપાસ રોજ બનતા હોય છે અને તે તમામ કિસ્સાના મૂળ સુધી પહોંચવામાં આવે તો તમને ચોક્કસ જાણવા મળશે કે, લોકો જે કામની વધારે જરૂરિયાત હોય, જે કામ વધારે મહત્વનું હોય તેને પૂર્ણ કરવાને બદલે જે કામની ઓછી જરૂરિયાત હોય અથવા જે કામ થોડા દિવસો પછી કરે તો પણ ચાલે તેમ હોય તેવા કામને પહેલા પૂર્ણ કરે છે અથવા પહેલા પૂર્ણ કરવાના પ્રયાસ કરે છે અને બને છે એવું કે, બીજા નંબરનું કામ પૂર્ણ થતા પહેલા નંબરનું વધારે જરૂરિયાતવાળું, વધારે મહત્વપૂર્ણ કામ કરવાનું ભૂલાઈ જાય છે અથવા પહેલા નંબરનું કામ પૂર્ણ કરવા માટે પૂરતો સમય નથી મળતો અથવા પહેલા નંબરનું કામ કરી શકે તેવા કોઈ વ્યક્તિ, ચીજવસ્તુ, સાધન સામગ્રી કે નાણાંને ગુમાવી બેસે છે અને છેવટે પસ્તાવાનો વારો આવે છે.

કોઈપણ માણસ સવારે જાગે ત્યારથી માંડીને રાત્રે સુવે ત્યાં સુધીમાં તેને ઘણા કામો કરવાના હોય છે અને તે બધા કામોમાંથી કયું કામ પહેલા કરવું અને કયું કામ પછી કરવું, તેનો સાચો નિર્ણય લેવામાં કોઈ વ્યક્તિ જો કુશળતા પ્રાપ્ત કરી લે તો તેને આધારે તેની સાચો અને ઝડપી નિર્ણય લેવાની સકારાત્મક અને સર્જનાત્મક શક્તિમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. ઘણીવાર, ઘણી બધી વ્યક્તિના જીવનમાં એવો સમય આવતો હોય છે કે, જયારે તેને પોતાને જ કરવા પડે તેવા બે કે બે કરતા વધારે કામોમાંથી(બે કે બે કરતા વધારે નિર્ણયોમાંથી) દરેક કામ(નિર્ણય)માં ફરજિયાત નુકશાન જ અથવા જોખમ જ હોય, એક પણ કામમાં ફાયદો હોતો નથી તો, આવા સમયે જ કોઈ પણ વ્યક્તિએ સાચી ધીરજ અને સમજણથી કામ લેવું જોઈએ અને તેવું કામ પહેલા પસંદ કરવું જોઈએ (એવો નિર્ણય પહેલા લેવો જોઈએ) કે, જે કામથી તેને ઓછામાં ઓછું નુકશાન થાય અથવા ઓછામાં ઓછું જોખમ હોય અથવા નુકશાન થાય તો તેને ખૂબ જ નજીકના સમયમાં સરળતાથી ભરપાઈ કરી શકાય. કારણ કે, ઓછું નુકશાન થવું એ વધારે નુકશાન થવા કરતા વધુ ફાયદાકારક જ છે. ઘણી બધી વાર કોઈ પણ વ્યક્તિના જીવનમાં એવો સમય આવે છે કે, તેને બે કે બે કરતા વધારે કામોમાંથી (બે કે બે કરતા વધારે નિર્ણયોમાંથી,ખાસ કરીને નાણાંને લગતા નિર્ણયોમાં) એવું કામ પસંદ કરવાનું હોય છે કે, જેમાં તેને વર્તમાનમાં તો કોઈ ફાયદો હોતો જ નથી પરંતુ, તે કામ કરવાથી તેને લાંબા સમય પછી ફાયદો થવાનો હોય તો તેવી વ્યક્તિએ જે તે ક્ષેત્રમાં પોતાની જોખમ લેવાની ક્ષમતા અને તે કામ કરવાથી મળતા વિશ્વસનીય અને સાચા વળતરને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. ઘણી બધી લોભામણી સ્કીમોમાં ફક્ત બતાવવામાં આવતા ખૂબ જ વધારે, અવિશ્વસનીય અને લલચામણાં તથા ખોટા વળતરના આંકડાથી બચીને દૂર રહેવું જોઈએ કારણ કે, ખૂબ જ વધારે, અવિશ્વસનીય, લલચામણાં તથા વળતરના ખોટા આંકડા બતાવવાવાળી ખોટી અને ફ્રોડ કંપનીઓ ટૂંક સમય બાદ લોકોના મહેનતથી કમાયેલા નાણાં લઈને ભાગી જાય છે અથવા તો ભવિષ્યમાં નાદારી નોંધાવે છે.

NTB સિધ્ધાંતનો સૌથી મોટો ફાયદો એ છે કે, આ સિધ્ધાંતનો ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિ, કોઈપણ પરિસ્થિતિમાં, પોતાની સામે રહેલા બે કે બે કરતા વધારે કામોમાંથી

કયા કામની સૌથી વધુ જરૂરિયાત છે અને કયા કામની સૌથી ઓછી જરૂરિયાત છે, કયું કામ અમુક સમય મર્યાદામાં રહીને પહેલા પૂર્ણ કરવાનું છે એનું કયું કામ અમુક સમય પછી પૂર્ણ કરે તો પણ ચાલે એમ છે, કયું કામ કરવાથી વહેલો અને/અથવા વધુ ફાયદો થશે અને કયું કામ કરવાથી મોડો અને/અથવા ઓછો ફાયદો થશે તે નક્કી કરવામાં એકવાર નિપુણ બની જશે ત્યારબાદ, તેની નિર્ણય શક્તિ આપોઆપ જ વિકસવા લાગશે અને તે વ્યક્તિ જીવનની કોઈપણ પરિસ્થિતિમાં પણ એક સકારાત્મક, ઝડપી અને સાચો નિર્ણય લઈ શકશે. જેની મદદથી તે વ્યક્તિ પોતાના વ્યક્તિગત અને વ્યવસાયિક ક્ષેત્રમાં વધુ ને વધુ પ્રગતિ કરી શકશે.

અત્યાર સુધી વિશ્વમાં સફળતા અને નિષ્ફળતા વિશે ઘણું બધું લખાયું છે, ઘણું બધું બોલાયું છે અને આગળ ભવિષ્યમાં પણ ઘણું બધું લખાશે અને બોલાશે. પણ, તે બધાનો સાર ટૂંકમાં કહેવો હોય તો એમ કહી શકાય કે,

(1) યોગ્ય સમય + યોગ્ય નિર્ણય = સફળતા

(2) યોગ્ય સમય + અયોગ્ય નિર્ણય = નિષ્ફળતા

(3) અયોગ્ય સમય + યોગ્ય નિર્ણય = નિષ્ફળતા

(4) અયોગ્ય સમય + અયોગ્ય નિર્ણય = નિષ્ફળતા

અહિં, સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, સફળતા મેળવવા માટે યોગ્ય સમયનું જેટલું મહત્વ છે તેટલું જ યોગ્ય નિર્ણય એટલે કે એક સકારાત્મક અને સર્જનાત્મક નિર્ણયનું પણ મહત્વ છે. એટલે જીવનના દરેક ક્ષેત્રમાં, કોઈ પણ પરિસ્થિતિમાં સફળતા મેળવવા માટે દરેક વ્યક્તિએ બને તેટલું જલ્દી પોતાની નિર્ણય લેવાની શક્તિને વિકસાવી જોઈએ.કારણ કે, કોઈ પણ વ્યક્તિના જીવનના સુખ-દુઃખ, પ્રગતિ-અધોગતિ, તંદુરસ્તી-બીમારી અને અમીરી-ગરીબીનો આધાર તે વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા સાચા કે ખોટા નિર્ણયો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આધાર રાખે છે. કોઈ પણ વ્યક્તિના વર્તમાન જીવનના સુખ કે દુઃખ, પ્રગતિ કે અધોગતિ, તંદુરસ્તી કે બિમારી, અમીરી કે ગરીબી ભૂતકાળમાં તે વ્યક્તિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લેવાયેલા નિર્ણયોની ઉપજ છે. આ એક સત્ય વાસ્તવિકતા છે.

~ આત્મ ચિંતન

- શું તમારી પાસે જયારે બે કે બે કરતા વધારે કામો ભેગા થઈ જાય છે ત્યારે તમે કોઈ પ્રકારના માનસિક તણાવમાં તો આવી જતા નથી ને ?
-તમારી પાસે જયારે બે કે બે કરતા વધારે કામો ભેગા થઈ જાય છે, જે કામ ફરિજયાતપણે તમારે પોતાને જ કરવા પડે એમ છે તો, તે તમામ કામોમાંથી કયું એક કામ પહેલા કરવું અને કયું પહેલા ન કરવું, તે નક્કી માટે કોઈ સચોટ અને સાચાં માપદંડ નક્કી કર્યા છે કે નહિ?
- તમારી પાસે જયારે બે કે બે કરતા વધારે કામો ભેગા થઈ જાય છે જે તમારે પોતાને જ કરવા પડે એમ છે તો, તે તમામ કામોમાંથી કયું કામ પહેલા કરવું અને

કર્યું પછી તે નક્કી કરવા માટે **NTB** સિદ્ધાંતનો ઉપયોગ કરો છો કે નહિ?

પ્રકરણ ૮: ધન(પૈસા)નું જીવનમાં મહત્વ,પૈસાની અછતને કારણે જીવનમાં ઉભી થતી સમસ્યા, સાચા અને યોગ્ય ઉકેલ દ્વારા પૈસાની અછત દૂર કરો, ધનવાન બનો અને નાણાંકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરો.

પ્રાચીન કાળથી આજ દિન સુધી માનવીના જીવન સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાં(પૈસા) અભિન્ન અંગ તરીકે જોડાયેલા છે. પ્રાચીન સમયમાં સોનામહોર ત્યારબાદ સોના, ચાંદી અને તાંબાના સિક્કા ચલણમાં હતા. આજે આ નાણાં કાગળની નોટ, સ્ટેનલેસ સ્ટીલ અને બીજી મિશ્ર ધાતુમાંથી બનાવેલા સિક્કા તરીકે અસ્તિત્વમાં છે અને હવે તો તેનાથી પણ આગળ આજના ડિજિટલ યુગમાં પૈસા પોતાના ભૌતિક સ્વરૂપની સાથે સાથે એક ડિજિટલ કરન્સીના (ડિજિટલ ચલણના) સ્વરૂપમાં પણ અસ્તિત્વમાં છે અને અનેક લોકો તેનો ઉપયોગ પણ કરે છે.આમ, સમયના પરિવર્તનની સાથે સાથે પૈસાનું સ્વરૂપ પણ બદલાયું છે.

આ જ પૈસાની મદદથી તમે પોતાનું સુંદર ઘર, જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, મોજશોખની અને મનોરંજનની ચીજ વસ્તુઓ, જીવનમાં પ્રગતિ કરવા માટેના પુસ્તકો, આધ્યાત્મિક પ્રગતિ માટેની શિબિરો, સ્વાસ્થ્ય સેવાઓ, આર્થિક સમૃદ્ધિ માટે રોકાણના ક્ષેત્રો, પોતાની મનગમતી બાઈક કે કાર, સિનેમાની ટિકિટ, પોતાની મનગમતી રજાઓ મનગમતા પ્રવાસના સ્થળે ગાળવા માટેના ટૂરની ટિકિટ, બાળકો માટે સારા કપડાં અને રમકડાં..વગેરે ઘણું બધું ખરીદી શકો છે. જો આ યાદી બનાવવામાં આવે તો આ યાદી ખૂબ લાંબી બને અને આમાં ઘણું બધું લખી શકાય. ટૂંકમાં, કહેવું હોય તો એમ કહી શકાય કે, કોઈ વ્યક્તિ પોતાની પાસે રહેલા પૈસા વડે, પોતાને અને પોતાના પરિવારના સભ્યોને વર્તમાનમાં અને ભવિષ્યમાં ઉપયોગી હોય તેવી અને પૈસા વડે જે ખરીદી શકાય તેવી તમામ ચીજ વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડશે કે, જેની મદદથી તે વ્યક્તિ અને તેનો પરિવાર એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જિંદગી જીવી શકે.

જ્યાં સુધી માનવીની પાસે પોતાની જરૂરિયાત જેટલા નાણાં હોય ત્યાં સુધી તે પોતાનું જીવન ખૂબ સારે રીતે જીવી શકે છે પરંતુ, જયારે પોતાની જરૂરિયાત કરતા નાણાં ઓછા હોય છે અથવા તો નથી હોતા ત્યારે જ તેના જીવનમાં સમસ્યાઓની હારમાળા સર્જાય છે. નાણાંની

અછતના સમયમાં અથવા જયારે નાણાં નથી હોતા તેવા સમયે માનવી પોતાના પરિવારના સભ્યોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સારાં સ્વાસ્થ્યવાળી જિંદગી નથી આપી શકતો અને પરિવારના સભ્યોને ક્યારેક ખૂબ કરકસરવાળી કે ગરીબાઈવાળી જિંદગી જીવવી પડે છે. આર્થિક સંકડામણને કારણે પરિવારના સભ્યો વચ્ચે આંતરિક કોલાહલ અને તણાવ વધતો જાય છે અને ક્યારેય તણાવ એટલો બધો વધી જાય છે કે અંદરો અંદર મોટા ઝઘડાઓનું સ્વરૂપ લઈ લે છે. જે વહેલાં કે મોડા અશાંતિનું સૌથી મોટું કારણ બને છે કારણ કે, કોઈ વ્યક્તિ ઓછી આવકને કારણે,

- પોતાના બાળકોને ગમતી હોય એવી રમત ગમતની ચીજ વસ્તુઓ કે સાધનો નથી અપાવી શકતી કે જેનાથી પોતાનું બાળક તે રમતમાં સારું પ્રદર્શન કરી શકે અથવા તો તે રમત ગમતની ચીજ વસ્તુઓ વડે વધારે આનંદ મેળવી શકે.

-પોતાના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા બાળકોને એવું શિક્ષણ નથી અપાવી શકતી કે, જેની મદદથી પોતાનું બાળક શિક્ષણમાં વધુ તેજસ્વી અને જીવનના દરેક ક્ષેત્રમાં વધુ હોશિયાર બની શકે.

-પોતાના બાળકોને શાળામાંથી થતા પ્રવાસના આયોજનમાં પ્રવાસમાં નથી મોકલી શકતી જેને કારણે બાળક ક્યારેક કુદરતના સૌંદર્યને નિહાળવાનું ચૂકી જાય છે અથવા ક્યારેક બાળપણના નિર્દોષ આનંદ અને મનોરંજનથી વંચિત રહી જાય છે.

-ક્યારેક વ્યક્તિ પોતે અથવા પોતાના બાળકોને અથવા પરિવારના અન્ય કોઈ સભ્યની સ્વાસ્થ્યને લગતી સેવાઓ નથી આપી શકતી અને ક્યારેક કોઈને કોઈ કારણોસર દુર્ભાગ્યવશ પોતાના પરિવારના કોઈ સભ્યને ગુમાવવાનો વારો આવે છે, જે ખૂબ જ કરુણ અને દુઃખદાયક કહેવાય.

-ક્યારેક વ્યક્તિ પોતાના અથવા પોતાના બાળકોના અથવા પરિવારના કોઈ સભ્યો માટે પાયાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ જેમ કે, કપડાં,ખાવા પીવાની અમુક ચીજ વસ્તુઓ કોઈને કોઈ કારણોસર નથી લઈ શક્તી જેને કારણે ઘણીવાર સમાજના અન્ય સમૃદ્ધ લોકોની જીવન શૈલીને જોઈને મનોમન દુઃખી થાય છે અથવા મનોમન પોતાની જાતને કોસે છે અથવા ક્યારેક મનોમન ઈર્ષ્યા થઇ આવે છે.

-ક્યારેક વ્યક્તિ પોતે અથવા પોતાના બાળકોને અથવા પોતાના પરિવારના કોઈ સભ્યોના જીવનને સુખ સગવડ અને સુવિધાઓ મળે તે માટેની કોઈ ચીજ વસ્તુઓ, કોઈ વાહન કે કોઈ સેવાઓ નથી આપી શક્તી જેને કારણે તે વ્યક્તિ મનોમન દુઃખી થાય છે.

જયારે કોઈ વ્યક્તિ પાસે નાણાં નથી હોતા અથવા તો નાણાંની અછત હોય છે ત્યારે પોતાને અને પોતાના ઘરના સભ્યોને કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેની જો યાદી બનાવવામાં આવે તો આખી દુનિયામાં જેટલા પણ ઘર છે તેની કરતા પણ તેમની સમસ્યાઓનો આંકડો ખૂબ જ મોટો આવે.

કોઈ પણ વ્યક્તિ સવારથી માંડીને સાંજ સુધી નાણાં કમાવા માટે કોઈને કોઈ ક્ષેત્રમાં, કોઈ ને કોઈ કાર્ય કરતી હોય છે. તેમના નાણાં કમાવાના કાર્યને આધારે તેમને નીચેનામાંથી કોઈ એક જૂથમાં મૂકી શકાય.

SEBI (સેબી) એટલે કે,

S - સેલ્ફ એમ્પ્લોયી (સ્વ રોજગારી)

E -એમ્પ્લોયી (કર્મચારી)

B - બિગ બિઝનેસ ઓનર (મોટાં બિઝનેસ માલિક)

I -ઇન્વેસ્ટર (રોકાણકાર)

S -સેલ્ફ એમ્પ્લોયી (સ્વ રોજગારી)-આ જૂથમાં ખેડૂત, ડૉક્ટર, વકીલ,CA, દુકાનદાર.... વગેરેનો આ જૂથમાં સમાવેશ થાય છે. જે પોતાના માટે કામ કરે છે અને આવક મેળવે છે.જો તેઓ કામ કરતા બંધ થઈ જાય તો તેમની આવક પણ બંધ થઈ જાય છે.

E -એમ્પ્લોયી (કર્મચારી)-આ જૂથમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ, સરકારી અથવા ખાનગી કંપનીના કર્મચારી છે, નોકરી કરે છે. તેઓ પોતાના માટે કામ કરે છે અને પગાર મેળવે છે. જો તેઓ કામ કરવાનું બંધ કરી દે તો તેમને પગાર મળતો પણ બંધ થઇ જાય છે.

B - બિગ બિઝનેસ ઓનર (મોટા વ્યવસાય માલિક)-આ જૂથમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે, જે લોકો મોટા બિઝનેસ માલિક છે. આ બિઝનેસ માલિકો પોતાની માટે એવા સ્માર્ટ લોકોનો ઉપયોગ કરે છે કે જે તેમના વ્યવસાયને (બિઝનેસને) વેગ આપે, તેમના માટે કાર્ય કરે અને તેમના માટે નાણાં બનાવે. શરૂઆતના સમયમાં બિઝનેસ માલિકોની હાજરી હોવી જરૂરી છે પણ, ત્યારબાદ એકવાર બિઝનેસ મોટો થઇ જાય પછી જો આ બિઝનેસ માલિકો કામ કરવાનું બંધ કરી દે તો પણ તેમની આવક બંધ થતી નથી કારણ કે, તેમના બિઝનેસમાં અગાઉથી જ ઘણા બધા લોકો તેમના માટે કામ કરતા હોય છે અને આવા બિઝનેસ માલિકો લાંબા ગાળે ઘણી બધી સંપત્તિ ભેગી કરે છે અને લાંબા ગાળે આગળ જતા આવા મોટા બિઝનેસ માલિકો રોકાણકાર બને છે.

I -ઇન્વેસ્ટર (રોકાણકાર)-આ જૂથમાં એવા સફળ રોકાણકારોનો સમાવેશ થાય છે કે, જેઓ પૈસા માટે સવારથી સાંજ સુધી કામ કરતા નથી પરંતુ, તેમણે ભૂતકાળમાં રોકેલા નાણાં તેમના માટે ચોવીસે કલાક રાત-દિવસ કામ કરે છે. કોઈ સફળ વ્યવસાય અથવા જમીન, મકાન જેવી અચળ સંપત્તિમાં રોકેલા નાણાં તેમના માટે ચોવીસે કલાક કામ કરે છે અને તેમાંથી તેમને સતત આવક પ્રાપ્ત થતી રહે છે અને આવા લોકો પોતાના નાણાંકીય લક્ષ્યોને સરળતાથી પ્રાપ્ત પણ કરી લે છે. આવા લોકોએ સાચા અર્થમાં નાણાંકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી હોય છે. આથી, આવા લોકો કામ ન કરે તો પણ તેમની આવક સતત ચાલુ જ રહે છે.

આના પરથી તમને ચોક્કસ ખ્યાલ આવશે કે, અત્યારે તમે કયા જૂથમાંથી આવક મેળવી રહ્યા છો અને તમારે નજીકના ભવિષ્યમાં કયા જૂથમાં સ્થાન મેળવવું જોઈએ.

કોઈ પણ વ્યક્તિની આવકને મુખ્ય બે પ્રકારે વહેંચી શકાય (1) સક્રિય આવક(એક્ટિવ ઈનકમ)

(2) નિષ્ક્રિય આવક(પેસિવ ઈનકમ)

(1) સક્રિય આવક(એક્ટિવ ઈનકમ) - સક્રિય આવક એટલે એવી આવક જેમાં કોઈ વ્યક્તિ પૈસા કમાવા માટે જ્યાં સુધી કામ કરી શકે છે ફક્ત ત્યાં સુધી જ તેની આવક ચાલુ રહે છે. જયારે તે વ્યક્તિ કોઈ કારણોસર કામ કરી શકતી નથી અથવા તો કોઈ કારણોસર કામ પર જઈ શકતી નથી તો તેની આવક પણ બંધ થઇ જાય છે એટલે કે, આ પ્રકારની આવકમાં વ્યક્તિની હાજરી, વ્યક્તિની કામ કરવાની સક્રિયતા હોવી અનિવાર્ય છે.

આ પ્રકારની આવક મેળવનાર લોકોમાં સ્વ રોજગાર(સેલ્ફ એમ્પ્લોય) અથવા એમ્પ્લોય(કર્મચારી) અથવા બિઝનેસની શરૂઆત કરનાર નાનાં બિઝનેસ માલિકનો સમાવેશ થાય છે.

(2) નિષ્ક્રિય આવક(પેસિવ ઈનકમ) - આ પ્રકારની આવકમાં વ્યક્તિ પોતે સક્રિય નથી હોતી પરંતુ, ભૂતકાળમાં તેણે કરેલું અમુક કામ અથવા અમુક વ્યવસાય કે અમુક ક્ષેત્રમાં તેના રોકેલા નાણાં તેના માટે ચોવીસે કલાક કામ કરે છે અને તેનું રોકાણ તેને નિયમિત આવક આપે છે. આ પ્રકારની આવકમાં વ્યક્તિની હાજરી હોવી જરૂરી નથી અથવા વ્યક્તિની કામ કરવાની સક્રિયતા પણ જરૂરી નથી.

આ પ્રકારની આવક મેળવનાર લોકોમાં સફળ રોકાણકારોનો સમાવેશ થાય છે.

નિષ્ક્રિય આવક(પેસિવ ઈન્કમ)ને એક ઉદાહરણ દ્વારા સરળતાથી સમજીએ.

એક ગામ છે, જે નદી કિનારાથી ઘણું જ દૂર છે. તે ગામમાં રમેશ અને સુરેશ નામના બે વ્યક્તિ પણ રહે છે. જે ગામના લોકોને નદીમાંથી પાણીની ડોલ ભરી ભરીને વેચે છે અને તેમાંથી આવક મેળવે છે. રમેશ અને સુરેશ સવારથી માંડીને સાંજ સુધી પાણીની ડોલ ભરીને લાવે છે અને ગામ લોકોને વેચે છે તેના બદલામાં અમુક રૂપિયા કમાય છે. એવામાં એક દિવસ સુરેશ બીમાર પડે છે અને કામ ન કરી શકવાને કારણે તેની આવક અમુક દિવસ બંધ થઈ જાય છે. આથી, તેના મનમાં વિચાર આવે છે કે, એવું તો શું કરવામાં આવે કે જેથી, બિમારીના દિવસોમાં પણ તેની આવક ચાલુ રહે. આથી તે પોતાની જાતને આ સવાલ પૂછે છે અને તેને એક જબરદસ્ત આઈડિયા મળી આવે છે. સુરેશ બીજા જ દિવસથી નદીથી પોતાના ગામ સુધી પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ ચાલુ કરી દે છે અને આ કામ પૂરું થતા જ તે પાઈપ લાઈનમાંથી દરરોજ ગામ લોકોને પાણી આપે છે અને તેના બદલામાં સારી એવી આવક પણ મેળવવા લાગે છે. બીજી બાજુ રમેશ હજી પોતાની કામ કરવાની જૂની પદ્ધતિ પ્રમાણે જ કામ કર્યે રાખે છે અને ખૂબ જ માર્યાદિત આવક મેળવે છે. સુરેશની આવક વધવાની સાથે હવે સુરેશ પાણી આપવાના પોતાના કામ માટે પોતાની જગ્યાએ એક બીજા માણસને રાખી લે છે અને આજુબાજુના બીજા ગામડાઓમાં પણ નદીથી આજુબાજુના ગામ સુધી પાણીની પાઈપ લાઈન નાખે છે અને તે દરેક ગામમાં પાણી આપવાના કામ માટે એક-એક માણસ રાખી લે છે અને તેની અવાક પણ અનેક ગણી વધી જાય છે. હવે જયારે સુરેશ બીમાર પડે છે અથવા કોઈ કામ માટે બીજે ગામ જાય છે અથવા કોઈ કારણસર કામ નથી કરી શકતો તો પણ તેની આવક બંધ થતી નથી. તેની આવક ચાલુ જ રહે છે કારણ કે, સુરેશે પોતાની આવક માટે એક સિસ્ટમ તૈયાર કરી લીધી છે કે જે સિસ્ટમ ચોવીસે કલાક રાત-દિવસ તેના માટે કામ કરે છે. જે તેના ખિસ્સામાં નાણાં સતત ઉમેર્યા જ કરે છે અને તેની આવક ચોવીસે કલાક ચાલુ જ રહે છે. સુરેશની આ આવકને નિષ્ક્રિય આવક(પેસિવ ઈન્કમ) કહી શકાય.

તો અહિં, તમારા મનમાં એક પ્રશ્ન ઉઠશે કે, વધુ પેસિવ ઈનકમ મેળવવા માટે શું કરવું જોઈએ? તો આ સમજતા પહેલા આપણે બે શબ્દોના અર્થ બરાબર સમજી લઈએ જેથી, કરીને આગળ તમને પેસિવ ઈન્કમ અને તેના સ્ત્રોત વિશે સમજવામાં કોઈ તકલીફ ન પડે. આ બે શબ્દો છે.

(1) સંપત્તિ(એસેટ) એટલે કે આવકનો સ્ત્રોત.

(2)જવાબદારી(લાયબિલિટી) એટલે કે ખર્ચ વધારનાર ઋણ, કરજ કે દેવું.

(1) સંપત્તિ (એસેટ) એટલે જે ચીજ વસ્તુ, વાહન, મકાન, કપડાં, ઘરેણાં, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, શેર,વ્યવસાય કે સેવા તમારા ખિસ્સામાં નાણાં ઠાલવે તેને સંપત્તિ કહેવાય.

(2)જવાબદારી (લાયબિલિટી) એટલે જે ચીજ વસ્તુ, વાહન, મકાન, કપડાં, ઘરેણાં, મોબાઇલ ફોન, કોમ્પ્યુટર, શેર, વ્યવસાય કે સેવા તમારા ખિસ્સામાંથી નાણાં લઈ જાય તેને જવાબદારી કહેવાય.

-જો કોઈ મકાન તમારા ખિસ્સામાં દર મહિને ભાડાંની આવક પેટે અમુક રૂપિયા તમારા ખિસ્સામાં ઠાલવે તો તમે તે મકાનને સંપત્તિ(આવકનો સ્ત્રોત) કહી શકો.

-જો કોઈ મકાન તમારા ખિસ્સામાંથી દર મહિને અમુક રૂપિયા રીપેરીંગ કરવા માટે કે બીજા અન્ય કોઈ કારણસર લઈ લે તો તેને ખર્ચ વધારનાર ઋણ કે કરજ કહી શકાય.

ઉદાહરણ તરીકે,(1) જો તમે કોઈ મકાન ખરીદો છો અને દર મહિને તમે તેનો Rs 20,000 નો EMI(માસિક હપ્તો) ચુકવતા હો અને તમને તેમાંથી દર મહિને ભાડાંની અવાક પેટે Rs 25,000 પ્રાપ્ત થતા હોય તો તે મકાન તમારા માટે સંપત્તિ (એસેટ) એટલે કે, આવકનો સ્ત્રોત. કહી શકાય કારણ કે, તે મકાન દર મહિને ભાડાંની આવક પેટે Rs 5000 તમારા ખિસ્સામાં ઠાલવે છે.

Rs 25,000 ભાડાની આવક - Rs 20,000 મકાનનો EMI(માસિક હપ્તો)

= Rs 5000 તમારો ફાયદો,નફો / માસ

આ ગણતરી પ્રમાણે, તમારે વાર્ષિક Rs 60,000 નફો થશે.

આ કિસ્સામાં, આ ગણતરી પ્રમાણે તમારું મકાન તમારા માટે સંપત્તિ (એસેટ) કહી શકાય

ઉદાહરણ તરીકે, (2) જો તમે મકાન કોઈ ખરીદો છો અને તે દર મહિને તમે તેનો Rs 20,000 નો EMI(માસિક હપ્તો) ચુકવતા હો અને તમને તેમાંથી દર મહિને ભાડાની અવાક પેટે Rs 10,000 પ્રાપ્ત થતા હોય તો તે મકાન તમારા માટે જવાબદારી (લાયબિલિટી) એટલે કે, ખર્ચ વધારનાર ઋણ, કરજ કે દેવું કહી શકાય.

એટલે કે

Rs 10,000 ભાડાની આવક - Rs 20,000 મકાનનો EMI(માસિક હપ્તો)

= - Rs 10,000 તમારું નુકશાન,ખોટ / માસ

આ ગણતરી પ્રમાણે, તમારે વાર્ષિક Rs 1,20,000 નુકશાન,ખોટ જશે.

આ કિસ્સામાં, આ ગણતરી પ્રમાણે તમારું મકાન તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહી શકાય.

સંપત્તિ(એસેટ) અને જવાબદારી(લાયબિલિટી)ની આ વ્યાખ્યા અને આ ગણતરી કોઈપણ મકાન,ચીજ વસ્તુ, વાહન, કપડાં, ઘરેણાં, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, શેર, વ્યવસાય, વીમો અને બીજી કોઈપણ સેવાઓ માટે એકદમ સાચી છે.

-જે વાહન તમારા ખિસ્સામાં ભાડાંની અવાક પેટે દર મહિને અમુક નાણાં ઠાલવે તો તે વાહન તમારા માટે સંપત્તિ(એસેટ) કહેવાય. એ જ રીતે, જે વાહન તમારા ખિસ્સામાંથી રીપેરીંગ કે અન્ય બીજા કોઈ કારણસર અમુક નાણાં દર મહિને લઈ લે તો તે વાહન તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહેવાય.

-જે ઘરેણાં તમારા ખિસ્સામાં ભાડાંની અવાક પેટે દર મહિને અમુક નાણાં ઠાલવે તો તે ઘરેણાં તમારા માટે સંપત્તિ(એસેટ) કહેવાય એ જ રીતે, જે ઘરેણાં તમારા ખિસ્સામાંથી સુરક્ષાના કારણસર કે અન્ય બીજા કોઈપણ કારણસર અમુક નાણાં દર મહિને લઈ લે તો તે ઘરેણાં તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહેવાય.

-જે મોબાઈલ ફોન તમારા ખિસ્સામાં એફિલિએટ માર્કેટિંગ દ્વારા, કેશ બેક ઑફર દ્વારા કે બીજી અન્ય કોઈને કોઈ રીતે દર મહિને અમુક નાણાં ઠાલવે તો તે મોબાઈલ ફોન તમારા માટે સંપત્તિ (એસેટ) કહેવાય એ જ રીતે, જે મોબાઈલ ફોન તમારા ખિસ્સામાંથી રિચાર્જ માટે અથવા તેના બિલ માટે અમુક નાણાં દર મહિને લઈ લે તો તે મોબાઈલ ફોન તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહેવાય.

-જે કોમ્પ્યુટર તમારા ખિસ્સામાં દર મહિને એફિલિએટ માર્કેટિંગ, કેશ બેક, ઓનલાઈન સેલિંગ કે બીજી અન્ય કોઈ રીતે અમુક નાણાં ઠાલવે તો તે કોમ્પ્યુટર તમારા માટે સંપત્તિ(એસેટ) કહેવાય. એ જ રીતે, જે કોમ્પ્યુટર તમારા ખિસ્સામાંથી અમુક નાણાં તેના રીપેરીંગ માટે દર મહિને લઈ લે તો તે કોમ્પ્યુટર તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહેવાય.

-જે ટી.વી. તમારા ખિસ્સામાં દર મહિને કોઈને કોઈ કારણસર અમુક નાણાં ઠાલવે તો તે ટી.વી. તમારા માટે સંપત્તિ(એસેટ) કહેવાય એ જ રીતે, જે ટી.વી. તમારા ખિસ્સામાંથી દર મહિને ચેનલના પ્રસારણના ભાડાં પેટે અમુક નાણાં લઈ લે તો તે ટી.વી. તમારા માટે જવાબદારી(લાયબિલિટી) કહેવાય.

દુનિયાના મોટાભાગના લોકો એમ માને છે કે, તેમનું ઘર અને વીમો તેમના માટે સંપત્તિ છે પણ આ ગણતરી પ્રમાણે હકીકતમાં તેવું નથી હોતું. ઘર તેમના રહેવા માટેનું એક આશ્રયસ્થાન છે અને વીમો એક સુરક્ષા કવચ છે.

તમે કોઈ એક વ્યવસાયમાં દર મહિને અમુક રૂપિયાનું રોકાણ કરતા હોવ અને તમને તે વ્યવસાયમાંથી દર મહિને રોકાણ કરતા ઓછા રૂપિયાનું વળતર (બધા ખર્ચ અને કર બાદ કરીને) પછી મળતું હોય તો તે વ્યવસાય તમારા માટે જવાબદારી (લાયબિલિટી)એટલે કે કરજ,ઋણ વધારનાર કહેવાય. એ જ રીતે, તમે કોઈ એક વ્યવસાયમાં દર મહિને અમુક રૂપિયાનું રોકાણ કરતા હોવ અને તમને તે વ્યવસાયમાંથી દર મહિને રોકાણ કરતા વધારે રૂપિયાનું વળતર(બધા ખર્ચ અને કર બાદ કરીને) મળતું હોય તો તે વ્યવસાય તમારા માટે સંપત્તિ (એસેટ) એટલે કે આવકનો સ્ત્રોત કહેવાય.

પેસિવ ઈન્કમ મેળવવા માટે કોઈ પણ વ્યક્તિએ શરૂઆતના સમયમાં એક્ટિવ રહીને અમુક કાર્ય કે અમુક રોકાણ તો કરવું જ પડે છે. તેનું રોકાણ જો સફળ વ્યવસાયમાં કરવામાં કરવામાં આવ્યું હશે અને તે વ્યવસાય જો લાંબા સમય સુધી સફળ રહેશે એટલે કે નફાકારક રહેશે તો તે વ્યક્તિને લાંબા સમય સુધી તે વ્યવસાયમાંથી પેસિવ ઈન્કમ મળ્યા કરશે. આ ઉપરાંત, પેસિવ(નિષ્ક્રિય) ઈન્કમ મેળવવા માટેના તથા રોકાણના ઘણા બધા વિકલ્પો નીચે મુજબ છે.

(1)વ્યક્તિનું પોતાની ઉપરનું રોકાણ

(2)ભાડે આપવાનું મકાન, ફ્લેટ, ખુલ્લો પ્લોટ કે દુકાન

(3)શેર

(4) મ્યુચ્યુઅલ ફંડ

(5) સરકારી બોન્ડ

(6) સોનું

(7) બેન્કની લાંબા કે ટૂંકા ગાળાની ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ

(8 પોસ્ટ ઑફિસની લાંબા કે ટૂંકા ગાળાની ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ

(9)સેવિંગ એકાઉન્ટ

(10)રીકરીંગ ડિપોઝિટ (RD)

(11) પ્રોવિડન્ટ ફંડ(PF)

(12)સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમ (SCSS)

(13)કિસાન વિકાસ પત્ર(KVP)

(14)નેશનલ પેંશન સિસ્ટમ(NPS)

(15)રોયલટી તરીકે આવક મળી શકે તેવા કામમાં (વૈજ્ઞાનિક, ગાયક, લેખક બનીને)

(16)બિઝનેસ સિસ્ટમ દ્વારા

(17)ઓનલાઇન ઈન્કમ સોર્સ દ્વારા

(18)પેસિવ સાઈડ બિઝનેસ

(19) કોમોડિટી

કોઇ પણ વ્યક્તિએ પોતે પ્રગતિ કરી શકે તેવા કોઇ પણ ક્ષેત્રમાં પોતાનું નોલેજ વધારવા માટે, પોતાની સ્કિલ ડેવલોપ કરવા માટે, પોતાનો એટિટ્યુડ વધુ બહેતર બનાવવા માટે, પોતાની તંદુરસ્તી વધારવા માટે પોતાની માટે રોકેલા સમય અને પૈસાનું રોકાણ દુનિયાનું સૌથી મોટુ રોકણ છે. શેર, મ્યુચ્યુઅલ ફંડ, જમીન, કોમોડિટી અને સોનામાં દરેક વ્યક્તિની જોખમ લેવાની ક્ષમતા અલગ અલગ હોય છે. દરેક વ્યક્તિએ પોતાની જોખમ લેવાની ક્ષમતાને આધારે પોતાના માટે યોગ્ય ક્ષેત્રમાં રોકાણ કરવું જોઈએ. શેર, મ્યુચ્યુઅલ ફંડ, કોમોડિટી અને સોનાનું રિટર્ન માર્કેટના ઉતાર-ચઢાવને આધીન હોય છે એટલે કે, રિટર્નનો કોઈ ફિક્સ આંકડો

હોતો નથી. અલગ અલગ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના ડોક્યુમેન્ટ અલગ અલગ હોય છે. આથી, કોઈપણ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા પહેલા મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના ડોક્યુમેન્ટને ધ્યાનથી વાંચવા જોઈએ અને ત્યારબાદ તમારા માટે શેર બજારમાં તમારી જોખમ લેવાની ક્ષમતાને અનુસાર, તમારા ટૂંકા કે લાંબા ગાળાના નાણાંકીય ધ્યેયને ધ્યાનમાં રાખીને મ્યુચ્યુઅલ ફંડની પસંદગી કરવી જોઈએ.

ઈકવીટી આધારિત મ્યુચ્યુઅલ ફંડ શેર પર મળતા ડિવિડન્ડને આધારે સામાન્ય રીતે બે પ્રકારે રિટર્ન આપે છે એટલે કે રિટર્નના આધારે તેના બે પ્રકાર પડે છે

(1) ડિવિડન્ડ

(2) ગ્રોથ

એટલે કે,

(1) ડિવિડન્ડ ફંડમાં મ્યુચ્યુઅલ ફંડ કંપની તમારા પૈસા જે કંપનીમાં રોકાણ કરે છે તે કંપની નફાના રૂપમાં અમુક રકમ પોતાના શેર હોલ્ડરોને ચૂકવે છે તે રકમને ડિવિડન્ડ કહેવાય છે. આ ડિવિડન્ડ જે તે ફંડ જે તે સમયે પોતાના રોકાણકારોને નફાના રૂપમાં વહેંચી દે છે અને તે નફાની રકમ જે તે રોકાણકારના બેન્ક અકાઉન્ટમાં જમા થતી રહે છે.

(2) ગ્રોથ ફંડમાં મ્યુચ્યુઅલ ફંડ કંપની તમારા પૈસા જે કંપનીમાં રોકાણ કરે છે તે કંપની નફાના રૂપમાં અમુક રકમ પોતાના શેર હોલ્ડરોને ચૂકવે છે તે રકમને ડિવિડન્ડ કહેવાય છે. આ ડિવિડન્ડની જે તે રકમ ફંડ મેનેજર ફરીથી તે રોકાણકાર વતી   રિ-ઈન્વેસ્ટ કર્યે રાખે છે અને આ રિ-ઇન્વેસ્ટનું ચક્ર સતતને સતત ચાલ્યા જ કરે છે અને રોકાણકારની મૂડીને સતતને સતત વધારતો જ રહે છે.

કરોડપતિ કે અબજોપતિ બનવા માટે સૌ પ્રથમ પૈસાને લગતી કેટલીક જૂની, નકામી, ખોટી ગેરમાન્યતાઓને તમારા મગજમાંથી સાવ કાઢી જ નાખવી અને ધન સાથે સંબંધિત તમારા માટે કામની હોય તેવી, તમારા માટે જે ફેવરેબલ હોય તેવી વધારે સકારાત્મક અને મજબૂત સાચી માન્યતાઓ શોધવી અને તેની પર તમારું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવું અને તે પ્રમાણે કાર્ય કરવાનું શરુ કરી દેવું. એટલે કે, એક વધુ સકારાત્મક અને વધુ મજબૂત બિલીફ સિસ્ટમ તૈયાર કરવી. આ બિલીફ સિસ્ટમ જ કરોડપતિ કે અબજોપતિ બનવા માટેનો મૂળભૂત પાયો છે. આ બિલીફ સિસ્ટમ જેટલી વધારે સકારાત્મક અને વધારે મજબૂત હશે તેટલી વધારે ઝડપથી તમારી કરોડપતિ કે અબજોપતિ બનવાની સંભાવના વધારે.

કરોડપતિ કે અબજોપતિ બનવા માટે સૌ પ્રથમ પૈસાને લગતી કેટલીક જૂની, નકામી, ખોટી ગેરમાન્યતાઓને તમારા મગજમાંથી સાવ કાઢી જ નાખવી. જેમ કે,

-કરોડપતિ કે અબજોપતિ બનવા માટે ખોટું અને ખરાબ કામ કરવું જ પડે છે.

-પૈસા ઝાડ પર નથી ઉગતા.

-વધારે પૈસો માણસને વધારે ખરાબ બનાવે છે.

- પૈસા હોય તો જ વધારે પૈસા બનાવી શકાય છે.

-કોઈ પણ ધનવાન માણસે ભૂતકાળમાં ક્યારેક તો ખોટું કામ કર્યું જ હશે.

-વધારે પૈસો માણસને પાપ કરાવે છે, માનવતા ભુલાવે છે.

-ધનવાન માણસો હંમેશા ખરાબ જ હોય છે.

-ધનવાન બનવા માટે બીજી વ્યક્તિઓને છેતરવી જ પડે છે.

-જો તમારી પાસે વધારે પૈસો આવશે તો તમે પણ ખરાબ બની જશો.

-કરોડપતિ પિતાના બાળકો જ કરોડપતિ બની શકે છે.

આ અને આ પ્રકારની બીજી અનેક જૂની, નકામી, ખોટી અને ગેરમાન્યતોને તમારા મગજમાંથી સાવ કાઢી જ નાખવી પડશે તો જ તમારું ચેતન અને અવચેતન મન તમારા માટે પૈસા બનાવવા અંગેના, તમારા કરોડપતિ બનવા અંગેના વિચારો અને યોજનાઓ પર પરસ્પર સહમત થશે અને તો જ તમે કરોડોપતિ કે અબજોપતિ બની શકશો કારણ કે,જયારે ચેતન મન અને અવચેતન મન જે વિચાર પર પરસ્પર સહમત થાય છે ત્યારે તે વિચારને ધરખમ પુષ્ટિ મળે છે અને તે વિચાર ખૂબ ઝડપથી સફળતામાં પરિણમે જ છે. જો તમારે કરોડોપતિ કે અબજોપતિ બનવું હોય અને તમારા મગજમાં જાણ્યે-અજાણ્યે પૈસા અંગેના જૂની,નકામી, ખોટી અને ગેર માન્યતાઓ હશે તો તમારું ચેતન મન અને તમારું અવચેતન મન તમારા પૈસા બનાવવા અંગેના, તમારા કરોડોપતિ કે અબજોપતિ બનવા અંગેના વિચાર પર પરસ્પર ક્યારેય પણ સહમત નહિ થાય અને તમે ક્યારેય કરોડોપતિ કે અબજોપતિ બની શકશો નહિ.

- નાણાં(પૈસા) પોતે એક તટસ્થ(ન્યુટ્રલ) છે. પૈસા ક્યારેય સારા કે ખરાબ હોતા નથી પરંતુ, તે પૈસાનો સારાં કે ખરાબ કામમાં ઉપયોગ થાય તેને આધારે જ તે પૈસા સારો કે ખરાબ ગણાય છે અને તેને આધારે જ તે પૈસાને સારાં કે ખરાબ કામમાં વાપરનાર વ્યક્તિને સારો કે ખરાબ વ્યક્તિ ગણવામાં આવે છે.

- દુનિયામાં છેલ્લા પંદર વર્ષમાં કરોડપતિ બનેલા લોકોની યાદી તપાસવામાં આવે તો તમને જાણવા મળશે કે, એમાંથી મોટા ભાગના કરોડપતિ સ્વ નિર્મિત કરોડપતિ(સેલ્ફ મૅઈડ મિલિયેનોર) છે એટલે કે, પોતાની જાતે કરોડપતિ બનેલા છે. આવા કરોડપતિ માણસોને તેમના બાપ-દાદા તરફથી વારસામાં રોક્ડા કરોડો રૂપિયા કે કરોડો રૂપિયાની સંપત્તિ મળેલી નથી. તેઓ આર્થિક પ્રગતિના પંથે પોતાની મેળે જ આગળ વધ્યા છે અને આજે કરોડો રૂપિયાની સંપત્તિના માલિક છે.

- આજના ટેક્નોલોજી અને માહિતીના યુગમાં કોઈપણ વ્યક્તિ માટે કરોડપતિ બનવું એટલું અઘરું નથી, જેટલું આજથી 50 વર્ષ પહેલા હતું કારણ કે, આજે તમે સારી ગુણવત્તાવાળી કોઈ સારી પ્રોડક્ટ બનાવો છો અને તેનું સારું માર્કેટિંગ કરો છો અને તે પ્રોડક્ટને ઓનલાઈન સેલિંગ દ્વારા આખી દુનિયામાં ચોવીસે કલાક વેચો છો. જો તે પ્રોડક્ટ પર તમને બધો ખર્ચ બાદ કરતા ઓછામાં ઓછા Rs 10 રૂપિયા મળે છે અને તે પ્રોડક્ટને આખી દુનિયામાંથી ફક્ત 10 લાખ લોકો પણ ખરીદે તો પણ તમને 1 કરોડ રૂપિયા મળી જાય છે અને તમે કરોડપતિ બની જાવ છો.

- બધા ધનવાન માણસો ખરાબ નથી હોતા. અમુક ધનવાન માણસો સારા હોય છે અને અમુક ધનવાન માણસો ખરાબ પણ હોય છે. તે જ રીતે, જે લોકો આર્થિક રીતે ધનવાન નથી તેવા લોકો એટલે કે, ગરીબ અને મધ્યમ વર્ગમાં પણ એમ જ હોય છે. અમુક ગરીબ અને

માધ્યમ વર્ગના લોકો સારા હોય છે તે જ રીતે, અમુક ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ખરાબ પણ હોય છે. અહિં, નોંધનીય બાબત એ છે કે, જે લોકો પાસે ઓછા પૈસા છે અથવા પૈસા નથી તેમાંથી પણ કેટલાક લોકો પણ ખરાબ છે અને જે લોકો પાસે વધુ પૈસા છે તેમાંથી પણ કેટલાક લોકો ખરાબ છે તો, પૈસાને ખરાબ કઈ રીતે ગણાવો? પૈસાને ખરાબ ક્યારેય ન ગણી શકાય કારણ કે, જેની પાસે પૈસા નથી અથવા ઓછા પૈસા છે તેવા થોડા લોકો પણ ખરાબ તો છે જ. આ ઉપરાંત,જેની પાસે ઓછા પૈસા છે અથવા જેની પાસે પૈસા નથી તે બધા જ લોકો સારાં જ હોય એવું જરૂરી પણ નથી અને તે બધા જ લોકો સારાં પણ હોય તેવું પણ નથી. તેમાં પણ કેટલાક લોકો સારાં હોય છે અને કેટલાક લોકો ખરાબ પણ હોય છે. ટૂંકમાં, કહેવાનો અર્થ એટલો જ છે કે, પૈસાની હાજરી કે ગેરહાજરી ક્યારેય પણ, કોઈપણ મનુષ્યને સારો કે ખરાબ બનાવતી નથી. પૈસા (નાણાં)પોતે તટસ્થ (ન્યુટ્રલ) છે. મનુષ્યના વિચાર, વાણી, વર્તન, વ્યવહાર અને કર્મ જ કોઈ પણ મનુષ્યને સારો કે ખરાબ બનાવે છે.

કરોડોપતિ કે અબજોપતિ એટલે કે ધનવાન બનવા માટે સૌથી સારી બાબત એ છે કે, કરોડોપતિ કે અબજોપતિ બનવા માટે બહુ બુદ્ધિશાળી હોવું જરૂરી નથી. જો તમે બહુ બુદ્ધિશાળી હોવ તો પણ તમે કરોડોપતિ કે અબજોપતિ બની શકો છો અને જો તમે બહુ બુદ્ધિશાળી ન હોવ તો પણ તમે કરોડોપતિ કે અબજોપતિ બની શકો છો. આ દુનિયામાં તમે કોઈ વિચાર, કોઈ વસ્તુ, કોઈ સેવાને વેચીને સૌથી વધુ ધનવાન બની શકો છો.

કરોડોપતિ કે અબજોપતિ બનવા માટે ચક્રવૃદ્ધિ વ્યાજની સમજણ હોવી ખૂબ જ જરૂરી છે. ચક્રવૃદ્ધિ વ્યાજ એ દુનિયાની આઠમી અજાયબી છે. "ચક્રવૃદ્ધિ વ્યાજ એ જ અમીરીની આત્મા છે." જે વ્યક્તિ ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિને જાણે છે તે વ્યક્તિ મેળવ્યા જ રાખે છે અને જે વ્યક્તિ ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિને જાણતી નથી તે વ્યક્તિ ચૂકવ્યા જ રાખે છે.

કરોડોપતિ કે અબજોપતિ આવકના સ્ત્રોત ખરીદીને, એસેટ(સંપત્તિ) ખરીદીને પણ બની શકાય છે. જો તમારી પાસે શરૂઆતના સમયમાં આવકના સ્ત્રોત ખરીદવા માટે, એસેટ(સંપત્તિ) ખરીદવા માટે નાણાં ન હોય તો પણ ગભરાવું નહિ કારણ કે, આ જગતમાં ઘણા બધા એવા લોકો છે કે, જેઓ શૂન્યમાંથી સર્જન કરીને કરોડોપતિ કે અબજોપતિ બન્યા છે. આ માટે તમે કોઈ સારાં ચિત્રકાર બનીને તમારું ચિત્ર ઈન્ટરનેટ પર વેચીને, ટેક્નોલોજી અથવા ટેક્નોલોજી સિવાયના અન્ય કોઈ ક્ષેત્રમાં શોધ-સંશોધન કરીને રોયલ્ટી ઈન્કમ દ્વારા, એક સારા અને સફળ લેખક બનીને તમારું પુસ્તક ઈન્ટરનેટ પર વેચીને રોયલ્ટી ઈન્કમ દ્વારા, એક સારા ગાયક બનીને રોયલ્ટી ઈન્કમ દ્વારા, કોઈ સારી અને સફળ વેબસાઈટ અથવા એપ્લીકશન બનાવીને તમે પણ શૂન્યમાંથી કરોડોપતિ કે અબજોપતિ બની શકો છો. જગતમાં ઘણા બધા લોકો આ રીતે ઇન્ટરનેટ કરોડોપતિ(ઇ-કરોડપતિ) કે ઈન્ટરનેટ અબજોપતિ(ઈ- અબજપતિ) બન્યા છે.

કરોડપતિ કે અબજોપતિ બનવા માટે બીજી સૌથી સારી બાબત એ છે કે, જો કોઈ પણ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને ઓછામાં ઓછી **10** ટકા રકમ અને શક્ય હોય તો **10** ટકા કરતા પણ વધુ રકમ પોતાને માટે અલગ કાઢી લે અને તેનું યોગ્ય ક્ષેત્રમાં રોકાણ કરે તો પણ તે અમુક સમય પછી કરોડપતિ બની શકે છે. અહિં, ફરી કહું છું કે, તમે તમારા માટે જે 10 ટકા કે તેથી વધુ રકમ દર મહિને પોતાના માટે અલગ રાખો છો તે રકમ ક્યારેય પોતાની પાસે કેશ ન રાખવી. તે રકમનું પોતાની જોખમ લેવાની ક્ષમતા પ્રમાણે, રોકાણનું કોઈ

યોગ્ય ક્ષેત્ર પસંદ કરી તેમાં બને તેટલું જલ્દીથી રોકાણ કરવાનું ચાલુ કરી દેવું અને આ રોકાણમાંથી જે વળતર (રિટર્ન) મળે તેનું ફરીથી રોકાણ(રિ-ઈન્વેસ્ટ) કરવું. આ પ્રક્રિયા ત્યાં સુધી ચાલુ રાખવી જ્યાં સુધી તમે તમારો નાણાંકીય ધ્યેય (ફાઈનાન્સીઅલ ગોલ) પ્રાપ્ત ન કરી લો ત્યાં સુધી.

ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત Rs 5000 નું, 23 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 23 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 23વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

(અલગ અલગ લોકોના ફાઇનાન્સિયલ ગોલ અલગ અલગ હોય છે એવી જ રીતે, અલગ અલગ મ્યુચ્યુઅલ ફંડની રિટર્ન આપવાની ક્ષમતા પણ અલગ અલગ હોય છે. દરેક વ્યક્તિએ પોતાની ક્ષમતાને આધારે પોતાના માટે યોગ્ય મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું જોઈએ. મ્યુચ્યુઅલ ફંડનું રિટર્ન શેર માર્કેટના ઉતાર-ચઢાવને આધીન હોય છે એટલે કે, રિટર્નનો કોઈ ચોક્કસ આંકડો હોતો નથી. અલગ અલગ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના ડોક્યુમેન્ટ અલગ અલગ હોય છે. આથી, મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના ડોક્યુમેન્ટને ધ્યાનથી વાંચવા જોઈએ, તેના નિયમોને ધ્યાનથી વાંચવા જોઈએ અને પછી રોકાણ કરવું જોઈએ. ઘણા બધા મ્યુચ્યુઅલ ફંડ એવી સુવિધા આપે છે કે, તેમાં કોઈ પણ વ્યક્તિ ફક્ત **Rs 100** થી પણ રોકાણની શરૂઆત કરી શકે છે. ફરીવાર કહું છું કે, ફક્ત સો રૂપિયાથી પણ રોકાણની શરુઆત કરી શકે છે.)

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત ફક્ત Rs 100 નું, 51 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 51 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 51 વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત ફક્ત Rs 200 નું, 46 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 46 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 46 વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત ફક્ત Rs 300 નું, 43 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 43 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 43 વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત ફક્ત Rs 400 નું, 41 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 41 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 41 વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત ફક્ત Rs 500 નું, 39 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ

ફંડ 39 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 39 વર્ષ પછી 1 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

- કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત Rs 5000 નું, 28 વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ 28 વર્ષના સરેરાશ 15 ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 28 વર્ષ પછી 2 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

-આ વ્યક્તિ હજી બીજા 3 વર્ષ વધારે એટલે કે કુલ 31 વર્ષ, આ જ ફંડમાં પ્રતિમાસ Rs 5000 થી પોતાનું રોકાણ ચાલુ રાખે છે અને આ જ મ્યુચ્યુઅલ ફંડ (ગ્રોથ ફંડ) કુલ 31 વર્ષના વાર્ષિક 15 ટકાના દરે રિટર્ન આપે છે તો તે વ્યક્તિને 31 વર્ષ પછી 3 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

-આ વ્યક્તિ હજી બીજા 2 વર્ષ વધારે એટલે કે કુલ 33 વર્ષ, આ જ ફંડમાં પ્રતિમાસ Rs 5000 થી પોતાનું રોકાણ ચાલુ રાખે છે અને આ જ મ્યુચ્યુઅલ ફંડ (ગ્રોથ ફંડ) કુલ 33 વર્ષના વાર્ષિક 15 ટકાના દરે રિટર્ન આપે છે તો, તે વ્યક્તિને 33વર્ષ પછી 4 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

-આ વ્યક્તિ હજી બીજા 1વર્ષ અને 1 મહિનો વધારે એટલે કે કુલ 34 વર્ષ અને 1 મહિનો, આ જ ફંડમાં પ્રતિમાસ Rs 5000 થી પોતાનું રોકાણ ચાલુ રાખે છે અને આ જ મ્યુચ્યુઅલ ફંડ (ગ્રોથ ફંડ) કુલ 34 વર્ષ અને 1 મહિનાના, વાર્ષિક 15 ટકાના દરે રિટર્ન આપે છે તો તે વ્યક્તિને 34 વર્ષ અને 1 મહિના પછી 5 કરોડ કરતા વધારે રૂપિયા મળશે.

-કોઈ વ્યક્તિ પોતાની આવકમાંથી ફક્ત એક જ વાર**,** ફરી કહું છું ફક્ત એક જ વાર ફક્ત **Rs 100** નું **100** વર્ષ સુધી ઘણું સારું રિટર્ન આપતા મ્યુચ્યુઅલ ફંડમાં**(**ગ્રોથ ફંડમાં**)** રોકાણ કરે છે અને તે મ્યુચ્યુઅલ ફંડ **100** વર્ષના સરેરાશ **18** ટકાના દરે વાર્ષિક રિટર્ન આપે છે તો**,** તે વ્યક્તિએ ફક્ત એક જ વાર રોકાણ કરેલા **Rs 100** નું **100** વર્ષ પછી કુલ મૂલ્ય**,** કુલ મૂડી **Rs 1,54,24,13,190(** એક અબજ ચોપન કરોડ ચોવીસ લાખ તેર હાજર એક સો નેવું રૂપિયા**)** થઈ જશે**.** આ છે**,** ચક્રવૃદ્ધિ વ્યાજની તાકાત **!**

બની શકે કે, કોઈ વ્યક્તિ કમાતી હોય અને તે વ્યક્તિ પર કોઈપણ કારણોસર ભૂતકાળનું અમુક દેવું હોય તો આવી વ્યક્તિઓએ દર મહિને પોતાની આવકમાંથી ઓછામાં ઓછી 10 ટકા રકમ પણ રોકાણ કરવા માટે પોતાની માટે અલગ રાખવી જોઈએ અને પોતાની આવકમાંથી 20 ટકા રકમ દેવું ચૂકવવા માટે અલગ રાખવી જોઈએ અને દર મહિને આ રીતે કરવાથી એક સમય એવો આવશે કે, તે વ્યક્તિને ભૂતકાળનું દેવું પણ ચૂકવાઈ ગયું હશે અને પોતે કરેલા નિયમિત રોકાણથી પોતાના માટે ઘણી સારી એવી રકમ પણ ભેગી કરી લીધી હશે. જો શક્ય હોય તો આ પ્રકારની વ્યક્તિ પોતાની આવકમાંથી વ્યક્તિ દર મહિને 15 ટકા રકમ પોતાના રોકાણ માટે અને 15 ટકા રકમ પોતાનું દેવું ચોંકાવવા માટે પણ આયોજન કરી શકે છે. આ પ્રકારનું નાણાંકીય આયોજન(ફાઈનાન્સિયલ પ્લાનિંગ) દરેક વ્યક્તિએ પોતાની અને પોતાના પરિવારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અલગ અલગ રીતે કરવું જોઈએ. આ વાતને વધુ સરળતાથી સમજવાનો એક પ્રયાસ કરીએ.

કોઈ વ્યક્તિ પોતાનું ઘર ખરીદવા માટે બેન્ક પાસેથી Rs 20,00,000 (વીસ લાખ)ની હોમ લોન(ઋણ) વાર્ષિક 8.50% ના વ્યાજદરે, કપાત વ્યાજ પ્રમાણે 20 વર્ષ

માટે લે છે અને આ વ્યક્તિને દર મહિને Rs 17,356 લોનનો હપ્તો ભરે છે અને આ પ્રમાણે તે વ્યક્તિએ 20 વર્ષને અંતે બેન્કને વ્યાજ સહિત કુલ રકમ Rs 41,65,550(એકતાલીસ લાખ પાંસઠ હાજર પાંચસો પચાસ) ચૂકવવા પડશે.

એટલે કે, વ્યાજ મુદ્દલની રકમ = મુદ્દલ રકમ(20,00000) + 20 વર્ષનાં વ્યાજની રકમ(21,65,550)

એટલે કે, 20 વર્ષના અંતે બેન્કને ચૂકવવી પડતી કુલ રકમ=20,00,000 + 21,65,550

=41,65,550

આ રકમ કોઈ ગરીબ કે મધ્યમ વર્ગિય માણસ માટે તેના જીવનમાં તેની જિંદગીની ઘણી જ મૂલ્યવાન રકમ ગણાય.

તો અહિં, પ્રશ્ન એ છે કે, કોઈ ગરીબ કે મધ્યમ વર્ગિય માણસને વ્યાજના દેવામાંથી, વ્યાજના ઋણ કઈ રીતે મુકત કરવો અને તેને ધનવાન કઈ રીતે બનાવવો? તો એનો પણ ઉપાય છે જ. કુદરત કોઈ પણ સમસ્યાની પહેલા એનું સોલ્યૂશન આપે જ છે.

- પોતાની આવકમાંથી લોનનો હપ્તો ભરનાર પેલો વ્યક્તિ પોતાના લોનના હપ્તાની ઓછામાં ઓછી 10 ટકા રકમ દર મહિને નિયમિત એટલે કે, Rs 1700(સત્તર સો) 20 વર્ષ માટે ઘણું સારું રિટર્ન, વળતર આપતા કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને આ મ્યુચ્યુઅલ ફંડ તેને વાર્ષિક સરેરાશ 15 ટકાના દરે રિટર્ન આપે છે તો તે વ્યક્તિને 20 વર્ષ બાદ Rs 22,59,649 (બાવીસ લાખ ઓગણ્ય સાઈઠ હજાર છ સો ઓગણપચાસ) મળશે.

આ રકમ તે વ્યક્તિના હોમ લોનના વ્યાજની રકમ કરતા વધારે હશે એટલે કે, બીજી રીતે કહીએ તો, તે વ્યક્તિએ 20 વર્ષ બેન્કને ભરેલ વ્યાજની રકમ 20 વર્ષના અંતે મ્યુચ્યુઅલ ફંડ દ્વારા પાછી મળી જશે. એટલે કેહવું હોય તો એમ કહી શકાય કે, હોમ લોન લેનાર વ્યક્તિએ મ્યુચ્યુઅલ ફંડમાં દર મહીને એક નાની રકમના રોકણ દ્વારા પોતાને વ્યાજની રકમના દેવામાંથી 20 વર્ષ બાદ હકીકતમાં પોતાને વ્યાજમુક્ત બનાવ્યા. હવે થોડાં આનાથી આગળ વધીએ.

- લોનનો હપ્તો ભરનાર પેલો વ્યક્તિ પોતાના લોનના હપ્તાની   ઓછામાં ઓછી 20 ટકા રકમ પોતાની આવકમાંથી દર મહિને નિયમિત એટલે કે, Rs 3400(ચોત્રીસ સો) 20 વર્ષ માટે ઘણું સારું રિટર્ન, વળતર આપતા કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરે છે અને આ મ્યુચ્યુઅલ ફંડ તેને વાર્ષિક સરેરાશ 15 ટકાના દરે રિટર્ન આપે છે તો તે વ્યક્તિને 20 વર્ષ બાદ Rs 45,19,298 (પિસ્તાલીસ લાખ ઓગણીસ હજાર બસો અઠ્ઠાણું) મળશે.

આ રકમ તે વ્યક્તિના હોમ લોનની મુદ્દલ રકમ અને હોમ   લોનનાં કુલ વ્યાજની રકમ કરતા ઘણી વધારે હશે એટલે કે, બીજી રીતે કહીએ તો, તે વ્યક્તિએ 20 વર્ષ સુધી બેન્કને ચુકવેલ હોમ લોનની મુદ્દલ રકમ અને વ્યાજની રકમ 20 વર્ષના અંતે મ્યુચ્યુઅલ ફંડ દ્વારા પાછી મળી જશે. એટલે કેહવું હોય તો એમ કહી શકાય કે, હોમ લોન લેનાર વ્યક્તિએ મ્યુચ્યુઅલ ફંડમાં દર મહીને એક નાની રકમના રોકણ દ્વારા પોતાને હોમ લોનની મુદ્દલ રકમ

અને વ્યાજની રકમના દેવામાંથી 20 વર્ષ બાદ હકીકતમાં પોતાને દેવા મુક્ત બનાવ્યા.

આમ છતાં, ઘણા બધા લોકો સંપત્તિનું સર્જન કરવામાં ભૂલ કરી બેસે છે. ખાસ તો જયારે હોમ લોન ચાલુ હોય ત્યારે મોટાભાગના લોકો પોતાની લોન ઝડપથી ભરાઈ જાય તે માટે પોતાની લોનનો હપ્તો મોટો રાખે છે. લોન 4 કે 5 વર્ષ અગાઉ ભરાઈ પણ જાય છે પણ તેટલા વર્ષો પછી તેઓ સંપત્તિનું સર્જન કરવામાં નિષ્ફળ જાય છે. આ વાતને વધુ સરળતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

વિકલ્પ-(1) સુરેશ ઘર ખરીદવા માટે બેન્ક પાસેથી Rs 20,00,000(વીસ લાખ)ની હોમ લોન(ઋણ) વાર્ષિક 8.50% ના વ્યાજદરે, કપાત વ્યાજ પ્રમાણે 20 વર્ષ માટે લે છે અને દર મહિને લોનનો હપ્તો Rs 17,356 ભરે છે અને આ ગણતરી પ્રમાણે સુરેશે 20 વર્ષને અંતે બેન્કને Rs 21,65,550(એકવીસ લાખ પાંસઠ હજાર પાંચસો પચાસ) વ્યાજ અને વ્યાજ સહિત કુલ રકમ Rs 41,65,550(એકતાલીસ લાખ પાંસઠ હાજર પાંચસો પચાસ) ચૂકવવા પડશે.

વિકલ્પ-(2) રમેશ પણ પોતાનું ઘર ખરીદવા માટે બેન્ક પાસેથી Rs 20,00,000(વીસ લાખ)ની હોમ લોન(ઋણ) વાર્ષિક 8.50% ના વ્યાજદરે, કપાત વ્યાજ પ્રમાણે 20 વર્ષ માટે લે છે. રમેશ બેન્કના ઋણમાંથી ઝડપથી મુક્ત થવા માટે હોમ લોનનો દર મહિનાનો હપ્તો સુરેશ કરતા Rs 1733 વધુ ચૂકવે છે એટલે કે, રમેશ હોમ લોનનો દર મહિનાનો હપ્તો Rs 19,089 ચૂકવે છે. તો આ ગણતરી પ્રમાણે રમેશે બેન્ક પાસેથી લીધેલ Rs 20,00,000 (વીસ લાખ)ની લોન 20 વર્ષને બદલે 16 વર્ષમાં ભરાઈ જશે અને આ ગણતરી પ્રમાણે રમેશ 16 વર્ષને અંતે બેન્કને Rs16,65,244(સોળ લાખ પાંસઠ હજાર બસો ચુમાંલીસ)વ્યાજ અને વ્યાજ સહિત કુલ રકમ Rs 36,65,244 (છત્રીસ લાખ પાંસઠ હજાર બસો ચુમાંલીસ) ચુકવશે.

વિકલ્પ-(3) નરેશ પણ પોતાનું ઘર ખરીદવા માટે બેન્ક પાસેથી Rs 20,00,000(વીસ લાખ)ની હોમ લોન(ઋણ) વાર્ષિક 8.50% ના વ્યાજદરે, કપાત વ્યાજ પ્રમાણે 20 વર્ષ માટે લે છે. નરેશ પોતાની હોમ લોનનો દર મહિનાનો હપ્તો 20 વર્ષ સુધી સુરેશની જેમ Rs 17,356(સત્તર હાજર ત્રણ સો છપ્પન) ભરે છે અને દર મહિને Rs 1733 નું ઘણું સારું રિટર્ન આપતા કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) 20 વર્ષ સુધી રોકાણ કરે છે અને આ મ્યુચ્યુઅલ ફંડ તેને 20 વર્ષના સરેરાશ 15 ટકા રિટર્ન આપે છે.

નરેશને પણ સુરેશની જેમ 20 વર્ષને અંતે બેન્કને Rs 21,65,550(એકવીસ લાખ પાંસઠ હજાર પાંચસો પચાસ) વ્યાજ અને વ્યાજ સહિત કુલ રકમ Rs 41,65,550(એકતાલીસ લાખ પાંસઠ હજાર પાંચસો પચાસ) ચૂકવશે અને 20 વર્ષ સુધી તેણે મ્યુચ્યુઅલ ફંડમાં દર મહિને Rs 1733 નાં કરેલા રોકાણમાંથી તેને 20 વર્ષ પછી કુલ રકમ Rs 23,03,513(ત્રેવીસ લાખ ત્રણ હાજર પાંચસો તેર) રૂપિયા મળશે. જે તેની સંપત્તિ કહેવાશે.

રમેશ અને નરેશની સરખામણી કરીએ તો,

Rs 36,65,244(લોન પૂરી કરવા રમેશે બેન્કને ભરેલી કુલ રકમ)

- Rs 41,65,550(લોન પૂરી કરવા નરેશે બેન્કને ભરેલી કુલ રકમ)

+ Rs 23,03,513 (20 વર્ષ બાદ નરેશને મ્યુચ્યુઅલ ફંડમાંથી મૂળ રકમ સહિત મળેલું કુલ રિટર્ન)

= Rs 18,03,207 (અઢાર લાખ ત્રણ હજાર બસો સાત) 20 વર્ષ બાદ નરેશે પોતાની પાસે સર્જન કરેલી સંપત્તિ

16 વર્ષ બાદ રમેશ પોતાની પાસે કોઈ મૂડીનું સર્જન કરી શકતો નથી. જયારે 20 વર્ષ બાદ નરેશ પોતાની પાસે Rs 18,03,207(અઢાર લાખ ત્રણ હજાર બસો સાત) નું સર્જન કરે છે

અહિં, કહેવાનો અર્થ એ છે કે, જો તમારી ઉપર કોઈ પણ પ્રકારનું દેવું હોય, તમારે હોમ લોન કે બીજી કોઈપણ પ્રકારની લોન ચાલુ હોય તો તમે દર મહિને લોનનો જેટલી પણ રકમનો હપ્તો ભરતા હોવ તે હપ્તાની ઓછામાં ઓછી 10 ટકા કે તેના કરતા વધુ રકમ ઘણું સારું રિટર્ન આપતા કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરતા રેહવું જોઈએ. જેથી કરીને, તમે 20 વર્ષ કે તેથી વધુ સમયના લાંબા ગાળે ઘણી બધી સંપત્તિનું સર્જન કરી શકો અને બની શકે કે તમારી પર કોઈપણ પ્રકારનું દેવું, ઋણ ન હોય તો પણ તમારે પોતાની આવકમાંથી ઓછામાં ઓછી 10 ટકા કે તેથી વધુ રકમનું દર મહિને નિયમિત ઘણું સારું રિટર્ન આપતા કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં(ગ્રોથ ફંડમાં) રોકાણ કરતા રેહવું જોઈએ જેથી કરીને, તમે 20 વર્ષ કે તેથી વધુ સમયના લાંબા ગાળે ઘણી બધી સંપત્તિનું સર્જન કરી શકો..

એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે , કોઈ પણ ક્ષેત્રમાં રોકાણ કરતી વખતે તમને તમારા રોકાણમાંથી મળતા વાર્ષિક રિટર્નનો આંકડો તમારા દેશની મોંઘવારી(ફુગાવા)ના દર કરતા મોટો હોવો જોઈએ એટલે કે,

વાર્ષિક રિટર્ન > વાર્ષિક મોંઘવારીનો દર

આ વાતને એકદમ સરળતાથી સમજવાનો પ્રયાસ કરીએ.

માની લો કે, કોઈ એક વ્યક્તિ Rs 100(સો) બેંકના પોતાનાં બચત ખાતામાં 1 વર્ષ માટે ફિક્સડ ડિપોઝીટ સ્કીમમાં વાર્ષિક 6 % ના વ્યાજ દરે રોકાણ માટે મૂકે છે અને તે વ્યક્તિના દેશમાં મોંઘવારી(ફુગાવા)નો દર વાર્ષિક 9 ટકા છે. તો તે વ્યક્તિને 1 વર્ષને અંતે 3(ત્રણ) રૂપિયા નુકશાન જશે અને બીજા શબ્દોમાં કહીએ તો, તેના Rs 100(સો) ની વેલ્યૂ,મૂલ્ય એક વર્ષને અંતે Rs 3(ત્રણ) ઘટશે.

ફિક્સડ ડિપોઝીટ સ્કીમમાં 1 વર્ષ માટે મૂકેલા Rs 100 નું, વાર્ષિક 6 ટકાના દરે 1 વર્ષને અંતે કુલ મૂલ્ય

Rs 100 (મુદ્દલ) + Rs 6 (વ્યાજ) = Rs 106

1 વર્ષનો સરેરાશ વાર્ષિક મોંઘવારી(ફુગાવા)નો દર 9 ટકા એટલે કે, 1 વર્ષ પહેલા તમને જે ચીજવસ્તુ Rs 100માં 1 કિગ્રા મળતી હતી, તે જ 1 કિગ્રા ચીજવસ્તુની 1 વર્ષ પછી કિંમત 109 રૂપિયા હશે. એટલે કે, 1 વર્ષ પછી તમારે તે 1 કિગ્રા ચીજવસ્તુ ખરીદવા માટે 109 રૂપિયા ચૂકવવા પડશે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે, 1 વર્ષ પછી 100 રૂપિયામાં તમને તે ચીજવસ્તુ ફક્ત 917.43 ગ્રામ જ મળશે એટલે કે, 1 કિગ્રા કરતા 83 ગ્રામ ઓછી મળશે.

1 વર્ષને અંતે 1 કિગ્રા ચીજવસ્તુની કિંમત - 1 વર્ષને અંતે બેંકમાં ફિક્સડ ડિપોઝિટ સ્કીમમાં મૂકેલા Rs 100 નું કુલ મૂલ્ય

એટલે કે, 109 -106 = 3

એટલે કે, તે 1 વર્ષને અંતે 1 કિગ્રા ચીજવસ્તુ Rs 109ના ભાવે લેવા માટે વધારે 3 રૂપિયા તમારા ખિસ્સામાંથી ખર્ચવા પડશે. એટલે કે, 1 વર્ષનો અંતે બેન્કના ફિક્સડ ડિપોઝિટ સ્કીમના રોકાણમાંથી મળતા વાર્ષિક રિટર્નનો દર, વાર્ષિક મોંઘવારી(ફુગાવા)ના દર કરતા 3 ટકા ઓછો હોવાથી Rs 100 નું 1 વર્ષને અંતે મૂલ્ય Rs 3 ઘટશે. આમ અહિં, કહેવાનો અર્થ એ છે કે, તમે રોકેલા નાણાંનું મૂલ્ય સમય વધવાની સાથે સાથે મોંઘવારીના દર કરતા વધારે વધવું જોઈએ.

આની સાથે સાથે બીજી એક વાતનું પણ ખાસ ધ્યાન રાખવું કે, તમે કોઈની પાસેથી વ્યાજે લીધેલા કરજની, લોનની રકમના વાર્ષિક વ્યાજ દર કરતા તમારા રોકાણમાંથી મળતા વાર્ષિક રિટર્નનો આંકડો મોટો હોવો જોઈએ. સમય વધવાની સાથે સાથે મોંઘવારી પણ વધતી રહે છે. આથી તમે રોકેલા નાણાંમાંથી મળતા રિટર્નનો આંકડો મોંઘવારી(ફુગાવા) ના દર કરતા હંમેશા મોટો હોવો જોઈએ તો, જ તમારા નાણાંનું મૂલ્ય આગળ સમય વધવાની સાથે સાથે વધતું રહેશે.

વાર્ષિક રિટર્ન > લોન(કરજ)નું વાર્ષિક વ્યાજ

આમ, અહિં સ્પષ્ટ જોઈ શકાય છે કે, મ્યુચ્યુઅલ ફંડ લાંબા ગાળે સાચાં અર્થમાં સમાજનાં બધા જ વર્ગના લોકો માટે ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગિય માણસ માટે એક વેલ્થ ક્રિએટર સૉર્સ એટલે કે, સંપત્તિનું સર્જન કરનાર સ્રોત, એસેટ સાબિત થાય છે. જીવનમાં એક વાત ખાસ યાદ રાખવી કે, તમારી કંપનીના બૉસ કે માલિકની જવાબદારી ફક્ત તમને પગાર ચુકવવાની છે, નહિ કે તમને કરોડપતિ બનાવવાની. તમને કરોડપતિ બનાવવાની જવાબદારી ફક્ત અને ફક્ત તમારી જ છે,બીજા કોઈની નહિ. કોઈ વ્યક્તિ તેની પૂરી જિંદગીમાં કરોડોપતિ કે અબજોપતિ એટલા માટે નથી બની શકતી કે તે ઓછું કમાય છે પરંતુ, તે એટલા માટે નથી બની શકતી કે તેની પાસે આજીવન ફાઈનાન્સિયલ એજ્યુકેશનનો અભાવ હોય છે.

રોકાણ કરવામાં પણ ઘણી બધી વ્યક્તિઓ ધીરજ ન રાખી શકવાને કારણે અથવા સમય ન આપી શકવાને કારણે નુકશાન કરી બેસે છે. જો તમે કરેલા રોકાણમાંથી ઘણું સારું એવું વળતર(રિટર્ન) મેળવવા માંગતા હોવ તો, તમે રોકેલા નાણાંની સાથે સાથે તમારે તમારા સમયનું પણ રોકાણ કરવું પડશે કારણ કે, ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિનો લાભ લેવા માટે સમયનું રોકાણ કરવું પણ ખૂબ જ અગત્યનું છે એટલે કે, ધનની સાથે સાથે ધીરજનું (સમયનું) પણ રોકાણ કરવું પણ ખૂબ જ જરૂરી છે. કોઈ પણ વ્યક્તિ ભલે તે વેપાર-ધંધો કરતી હોય અથવા તો મજૂરી કે નોકરી કરતી હોય તે દરેક વ્યક્તિ પોતાની આર્થિક સ્થિતિને વધુ સમૃદ્ધ અને મજબૂત બનાવવા માટે મ્યુચ્યુઅલ ફંડમાં પોતાની પસંદગી પ્રમાણે રોકાણ કરી શકે છે.

કેટલીક વ્યક્તિઓ એવી હશે કે, જેઓ ભણતી હશે અથવા કમાવાની શરૂઆત નહિ કરી હોય અથવા ઓછી આવક હોવાને કારણે રોકાણ માટે સોનું અથવા કોઈ મકાન ખરીદી

શકે એમ નહિ હોય તો તેવા લોકો માટે ધનવાન બનવા માટે આજના સમયમાં ઈન્ટરનેટ અને ઓનલાઈન સેલિંગ એક ખૂબ જ સારો આવકનો સ્ત્રોત બનીને ઉભરી આવ્યું છે. ઓનલાઇન સેલિંગ દ્વારા કોઈ પણ વ્યક્તિ રાતોરાત કરોડપતિ બની શકે છે કારણ કે, ઓનલાઇન સેલિંગ દ્વારા તમને આખા વિશ્વના ગ્રાહકો મળે છે. આ તેની સૌથી મોટી ખાસિયત છે. જો તમે કોઈ પણ પ્રકારની ચીજવસ્તુ, પ્રાચીન સિક્કાઓ, પુસ્તક, ચિત્રો, પોતાનું ગીત કે કવિતા, સોફ્ટવેર, કપડાં, ઈલેક્ટ્રોનિક ઉપકરણ, મોબાઇલ, કોમ્પ્યુટર…વગેરે જેવી ચીજવસ્તુઓ, ટૂંકમાં, તમારી કોઈપણ પ્રકારની પ્રોડક્ટ ઓનલાઈન વેચો છો તો જયારે તમે સુતા હોવ ત્યારે પણ દુનિયાના કોઈ બીજા દેશના લોકો તમારી ચીજવસ્તુને ખરીદી રહ્યા હોય છે. ઓનલાઈન સેલિંગથી તમે ચોવીસે કલાક તમારી કોઈપણ પ્રકારની પ્રોડક્ટ આખી દુનિયામાં વેચી શકો છો.

ઑન લાઈન સેલિંગ દ્વારા તમે તમારા સર્વશ્રેષ્ઠ વિચારો દુનિયાને વેચી શકો છો. તમે તમારા સર્વશ્રેષ્ઠ વિચારો દ્વારા, તમારી સર્વશ્રેષ્ઠ યુક્તિઓ દ્વારા દુનિયાની કોઈ પણ વ્યક્તિની સમસ્યાને સૉલ્વ કરી શકો છો અને/ અથવા દુનિયાની કોઇ પણ વ્યક્તિને તેના ધ્યેય સુધી પહોંચવામાં મદદ કરી શકો છો. તમે કોઈ પણ પ્રોડક્ટ અથવા સર્વિસ ઓનલાઇન પર વેચીને રાતોરાત કરોડપતિ બની શકો છો. એક વાત હંમેશા યાદ રાખવી કે, “તમારી પ્રોડક્ટ અથવા સર્વિસ લોકોની પ્રોબ્લેમ સૉલ્વ કરી શકે તેવી અથવા લોકોની જરૂરિયાતને પૂર્ણ કરી શકે તેવી અથવા લોકોને તેમના ધ્યેય સુધી પહોંચવામાં મદદરૂપ થાય તેવી અથવા લોકોને મનોરંજન, આનંદ આપી શકે તેવી હોવી જોઈએ. જેથી, લોકો આપોઆપ જ તમારા ગ્રાહક બની જાય. ઑનલાઇન સેલિંગ એ વર્તમાન સમયમાં ખૂબ જ ઝડપથી અને ખૂબ જ ટૂંક સમયમાં ઈ-કરોડપતિ   બનવા માટેનો ફાસ્ટ લેન છે.”

P = problem solver

N = need

G = goal achiever

E = entertainment

એટલે કે,

with P/N/G/E product or service = successful product or service

તમે તમારી કોઈ પણ પ્રકારની સેવા(સર્વિસ)ને પણ ઑનલાઇન વેચી શકો છો. તમે કઈ કઈ ચીજ વસ્તુઓ ઓનલાઈન સેલિંગ દ્વારા વેચી શકો છો, તેની એક યાદી નીચે આપેલી છે.

વ્યક્તિ સવારે જાગે ત્યારથી રાત્રે સુવે ત્યાં સુધીમાં જેટલી પણ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે તે તમામ ચીજવસ્તુઓ જેમ કે, ખાવાપીવાની કોઈ પણ ચીજવસ્તુ, પહેરવા માટેના કપડાં તથા ઓઢવા માટેની ચીજવસ્તુઓ, કોઈપણ પ્રકારની કોસ્મેટિક ચીજવસ્તુ, કોઈ પણ પ્રકારની એસેસરીઝ, ઘરનું ફર્નિચર,મોબાઇલ ફોન, કોમ્પ્યુટર, ટીવી, ફ્રીજ, એસી, પંખો, બલ્બ જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો, અનાજ દળવાની ઘંટી, મનોરંજનને લગતું સંગીત અને વિડિયો, રમત ગમતના સાધનો, નાના છોકરાને રમવા માટેના રમકડાં, ઔધોગિક સામાન, સાયકલ, બાઈક

અને કાર, બસ ટિકિટ, ટ્રેનની ટિકિટ, વિમાનની ટિકિટ વગેરે વગેરે...આ યાદી બનાવવા બેસીએ તો બહુ જ લાંબી બને અને આ ઉપરાંત,

- એફેલીએટ માર્કેટિંગ એટલે કે ઓનલાઈન સેલિંગ કરતી કોઈ કંપનીના માલ સામાનને તમે એક મધ્યસ્થ એજન્ટ બનીને તમારી વેબસાઈટ કે બ્લોગ દ્વારા લિંક કરીને બીજી અન્ય કોઈ વ્યક્તિને વેચી શકો છો, તમારી લિંક પર બીજી કોઈ વ્યક્તિ ક્લિક કરીને કોઈ ચીજવસ્તુને ખરીદે છે તો, તમને તે કંપની તે વસ્તુની કુલ કિંમતમાંથી અમુક રકમ કમિશન તરીકે ચૂકવે છે. આ માટે તમારી પાસે ફક્ત એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ હોવું જોઈએ. આમા તમારે એક પણ રૂપિયાનું રોકાણ કરવું પડતી નથી. તમારે ફક્ત એક ડિજિટલ મિડિયેટર તરીકે કામ કરવાનું છે. આ માટે તમારી પાસે તમારી પોતાની એક વેબસાઈટ હોવી જરૂરી છે. વેબસાઈટ ઓનલાઈન ફ્રી માં પણ બનાવી શકાય છે.

-યુ -ટ્યુબ ચેનલ દ્વારા

-વેબ સાઈટ અને બ્લોગ બનાવીને

-ઓનલાઇન કોર્સ શીખવાડીને

- ઈ-બુક દ્વારા

- કોઈ પણ પ્રકારની કંપેરીઝન(સરખામણીની) સાઈટ દ્વારા

- ઈ-કોમર્સ શોપ ચાલુ કરીને અને તેના દ્વારા કોઈ પણ પ્રકારની વસ્તુઓ કે સેવા વેચીને

-પોતાની વેબ સાઈટ પર એડવર્ટાઈઝિંગ દ્વારા

-ઓનલાઇન ગેમ વેચીને

-સોફ્ટવેર બનાવીને તેને ઓનલાઈન વેચીને

-ડિજિટલ પબ્લીશર બનીને

-એપ્લીકશન બનાવીને

-કંપનીના લોગો બનાવીને તેને ઓનલાઇન વેચીને

-થોટ પ્રોડક્ટ ઓનલાઈન વેચીને

-ડોમેન દ્વારા વગેરે, વગેરે....જો આ યાદી બનાવવામાં આવે તો ઘણી જ લાંબી બને.

આ બધા ઉપાયોમાંથી તમારી ક્ષમતા પ્રમાણે અને તમારા માટે જે યોગ્ય હોય એવા એક કે એક કરતા વધારે ઉપાયો અજમાવીને કરોડોપતિ કે અબજોપતિ બનવાની શરૂઆત કરી દેવી જોઇએ અને સાથે સાથે બને તેટલી જલ્દી નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિયલ ફ્રીડમ)મેળવી લેવી જોઈએ.

અહિં, આપણે વિસ્તૃતથી જાણીશું કે, નાણાંકીય સ્વતંત્રતા શું છે? નાણાંકીય સ્વતંત્રતાના ફાયદા શું છે? નાણાંકીય સ્વતંત્રતા શા માટે મેળવવી જોઈએ? નાણાંકીય સ્વતંત્રતા મેળવવા માટે શું કરવું જોઈએ ?

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) એટલે શું ?

નાણાંકીય સ્વતંત્રતા= પેસિવ ઈન્કમ > કુલ ખર્ચ

એટલે કે, જયારે તમારી દર મહિનાની નિષ્ક્રિય આવક (પેસિવ ઈન્કમ) તમારા દર મહિનાના કુલ ખર્ચ કરતા વધુ હોય છે ત્યારે તમે નાણાંકીય રીતે સ્વતંત્ર છો તેમ કહી શકાય. કારણ કે, આ સમયે તમને નાણાં કમાવા માટેની કોઈ ચિંતા હોતી નથી. કારણ કે, તમે ભૂતકાળમાં તમારા માટે નાણાં કમાઈ શકે તેવી ઉભી કરેલી સિસ્ટમ અથવા ભૂતકાળમાં રોકેલા નાણાં વર્તમાનમાં તમારા માટે કામ કરતા હોય છે અને તેમાંથી તમને વર્તમાનમાં ખૂબ સારી નિયમિત નિષ્ક્રિય આવક(પેસિવ ઈન્કમ) મળતી હોય છે.

ઉદાહરણ તરીકે, જો તમારા અને તમારા પરિવારના કુલ સભ્યોનો કુલ માસિક ખર્ચ Rs 25,000 છે અને તમને પેસિવ ઈન્કમ(કામ કર્યા વગરની નિષ્ક્રિય આવક) દ્વારા દર મહિને Rs 30,000 મળે છે તો, તમે નાણાંકીય રીતે સ્વતંત્ર છો તેમ કહી શકાય.

દુનિયામાં અત્યારના સમયમાં ઘણા બધા લોકોએ નાણાંકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી છે અને આવા લોકો પોતાના સપનાની અને પોતાની મરજી મુજબની જિંદગી જીવી રહ્યા છે. કહેવાય છે કે, કોઈ પણ વ્યક્તિના જીવનનો સૌથી ખુશનુમા અને યાદગાર સમય તેનું બાળપણ હોય છે કારણ કે, બાળપણમાં કોઈ પણ બાળક વધારે ખુશ એટલા માટે હોય છે કે, તે સમયે બાળક નાણાંકીય રીતે સ્વતંત્ર હોય છે. તેની નાણાંને લાગતી કોઈ પણ પ્રકારની સમસ્યાની જવાબદારી તેના માં-બાપની હોય છે. આ સમયે બાળકનું સંપૂર્ણ ધ્યાન માત્ર અને માત્ર પોતાનું જીવન જીવવા પર જ હોય છે અને આ સમયે બાળક કોઈ પણ પ્રકારની ચિંતા વગર, તન અને મનથી પોતાનું જીવન જીવે છે અને તેથી જ કદાચ બાળપણ કોઈ પણ વ્યક્તિના જીવનનો સૌથી ખુશનુમા અને યાદગાર સમય હોય છે. જેનાથી આગળ જતા યુવાની અને તેની કરતા આગળના સમયમાં અમુક રૂપિયા હોવા છતાં નાણાંકીય સ્વતંત્રતા ન હોવાથી બાળપણમાં જે જિંદગી જીવ્યા હોય એવી મોજ બીજીવાર નથી આવતી.

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ)ની શા માટે જરૂર છે ?

- વર્તમાનની અને ભવિષ્યની નાણાંની ચિંતાથી આઝાદી માટે.

-આપણે જે કામ કરવા ઈચ્છતા હોઈએ તે કામ કરવા માટે.

-આપણા સપના સાકાર કરવા અને આપણી મરજી મુજબની સાચી જિંદગી જીવવા માટે.

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ)ના ફાયદા શું છે ?

-પોતાના અને પોતાના પરિવારના સભ્યોના રોજિંદા ખર્ચ પુરા કરવા માટે રોજેરોજ ચિંતા કરવી પડતી નથી.

-તમે બીમાર હોવ અથવા કોઈ સામાજિક,વ્યવહારિક કે અન્ય કોઈ કારણસર કામ ન કરી શકો તેવી સ્થિતિમાં હોવ તો પણ તમારી આવક ચાલુ જ રહે છે. આવા સમયે તમારે પૈસા કમાવા માટે કામ કરવું પડતું નથી કારણ કે, ભૂતકાળમાં તમે ઉભી કરેલી સિસ્ટમ કે ભૂતકાળમાં તમે રોકેલા નાણાં વર્તમાનમાં તમારા માટે કામ કરે છે અને તમને વધુ નાણાં કમાઈને આપે છે.

-જે કામ કરવામાં તમને સાચી ખુશી અને શાંતિ મળે તેવું કામ તમે કરી શકો છો.

-પોતાના સપના પ્રમાણેની, પોતાની મરજી મુજબની જિંદગી જીવી શકો છો.

-પોતાના પરિવારના સભ્યો સાથે ગમે તેટલા દિવસ દેશ-વિદેશના પ્રવાસે જઈ શકો છો.

-પોતાના પરિવારના સભ્યો સાથે વધુ ક્વૉલિટી સમય વિતાવી શકાય છે.

-સમાજના પછાત અને જરૂરિયાતમંદ લોકો માટે પરોપકાર, ભલાઈ અને સેવાનું કામ કરી શકો છો.

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) કેવી રીતે મેળવી શકીએ?

-નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) મેળવવા માટે પૂરતું ધન, પૂરતો સમય અને પૂરતા આવકના સ્ત્રોત એ ત્રણ પાયાની જરૂરિયાત છે.

-આ માટે તમારી પાસે ફાઇનાન્સિઅલ પ્લાન હોવો જોઈએ જેમાં એ સ્પષ્ટ હોવું જોઈએ કે, તમે કેટલા સમય પછી કેટલા પૈસા મેળવવા માંગો છો.

-આ માટે તમે અત્યારે વર્તમાનમાં ભલે ગમે તે કામ કરતા હોવ તો પણ, તમારી દર મહિનાની આવકમાંથી નિયમિત 10 ટકા કે તેથી વધુનું પોતાના માટે યોગ્ય હોય તેવા ક્ષેત્રમાં કે વ્યવસાયમાં રોકાણ કરવાનું ચાલુ કરી દેવું જોઈએ અને તે સ્પષ્ટ કરી લેવું જોઈએ કે, રોકાણના કેટલા વર્ષો પછી તમે કેટલા નાણાં મેળવવા માંગો છો.

-આની સાથે સાથે તમને ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિ(પાવર ઓફ કમ્પાઉન્ડિંગ)નું જ્ઞાન હોવું પણ ખૂબ જ જરૂરી છે. ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિના જ્ઞાનને સારી રીતે સમજવા માટે તમે ફાઇનાન્સીયલ કેલ્ક્યુલેટરનો પણ ઉપયોગ કરી શકો છો. આ ફાઇનાન્સીયલ કેલ્ક્યુલેટર તમે ઑફ લાઈન કે ઑન લાઈન પણ મેળવી શકો છો.

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) મેળવવા માટે રોકાણ કઈ કઈ જગ્યાએ કરી શકાય ?

(1)ભાડે આપવા માટેના મકાન, ફ્લેટ, ખુલ્લો પ્લોટ કે દુકાન

(2)શેર

(3) મ્યુચ્યુઅલ ફંડ

(4) સરકારી બોન્ડ

(5)સોનું

(6) બેન્કની લાંબા કે ટૂંકા ગાળાની ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ

(7) પોસ્ટ ઑફિસની લાંબા કે ટૂંકા ગાળાની ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ

(8)સેવિંગ એકાઉન્ટ

(9)રીકરીંગ ડિપોઝિટ (RD)

(10) પ્રોવિડન્ટ ફંડ(PF)

(11)સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમ (SCSS)

(12)કિસાન વિકાસ પત્ર(KVP)

(13)નેશનલ પેંશન સિસ્ટમ(NPS)

(14)રોયલટી તરીકે આવક મળી શકે તેવા કામમાં (વૈજ્ઞાનિક,ગાયક, લેખક બનીને)

(15)બિઝનેસ સિસ્ટમ દ્વારા

(16)ઓનલાઇન ઈન્કમ સોર્સ દ્વારા

(17)પેસિવ સાઈડ બિઝનેસ

(18) કોમોડિટી

(19) કોઈ વ્યવસાય કે ધંધામાં..... વગેરેમાં પોતાની જોખમ લેવાની ક્ષમતા અને પોતાને માટે યોગ્ય હોય અને જ્યાંથી નિષ્ક્રિય આવક(પેસિવ ઈન્કમ) મળી શકે એમ હોય તેવા વિકલ્પોમાં રોકાણ કરી શકાય.

~ નાણાંકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) મેળવવા માટે   રોકાણ કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

(1)અલગ અલગ વ્યક્તિની જોખમ લેવાની ક્ષમતા અલગ અલગ હોય છે આથી, તમારી જોખમ લેવાની ક્ષમતા પ્રમાણે, તમારા માટે જે યોગ્ય હોય તેવા ક્ષેત્રમાં જ રોકાણ કરવું જોઈએ.

(2) કેટલા વર્ષો પછી તમારે કેટલા નાણાં જોઈએ છે તે એકદમ સ્પષ્ટ હોવું જોઈએ.

(3) તમારું કુલ રોકાણ અને તે રોકાણ પર તમને મળતું રિટર્ન   એટલે કે, તમારી કુલ મૂડી ક્યારેય ડૂબવી જોઈએ નહિ.

(4) રોકાણ પર તમને મળતાં રિટર્નનો આંકડો તમારા દેશના મોંઘવારીના દર(ફુગાવાનાં દર) કરતા મોટો હોવો જોઈએ.

એક મહત્વનો સવાલ, ભલે આ સવાલ તમારા મગજમાં કદાચ ન આવ્યો હોય, કોઈ ગરીબ વ્યક્તિ શા માટે આજીવન અથવા તેની જિંદગીના મોટા ભાગના વર્ષો ગરીબીમાં જ વિતાવે છે? આ સવાલનો સાચો અને સચોટ જવાબ મેળવવાનો એક પ્રયાસ કરીએ.

-ગરીબ વર્ગના લોકો જેટલું પણ કમાય છે, જેટલી પણ આવક મેળવે છે, તે તમામ આવક તેના અને તેના પરિવારના સભ્યોના ભરણપોષણ અને બીજી કેટલીક જરૂરિયાતો પૂર્ણ કરવામાં વપરાઈ જાય છે એટલે કે, ગરીબ લોકોની સો એ સો ટકા આવક જવાબદારી(લાયબિલિટી) પાછળ જ વપરાઈ જાય છે અને પરિણામે તેઓ પેસિવ ઈન્કમના સ્ત્રોત, સંપત્તિ(એસેટ) ખરીદી શકતા નથી. આથી, તેઓને રોજેરોજ પૈસા કમાવા માટે ફરજિયાતપણે કામ કરવું જ પડે છે.આથી, તેઓ તેમની જિંદગીના મોટા ભાગના વર્ષો અથવા આજીવન ગરીબીમાં જ વિતાવે છે.

-એ જ રીતે મધ્યમ વર્ગના લોકોની જીવનશૈલી પર એક નજર કરવામાં આવે તો જાણવા મળશે કે, મધ્યમ વર્ગના લોકો,ગરીબ વર્ગના લોકો કરતા વધારે આવક મેળવે છે આથી,

મધ્યમ વર્ગના લોકો, ગરીબ વર્ગના લોકોની સરખામણીમાં વધુ સારી અને વધુ સગવડતાવાળી જિંદગી જીવે છે. પોતાને,પોતાના બાળકોને અને પોતાના પરિવારના સભ્યોને એક સારી જિંદગી આપવાનો પ્રયાસ કરે છે. પરિણામે, તેઓ પોતાની જીવન જરૂરિયાત અને બીજી કેટલીક જરૂરિયાતો, બાળકોના શિક્ષણનો ખર્ચ, હોમ લોન, કાર લોન, ક્રેડિટ કાર્ડના બિલ....વગેરે જેવી જીવન જરૂરિયાતની અને/અથવા સુખ,સુવિધા અને મોજશોખની ચીજ વસ્તુઓ પાછળ પણ ખર્ચ કરે છે.આથી,મધ્યમ વર્ગના લોકો પેસિવ ઈન્કમના સ્ત્રોત, સંપત્તિ(એસેટ) ખરીદી શકતા નથી અથવા તો બહુ જ ઓછા પેસિવ ઈન્કમના સ્ત્રોત, સંપત્તિ(એસેટ) ખરીદી શકે છે અને પોતાની આવકનો મોટો ભાગ અથવા તમામ આવક પોતાના ખર્ચાઓ એટલે કે, જવાબદારી (લાયબિલિટી) પાછળ ખર્ચ થઈ જાય છે. પરિણામે, મધ્યમ વર્ગના મોટા ભાગના લોકોને પણ રોજેરોજ પૈસા કમાવા માટે કામ કરવું પડે છે અને પોતાની જિંદગીના મોટાભાગના વર્ષો અથવા આજીવન એક મધ્યમ વર્ગના માણસ તરીકે જ જિંદગી જીવવી પડે છે.

-જે માણસ જન્મથી જ કરોડોપતિ કે અબજોપતિ ન હોય અને પોતાની જાતે કરોડોપતિ કે અબજોપતિ બનેલો હોય તેવા માણસની બાયોગ્રાફી જાણવામાં આવે તો તમને જાણવા મળશે કે, તે માણસ જયારે ગરીબ અથવા મધ્યમ વર્ગના માનવીની જેમ જિંદગી જીવતો હતો તે દિવસોમાં તે માણસ પોતાની આવકમાંથી પહેલા તો પોતાની માટે પેસિવ ઈન્કમના સ્ત્રોત, સંપત્તિ(એસેટ) ખરીદતો હતો એટલે કે, પોતાને જેટલા પૈસાનું રોકાણ કરવાનું હોય તેટલા પૈસાનું સૌથી પહેલા રોકાણ કરતો હતો અને ત્યારપછી જે પૈસા બાકી રહે તે પૈસામાંથી પોતાની માટે, પોતાના બાળકો માટે અને પોતાના પરિવારના સભ્યો માટે જીવન જરૂરિયાત અને બીજી જરૂરિયાતો જેમાં, બાળકોના શિક્ષણનો ખર્ચ, ઘરનું ભાડું અથવા હોમ લોનનો EMI જેવી જીવન જરૂરિયાતને લગતી ચીજવસ્તુઓ પાછળ ખર્ચ કરતો હતો અને તેમાંથી જે પૈસા બાકી રહે તે પોતાના, પોતાના બાળકોના અને પોતાના પરિવારના સભ્યો માટે મોજશોખની ચીજવસ્તુઓ ખરીદતો હતો એટલે કે, પોતાની આવકમાંથી સૌ પ્રથમ રોકાણ કરવા માટેના નાણાં અલગ રાખી આવકના સ્ત્રોત, સંપત્તિ (અસેટ) ખરીદતો હતો અને તેમાંથી જે નાણાં બાકી રહે તેમાંથી પોતાના પરિવારના ખર્ચા, જવાબદારી(લાયબિલિટી) પૂરી કરતો હતો. પરિણામે, આવી વ્યક્તિનું ભૂતકાળનું રોકાણ અમુક વર્ષો પછી એટલું બધું વધી જાય છે કે આવી વ્યક્તિને અમુક વર્ષો પછી કામ કરવું પડતું નથી કારણ કે, તે વ્યક્તિએ ભૂતકાળમાં રોકેલા નાણાં તેના માટે વર્તમાનમાં કામ કરતા હોય છે અને તેમાંથી તેને એક નિયમિત નિષ્ક્રિય આવક(પેસિવ ઈન્કમ)પણ મળતી રહે છે. જયારે દર મહિનાની આ પેસિવ ઈન્કમ તેના અને તેના પરિવારના કુલ સભ્યોના દર મહિનાના ખર્ચ કરતા મોટી હોય છે ત્યારે આવી વ્યક્તિ સાચા અર્થમાં નાણાકીય સ્વતંત્રતા (ફાઈનાન્સિઅલ ફ્રીડમ) પ્રાપ્ત કરે છે અને પોતાની સપનાની અને પોતાની મરજી મુજબની જિંદગી જીવે છે અને પોતાની જિંદગીનો સાચો આનંદ માણે છે. આવા જ એક વ્યક્તિને આપણે વિશ્વમાં "શેર બજારના કિંગ" તરીકે ઓળખીએ છીએ. જેણે દુનિયાના સૌથી ધનિક ટોપ 10 લોકોની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કેટલાક લોકો જીવન વીમો, ટર્મ ઈન્શ્યોરન્સ, એક્સિડન્ટ ઈન્શ્યોરન્સ, મેડિકલેઈમ પોલિસી વગેરેને આવકના સ્ત્રોત, સંપત્તિ(એસેટ)માને છે હકીકતમાં, તે બધું આવકના સ્ત્રોત, સંપત્તિ(એસેટ) નથી પણ તે તમારા, તમારા બાળકોના અને તમારા પરિવારના સભ્યોનું તમારી હાજરીમાં અથવા ગેરહાજરીમાં એક આર્થિક સુરક્ષા કવચ છે. તમે તમારી હાજરીમાં અથવા

ગેરહાજરીમાં તમારા બાળકોને, તમારા પરિવારના સભ્યોને આર્થિક સુરક્ષા કવચ પૂરું પાડો છો તે પણ એક સારી બાબત જ કહેવાય.

અમુક લોકો ભલે એમ કહેતા હોય કે, પૈસા બધું નથી પણ સત્ય વાત એ છે કે, પૈસા ઘણું બધું તો છે જ. કારણ કે, તમારી અને તમારા પરિવારની જરૂરિયાત માટે સવારથી માંડીને રાત્રે સુવો ત્યાં સુધીમાં જે જે ખાવાપીવાની, ભરણ પોષણની, પહેરવા ઓઢવાની, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, મનોરંજનની અને અમુક મોજશોખની ચીજવસ્તુઓ, બસમાં, ટ્રેનમાં કે વિમાનમાં મુસાફરી કરવા માટેની ટિકિટ અને સારી સ્વાસ્થ્ય સેવાઓ ક્યારેય મફત નથી મળતી. તેને ખરીદવા માટે પૈસાની જ જરૂર પડે છે. કોઈ પણ દુકાનદાર તમને તમારી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ક્યારેય પણ મફત નહિ આપે.

ટૂંકમાં, અહિં કહેવાનો અર્થ એ છે કે, જો તમારી પાસે વધુ નાણાં હશે તો તેના યોગ્ય ઉપયોગ દ્વારા તમે પોતાને અને પોતાનાં પરિવારને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ, તમામ સુખ સુવિધાઓ અને તમામ સારી સ્વાસ્થ્ય સેવાઓ સારી રીતે પૂરી પાડી શકશો અને તેના દ્વારા સાચાં અર્થમાં તમે પોતાને અને પોતાનાં પરિવારને એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપી શકશો.

~ આત્મ ચિંતન

-શું તમારી પાસે વર્તમાનમાં રહેલા નાણાં દ્વારા તમે તમને પોતાને, તમારા બાળકોને અને તમારા પરિવારના તમામ સભ્યોને એક વધુ સારી, વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્તીવાળી, વધુ શાંતિપૂર્ણ જિંદગી આપી રહ્યા છો કે નહિ ?
-તમે વર્તમાનમાં અત્યારે **S,E,B,I** માંથી કયા જૂથમાંથી આવક મેળવી રહ્યા છો? તમે વર્તમાનમાં જે ક્ષેત્રમાંથી આવક મેળવી રહ્યા છો, તે ક્ષેત્ર તમને વહેલું કે મોડું નાણાંકીય સ્વતંત્રતા અપાવવા માટે સક્ષમ છે કે નહિ?
-શું તમે પેસિવ ઈન્કમના સ્ત્રોત(સંપત્તિ,એસેટ) અને ખર્ચ (જવાબદારી,લાયબિલિટી) વચ્ચેના તફાવતને બરાબર સમજો છો કે નહિ ?
-શું તમારી પાસે હાલમાં કોઈ પેસિવ ઈન્કમના સ્ત્રોત(સંપત્તિ,એસેટ) છે કે નહિ? અને નથી તો, તમે પેસિવ ઈન્કમના સ્ત્રોત(સંપત્તિ,એસેટ) બનાવવા કે ખરીદવા માટે કોઈ યોજના બનાવી છે કે નહિ ?
-શું તમે તમારી માસિક આવકમાંથી સૌથી પહેલા રોકાણ કરવા માટે, પોતાની યોગ્યતા મુજબ **10** ટકા કે તેથી વધુ રકમ અલગ રાખો છો કે નહિ ?
-શું તમારી પાસે, તમારી જોખમ લેવાની ક્ષમતા પ્રમાણેના રોકાણ કરવા માટેના

યોગ્ય ક્ષેત્રો છે કે નહિ ?
-શું હજી પણ તમે તમારા મગજમાં નાણાં અંગેની જૂની, નકામી, ખોટી ગેરમાન્યતા રાખો છો ?
-શું તમે ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિને જાણો છો ?
-શું તમે નાણાંકીય સ્વતંત્રતા અને તેના ફાયદાઓ વિશે જાણો છો ?

પ્રકરણ ૯ : ચીજવસ્તુનું જીવનમાં મહત્વ, ચીજવસ્તુની અછતને કારણે જીવનમાં ઉભી થતી સમસ્યા, સાચા અને યોગ્ય ઉકેલ દ્વારા ચીજવસ્તુની અછતને દૂર કરો અને ખુશ રહો

જ્યારથી આ પૃથ્વી પર સૌથી પહેલા કોઈપણ જીવનું સર્જન થયું હશે, ત્યારથી આજ દિન સુધીના તમામ જીવો અને મનુષ્યને પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પૃથ્વી પરની કોઈ પણ ચીજવસ્તુનો, કોઈ પણ સ્વરૂપે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગ કરવો પડયો છે. આ ચીજવસ્તુમાં કોઈ પણ જીવ પોતાને શ્વાસ લેવા માટે જોઈતા ઓક્સિજનનો વાયુ સ્વરૂપે, પોતાની ભૂખ અને તરસને તૃપ્ત કરવા માટે ખાવાપીવાની ચીજવસ્તુઓનો ઘન અથવા પ્રવાહી સ્વરૂપે ઉપયોગ કરે છે.પ્રાચીન સમયમાં મનુષ્ય પોતાને ઠંડી, ગરમી અને વરસાદથી રક્ષણ મેળવવા અને હિંસક પ્રાણીઓથી બચવા માટે પોતાના રહેઠાણ તરીકે ગુફાઓનો ઉપયોગ કરતો હતો. આજે મનુષ્ય પોતાના રહેઠાણ બનાવવા માટે લાકડા, પથ્થર, લોખંડ, ઈંટ,સિમેન્ટ વગેરેનો ઉપયોગ કરીને મકાન કે ઊંચી ઈમારત બનાવે છે અને તેમાં રહે છે. પ્રાચીન સમયમાં મનુષ્ય પોતાના શરીરને ઢાંકવા માટે ઝાડની છાલનો ઉપયોગ કરતો હતો. આજના સમયમાં મનુષ્ય કપાસમાંથી બનાવેલા કપડાં, નાયલોન અને પોલિએસ્ટર વગેરેમાંથી બનાવેલા કપડાનો ઉપયોગ કરે છે. આમ, પ્રાચીન સમયથી જ ચીજવસ્તુઓ માનવીના જીવન સાથે એક અભિન્ન અંગ તરીકે જોડાયેલી છે. આ એક સત્ય હકીકત છે.

પ્રાચીન કાળથી આજ દિન સુધી સમય જેમ જેમ બદલાતો ગયો છે, તેમ તેમ જરૂરિયાત પ્રમાણે તેની ચીજવસ્તુઓની યાદીમાં પણ ફેરફાર થતો ગયો છે અને આ યાદી આજના સમયને અનુલક્ષીને બનાવવામાં આવે તો ખૂબ જ લાંબી બને. જેમ કે,

-ખાવાપીવાની ચીજ વસ્તુઓ જેમાં અનાજ, શાકભાજી, ફળ, કઠોળ, કંદમૂળ, દૂધ, પાણી અને માંસાહારી માનવી માટે માંસ વગેરેનો સમાવેશ થાય છે.

-પહેરવા માટેની ચીજવસ્તુઓમાં કપડાં, સુતરાઉ કપડાં,ગરમ કપડાં, ગરમ કોટ(જેકેટ), વરસાદથી બચવા માટે છત્રી, રેઈનકોટ અને ઓઢવા માટેની ચીજવસ્તુઓ માટે બ્લેન્કેટ વગેરેનો સમાવેશ થાય છે.

-સંદેશોની આપ-લે કરવા માટે અગાઉના સમયમાં કાગળ, ટપાલ,પરબીડિયું જ્યારે આજના સમયમાં સેટેલાઈટ ઉપગ્રહ, ફેક્સ, ટેલિફોન, ટી.વી., મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ કનેક્શન વગેરેનો સમાવેશ થાય છે.

-વાહન વ્યવહાર માટે સાયકલ, બાઈક, કાર, બસ, ટ્રક, આગગાડી, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેઈન, વિમાન ,હેલીકૉપટર ... વગેરેનો સમાવેશ થાય છે.

-રહેવા માટે ઝૂંપડું, મકાન, ફ્લેટ કે ઊંચી ઇમારતો...વગેરેનો સમાવેશ થાય છે.

-સ્વાસ્થ્ય સેવાઓ માટે પ્રવાહી સીરપ, દવાની ટીકડી, કેપ્સૂલ વગેરેનો સમાવેશ થાય છે.

-મોજશોખની ચીજવસ્તુઓ માટે સિનેમા, એન્જોયમેન્ટ પાર્ક, હરવા ફરવા માટેના તમામ કુદરતી અને માનવસર્જિત સ્થળો...વગેરેનો સમાવેશ થાય છે.

જો આ યાદી બનાવવામાં આવે તો પૃથ્વી પર રહેતા બધા જ વ્યક્તિની પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ અને પોતાની ઈચ્છા, પસંદગી અને શોખ પ્રમાણે ઘણી જ લાંબી બની શકે.

આજના સમયના માણસને મોજશોખની ચીજવસ્તુઓ થોડા દિવસ સુધી ન મળે અથવા આપવામાં ન આવે તો આજનો માણસ થોડા જ કલાકોમાં બેબાકળો બની જાય છે. તેના પરથી ખ્યાલ આવે છે કે, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ તો ઠીક પણ, મોજશોખની ચીજવસ્તુઓ પણ આજના માણસની જિંદગીનો એક અભિન્ન અંગ બની ગઈ છે. અગાઉના પ્રકરણમાં આપણે પૈસાના મહત્વ વિશે જાણ્યું. માનવીના જીવન સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે જે ચીજવસ્તુઓ સંકળાયેલી છે તેમાંથી મોટાભાગની અને/અથવા તમામ ચીજવસ્તુઓને પૈસા દ્વારા ખરીદી શકાય છે. જેમ કે, ખાવાપીવાની ચીજવસ્તુઓ, પહેરવા કે ઓઢવા માટેના કપડાં, સંદેશા વ્યવહારના સાધનો, રહેવા માટે મકાન, મોજશોખ માટેની ચીજવસ્તુઓ, સ્વાસ્થ્ય સેવાઓ ...વગેરે, વગેરે. પણ તેમ છતાં પણ, અમુક સમય, અમુક સ્થિતિ અને અમુક સંજોગ અનુસાર પૈસા તમને બધી ચીજવસ્તુઓ કે બધી સેવાઓ આપી શકતા નથી ત્યારે કોઈ પણ વ્યક્તિને દુઃખી થવાનો વારો આવે છે.અમુક સમયે, અમુક પરિસ્થિતિમાં અને અમુક સંજોગોમાં પૈસાની પણ પોતાની એક મર્યાદા આવી જાય છે. જેમ કે,

- તમારી પાસે પૈસાથી ભરેલી બેગ છે અને તમે ટ્રેઈનમાં મુસાફરી કરી રહ્યા છો. મુસાફરી દરમ્યાન તમને કોઈ કારણસર અચાનક જ બહુ માથું દુઃખવા માંડે છે તો તે સમયે તમે તમારા માથા પર ચલણી નોટોના બંડલ મુકશો તો તમને માથું દુખતું મટી નહિ જાય પણ, આવા સમયે જો તમારી પાસે માથું દુખતું બંધ કરવાની ટીકડી જે, ફક્ત એક કે બે રૂપિયાની જ મળે છે તે હશે અને તમે તેને પીશો તો અમુક સમય પછી તમને માથું દુખતું બંધ થઈ જશે.આવા સંજોગોમાં ફક્ત એક દવાની ટીકડી (વસ્તુ) નું મહત્વ તમારા લાખો રૂપિયાથી ભરેલી બેગ કરતા ઘણું વધી જશે.

-એ સાચું છે કે, ખાવાપીવાની ચીજવસ્તુઓને પૈસા આપીને ખરીદી શકાય છે. આ વિધાન ત્યાં સુધી સાચું કે જ્યાં સુધી ખાવાપીવાની ચીજવસ્તુઓ વેચનાર કોઈ દુકાનદાર કે કોઈ વ્યક્તિ

તમારી પાસેથી પૈસા લે અને તેના બદલામાં તમને કોઈ ખાવાપીવાની ચીજવસ્તુઓ આપે ત્યાં સુધી. ઘણીવાર કુદરતી આપત્તિઓ આવે છે ત્યારે તેમાં ફસાયેલા લોકોને જ્યારે ખાવા માટે ખૂબ જ ભૂખ લાગી હોય અને પાણી પીવા માટે ખૂબ જ તરસ લાગી હોય, પોતાના ખિસ્સામાં બે-બે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ પણ હોય પણ, ખાવા માટે એક રોટલી કે બ્રેડનો એક ટુકડો પણ હોતો નથી.આવા સમયે તમારી પાસે ખાવાપીવાની ચીજવસ્તુઓ ખરીદવા માટે પૂરતા પૈસા હોય પરંતુ, સામે કોઈ ખાવાપીવાની ચીજવસ્તુઓ વેચવાવાળી કોઈ વ્યક્તિ કે દુકાન જ નથી હોતી. જયારે ભૂખ લાગે છે ત્યારે રૂપિયાની નોટોના બંડલ, ચલણી સિક્કાઓ, ક્રેડિટ કે ડેબિટ કાર્ડને ખાઈ શકાતા નથી કે પી શકાતા નથી અને કુદરતી આપત્તિઓમાં ફસાયેલી વ્યક્તિઓનો તે સમયે ફૂડ પેકેટ એક જ સહારો બને છે. જેમાં ખાવાપીવાની ચીજવસ્તુઓ હોય છે. આમ, ઘણીવાર કુદરતી આપત્તિના સમયે ખાવાપીવાની ચીજવસ્તુઓ, સ્વાસ્થ્ય સેવાઓને લગતી ચીજ્વસ્તુનું મહત્વ પૈસા કરતા ઘણું બધું વધી જાય છે.

- ઘણીવાર ચોમાસાના વરસાદના દિવસોમાં ઘણી બધી વ્યક્તિઓ પાસે હજારો રૂપિયા રોકડા હોય છે. ખિસ્સામાં પર્સમાં બે -બે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ પણ હોય છે અને ખિસ્સામાં 20 કે 25 હજાર રૂપિયાના મોબાઈલ ફોન પણ હોય છે. આવા વ્યક્તિઓ જયારે પોતાની ઑફિસેથી કે કામકાજના સ્થળેથી પોતાના ઘરે જવા નીકળે છે ત્યારે જો ભારે વરસાદ ચાલુ હોય તો આવી વ્યક્તિઓ પાસે રેઈનકોટ કે છત્રી ન હોવાથી અડધો કલાક કે એક કલાક ત્યાં જ અથવા આસપાસના સલામત સ્થળે ઉભા રહી જવું પડે છે. આવા સમયે અને આવી પરિસ્થિતિમાં તમારા ખિસ્સામાં રહેલા હજારો રૂપિયા અને ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ કરતા રેઈનકોટ,છત્રી કે મોબાઈલ ફોનને પાણીથી સુરક્ષિત રાખે તેવી પ્લાસ્ટિકની નાની કે મોટી બેગ એટલે કે વસ્તુનું મહત્વ ઘણું બધું વધી જાય છે. આ એક સત્ય વાત છે.

- ઘણીબધી વાર એવું પણ બને કે, અમુક વ્યક્તિ પાસે પુષ્કળ રૂપિયા હોય, ઘણું બધું સોનું અને ઘણી બધી સંપત્તિ હોય પરંતુ, જયારે તે વ્યક્તિ બીમાર પડે ત્યારે તેને સાજા થવા માટે ઉપયોગી દવાની ટીકડીઓ અને પ્રવાહી સિરપ કોઈ કારણસર ન હોય અથવા તો કોઈ કારણસર ન મેળવી શકે એમ હોય તો આવા સમયે અને આવી પરિસ્થિતિમાં જીવન બચાવવા માટે દવાનું એટલે કે ચીજ્વસ્તુનું મહત્વ પૈસા કરતા ઘણું બધું વધી જાય છે. આ પણ એક સત્ય હકીકત છે.

- જો કોઈ વ્યક્તિ પાસે પુષ્કળ પૈસા અને બીજી ઘણી બધી સંપત્તિ છે અને આ વ્યક્તિને કોઈ કારણસર અચાનક જ કોઈ ઈમરજન્સી કામ અર્થે અમુક કલાકોમાં જ મુંબઈથી લંડન પહોંચવું જ પડે એમ છે. જો સહેજ પણ વધારે મોડું થાય તો ચાલે એમ જ નથી અને આ વ્યક્તિ પોતાને જે સમયે, જ્યાં પહોંચવાનું છે તે સમયને ધ્યાનમાં રાખીને મુંબઈથી લંડનની પોતાની એર ટિકિટ બુક કરાવે છે પરંતુ, જે દિવસે અને જેટલા વાગ્યે ફ્લાઈટ ઉપડવાની હતી તે સમયે તે વ્યક્તિ કોઈ કારણસર એરપોર્ટ પર મોડી પહોંચે છે અને ફ્લાઈટ ચૂકાય જાય છે અને તેના પછીની ફ્લાઈટ ત્રણ કલાક પછીની છે પરંતુ, તેને જે ઈમરજન્સી કામ માટે લંડન જવાનું છે તે પ્રમાણે ત્રણ કલાક પછીની ફ્લાઈટ તેના માટે કોઈ કામની થતી નથી અને તે વ્યક્તિ લંડન પહોંચી શકતી નથી. તો, આવા સમયે અને આવા કિસ્સામાં પોતાની પાસે રહેલા નાણાં કરતા તેને વાહનવ્યવહાર માટે ઉપયોગી થાય તેવા વાહન વિમાન અથવા હેલીકૉપ્ટર એટલે કે વસ્તુનું મહત્વ ઘણું બધું વધી જાય છે.

તો ઘણીવાર એવું પણ બને છે કે, કોઈ ખેડૂત પોતાના ખેતરમાં ઘઉંનું વાવેતર કરે છે

અને જયારે ઘઉં પાકી જાય ત્યારે તે વેચીને તેમાંથી અમુક પૈસા મેળવીને તે પોતાની અથવા પોતાના પરિવારના કોઈ સભ્યોને જીવન જરૂરિયાતની અન્ય ચીજવસ્તુ અથવા અન્ય કોઈ સેવા આપે છે. તો આ અને આ પ્રકારના કિસ્સામાં તમને સ્પષ્ટ જણાશે કે, જેમ ચીજવસ્તુને પોતાનું એક આગવું મહત્વ છે તેમ, પૈસાને પણ પોતાનું એક આગવું મહત્વ છે.

તો આ બધા કિસ્સાઓ પરથી કહેવાનો અર્થ એટલો જ છે કે, પૈસાને પણ પોતાનું એક આગવું મહત્વ છે અને દરેક પ્રકારની ચીજવસ્તુ(જેમાં, A to Z પ્રકારની બધા જ પ્રકારની ચીજવસ્તુઓ)ને પણ પોતાનું એક આગવું મહત્વ છે. કોઈ સમયે, કોઇ પરિસ્થિતિમાં જ્યાં ચીજવસ્તુ કામ આવે છે ત્યાં પૈસા કામ આવતા નથી અને તે જ રીતે, બીજી અમુક પરિસ્થિતિમાં જ્યાં પૈસાની જરૂર પડે છે ત્યાં ચીજવસ્તુ કામ આવતી નથી. આથી સમજદાર અને બુદ્ધિશાળી વ્યક્તિએ બદલાતા સમયની સાથે સાથે, અણધારી વિપત્તિઓને પહોંચી વળવા માટે પૈસા અને યોગ્ય ચીજવસ્તુઓને સાથે રાખીને યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

કોઈ પણ વ્યક્તિ જયારે સાચા અર્થમાં પૈસા અને ચીજવસ્તુના સાચા મહત્વને સમજતી થશે અને તેની સાથે સાથે કયા સમયે, કઈ જગ્યાએ પૈસાને વધુ મહત્વ આપવું અને કયા સમયે, કઈ જગ્યાએ ચીજવસ્તુને વધુ મહત્વ આપવું તેનો યોગ્ય અને સાચો નિર્ણય કરવામાં નિપુણ બની જશે ત્યારે તે વ્યક્તિ પોતાને અને પોતાના પરિવારના સભ્યોને, પોતાના સમાજને, પોતાના દેશને સાચા અર્થમાં એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપી શકશે.

~ આત્મ ચિંતન

-શું તમે જીવનમાં પૈસાના મહત્વની સાથે સાથે, ચીજવસ્તુના મહત્વને પણ સમજો છો કે નહિ?
- જીવનમાં કયા સમયે અને કઈ કઈ જગ્યાએ જ્યાં પૈસા કામ નથી આવતા અને જ્યાં ફક્ત ચીજવસ્તુઓ કામ આવે છે તેની યોગ્ય સમજણ તમને, તમારા બાળકો અને તમારા પરિવારના સભ્યોને છે કે નહિ ?

પ્રકરણ ૧૦ : માનવીય જીવનમાં માનવી(વ્યક્તિ)નું મહત્વ,

સમાજનાં આર્થિક રીતે ગરીબ અને પછાત વર્ગના લોકો માટે ઉત્કર્ષની ભાવના

અગાઉના પ્રકરણમાં આપણે જીવનમાં પૈસા અને વસ્તુનાં મહત્વ વિશે જોયું. હવે, આપણે આ પ્રકરણમાં આપણા જીવનમાં વ્યક્તિ પોતે અને / અથવા કોઈ અન્ય વ્યક્તિના મહત્વ વિશે વિસ્તૃતથી સમજીશું.

આપણે જાણીએ છીએ તેમ, માનવીને એક સામાજિક પ્રાણી કહેવામાં આવ્યો છે. સામાજિક પ્રાણી એટલા માટે કે,માનવી પોતાના સુખ અને દુઃખને શબ્દો દ્વારા, ચહેરાના હાવભાવ દ્વારા, સ્પર્શ દ્વારા, લખાણ દ્વારા, ફોટા કે વિડિયોગ્રાફી દ્વારા, ઈમોજી દ્વારા સમાજના અન્ય વ્યક્તિઓ સાથે વહેંચી શકે છે. અન્ય વ્યક્તિઓ સાથે પોતાની સંવેદનાઓને વ્યક્ત કરી શકે છે.દુઃખના સમયમાં પોતાનો નિઃસ્વાર્થ પ્રેમ અને હૂંફ અન્ય વ્યક્તિઓને આપી શકે છે અને તેના દ્વારા નિરાશ વ્યક્તિને ફરી બેઠી કરી શકે છે. પોતાની સફળતાને અન્ય લોકો સાથે ઉજવી શકે છે અને પોતાના આનંદને વધારી શકે છે. પોતાની જરૂરિયાતને અન્ય લોકોની મદદ વડે પૂરી કરી શકે છે અને તે જ રીતે, અન્ય લોકોની જરૂરિયાતને પણ પોતાની યથાશક્તિ પ્રમાણે મદદ કરીને પૂરી કરે છે અથવા પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. ટૂંકમાં, કોઈ પણ મનુષ્યનું જીવન સવારે જાગે ત્યારથી રાત્રે સુવે ત્યાં સુધીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય કોઈને કોઈ વ્યક્તિ પર પરાવલંબી રહેલું છે. આ પણ એક સત્ય હકીકત છે.

અગાઉના બે પ્રકરણમાં આપણે એ જોયું કે, પૈસા અને ચીજવસ્તુને પોતપોતાનું મહત્વ છે, અમુક જગ્યાએ પૈસા કામ આવે છે ત્યાં ચીજવસ્તુ કામ નથી આવતી અને અમુક જગ્યાએ જ્યાં ચીજવસ્તુ કામ આવે છે ત્યાં, પૈસા કામ નથી આવતા. એ જ રીતે, અમુક સમયે, અમુક પરિસ્થિતિ અને અમુક સંજોગોમાં જ્યાં વ્યક્તિ કામ આવે છે ત્યાં પૈસા અને વસ્તુ પણ કામ નથી આવતા. જેમ કે,

- કોઈ એવી વ્યક્તિ છે જેની પાસે પુષ્કળ પૈસા, પુષ્કળ સોનું અને બીજી ઘણી બધી સંપત્તિ પણ છે. તે વ્યક્તિ જ્યારે બીમાર પડે છે ત્યારે તેની પાસે તેની બીમારીથી સાજા થવા માટેની જરુરી દવા પણ છે. પણ, તેના દેશમાં ડોક્ટરોની અનિશ્ચિત મુદતની હડતાળને કારણે અથવા કોઈ અન્ય કારણસર તેનું ઓપરેશન કરીને, સારવાર કરી શકે તેવા ડોક્ટર કે નર્સ અથવા તેના અન્ય કોઈ સગા કે પરિવારના એક પણ સભ્ય નથી. તો આવા કિસ્સામાં તે વ્યક્તિની પાસે રહેલા પૈસા અને સારવાર માટેની દવા (ચીજવસ્તુ) કરતા ડૉક્ટર (વ્યક્તિ)નું મહત્વ વધી જાય છે.

- આપણે ભલે ગમે તેટલા આધુનિક, ડિજિટલ અને ટેક્નોલોજીના યુગમાં જીવતા હોઈએ તો પણ જયારે આપણને ભૂખ લાગે છે ત્યારે આપણને ખાવા માટે જે અનાજ અને અનાજમાંથી બનાવેલી વાનગી મળે છે, તે અનાજ કોઈ મોબાઈલ કે કોમ્પ્યુટરની સ્ક્રીન પર નથી ઉગતા. તે ખેતરમાં ઉગે છે અને તેને ખેતરમાં ઉગાડવા માટે ખેડૂતની(વ્યક્તિની) મહેનત હોવી અનિવાર્ય છે. ખેતરમાં અનાજ ઉગાડવા માટે ફક્ત પૈસા કે કોઈ વસ્તુ(બિયારણ, ખાતર...વગેરે) કામ નથી આવતા પણ તેની સાથે સાથે ખેડૂતની (વ્યક્તિની) મહેનત કામ આવે છે. ખેડૂત ઠંડી, ગરમી અને વરસાદમાં કઠોર મહેનત કરીને ધરતીમાંથી અનાજ પકવે છે અને આખા વિશ્વનું ભરણપોષણ કરે છે એટલે જ, ખેડૂતને "જગતનો પિતા" કહેવામાં આવે

છે અને આને કારણે ખેડૂતનું(વ્યક્તિનું) મહત્વ પૈસા અને ચીજવસ્તુ કરતા ઘણું બધું વધી જાય છે.

- કોઈ વ્યક્તિ પાસે પૂરતા પૈસા હોય, બીજી ઘણી બધી સંપત્તિ હોય, ખાવાપીવાની ચીજવસ્તુ બનાવવા માટે વપરાતી બધી જ ચીજવસ્તુ હોય પરંતુ, જયારે ભૂખ લાગે અને તે વ્યક્તિને રસોઈ બનાવતા ન આવડતી હોય ત્યારે કોઈ અન્ય વ્યક્તિ ઓન લાઈન અથવા ઓફ લાઈન સેવા(સર્વિસ) આપીને તેને ભાવતી સ્વાદિષ્ટ રસોઈ બનાવીને આપે અને તે જમે તો જ તેની ભૂખ તૃપ્ત થાય. બજારમાં મળતી ખાવાપીવાની તૈયાર વાનગીઓ પણ આપમેળે નથી બની જતી, તેને બનાવનાર કોઇ માણસ(વ્યક્તિ) જ હોય છે અને તે તમારા સુધી કોઇ અન્ય વ્યક્તિ દ્વારા જ પહોંચે છે અથવા બજારમાં મળતી તૈયાર ખાવાપીવાની વાનગીઓ બનાવવા જે મશીન વપરાય છે તેને ચલાવનાર કોઈ અન્ય વ્યક્તિ જ હોય છે. તે વ્યક્તિ તે મશીનને સારી રીતે ઓપરેટ કરે છે ત્યારે જ તેમાં એક સ્વાદિષ્ટ વાનગી તૈયાર થાય છે. આમ, ખાવાપીવાની વસ્તુઓ માટે કોઈ પણ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય બીજી કોઈ પણ વ્યક્તિ પર આધાર રાખવો જ પડે છે. આવા કિસ્સામાં પૈસા અને ચીજવસ્તુ કરતા વ્યક્તિનું મહત્વ ઘણું બધું વધી જાય છે.

-તમારી પાસે પુષ્કળ નાણાં હોય અને તમારી પાસે કાપડ બનાવવા માટેનો કાચો માલ હોય પરંતુ, જો તમને કાપડ બનાવતા ન આવડતું હોય અને તે કાપડમાંથી કપડાં બનાવતા ન આવડતું હોય તો તમારે કપડાં માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે અન્ય કોઈ વ્યક્તિ પર જ આધાર રાખવો પડે છે. પહેરવા માટેના કપડાં આપણને બજારમાં રેડીમેઈડ મળે છે પણ, આ રેડીમેઈડ કપડાંને બનાવવા માટે પણ કોઈ વ્યક્તિની જ જરૂર પડે છે અને તેને તમારા સુધી પહોંચાડવા માટે કોઈ વ્યક્તિની જ જરૂર પડે છે. આવા કિસ્સામાં પૈસા અને ચીજવસ્તુ કરતા વ્યક્તિનું મહત્વ ઘણું બધું વધી જાય છે.

- અગાઉના સમયમાં ટપાલી દ્વારા ટપાલના માધ્યમથી સંદેશાની આપ-લે થતી હતી. તે સમયે ટપાલીને ખૂબ જ માન આપવામાં આવતું હતું અને તેને પોતાનું એક આગવું મહત્વ હતું. આજનાં ટેક્નોલોજીના યુગમાં અમુક સેંકડોમાં જ એક ક્લિક દ્વારા તમે એક દેશમાંથી હજારો કિમિ દૂર બીજા દેશમાં પોતાના મિત્ર કે સંબંધીઓને સંદેશો મોકલી શકો છો, વાતચીત કરી શકો છો, વિડિયો કોલિંગ કરી શકો છો. આ બધું આજે ઈન્ટરનેટને આભારી છે પણ, એ વાતનો પણ ખ્યાલ હોવો જોઈએ કે, સંદેશા વ્યવહારને લગતા જે જે કૃત્રિમ ઉપગ્રહો અવકાશમાં મોકલવામાં આવે છે તે ઉપગ્રહોને કોઈ માનવી જ બનાવે છે અને તે ઉપગ્રહને અવકાશમાં મોકલવા માટે જે અવકાશયાનનો ઉપયોગ થાય છે તે અવકાશયાન પણ કોઈ માનવીએ જ બનાવ્યું છે. તેમાં વપરાતા કોમ્પ્યુટર અને મશીનો પણ કોઈ માનવીએ જ બનાવ્યા છે. જેને કારણે આજના સમયમાં સંદેશા વ્યવહાર ખૂબ જ સરળ અને ખૂબ જ ઝડપી બની શક્યો છે. અહિં, કહેવાનો અર્થ એટલો જ છે કે, આજના ડિજિટલ ટેક્નોલોજીના યુગમાં સંદેશા વ્યવહારના જે આધુનિક સાધનો છે તે ફક્ત પૈસા અને ચીજવસ્તુ વડે આપમેળે જ બની જતા નથી. તેને બનાવવા માટે માનવીના મગજના અદ્દભૂત આઈડિયા અને કાર્યની જરૂર પડે છે.

- કોઈ એક સુખી સંપન્ન માણસ પાસે પુષ્કળ પૈસા, પુષ્કળ સોનું, બીજી ઘણી બધી સંપત્તિ અને પુષ્કળ ચીજવસ્તુ છે. તે વ્યક્તિને કોઈ કારણસર અડધી રાત્રે ઈમરજન્સી કામ અર્થે મુંબઈથી ન્યુયોર્ક જવું જ પડે એમ છે. આથી, તે વ્યક્તિ તરત જ એરપોર્ટ જવા નીકળી જાય

છે અને એરપોર્ટ પર ન્યુયોર્કની ફ્લાઈટ વિશે પૂછતાં તેને ખ્યાલ આવે છે કે, બરાબર ચાર કલાક પછી ન્યુયોર્કની ફ્લાઈટ છે. હેલીકૉપ્ટરથી ન્યુયોર્ક જવા માટે ઘણા ફોન પણ કરે છે, પણ ત્યાં પણ ન્યુયોર્ક જવા માટે સગવડતા થતી નથી. તેની પાસે એટલા બધા નાણાં છે કે, પોતે એકલો જ એક વિમાનની બધી સીટો બુક કરાવી પણ શકે એમ છે. એરપોર્ટ પર ઘણા બધા વિમાન છે પણ પોતાને વિમાન ઉડાડતા ન આવડતું હોવાથી તેને હવે ફરજિયાતપણે વિમાન ઉડાવનાર પાયલોટ(વ્યક્તિ) પર જ આધાર રાખવો પડશે અને પાયલોટ જ તેને ન્યુયોર્ક પહોંચાડી શકશે. અહિં, કહેવાનો અર્થ એ છે કે, કોઈ એવા સમયે, અમુક પરિસ્થિતિ અને અમુક સંજોગોમાં જ્યાં પૈસા અને ચીજવસ્તુ કામ નથી આવતી ત્યાં ફક્ત વ્યક્તિ જ કામ આવે છે અને તેના દ્વારા જ તમે તમારા વણઉકેલ્યા કામને ઉકેલી શકો છો.

- તમે તમારા બાળકો અને તમારા પરિવારના સભ્યોને પૈસા ખર્ચી મનોરંજન માટે ટૉકીઝમાં કોઈ સારું કોમેડી ફિલ્મ બતાવવા માટે લઈ જાવ છો તો, તેમાં તમને જે કલાકારો કોમેડી કરીને હસાવે છે, તે કલાકારો પણ મનુષ્ય જ હોય છે, એટલે કે અન્ય કોઈ વ્યક્તિ હોય છે. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમારે મનોરંજન માટે પણ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે અન્ય કોઈ વ્યક્તિ પર જ આધાર રાખવો પડે છે.

કોઈ પણ વ્યક્તિના જીવનની પ્રગતિનો આધાર પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે બીજી કોઈને કોઈ અન્ય વ્યક્તિ પર રહેલો છે. જેમ કે,

- તમે તમારા ફેક્ટરી, ઑફિસ કે કંપનીના કામને વધારવા માગતા હોવ તો તે માટે કુશળ અને સ્માર્ટ વર્ક કરી શકે તેવા કર્મચારીઓ(વ્યક્તિઓ) જ જોઈશે. તે માટે એકલા તમારા પૈસા કે તમારી મશીનરી તમને કામ નહિ આવે. તમારી મશીનરીને સારી રીતે ઓપરેટ કરી શકે અને તેમાંથી સારી ગુણવતાવાળું પ્રોડક્શન આપી શકે તેવા સારા કર્મચારીઓ(વ્યક્તિઓ) જોઈશે અને તેની મદદથી જ તમે તમારી કંપનીને પ્રગતિના માર્ગે આગળ ધપાવી શકશો અને સાથે તમારી પણ પ્રગતિ કરી શકશો. એ જે રીતે, એક કુશળ કારીગર કે કર્મચારી પોતાની સારી કારીગરાઈ વડે કોઈ પણ ધંધામાં કે ક્ષેત્રમાં પોતાના સારા પ્રદર્શન વડે સારા પૈસા કમાવા માગતો હશે તો તેને સામે પક્ષે પોતાની કલા અને કારીગરીને સમજી શકે અને તેની કદર કરીને અનૂરૂપ યોગ્ય વળતર આપી શકે તેવો કોઈ સારી કંપનીનો સારો માલિક(વ્યક્તિ) જોઈશે. આમ, પ્રગતિ માટે કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે પરસ્પર જોડાયેલી છે અને પરસ્પર એકબીજા પર પરાવલંબી છે.

- કોઈ એક વ્યક્તિ પાસે પુષ્કળ પૈસા, પુષ્કળ સોનું અને બીજી ઘણી બધી પુષ્કળ ચીજવસ્તુઓ છે. તે વ્યક્તિ પોતાના બાળકને સારું શિક્ષણ અને સારા સંસ્કાર મળી રહે તે માટે બહુ મોંઘી શાળામાં પ્રવેશ અપાવે છે પરંતુ, ત્યાં જો શિક્ષકો(વ્યક્તિઓ) જ યોગ્ય લાયકાતવાળા અને બાળકોમાં સરળતાથી સંસ્કારોનું સિંચન કરી શકે તેવા નહિ હોય તો ગમે તેટલી મોંઘી શાળામાં પ્રવેશ અપાવવાનો કોઈ અર્થ નથી. અહિં કહેવાનો અર્થ એ છે કે, તમારી પાસે ભલે ગમે તેટલા પુષ્કળ નાણાં હોય, ગમે તેટલી મોંઘી ચીજવસ્તુઓ હોય પણ તે પૈસા અને ચીજવસ્તુઓ વડે તમે તમારા બાળકને સારું શિક્ષણ અને સારા સંસ્કારો આપી શકે તેવા શિક્ષકો(વ્યક્તિઓ) જો તમારી પાસે ન હોય અથવા તમે ન શોધી શકો તો તેવા કિસ્સામાં શિક્ષકો(વ્યક્તિઓ)નું મહત્વ તમારી પાસે રહેલા પૈસા અને વસ્તુ કરતા અનેક ગણું વધી જાય છે. આવા અને આ પ્રકારના ઘણા બધા કિસ્સાઓમાં જ્યાં ફક્ત વ્યક્તિ કામ આવે છે ત્યાં પૈસા અને ચીજવસ્તુ કામ નથી આવતા.

આ બધા કિસ્સાઓ પરથી કહેવાનો અર્થ એ છે કે, જેમ પૈસાને પોતાનું એક આગવું મહત્વ છે એમ પૈસાને પણ પોતાની એક મર્યાદા છે. જેમ વસ્તુને પોતાનું એક આગવું મહત્વ છે તેમ વસ્તુની પણ પોતાની એક મર્યાદા છે અને આ કારણે જ દુનિયામાં તમને એવા ઘણા બધા એવા કિસ્સા જોવા અને સાંભળવા મળશે કે અને લોકો એમ કહેતા પણ હોય છે કે, આજે અથવા તો ભૂતકાળમાં તે સમયે તે વ્યક્તિ હાજર હોત તો આજે આ પરિસ્થિતિ ન હોત અથવા આજનો આવો ખરાબ દિવસ જોવો ના પડત અથવા આજની આ સમસ્યા તે સમયે ઉકલી ગઈ હોત ...વગેરે વગેરે. આ અને આ પ્રકારના પસ્તાવારૂપી વાક્યો એ દર્શાવે છે કે, ભૂતકાળમાં તે સમયે અથવા તો વર્તમાનમાં, તે વ્યક્તિની હાજરી હોત તો આજનું જીવન ઘણું બધું સુખી હોત અથવા આજે અમુક સમસ્યા ના હોત. આથી, એમ કહી શકાય કે, જ્યાં પૈસા અને ચીજવસ્તુ કામ નથી કરી શકતા ત્યાં વ્યક્તિ કામ કરી શકે છે.

આ કારણે તમારે કોઈ દિવસ કોઈ પણ વ્યક્તિને નાનો અથવા નકામો ન ગણવો જોઈએ. તમારા વર્તમાનના અથવા ભવિષ્યના કયા કામમાં, કઈ વ્યક્તિની તમને ક્યારે જરૂર પડશે તે તમે નથી જાણતા. આથી, સમાજના દરેક વર્ગના લોકો સાથે માનવીય અને સમ્માનજનક વ્યવહાર જ કરવો.બને ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને અથવા તેના આત્માને ક્યારેય પણ દુઃખ પહોંચે તેવું કોઈ પણ કાર્ય, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે, ક્યારેય પણ પોતાના મન, વિચાર, વાણી, વર્તન, કર્મ અથવા વ્યવહારથી ન કરવું. જો એક બંધ પડેલી ઘડિયાળ પણ દિવસમાં (ચોવીસ કલાકમાં) બે વાર સાચો સમય બતાવતી હોય તો, એક જીવતો જાગતો માણસ તમને તમારી જિંદગીમાં ઘણી બધી વાર કામ આવી શકે છે અને બની શકે કે, જે કામ તમારાથી ન થઇ શકે એમ હોય તે કામ તમને તે કરી આપે. કારણ કે, જ્યાં નાની સોઈ કામ આવે છે ત્યાં મોટી તલવાર કામ આવતી નથી. આથી, જિંદગીમાં તમે પ્રગતિના પંથે ગમે તેટલા આગળ નીકળી જાઓ તો પણ તમને બધા કામ માટે ફક્ત મોટા માણસો કે મોટી ચીજવસ્તુ જ કામમાં નથી આવવાના. ઘણા બધા એવા કામ હોય છે કે, જે કામ મોટા માણસોથી થઈ શકે એમ ન હોય અથવા મોટા માણસો કોઈ કારણસર કરી શકે એમ ન હોય અથવા જે કામ મોટી ચીજવસ્તુ કરી શકે એમ ન હોય ત્યાં ઘણીવાર નાના માણસો અને નાની ચીજવસ્તુઓ જ કામ આવે છે. આથી જિંદગીમાં એકવાર જો મોટા માણસો અને મોટી ચીજવસ્તુઓ મળી જાય તો ક્યારેય પણ નાનાં માણસો અને નાની ચીજવસ્તુઓને ભૂલવી નહિ અને તેનો ક્યારેય પણ ત્યાગ ન કરવો.

કોઈએ સાચું જ કહ્યું છે કે, જો તમે નાના માણસોના હાથ પકડીને ચાલશો તો તમારે ક્યારેય પણ મોટા માણસો આગળ હાથ જોડવા નહિ પડે એટલે કે, કોઈપણ વ્યક્તિએ અત્યારે જ્યાં હોય ત્યાંથી તેનાથી નીચેના સ્તરના લોકોને પોતાની યથાશક્તિ પ્રમાણે મદદ કરવી જોઈએ અને તેમને જીવનના દરેક ક્ષેત્રમાં વધુ આગળ લાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. આ મદદ માટે શક્ય હોય તો પોતાની યથાશક્તિ પ્રમાણે, પોતાની પાસે રહેલા સારા વિચાર, સેવા, નાણાં કે કોઈપણ પ્રકારની જીવનજરૂરિયાતની વસ્તુઓ દાનમાં પણ આપવી જોઈએ. કહેવાય છે કે, કોઈની મદદ માટે વાપરેલા અથવા દાનમાં આપેલા નાણાં અને ચીજવસ્તુ ઈશ્વર તમને અનેક ગણી કરીને પાછી આપે છે. જેમ, કોઈ ખેડૂત પોતાના ખેતરમાં મગફળીનો એક દાણો વાવે છે તો ઈશ્વર અમુક સમય પછી તે એક દાણાનાંઅનેક ગણા કરીને તેને પાછાં આપે છે. આ મદદ કે જેમાં, તમે નાણાં આપીને આર્થિક મદદ કરીને, સારા વિચાર, આઈડિયા આપીને, પોતાને જે શાળાકીય શિક્ષણનું જ્ઞાન છે તે શિક્ષણનું જ્ઞાન આપીને, જે ગરીબ લોકો પોતાના બાળકોને શાળાએ મોકલી શકવા સમર્થ નથી તેવા બાળકોને મફતમાં

ભણાવીને, કોઈ ગરીબ અને ભૂખ્યા લોકોને ભોજન આપીને, જે ગરીબ અને પછાત લોકો પાસે પહેરવા માટે કપડાં નથી તેવા લોકોને પોતાની યથાશક્તિ પ્રમાણે જૂના અથવા નવા પહેરવા અને ઓઢવા માટેના કપડાં આપીને, જે ગરીબ અને પછાત વર્ગના લોકો પાસે પગમાં પહેરવા માટે બુટ કે ચપ્પલ નથી તેવા લોકોને પોતાની યથાશક્તિ પ્રમાણે જૂના અથવા નવા બુટ ચપ્પલ આપીને, કોઈ બેરોજગાર માણસને તેની યોગ્યતા પ્રમાણે નોકરી અથવા ધંધા પર રાખીને તેને રોજગાર આપીને, દિવ્યાંગ લોકોને સાયકલ જેવી ચીજવસ્તુ આપીને જેથી કરીને, દિવ્યાંગ લોકોને કોઈ કામ અર્થે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે અન્ય કોઈ વ્યક્તિને તકલીફ ન આપવી પડે, ગરીબ અને પછાત વર્ગના એવા લોકો કે જે તેમના નાનાં બાળકોને રમવા માટે રમકડાં ખરીદીને આપી શકવા સમર્થ નથી તેવા લોકોનાં બાળકો માટે તમારી યથાશક્તિ પ્રમાણે તમારા ઘરે તમારા બાળકોના જૂના રમકડાં હોય તે રમકડાં અથવા નવા રમકડાં આપીને, જે ગરીબ અને પછાત વર્ગના લોકો પોતાના બાળકોને ભણાવવા માટે અસમર્થ હોય તેવા બાળકો માટે તમારી યથાશક્તિ પ્રમાણે, ભણવા માટેની શાળા બંધાવીને અથવા તે શાળાના બાંધકામમાં અમુક ખર્ચ માટે અમુક પૈસા આપીને અથવા તે શાળામાં તમારી યથાશક્તિ પ્રમાણે, અમુક સમય આપીને તેવા બાળકોને મફત ભણાવીને અથવા તે બાળકોના શિક્ષણ માટેના પાઠય પુસ્તકો અને નોટબૂક આપીને અથવા તમારા બાળકોના જૂના પાઠય પુસ્તકો અને નોટબૂક તેવા બાળકોને આપીને, ગરીબ અને પછાત વર્ગના લોકો માટે દવાખાના અને હોસ્પિટલ બનાવીને તેમને મફત દવા અને મફત સારવાર આપીને, જો તમે ડોક્ટર હોવ તો પોતાની યથાશક્તિ પ્રમાણે, ગરીબ અને પછાત વર્ગના અથવા જે લોકો મોંઘી સારવાર લઈ શકવા આર્થિક રીતે સક્ષમ નથી તેવા લોકો માટે સમય કાઢીને તેવા લોકોની મફત સારવાર કરીને અને મફત દવા આપીને, કોઈ ગરીબ અથવા જરૂરિયાતમંદ માણસને તમે કોઈ પણ રીતે મદદ કરવા માટે અસમર્થ હોવ ત્યારે તેવા સમયે તે ગરીબ અથવા જરૂરિયાતમંદ માણસને બે સારા અને મીઠા આશ્વાસનનાં બોલ બોલીને પણ તમે મદદ કરી શકો છો. કોઈ નિરાશ અને ભાંગી પડેલા માણસને ફરીથી બેઠો કરવા પ્રેરણાદાયક અને ઉત્સાહવર્ધક મીઠા બે બોલ બોલીને. આ અને આ સિવાયની બીજી ઘણી બધી રીતે તમે ગરીબ અને પછાત વર્ગના લોકોને અને તેમના બાળકોને મદદ કરી શકો છો.

ઘણા સમય પહેલાની એક વાત છે. શિયાળામાં કડકડતી ઠંડીમાં બરફ પડી રહ્યો હતો ત્યારે એક માણસ પોતાના ઘરેથી કોઈ કામ અર્થે બહાર નીકળે છે પણ પોતાનું પાકીટ લેવાનું ભૂલી જાય છે. રસ્તામાં ચાલતા ચાલતા એક ભિખારી તેને સામો મળે છે. એ ભિખારી તે માણસ પાસે કંઈ માંગે તે પહેલા જ પેલો માણસ તેને અમુક પૈસા આપવા માટે પોતાના પેન્ટના ખિસ્સામાંથી પાકીટ બહાર કાઢવા હાથ નાખે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે, તે વ્યક્તિ પાકીટ ઘરે ભૂલી ગયો છે અને જયારે તે ભિખારી તેની એકદમ નજીક આવી જાય છે ત્યારે પેલો વ્યક્તિ તે ભિખારીને કહે છે કે, "દોસ્ત, આ કડકડતી ઠંડીમાં અત્યારે તને આપવા માટે મારી પાસે પૈસા નથી. હું પાકીટ ઘરે ભૂલી ગયો છું. તું કહે તો, આ ગરમ કોટ હું તને આપી દવ." તે ભિખારી કઈ બોલ્યો નહિ અને ત્યારે પેલા વ્યક્તિએ પોતાના ગરમ કોર્ટના ખિસ્સામાંથી પોતાના બે હૂંફાળા હાથ બહાર કાઢ્યા અને તે ભિખારીના બંને હાથ પર મૂકી દીધા. તેને કડકડતી ઠંડીમાં માનવીય સંબંધની હૂંફ આપી ત્યારે તે ભિખારીની આંખોમાં આંસુ આવી ગયા અને તે ભિખારી એ કહ્યું, "મારે પૈસા નથી જોઈતા કે નથી ગરમ કોટ જોઈતો. તમે જે આ હૂંફ આપી એ જ બહુ છે. પૈસા આપવાવાળા તો ઘણા જોયા છે પણ માનવીય સંબંધોની હૂંફ આપવાવાળા તમે પહેલા માણસ છો." આના પરથી કહેવાનો અર્થ એ છે કે, તમારી પાસે અન્ય વ્યક્તિને મદદ કરવા માટે પૈસા અને ચીજવસ્તુઓ હોય તે ઘણી જ સારી

બાબત કહેવાય પરંતુ, કોઈ કારણસર, અમુક સમયે, અમુક પરિસ્થતિમાં, અમુક સંજોગોમાં જયારે તમારી પાસે પૈસા અને ચીજવસ્તુ પણ ન હોય ત્યારે સામેવાળી વ્યક્તિને બે મીઠા આશ્વાસનનાં, બે મીઠા પ્રેરણાદાયક અને ઉત્સાહવર્ધક વાક્યો બોલીને પણ મદદ કરી શકો છો.

આથી, બદલાતા સમયની સાથે સાથે દરેક સમજદાર અને બુદ્ધિશાળી વ્યક્તિએ પૈસા અને ચીજવસ્તુની સાથે સાથે દરેક મનુષ્યના આગવા મહત્વને પણ સમજવું અને સ્વીકારવું જોઈએ અને તેની સાથે મળીને અથવા તેની મદદથી પોતાની પ્રગતિના પંથે આગળ વધવું જોઈએ. કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ ક્ષેત્રમાં પોતાનું જ્ઞાન વધારવા માટે, પોતાની સ્કિલ વિકસાવવા માટે, પોતાનો એટિટ્યૂડ વિકસાવવા માટે, પોતાની તંદુરસ્તી વધારવા માટે, પોતાની પ્રતિભા વિકસાવવા માટે પોતાની જાત ઉપર કરેલું સમય અને નાણાંનું રોકાણ દુનિયાનું સૌથી મોટું રોકાણ છે. આમ, કરવાથી તમે વર્તમાનમાં અને ભવિષ્યમાં તમે પોતાને, તમારા બાળકોને અને તમારા પરિવારના અન્ય સભ્યોને સાચા અર્થમાં એક વધુ સુખી, વધુ સમૃદ્ધ,વધુ સંસ્કારી વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપી શકો.

~ આત્મ ચિંતન

-શું તમે જીવનમાં પૈસા અને ચીજવસ્તુના મહત્વની સાથે સાથે વ્યક્તિ(મનુષ્ય)નાં મહત્વને પણ સમજો છો કે નહિ?
- જીવનમાં કયા સમયે અને કઈ કઈ જગ્યાએ જ્યાં પૈસા અને વસ્તુ કામ નથી આવતા અને જ્યાં ફક્ત વ્યક્તિ કામ આવે છે, તેની યોગ્ય સમજણ તમને, તમારા બાળકો અને તમારા પરિવારના સભ્યોને છે કે નહિ ?
-શું તમે સમાજના ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોના ઉત્કર્ષ માટે કોઈ કાર્યો કરો છો કે નહિ?

પ્રકરણ ૧૧ : ખુશહાલ માતૃભૂમિ

જો આપણે એક મજબૂત અને ઊંચી ઈમારત બનાવવી હોય તો તે ઈમારતના ચારે પાયા મજબૂત હોવા જોઈએ જેથી કરીને, તે ઈમારત ખૂબ લાંબો સમય સુધી અડીખમ ઉભી રહે. એ જ રીતે, આપણે આપણી માતૃભૂમિને, આપણા દેશને આંતરિક અને બાહ્ય રીતે સશક્ત અને તાકાતવર બનાવવો હોય તો તે માટે કોઈ પણ દેશના ચારે પાયા એટલે કે, ખેડૂત, સૈનિક, શિક્ષક અને ડૉક્ટર પણ આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને પારિવારિક રીતે

મજબૂત હોવા જોઈએ. આ ચારેયમાંથી એક પણ પાયો જો નબળો રહી જશે તો તે દેશ વહેલો કે મોડો નબળો પડી જશે.

ખેડૂત પોતાના ખેતરમાં ઠંડી, ગરમી અને ચોમાસામાં દિવસ-રાત મહેનત કરીને પોતાની પરસેવાની મહેનતથી ધરતીમાંથી અનાજ પકવે છે અને આખા દેશના તમામ લોકોનું કોઈ પણ નાતજાતના ભેદભાવ વિના પાલનપોષણ કરે છે પણ તેમ છતાં, દુનિયાના મોટા ભાગના દેશોમાં ખેડૂતોની હાલત એટલી દયનીય અને દુઃખદ બની ગઈ છે કે ખેડૂત તેના પરિવારનું ખૂબ જ કરકસરથી ભરણપોષણ કરી શકે છે અને ક્યારેક સમયસર વરસાદ ન આવવાથી પોતે વાવેલું બિયારણ નિષ્ફળ જાય છે અથવા ઉભા પાકને વરસાદની જયારે ખરેખર ખૂબ જ જરૂર હોય ત્યારે વરસાદ લંબાતા અથવા વરસાદ ન આવતા ઉભો પાક નાશ પામે છે અને ખેડૂતને મોટું આર્થિક નુકશાન વેઠવાનો વારો આવે છે. આને કારણે પોતાને માથે દેવું થઇ જતા ઘણા બધા ખેડૂત આત્મહત્યા પણ કરી બેસે છે. જે આજના સમાજ અને જે તે દેશની સરકારો માટે એક ખૂબ જ શરમજનક અને ક્યારેય માફ ન કરી શકાય તેવી બાબત કહેવાય. કારણ કે, જે આત્મહત્યા કરે છે તે ફક્ત ખેડૂત નથી મરતો, તેની સાથે સાચા અર્થમાં તે દેશનો ભરણપોષણ કરનાર એક બાપ મારે છે, તેની સાથે તે દેશની જીવંતતારૂપી ઈમારતનો એક પાયો નબળો પડે છે. આથી, જરૂર છે ખાસ તો તે દેશની સરકારોને કે જે સાચા અર્થમાં ખેડૂત માટે ઉત્કર્ષ અને વિકાસના યોગ્ય પગલાં લે અને તેના પર કાર્ય કરીને દેશની ઈમારતના એક પાયાને નબળો પડતો અટકાવે. અહિં, ફરીવાર કહું છું કે, જયારે ભૂખ લાગે છે ત્યારે ખાવા માટેનું અનાજ મોબાઈલ કે કોમ્પ્યુટરની સ્ક્રીન પર નથી ઉગતા. તે ખેડૂતની પરસેવાની મહેનત દ્વારા ખેતરમાં જ ઉગે છે.

એ જ રીતે, પોતાના દેશની સરહદોનું રક્ષણ કરવા માટે અને પોતાના દેશના નાગરિકો કોઈ પણ પ્રકારના ડર કે ખૌફ વગર શાંતિથી પોતાનું જીવન જીવી શકે અને તેમનો સર્વાંગી વિકાસ કરી શકે તે માટે આપણા દેશના સૈનિકો આપણા માટે પોતાના પ્રાણ પણ આપી દે છે, શહીદ થઈ જાય છે. જયારે મારા અને તમારા દેશની સરહદો બહાદૂર સૈનિકો દ્વારા સુરક્ષિત છે ત્યારે જ અત્યારે હું આ પુસ્તક શાંતિથી લખી રહ્યો છું અને તમે આ પુસ્તક શાંતિથી વાંચી રહ્યા છો અને દેશમાં કોઈ પણ ક્ષેત્રમાં તમામ ઉધોગો અને ધંધા સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યા છે. જો કોઈ પણ દેશની સરહદો તે દેશના બહાદૂર સૈનિકો વડે સુરક્ષિત હશે તો જ તે દેશ પ્રગતિના પંથે રોકેટ ગતિએ આગળ વધી શકશે પણ, આજે દુનિયામાં ઘણા બધા દેશો એવા છે કે તે દેશના સૈનિકોને સેનામાં ભરતી તો કરી દેવામાં આવે છે પણ તે સૈનિકોને સેનામાં યોગ્ય પગાર અને માન-સન્માન આપવામાં આવતા નથી. ઘણીવાર ઘણા દેશોમાં સૈનિકોનો પગાર એટલો ઓછો હોય છે કે, તે સૈનિક તેના પરિવારનું યોગ્ય રીતે ભરણપોષણ પણ નથી કરી શકતો, તેના બાળકોને સારી શાળાઓમાં સારું શિક્ષણ નથી અપાવી શકતો. ઘણીવાર કોઈ સૈનિક સરહદ પર શહીદ થઈ જાય અથવા પોતાની ડ્યુટી પરથી નિવૃત થઇ જાય પછી તેના પરિવારને જે સરકારી અને અન્ય બીજા જે લાભ મળવા જોઈએ તે નથી મળતા તેને કારણે તેના પરિવારની પરિસ્થિતિ અત્યંત દયનીય અને દુઃખદ બની જાય છે. જે કોઈ પણ દેશના સમાજ અને જે તે દેશની સરકાર માટે એક શરમજનક અને અત્યંત નિંદનીય બાબત કહેવાય. આથી, જે તે દેશની સરકારોએ સૈનિકોને સારો પગાર મળે, તેમને સેનામાં અને દેશમાં યોગ્ય માન-સન્માન મળે, સૈનિકની શહીદી અથવા સૈનિકની નિવૃત્તિ પછી તેને અને તેના પરિવારના કોઈ સભ્યોને કોઈ હેરાનગતિ ન થાય અને પોતાનું

જીવન શાંતિથી જીવી શકે તેવા કાયદા અને કાનૂન બનાવવા જોઈએ. જેથી કરીને,દેશના બીજા લોકો સેનામાં જોડાવા માટે પ્રેરાય. આથી, દરેક દેશની સરકારોએ એક સરળ, પારદર્શક અને પ્રામાણિક સુવ્યવસ્થા બનાવવી જોઈએ કે જેથી, જ્યારે પણ કોઈ પણ દેશનો સૈનિક શહીદ થાય કે તરત જ તે દેશના દરેક નાગરિકનાં બેન્કના ખાતામાંથી એક રૂપિયો ઑટો ડેબિટ થઈને શહીદ થયેલા દરેક સૈનિકનાં બેન્કના ખાતામાં આપોઆપ જમા થઈ જાય અને જે નાગરિકો આર્થિક રીતે વધુ સુખી અને વધુ સમૃદ્ધ હોય તેવા નાગરિકોએ બને તેટલા વધુ નાણાં શહીદ થયેલા સૈનિકોના બેન્ક ખાતામાં જમા કરાવવા જોઈએ. આ સુવ્યવસ્થા લાગુ કરવી એ કોઈ પણ દેશની સરકારની એક પ્રાથમિક અને નૈતિક જવાબદારી કહેવાય.

કોઈ પણ દેશનું ભવિષ્ય સાચાં અર્થમાં તે દેશના શિક્ષકોનાં હાથમાં જ હોય છે. કોઈ પણ દેશમાં શાળાઓમાં ભણતા બાળકોને શિક્ષકો જે પ્રકારનું શિક્ષણ આપે છે તેને આધારે જ તે દેશના બાળકોનું ભવિષ્ય નક્કી થાય છે અને તે દેશના બાળકોના ભવિષ્ય ને આધારે જ આગળ જતા જે તે દેશનું ભવિષ્ય નક્કી થતું હોય છે.

ડૉક્ટરને ભગવાન પછીના બીજા ક્રમનો દરજ્જો આપવામાં આવે છે. ડૉક્ટર કોઈ પણ નાતજાતના ભેદભાવ વિના દેશના બધા જ લોકોની સારવાર કરે છે અને માંદગીમાં સપડાયેલા માણસને ફરી બેઠો કરે છે અને સશક્ત બનાવે છે. ભલા, દયાળું અને માનવીય સંબંધોનું સાચું મૂલ્ય સમજવાવાળા ડૉક્ટરોએ કોઈ ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોની બને ત્યાં સુધી ખૂબ જ સસ્તા દરે અથવા મફતમાં સારવાર કરવી જોઈએ અને પોતાની માનવ તરીકેની માનવતા મહેકાવવી જોઈએ કારણ કે, જન સેવા એ જ પ્રભુ સેવા છે.

આથી, કોઈ પણ દેશે પોતાની પ્રગતિની ઈમારતને ગમે તેટલી ઊંચી બનાવવી હોય તો તે દેશની પ્રગતિની ઈમારતના ચારે પાયા એટલે કે, ખેડૂત, સૈનિક, શિક્ષક અને ડોક્ટરને આર્થિક, સામાજિક અને પારિવારિક રીતે વધુ મજબૂત, વધુ સશક્ત બનાવવા પડશે તો જ સાચા અર્થમાં, પોતાની માતૃભૂમિ એક "ખુશહાલ માતૃભૂમિ" બની શકશે. કોઈ પણ દેશની સરકાર પોતાનો દેશ કેટલો વિકાસ કરે છે તે માટે **GDP(Gross Domestic Product)**ના આંકડાઓ અવારનવાર જોતી રહે છે પરંતુ, આ સરકારો પોતાના દેશના નાગરિકો શારીરિક અને માનસિક રીતે કેટલા ખુશ છે, પોતાના દેશના લોકો શારીરિક અને માનસિક રીતે કેટલો વિકાસ કરે છે તેના આંકડાઓ ક્યારેય જોતી નથી અથવા જોવા માંગતી નથી. તે ઘણી જ દુઃખદાયક બાબત કહેવાય.જે તે દેશની સરકારોની એ જોવાની જવાબદારી બને છે કે, વર્લ્ડ હૅપ્પીનેસ ઈન્ડેક્સ માં તેમનો દેશ કેટલામું સ્થાન ધરાવે છે, તે દેશના નાગરિકો કેટલા ખુશ છે?

દુનિયાના 156 દેશોની UN(United Nations) દ્વારા 14 માર્ચ, 2018 પ્રમાણે રજૂ થયેલા World Happiness Report(વિશ્વ સુખ અહેવાલ)નાં એક રિપોર્ટમાં એ સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, કયા દેશના લોકો વધુ ખુશ છે અને કયા દેશના લોકો વધુ દુઃખી છે. આ યાદીમાં જે દેશ પહેલા ક્રમે છે તેનો અર્થ એ છે કે, તે દેશના નાગરિકો સૌથી વધુ ખુશ છે અને ત્યારબાદ 2,3,4..... એ ક્રમમાં તે દેશના નાગરિકોનું ખુશ રહેવાનું પ્રમાણ ઓછું થતું જાય છે.

આ રિપોર્ટ, જે તે દેશના જીડીપી પ્રામાણે માથાદીઠ આવક, સામાજિક મદદ (સપોર્ટ), માનસિક અને શારીરિક આરોગ્ય જીવનની અપેક્ષા, સ્વતંત્ર જીવન જીવવા માટે

પસંદગીઓ કરવાની સ્વતંત્રતા, ઉદારતા, ભ્રષ્ટાચારની ધારણાઓ આ બધા માપદંડોને ધ્યાનમાં રાખીને રજુ કરવામાં આવ્યો છે. આ યાદી નીચે મુજબ છે.

(1) ફિનલેન્ડ (2) નોર્વે (3) ડેનમાર્ક (4) આઈસલેન્ડ (5) સ્વિટ્ઝરલેન્ડ

(6)નેધરલેન્ડ્સ (7) કેનેડા (8)ન્યુઝીલેન્ડ (9) સ્વીડન (10) ઑસ્ટ્રેલિયા

(11)ઇઝરાઇલ (12) ઑસ્ટ્રિયા (13) કોસ્ટા રિકા (14) આયર્લેન્ડ (15) જર્મની

(16) બેલ્જિયમ (17) લક્ઝમબર્ગ (18) યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરીકા (19) યુનાઇટેડ કિંગડસ (20) સંયુક્ત અરબ અમીરાત

(21) ચેક રિપબ્લિક (22) માલ્ટા (23) ફ્રાંસ (24) મેક્સિકો (25) ચિલી

(26) તાઇવાન (27) પનામા (28) બ્રાઝીલ(29) આર્જેન્ટિના (30) ગ્વાટેમાલા

(31) ઉરુગ્વે (32) કતાર (33) સાઉદી અરેબિયા (34) સિંગાપુર (35) મલેશિયા

(36) સ્પેન (37) કોલંબિયા (38) ત્રિનિદાદ અને ટોબેગો (39) સ્લોવાકિયા(40) એલ સાલ્વાડોર

(41) નિકારાગુઆ (42) પોલેન્ડ (43) બહેરિન(44) ઉઝબેકિસ્તાન (45) કુવૈત

(46) થાઇલેન્ડ (47) ઇટાલી (48) એક્વાડોર(49) બેલીઝ (50) લિથુનિયા

(51) સ્લોવેનિયા (52) રોમાનિયા (53) લાતવિયા (54) જાપાન (55) મોરિશિયસ

(56) જમૈકા (57) દક્ષિણ કોરિયા (58) ઉત્તરીય સાયપ્રસ (59) રશિયા (60) કઝાખસ્તાન

(61)સાયપ્રસ (62) બોલિવિયા (63) એસ્ટોનિયા (64) પેરાગ્વે (65) પેરુ

(66) કોસોવો (67) મોલ્ડોવા (68) તુર્કમેનિસ્તાન (69) હંગેરી (70) લિબિયા

(71) ફિલિપાઇન્સ (72) હોન્ડુરાસ (73) બેલારુસ (74) ટર્કી (75) પાકિસ્તાન

(76) હોંગ કોંગ (77) પોર્ટુગલ (78) સર્બીયા (79) ગ્રીસ (80) તાજિકિસ્તાન

(81) મોન્ટેનેગ્રો (82) ક્રોએશિયા (83) ડોમિનિકન રિપબ્લિક (84) અલ્જેરિયા (85) મોરોક્કો

(86) ચીન (87) અઝરબૈજાન (88) લેબનોન (89) મેસેડોનિયા (90) જોર્ડન

(91) નાઇજિરીયા (92) કિર્ગીઝસ્તાન (93) બોસ્નિયા અને હર્ઝેગોવિના (94) મંગોલિયા (95) વિએટનામ

(96)ઇન્ડોનેશિયા (97) ભુટાન (98) સોમાલિયા (99) કેમરૂન (100) બલ્ગેરિયા

(101) નેપાળ (102) વેનેઝુએલા (103) ગેબન (104) પેલેસ્ટિનિયન પ્રદેશો (105) દક્ષિણ આફ્રિકા

(106) ઇરાન (107) આઇવરી કોસ્ટ (108) ઘાના (109) સેનેગલ (110) લાઓસ

(111)ટ્યુનિશિયા (112) અલ્બેનિયા (113) સીએરા લિયોન (114) કોંગો (બ્રાઝાવિલ) (115) બાંગ્લાદેશ

(116) શ્રીલંકા (117) ઇરાક (118) માલી (119) નામીબીઆ (120) કંબોડિયા

(121) બુર્કિના ફાસો (122) ઇજીપ્ત (123) મોઝામ્બિક (124) કેન્યા (125) ઝામ્બિયા

(126) મૌરિટાનિયા (127) ઇથોપિયા (128) જ્યોર્જિયા (129) અર્મેનિયા (130) મ્યાનમાર

(131) ચાડ (132) કોંગો (કિન્શાસા) (133) ભારત (134) નાઇજર (135) યુગાન્ડા

(136) બેનીન (137)સુદાન (138) યુક્રેન (139) ટોગો (140) ગિની

(141) લેસોથો (142) અંગોલા (143) માડાગાસ્કર (144) ઝિમ્બાબ્વે (145) અફઘાનિસ્તાન

(146) બોત્સ્વાના (147) માલાવી (148) હૈતી (149) લાઇબેરિયા (150) સીરિયા

(151) રવાંડા (152) યમન (153) તાંઝાનિયા (154) દક્ષિણ સુદાન (155) સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક

(156) બરુન્ડી

અહિં, કહેવાનો અર્થ એ છે કે, રિપોર્ટમાં રજુ કરેલા માપદંડો અને તે સિવાયના માનવજીવનને સ્પર્શતા બીજા ઘણા માપદંડોને આધારે દરેક દેશની સરકારે ત્રિ-માસિક, છ-માસિક, નવ-માસિક કે વાર્ષિક રિપોર્ટ બનાવતા રહેવા જોઈએ જેથી કરીને, દરેક દેશની સરકારને એ ખ્યાલ આવે કે તે દેશના નાગરિકો તે સરકારના શાસનથી ખરેખર કેટલા પ્રમાણમાં ખુશ છે અને કેટલા પ્રમાણમાં દુઃખી છે. કારણ કે, પોતાના દેશના દરેક નાગરિકને વધુ સુખી, વધુ સમૃદ્ધ, શારીરિક અને માનસિક રીતે વધુ તંદુરસ્ત, વધુ શાંતિપૂર્ણ, ભ્રષ્ટાચારમુક્ત, સામાજિક સપોર્ટવાળી, સ્વતંત્ર જીવન જીવવાની પસંદગીઓ કરવાની સ્વતંત્રતાવાળું, ઉદાર જીવન આપવું એ દરેક દેશની સરકારની એક પ્રાથમિક અને નૈતિક જવાબદારી છે. આ માટે દરેક દેશના નાગરિકોએ પણ સરકારને સહકાર આપવો જોઈએ અને તો જ દરેક દેશ ત્યાં જન્મેલા અને ત્યાં કામ કરનાર દરેક નાગરિક માટે સાચા અર્થમાં એક "ખુશહાલ માતૃભૂમિ" બનશે.

~ આત્મ ચિંતન

- શું તમારા દેશની સરકાર તમારા દેશના ખેડૂતો, સૈનિકો, શિક્ષકો અને ડૉક્ટરોના

ઉત્કર્ષ અને વિકાસ માટે કોઈ નક્કર કાર્યો કરે છે કે નહિ ?
- શું તમારા દેશની સરકાર તમારા દેશના **GDP(Gross Domestic Product)**ની સાથે સાથે **World Happiness Report(**વિશ્વ સુખ અહેવાલ**)**માં તમારાં દેશનું કેટલામું સ્થાન છે તે જુએ છે કે નહિ જુએ છે**?**
- શું તમારા દેશની સરકાર **World Happiness Report(**વિશ્વ સુખ અહેવાલ**)** માં તમારા દેશને શરૂઆતના પહેલા સ્થાને લાવવા માટે કોઈ નક્કર પગલાં કે છે કે નહિ **?**

પ્રકરણ ૧૨ : સુખ-દુઃખ, ડર અને ચિંતા

સૌથી પહેલા આપણે એ જાણીશું કે, સુખ અને દુઃખ વાસ્તવમાં છે શું ? સુખ અને દુઃખ શેમાંથી ઉત્પન્ન થાય છે? સુખ અને દુઃખ ઉત્પન્ન થવાના મૂળ કારણો કયા કયા છે ?

જો તમને તમારી ઈચ્છા પ્રમાણે કઈંક મળી જાય અથવા જે તમે ધાર્યું હોય તે તમને મળી જાય અથવા જે તમારા માટે અનૂકૂળ હોય એવી પરિસ્થતિ તમને મળી જાય કે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય. ટૂંકમાં, ભૂતકાળમાં તમે કરેલી તમારી કોઈ પણ પ્રકારની ઈચ્છા પ્રમાણે વર્તમાનમાં તમને તે મળ્યું હોય તો તમે પોતાને સુખી માનો છો અને વર્તમાનમાં તમે કોઈ પણ પ્રકારની ઈચ્છા રાખો છો તે પ્રમાણે તમને ભવિષ્યમાં મળી જશે તો તમે ભવિષ્યમાં પોતાને સુખી માનશો.

તે જ રીતે, તમને તમારી ઈચ્છા પ્રમાણે કઈંક ન મળે અથવા જે તમે ધાર્યું હોય તે તમને ન મળે અથવા જે તમારા માટે અનૂકૂળ હોય એવી પરિસ્થિતિ તમને ન મળે કે તેવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય. ટૂંકમાં, ભૂતકાળમાં તમે કરેલી તમારી કોઈ પણ પ્રકારની ઈચ્છા પ્રમાણે વર્તમાનમાં તમને તે ન મળ્યું હોય તો તમે પોતાને દુઃખી માનો છો અને વર્તમાનમાં તમે કોઈપણ પ્રકારની ઈચ્છા રાખો છો તે પ્રમાણે તમને ભવિષ્યમાં ન મળે તો તમે ભવિષ્યમાં પોતાને દુઃખી માનશો.

ટૂંકમાં, આના પરથી કહેવાનો અર્થ એ છે કે, સુખ અને દુઃખ એ બીજું કંઈ નહિ પરંતુ, મનની ઈચ્છા છે. જો તે ઈચ્છા કોઈ પૈસા, કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિને મેળવાની હોય અને તે ઈચ્છા પ્રમાણે તમને બધું જ મળી જાય અને તમે જે સારી લાગણી અનુભવો તો તમે તે લાગણીને સુખનું લેબલ આપો છો અને તે ઈચ્છા પ્રમાણે તમને બધું ન મળે અને તમે જે ખરાબ લાગણી અનુભવો તો તમે તે લાગણીને દુઃખનું લેબલ આપો છો એટલે કે, સુખ અને દુઃખ એક પ્રકારની લાગણી છે. સુખ અને દુઃખના મૂળમાં ઈચ્છા છે, બીજું કંઈ નહિ. તો ઘણા બધા લોકો એમ કહેશે કે, મન દ્વારા જ કોઈ પણ પ્રકારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. આથી, મન એ જ સુખ અને દુઃખનું કારણ છે પણ, આ વાત તદ્દન ખોટી છે. મન પોતે તટસ્થ છે. કયા પ્રકારની ઈચ્છાઓ તમારા માટે ફાયદાકારક છે અને કયા પ્રકારની ઈચ્છાઓ તમારા માટે નુકશાનકારક છે એ નિર્ણય મન પોતાની જાતે ક્યારેય નથી લેતું. કયા પ્રકારની ઈચ્છાઓ તમારા માટે ફાયદાકારક છે અને કયા પ્રકારની ઈચ્છાઓ તમારા માટે નુકશાનકારક છે. કઈ

ઈચ્છાઓ તમે તમારી નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરી શકશો અને કઈ ઈચ્છાઓ તમે તમારી નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરી શકશો નહિ, તેનો નિર્ણય મનુષ્યની બુદ્ધિ દ્વારા જ લેવામાં આવે છે. મન પોતે તટસ્થ છે. જો મનને તમે તમારી બુદ્ધિ દ્વારા તમારા માટે સકારાત્મક કાર્યો કરવાની યોજના પ્રમાણે કામ સોંપશો તો તમારું મન તેને અનૂરૂપ કાર્યો કરવા માંડશે. જો તે કાર્યો તમારા ધાર્યા પ્રમાણે અને તમારી નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થશે તો તમે સુખી થશો અને જો તમે ધાર્યું હોય તે પ્રમાણે નહિ થાય તો તમે દુઃખી થશો. આ વાતને એક ઉદાહરણ દ્વારા સરળતાથી સમજીએ.

કોઈ બે દેશ A અને B વચ્ચે ક્રિકેટ મેચ રમાઈ રહી છે. આ મેચને આખી દુનિયામાં અનેક લોકો જુએ છે. આ ક્રિકેટ મેચ જોવાવાળા દર્શકોને મુખ્ય ત્રણ જૂથમાં વહેંચી શકાય.

(1) અમુક દર્શકો એવા હશે કે, જેઓ A દેશ જીતશે તો ખુશ થશે.

(2)અમુક દર્શકો એવા હશે કે, જેઓ B દેશ જીતશે તો ખુશ થશે.

(3)અમુક દર્શકો એવા હશે કે, જેઓ તટસ્થ રહીને ફક્ત મેચને જોવાનું જ કામ કરશે અને હાર કે જીતનાં કોઈ પણ પ્રકારનાં પરિણામની ચિંતા કર્યા વિના, કોઈ પણ પ્રકારનાં ડર વિના, પોતાના તન અને મનથી મેચની પ્રત્યેક ક્ષણનો પુરેપુરો આનંદ માણશે, લુત્ફ ઉઠાવશે. આથી, સુખ અને દુઃખ રૂપી મનની ઈચ્છાઓ તેને સ્પર્શી શકશે નહિ. એટલે કે, મેચના શરૂઆતના સમયથી મેચ પૂરી થાય ત્યાં સુધી ફક્ત આનંદ માણવાનું કામ જ કરશે.

આ ઉદાહરણ પરથી કહેવાનો અર્થ એ છે કે, બહુ ઓછા લોકો એવા હોય છે કે જેઓ પોતાની જિંદગીનાં શરૂઆતના સમયથી જિંદગીના અંત સમય સુધી પોતાની જિંદગીની દરેક ક્ષણને પુરેપુરાં આનંદથી જીવ્યા હોય. તો અહિં, ઘણા લોકોના મનમાં એ પ્રશ્ન ઉભો થશે કે, તો શું જીવનમાં ક્યારેય કોઇપણની પાસે ઈચ્છા કે અપેક્ષા રાખવી જ નહિ? અહિં, કહેવાનો અર્થ એ નથી કે, તમારે પોતે ક્યારેય પણ કોઈ પણ પ્રકારની ઈચ્છા કરવી નહિ અથવા જીવનમાં તમારે ક્યારેય પણ કોઈ પણ વ્યક્તિની પાસેથી અપેક્ષા રાખવી જ નહિ. ઈચ્છા કે અપેક્ષા રાખો પણ, તે ઈચ્છાઓ કે અપેક્ષાઓ કોઈ કારણસર મોડી પૂરી થાય અથવા પૂરી ન થાય તો હતાશ કે નિરાશ થવાની કોઈ જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો, દુઃખી થવાની કોઈ જરૂર નથી. ટૂંકમાં, અહિં, કહેવાનો અર્થ એ છે કે, તમારી બધી ઈચ્છાઓ પૂરી થાય તો પણ ભલે અને તમારી બધી ઈચ્છાઓ કદાચ પૂરી ન થાય તો પણ ભલે આ બંને પ્રકારની સ્થિતિમાં કોઇ પણ વ્યક્તિએ પુરા આનંદથી સમતા રાખીને જીવવું જોઈએ. અહિં, ફરીવાર યાદ કરાવી દઉં કે, જીવનમાં સમતા રાખવા માટેનું સોનેરી સૂત્ર આ પ્રમાણે છે. " આ સમય પણ વીતી જશે."

પૈસા, કોઈ ચીજવસ્તુ કે કોઈ વ્યક્તિને કારણે મળનારું સુખ સ્થાયી હોતું નથી, કાયમી હોતું નથી કારણ કે, પૈસા, ચીજવસ્તુ અને વ્યક્તિ સ્વયં સ્થાયી અને કાયમી નથી. તેનો વહેલો કે મોડો નાશ, અંત નિશ્ચિત હોય છે પરંતુ, વ્યક્તિના શરીરની અંદર રહેલા આત્માનો આનંદ સ્થાયી અને કાયમી હોય છે. કારણ કે, જીવનની સાથે મનુષ્યનો આત્મા તેની સાથે જ હોય છે, આત્મા તેની અંદર જ હોય છે. આત્મા અજન્મા છે એટલે કે આત્મા ક્યારેય જન્મતો નથી અને આત્મા ક્યારેય મરતો પણ નથી અને આત્માને કોઈ મારી પણ શકતું નથી એટલે કે, આત્મા અમર છે. આથી, આત્માનું સુખ પણ સ્થાયી અને કાયમી એટલે કે, અમર જ રહેવાનું. દરેક મનુષ્યની અંદર આત્મા આનંદ સ્વરૂપે રહેલો છે. જે આનંદ

ચોવીસે કલાક મનુષ્યની અંદર સ્વયં પ્રગટતો જ રહે છે. જરૂર છે માત્ર તે આનંદને પોતાની અંદર ઓળખવાની. તમે જયારે તે આનંદને ઓળખી જશો ત્યારે તમે કોઈ પણ સમયે, કોઈ પણ પરિસ્થતિમાં આપમેળે જ ખુશ રહી શકશો. આત્મા કુદરતી છે, સ્વયંભૂ છે. આપણે તેની આસપાસ સુખ-દુઃખ, ઈચ્છા, અપેક્ષા, નિંદા, રાગ-દ્વેષ, ઈર્ષ્યા, વેરભાવ, લઘુતાગ્રંથિ, ડર, લાલચ, દેખાદેખી, હિંસા જેવા આવરણો તેની આસપાસ જાણ્યે-અજાણ્યે વીંટાળી દીધા છે. આથી, આપણે આત્માનો કુદરતી આનંદ માણવાનું ચૂકી જઈએ છીએ.

તો ઘણા લોકો એમ કહે છે કે, સંતોષ એ સૌથી મોટું સુખ છે. તો એનો અર્થ એવો નથી કે, વર્તમાનમાં કોઈ પણ વ્યક્તિએ પોતાના જીવનમાં જે કંઈ પણ મેળવ્યું છે તેમાં પુરેપુરો સંતોષ માનીને બેસી જવું, આગળ ન વધવું. જો કોઈ વ્યક્તિએ પોતે જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં જે કંઈ પણ મેળવ્યું છે, તેમાં જ સંતોષ માનીને બેસી રહેશે તો આગળ જતા એક સમય એવો આવશે કે, તે વ્યક્તિ આળસુ બની જશે. પોતાનામાં જીવનમાં પ્રગતિના પંથે આગળ વધવાની ક્ષમતા હશે તો પણ આગળ વધી શકશે નહિ.

બોલવા અને ન બોલવા ઉપર એક-એક કહેવત છે.: (1)ન બોલવામાં નવ ગુણ. તો બીજી કહેવત એમ પણ છે કે, (2) બોલે તેના બોર વેચાય. એક બોર વેચવાવાળો ફેરિયો સવારે પોતાની લારી ભરીને બોર વેચવા માટે નીકળી પડે અને સવારથી સાંજ સુધી કહેવત(1) પ્રમાણે એક શબ્દ પણ ન બોલે તો બની શકે કે ખૂબ જ ઓછા બોર વેચાય અથવા તો બોરથી ભરેલી આખી લારી તેને ઘરે લઈને પાછી જવી પડે. બીજી બાજુ તેનાથી થોડા જ ફૂટના અંતરે લારી લઈને ઉભેલો બીજો ફેરિયો કહેવત(2) પ્રમાણે સવારથી સાંજ સુધી મીઠાં બોર ફક્ત 10 રૂપિયાના કિલો, મીઠાં બોર ફક્ત 10 રૂપિયાના કિલો એમ બોર વેચવા માટે બૂમો પાડતો રહે તો બની શકે કે, પહેલા ફેરિયાની સરખામણીમાં તે વધારે બોર વેચી શકે અથવા તો સાંજ સુધીમાં લારીમાં રહેલા બધા જ બોર વેચી નાખે.

એવું જરૂરી નથી કે, ભૂતકાળના સમયથી ચાલી આવતી બધી કહેવતો અને બધા રૂઢિપ્રયોગો હંમેશને માટે સાચા જ રહે. યોગ્ય સમય આવે ત્યારે તે ખોટી કહેવતો અને ખોટાં રૂઢિપ્રયોગોમાં તમારા માટે જે કામનું થતું હોય તેવું પરિવર્તન પણ કરતા રહેવું જોઈએ અથવા પરિવર્તન કરી શકાય એમ ન હોય તો ભૂતકાળના સમયથી ચાલી આવતી બધી ખોટી કહેવતો અને બધા ખોટાં રૂઢિપ્રયોગોનો ત્યાગ કરીને પ્રગતિના પંથે આગળ વધવું જોઈએ.

મનુષ્યને પોતાની ઈચ્છાઓ પૂર્ણ થશે કે નહિ થાય તેવો વિચાર આવતાની સાથે જ તેના મનમાં આપોઆપ જ ડર કે ચિંતાની લાગણી પ્રગટવા લાગે છે. એટલે એમ કહી શકાય કે, ડર અને ચિંતાના મૂળમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે ઈચ્છા જ રહેલી છે પછી, તે ઈચ્છાના કેન્દ્રમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે કોઈ પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ પણ હોઈ શકે. જો તે ઈચ્છા પ્રમાણે, પોતાને પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ મળી જાય તો તે મનુષ્ય ખુશ થઇ જશે અને તેના મનમાં ચિંતા ઉદ્ભવશે નહિ. પણ, સમસ્યા ત્યારે ઉભી થાય છે જયારે તે મનુષ્યે ધારેલી ઈચ્છાઓ પ્રમાણે પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ ભવિષ્યમાં તેને મળશે કે નહિ અથવા તેને પ્રાપ્ત કરી શકશે કે નહિ. આ અને આ પ્રકારના વિચારો આવતાની સાથે જ તે મનુષ્યના મનમાં ડર, ચિંતા અને અસલામતીની લાગણી જન્મે છે અને તેને કારણે તે મનુષ્ય દુઃખી થાય છે. જેમ કે, જયારે કોઈ વ્યક્તિને કોઈ અજાણી અન્ય કોઈ વ્યક્તિ, અજાણી અન્ય કોઈ વસ્તુ, અજાણી અન્ય કોઈ મશીનરી, અજાણ્યા

અન્ય કોઈ પણ ક્ષેત્ર કે અજાણી અન્ય કોઈ પરિસ્થિતિની જાણકારી નથી હોતી અને તે વ્યક્તિને અજાણી વ્યક્તિની સાથે, અજાણ્યા માહોલ કે અજાણી પરિસ્થિતિમાં કામ કરવાનું થાય ત્યારે કોઈ પણ વ્યક્તિની અંદર આપોઆપ જ અસલામતી, ડર કે ચિંતાની લાગણી જન્મે છે અને આની સાથે તે વ્યક્તિ દુઃખી પણ થાય છે.

તો આ ડર, ચિંતા કે અસલામતીની લાગણીને કાયમી રીતે દૂર કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય એ છે કે, તમને કોઈ ક્ષેત્રની જો કોઈ જાણકારી ન હોય અને તે ક્ષેત્રમાં તમારે કામ કરવાનું થાય તો સૌથી પહેલા તે ક્ષેત્રની A to Z પ્રકારની પુરેપુરી માહિતી મેળવી લેવી અને ત્યારબાદ તે ક્ષેત્રમાં કામ કરવા માટે તૈયાર થવું અને આમ કરવાથી તે ક્ષેત્રમાં તમે કોઈ પણ પ્રકારના ડર, ચિંતા કે અસલામતીની ચિંતા કર્યા વિના સુખેથી કામ કરી શકશો અને બની શકે કે, કોઈ કારણસર તે ક્ષેત્રની તમને A to Z પ્રકારની સંપૂર્ણ માહિતી ન મળે અથવા માહિતી ઓછી મળે તો તમારે તે ક્ષેત્રમાં અણધારી આવી પાડનારી મુશ્કેલીનો સામનો કરવા માટે પોતે અગાઉથી તાલીમ લઈ આત્મવિશ્વાસ સાથે(એટલે કે, આત્મવિશ્વાસની અદ્રશ્ય શક્તિ સાથે) અને તે ક્ષેત્રમાં ઉપયોગી થાય તેવી A to Z પ્રકારની વ્યક્તિઓ, વસ્તુઓ અને પૈસાની તૈયારી કરીને તે ક્ષેત્રમાં કામ કરવા માટે તૈયાર થવું. કામ કરવાની આ પદ્ધતિનો ઉપયોગ કરીને તમે ડરને દૂર કરી શકશો અને કોઈ પણ કામમાં સારામાં સારી સફળતા મેળવી શકશો. એક વાત હંમેશા યાદ રાખવી કે, માત્ર વિચારો કર્યા કરવાથી ડર ક્યારેય દૂર થતો નથી. યોગ્ય પદ્ધતિ દ્વારા કામ કરવાથી ડર હંમેશા માટે દૂર કરી શકાય છે અને એક બીજી વાત હંમેશા યાદ રાખવી કે, વાસ્તવિક ડર કરતાં કાલ્પનિક ડર વધારે ખતરનાક હોય છે. ડર એક એવી નકારાત્મક લાગણી છે કે જે મનુષ્યમાં રહેલા બાકીના સો સારા ગુણો પર પોતાનો પ્રભાવ જમાવી લે છે અને ડર કોઈ પણ સારા ગુણને પ્રદર્શિત થવા દેતો નથી. આના પરથી એમ કહી શકાય કે, કોઈ પણ મનુષ્યમાં ડરની ગેરહાજરી અથવા હાજરી જે તે મનુષ્યની સફળતા અને નિષ્ફળતા સાથે સીધો સંબંધ ધરાવે છે. કોઈ પણ પ્રકારનો ડર એ સૌથી મોટું નર્ક છે અને ડર વિનાની સ્થિતિએ સૌથી મોટું સ્વર્ગ છે.

જો તમને કોઈ કાર્ય કરવામાં ડર લાગતો હોય તો તમારે સૌથી પહેલા તે કાર્યના સૌથી ખરાબમાં ખરાબ પરિણામ વિશે વિચારી લેવું અને ત્યારબાદ તમને એવું લાગે કે તે ખરાબમાં ખરાબ પરિણામને તમે સ્વીકાર કરી લેશો તો તે કાર્ય તમે કોઈ પણ પ્રકારના ડર વિના ખુશીથી કરી શકશો. કારણ કે, જ્યારે તમે કોઈ કાર્યના સૌથી ખરાબમાં ખરાબ પરિણામને સ્વીકાર કરવાની ક્ષમતા કેળવી લો છો ત્યારે તમારો ડર **90** થી **95** ટકા આપોઆપ જ દૂર થઇ જાય છે અને ઘણા કિસ્સાઓમાં તમારો ડર સો એ સો ટકા દૂર થઇ જાય છે. ડર દૂર કરવા માટેની આ સૌથી શક્તિશાળી ટેકનિક છે.

-કોઈ બાળકને જો સાયકલ ચલાવવાથી ડર લાગતો હોય અને તે બાળક જો ડરને દૂર કરવાના ઉપાયો વિશે માત્ર વિચાર્યા કરે અથવા તો વાંચન કર્યા કરે તો તેનો તે ડર ક્યારેય દૂર થશે નહિ. સાયકલ ચલાવવાના ડરને દૂર કરવા માટે તે બાળક સાયકલ ચલાવતા શિખવનારની યોગ્ય તાલીમ અને પોતાની સાયકલ ચલાવવાની પ્રેક્ટિસ દ્વારા જ તે ડરને દૂર કરી શકશે.

-કોઈ વ્યક્તિને પાણીમાં તરવાથી જો ડર લાગતો હોય તો અને તે વ્યક્તિ જો ડરને દૂર કરવાના ઉપાયો વિશે માત્ર વિચાર્યા કરે અથવા તો વાંચન કર્યા કરે તો તેનો તે ડર ક્યારેય દૂર થશે નહિ પણ, પાણીમાં તરવાની યોગ્ય તાલીમ આપનારની મદદથી અને પાણીમાં તરવાની

પોતાની પ્રેક્ટિસ દ્વારા જ ડર દૂર કરી શકશે.

તો ઘણીવાર એવું પણ બને છે કે, કોઈ કંપનીનો બોસ પોતાના કર્મચારીઓ પાસેથી વધુ સારી ગુણવત્તાનું કામ અને કામનું વધુ પ્રોડક્શન કઢાવવા માટે પોતાના કર્મચારીઓને કોઈ ને કોઈ પ્રકારનો ડર બતાવે છે અને તેમની પાસેથી પોતાની ધારણા પ્રમાણેનું કામ કઢાવવાનો પ્રયત્ન કરે છે અને કર્મચારી બૉસને જો વધુ સારી ગુણવત્તાનું અને કામનું વધુ પ્રોડક્શન કાઢીને આપે છો તો તેવા કિસ્સામાં તે ડર કર્મચારી અને બોસ બંને માટે ફાયદાકારક સાબિત થશે. પરંતુ, અહિં કર્મચારી અને તેના બોસ બંને માટે એક નુકશાન એ પણ છે કે, તે કર્મચારી જયારે બોસના કોઈ પણ પ્રકારના ડર હેઠળ કામ કરતો હોય ત્યારે તે કર્મચારી પોતાના કામના સાચા આનંદને માણી શકતો નથી અને ઘણીવાર પોતાની ક્રિએટીવિટીનો ઉપયોગ ન કરી શકવાને કારણે વધુ સારી ગુણવત્તાવાળું આપી શકતો નથી. આથી, સૌથી મહત્વની બાબત એ છે કે, તમે કોઈ પણ વ્યક્તિ પાસેથી ડર બતાવીને કોઈ પણ પ્રકારનું કામ કરાવવા માગતા હોવ તો સામેવાળી વ્યક્તિને કેટલા પ્રમાણમાં ડર બતાવવો અને કેટલા પ્રમાણમાં ડર ન બતાવવો એ વાતનો તમને સૌથી પહેલા ખ્યાલ હોવો જોઈએ. જાણ્યે-અજાણ્યે વધારે પડતો ડર બતાવીને ક્યારેક ક્યારેક તમે તમારી જાતને ક્યારેય ભરપાઈ ન કરી શકાય તેવું નુકશાન પણ કરી બેસો છો.

~ આત્મ ચિંતન

- તમે તમારા વર્તમાનના સુખ અને દુઃખ માટે કોને જવાબદાર માનો છો ?
-શું તમે તમારા વર્તમાન જીવનનો પુરેપુરો સાચો આનંદ માણી રહ્યા છો કે નહિ ?
- શું તમે સંતોષને સૌથી મોટું સુખ માનીને જીવનમાં પ્રગતિ કરવાનું તો બંધ નથી કરી દીધું ને ?
-શું તમે તમારા મનમાં ડર, ચિંતા કે અસલામતીની લાગણી ઉત્પન્ન થવાના સાચા કારણને જાણો છો ?
-શું તમારો ડર ખરેખર વાસ્તવિક કે કાલ્પનિક છે ?
-શું તમે કોઈ પણ પ્રકારના ડરને દૂર કરવા માટે યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરીને ડરને દૂર કરો છો કે કંઈ પણ કાર્ય કર્યા વિના માત્ર ડરને કારણે ડર્યા જ રાખો છો ?

પ્રકરણ ૧૩ : કલ્પના શક્તિ, કલ્પના શક્તિનો સકારાત્મક ઉપયોગ અને તેના અગણિત ફાયદાઓ

સૌથી પહેલાં આપણે એ જાણીશું કે, કલ્પના શક્તિ એટલે શું ? ખુલ્લી આંખે અથવા બંધ આંખે,મન દ્વારા કોઈ નાણાં, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ, કોઈ પરિસ્થિતિ, કોઈ ગ્રહ કે બ્રહમાંડ વિશે સચિત્ર અથવા ચિત્રરહિત કરવામાં આવતી ધારણા.

ભૂતકાળમાં અને વર્તમાનમાં જે નવાં શોધ-સંશોધનો થયા છે, નવા નવા ગ્રહો શોધાયા છે. તેના મૂળમાં કોઈ પણ માનવીની કલ્પના શક્તિ જ રહેલી છે અને આગળ પણ ભવિષ્યમાં કોઈ પણ નવા શોધ-સંશોધનો થશે અને નવા ગ્રહો શોધશે તે પણ માનવીની કલ્પનાશક્તિને આભારી હશે. અત્યારે જે માધ્યમ દ્વારા હું લખાણ લખી રહ્યો છું અને તમે જે માધ્યમ દ્વારા આ લખાણ વાંચી રહ્યા છો તે ભૂતકાળમાં કોઈ માનવીએ કરેલી કલ્પનાશક્તિને આભારી છે. અત્યારના હાલના નાણાંનું ભૌતિક અને ડિજિટલ સ્વરૂપ, નાણાં છાપવા માટેનું મશીન, કપડાં, ખાવાપીવાની વાનગીઓ, ATM મશીન,બેન્કિંગ વ્યવસ્થા, સ્વાસ્થ્યને લાગતી સેવાઓ, દવાઓ, ટેક્નોલોજી, ટીવી, ફ્રીજ, વોશિંગ મશીન, કોમ્પ્યુટર, મોબાઇલ ફોન, સાયકલ, બાઈક, કાર, બસ, ટ્રેઈન, વિમાન, હેલીકૉપટર, રોકેટ, અવકાશયાન,કૃત્રિમ ઉપગ્રહ,કપડાં.....વગેરે અને બીજું ઘણું બધું કલ્પના શક્તિની દેન છે અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને બનાવેલા સંસાધનો દ્વારા જીવનના બધા જ ક્ષેત્રોમાં માનવી આજે તેના જીવનમાં રૉકેટ ગતિએ પ્રગતિ કરી રહ્યો છે. કોઈ પણ મનુષ્યે તેની કલ્પનાશક્તિનો હંમેશા સકારાત્મક ઉપયોગ કરવો જોઈએ જેથી કરીને, તેને અને સમગ્ર માનવજાતિને તેના દ્વારા બનાવાયેલ કોઈ ચીજવસ્તુ અને કોઈ શોધ-સંશોધનનો લાભ મળે અને પોતાના જીવનને વધુ બહેતર, વધુ સુખી અને વધુ સમૃદ્ધ બનાવી શકે અને આવનારી પેઢીઓ પણ એનો ઉપયોગ કરીને પોતે એક વધુ સારું જીવન જીવી શકે.

કોઈ પણ ચીજવસ્તુ પહેલા મનુષ્યની કલ્પનાશક્તિ દ્વારા મનુષ્યના મગજમાં બને છે અને ત્યારબાદ ભૌતિક જગતમાં નિર્માણ પામે છે. કલ્પનાશક્તિ જ્ઞાન કરતા ઘણું વધુ મહત્ત્વ ધરાવે છે અને કર્મ કલ્પનાશક્તિ કરતાં પણ વધુ મહત્વ ધરાવે છે. જયારે કલ્પનાશક્તિ અને મન પરસ્પર જે હેતુ માટે પરસ્પર સહમત થતા હોય ત્યારે જે હેતુ હોય તેને ધરખમ પુષ્ટિ મળે છે અને હેતુ સફળતામાં પરિણમે છે. જો તમે કોઈ પણ હેતુ માટે, કોઈ પૈસા, વસ્તુ, વ્યક્તિ કે કોઈ સારી પરિસ્થિતિને મેળવવાની યોજના પ્રમાણે તમે તેને મેળવવા માંગતા હોવ તો તમે તેને મેળવી રહ્યા છો અથવા તેને તમે મેળવી લીધી છે એવી કલ્પના કરતા હોવ પરંતુ, તે પૈસા, વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ અંગેની નકામી, ખોટી, ગેરમાન્યતાને કારણે જો તમારું ચેતન મન તમારી કલ્પનાને સ્વીકારતું ન હોય અથવા તમારી કલ્પના અને તમારા ચેતન મન વચ્ચે કોઈ કારણસર પરસ્પર સહમતિ ન બેસતી હોય તો તમે તમારી કલ્પનામાં રહેલી વસ્તુ, પૈસા, વ્યક્તિ કે પરિસ્થિતિ મેળવી શકશો નહિ. કારણ કે, માનવીનું મન એક જીવંત ભૂમિ છે અને કલ્પના એક અદ્રશ્ય બીજ છે. જો કોઈ કારણસર બીજને વાવવાની બાબતમાં જીવંત ભૂમિ અને બીજ વચ્ચે કોઈ કારણસર વિરોધાભાસ હોય અથવા પરસ્પર સહમતિ ન બને તો તમારું કલ્પનાનું બીજ ગમે તેટલી સારી ગુણવત્તાનું હશે તો પણ ક્યારેય અંકુરિત થશે નહિ અને તમે તે બીજમાંથી ક્યારેય એક વિરાટ ઘટાદાર વૃક્ષ મેળવી શકશો નહિ. જો આપણે ભવિષ્યમાં એક ઘટાદાર આંબાનું ઝાડ જોઈતું હોય તો તેના માટેની પ્રાથમિક અને પાયાની બે

શરત એ છે કે, એક તો તમારી પાસે સારી ગુણવત્તાવાળું કેરીનું બીજ(એટલે કે, કેરીનું ગોટલું) હોવું જોઈએ અને બીજું, કેરીના બીજને વિકસવા માટે માફક આવે તેવી જમીન જોઈશે.(ખાતર,પાણી,યોગ્ય માવજત....આ બધી પછીના ક્રમની અન્ય બાબતો છે.) જો કેરીના બીજને જમીન અને જમીનને કેરીનું બીજ પરસ્પર એકબીજાને અનુકૂળ આવશે તો જ તે કેરીનાં બીજમાંથી અમુક સમય પછી એક ઘટાદાર કેરીનું વૃક્ષ(આંબો) બની શકશે. આ એકદમ સરળતાથી સમજાય તેવી વાત છે.

એ જ રીતે, જો તમારી પાસે કોઈ પૈસા, કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મેળવવા માટે કલ્પનારૂપી બીજ ગમે તેટલી સારી ગુણવત્તાનું હશે પણ, જો તમારું મન તમારી કલ્પનામાં રહેલા કોઈ પૈસા, કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મેળવવા માટે કોઈ પણ કારણસર સહમત થતું ન હોય અથવા અવરોધ નોંધવાતું હશે તો તમને તમારી કલ્પનામાં રહેલા પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ ક્યારેય મેળવી શકશો નહિ. અહિં, કહેવાનો અર્થ એ છે કે, તમારી કલ્પનામાં કોઈ પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિરૂપે રહેલા બીજ તમારી મનરૂપી જીવંત ભૂમિ સાથે એટલે કે, બંને એકબીજા સાથે જયારે પરસ્પર પૂર્ણ રીતે એકબીજાને અનુકૂળ આવે તે રીતે સહમત થશે ત્યારે જ તમારી કલ્પના સાકાર થશે અને તમને તમારી કલ્પના પ્રમાણે મળશે. આ એકદમ સરળતાથી સમજી શકાય તેવી બાબત છે પણ તેમ છતાં, વિશ્વના મોટાભાગના લોકો અહિં જ ભૂલ કરી બેસે છે.

પૃથ્વી પર ગુરુત્વાકર્ષણનો નિયમ એક અફર નિયમ છે તે આપણે સૌ જાણીયે છીએ. અફર એટલે કે ફરે નહિ એવો. જો તમે ગમે તેટલા સારાં કે ગમે તેટલા ખરાબ માણસ હોવ અને તમે કોઈ ઊંચી ઈમારત પરથી પડો તો તમે ધરતી તરફ નીચે જ આવવાના. એમાં ગુરુત્વાકર્ષણનો નિયમ એવો ભેદ નથી કરતો કે, કોઈ ખરાબ માણસ ઊંચી ઈમારત પરથી પડે તો તેને જમીન તરફ ઝડપથી ખેંચી લેવો અને કોઈ સારો માણસ ઊંચી ઈમારત પરથી કુદે તો તેને જમીન તરફ ન આવવા દેવો એટલે કે તેને બચાવી લેવો. ગુરુત્વાકર્ષણનો નિયમ તેના પ્રવાહની દિશા પ્રમાણે કામ કરે છે. તેનો પ્રવાહ પૃથ્વીના વાતાવરણમાં રહેલ કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચે છે, આકર્ષિત કરે છે. પૃથ્વીના વાતાવરણની બહાર અમુક ઊંચાઈ પછી અંતરિક્ષમાં ગુરુત્વાકર્ષણનો નિયમ કોઈ વસ્તુ કે વ્યક્તિ પર કામ કરતો નથી એટલે કે અંતરિક્ષમાં રહેલા કોઈ વસ્તુ કે વ્યક્તિને તે પોતાના તરફ ખેંચી શકશે નહિ, આકર્ષિત કરી શકશે નહિ.

આકર્ષણનો સિદ્ધાંત તમારા શબ્દોનો નહિ, પરંતુ તે શબ્દો દ્વારા તમારા મનમાં જે વાઈબ્રેશન ઉત્પન્ન થાય છે તે વાઈબ્રેશનનો પ્રતિભાવ આપે છે. માત્ર કલ્પના કરવાથી તમને કંઈ બધું મળી નહિ જાય. આકર્ષણના સિદ્ધાંતનો સારામાં સારી રીતે ઉપયોગ કરી તેના દ્વારા મહત્તમ લાભ મેળવવા માટેની એક પાયાની શરત એ છે કે, તમારા દ્વારા કરવામાં આવેલી કલ્પનામાં તમે જે પૈસા, ચીજવસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મેળવવા માંગો છો તેની તમારા મન દ્વારા સહમતિ હોવી જરૂરી છે.એટલે કે, કલ્પનામાં રહેલા પૈસા, ચીજવસ્તુ કે વ્યક્તિને મેળવવાના માર્ગમાં તમારા મન દ્વારા કોઈ અવરોધ ઉભો ન થવો જોઈએ. જો તમે કલ્પનામાં કોઈ વસ્તુને જુઓ છો જે તમારે ખરેખર જોઈએ છે, તો તે સમયે તે વસ્તુ માટે તમારા મનમાં પોઝિટિવ વાઈબ્રેશન ઉત્પન્ન થશે પરંતુ, તમારું મન ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્યના કોઈ પણ કારણે કોઈ પણ પ્રકારનો વિરોધ નોંધાવશે તો તે વસ્તુને મેળવવામાં તમારા કામમાં તમારા

મન તરફથી જેવો જોઈએ એવો એટલે કે કલ્પના શક્તિ પ્રમાણે પોઝિટિવ વાઈબ્રેશન ઉત્પન્ન થશે નહિ અને આ વાઈબ્રેશનના તફાવતને કારણે આ બંને વાઈબ્રેશન પરસ્પર સહમત ન થવાને કારણે, પરસ્પર એકજૂથ ન થવાને કારણે તમે તે વસ્તુને મેળવી શકશો નહિ.

દુનિયામાં ઘણા લોકો એવું માને છે કે, કોઈ પણ વાક્યની શરૂઆતમાં, વચ્ચે અથવા અંતમાં ના, નથી, નહિ ... જેવા નકારાત્મક શબ્દો આવે તો તે વાક્ય નકારાત્મક ભાવ વ્યક્ત છે પરંતુ, હકીકતમાં તેવું નથી હોતું. ઘણા બધા વાક્યોની શરૂઆતમાં, વચ્ચે અથવા અંતમાં જો ના, નથી, નહિ... જેવા શબ્દો આવતા હોય તો તેવા વાક્યો પણ હકારાત્મક ભાવ વ્યક્ત કરે છે. જેમ કે, કોઈ વ્યક્તિ તમને પ્રશ્ન પૂછે કે, "શું તમારું પર્સ ખાલી છે?" તો આ સવાલના ઘણા બધા જવાબ આપી શકાય અને તે દરેક જવાબને આધારે તેમાંથી સકારાત્મક અથવા નકારાત્મકભાવ વ્યક્ત થાય છે. જેમ કે,

-જવાબ (A): હા, મારું પર્સ ખાલી છે. - આ વાક્યની શરૂઆતમાં સકારાત્મક સૂચક શબ્દ 'હા' આવતો હોવા છતાં, આ વાક્ય તમારી પાસે પૈસા ન હોવાનો નકારાત્મક ભાવ વ્યકત કરે છે અને તમે તમારી પાસે કંઈ ન હોવાની, ખાલીપણાની, નકારાત્મક લાગણી અનુભવો છો અને તે પ્રમાણે તમારા મનમાંથી નકારાત્મક વાઈબ્રેશન ઉદ્ભવશે.

-જવાબ (B): ના, મારું પર્સ ખાલી નથી.-આ વાક્યમાં ભલે શરૂઆતમાં અને અંતમાં અનુક્રમે નકારાત્મકતા સૂચક શબ્દ 'ના' અને 'નથી' આવતો હોવા છતાં, તમારી પાસે તમારા પર્સમાં અમુક પૈસા હોવાનો સકારાત્મક ભાવ વ્યક્ત કરે છે અને તમે તમારી પાસે કઈંક હોવાની તમે સકારાત્મક લાગણી અનુભવો છો અને તે પ્રમાણે તમારા મનમાંથી સકારાત્મક વાઈબ્રેશન ઉદ્ભવશે.

-જવાબ (C): ના,મારા પર્સમાં 150 રૂપિયા છે. -આ વાક્યમાં પણ ભલે શરૂઆતમાં નકારાત્મકતા સૂચક શબ્દ ના આવતો હોવા છતાં તમારી પાસે 150 રૂપિયા હોવાનો સકારાત્મક ભાવ વ્યક્ત કરે છે અને તમે તમારી પાસે 150 રૂપિયા હોવાની તમે સકારાત્મક લાગણી અનુભવો છો અને તે પ્રમાણે તમારા મનમાંથી સકારાત્મક વાઈબ્રેશન ઉદ્ભવશે.

આના પરથી કહેવાનો અર્થ એ છે કે, તમારા વિચારમાં, તમારા દ્વારા બોલાયેલા વાક્યોમાં ના, નહિ, નથી જેવા નકારાત્મકતા સૂચક શબ્દો આવે તો કયારેય એમ માની લેવું નહિ કે, તમે નકારાત્મક વાક્યો બોલો છો. વ્યાકરણની દ્રષ્ટિએ, વાક્ય સકારાત્મક હોય કે નકારાત્મક હોય એ બહુ મહત્વનું નથી, મહત્વનું છે કે એ વાક્યમાંથી કેવો ભાવ, કેવી ભાવના પ્રગટ થાય છે. મહત્વનું છે કે, એ વાક્યમાંથી સકારાત્મક ભાવ વ્યકત થાય છે કે, નકારાત્મક ભાવ. જો તે વાક્યમાંથી સકારાત્મક ભાવ પ્રગટ થતો હોય તો તે વાક્ય પ્રમાણે તમે બ્રહ્માંડમાં સકારાત્મક વાઈબ્રેશન મોકલી શકશો. જે તમને તે સકારાત્મક વાઈબ્રેશનને અનુરૂપ કોઈ ચીજવસ્તુ, પૈસા, વ્યક્તિ કે પરિસ્થિતિને તમારા તરફ આકર્ષિત કરવામાં તમને મદદ કરશે.

આ વાતને ઉદાહરણ દ્વારા સરળતાથી સમજીયે.

તમે પોતે ધનવાન બનવા માટે આંખ બંધ કરીને અવચેતન મનથી એવી કલ્પના (વિઝ્યુલાઇઝ) કરો છો કે, હું અત્યારે પૈસાના એક ઝાડ નીચે બેઠો છું અને હવે હું તે ઝાડની ડાળીઓને હલાવીને ઝાડ પરથી 500 રૂપિયા અને 2000 રૂપિયાની અનેક નોટોને નીચે

ખંખેરી રહ્યો છું અને હું ધનવાન બની રહ્યો છું. તો, શું આવી કલ્પના કરવાથી તમે ખરેખર ધનવાન બની શકશો? આ સવાલ તમે પોતાની જાતને પૂછો, પોતાની અંદર રહેલા આત્માને પૂછો અને પુરેપુરી 100 ટકા ઈમાનદારીથી, નિષ્પક્ષતાથી, તટસ્થતાથી જવાબ આપજો. તમારો જવાબ હશે-ના. આ કિસ્સાનું એક તટસ્થ, નિષ્પક્ષતાથી અને પૂરી ઈમાનદારીથી વિશ્લેષણ કરીએ.

-જયારે તમે આંખ બંધ કરીને અવચેતન મનથી એવી કલ્પના કરો છો કે, હું અત્યારે પૈસાના એક ઝાડ નીચે બેઠો છું ત્યારે તમારું ચેતન મન તરત જ તમને એમ કહેશે કે, તું તો અહિં તારા ઘરના ડ્રોઈંગ રૂમમાં બેઠો છે અથવા એમ કહેશે કે, તું તો અહિં તારી ઑફિસમાં બેઠો છે અથવા તું તો, તારા બેડરૂમમાં બેઠો છે. તમારું મન તે સમયે તમને તમારી સાચી વાસ્તવિક વર્તમાન પરિસ્થિતિથી માહિતગાર કરે છે. તો આ સમયે, તમારું ચેતન મન અને અવચેતન મન એકબીજા સાથે સહમત નહિ થાય એટલે કે, તમારી કલ્પના(બીજ) અને તમારું મન(જીવંત ભૂમિ) બંને પરસ્પર એકબીજા સાથે સહમત નહિ થાય. આથી, તમારી કલ્પનામાં રહેલી તમારી કાલ્પનિક સ્થિતિના વાઈબ્રેશન અને તમારી વાસ્તવિક સ્થિતિના વાઈબ્રેશન ક્યારેય એકબીજા સાથે પરસ્પર એક સમાન નહિ થાય. આથી, આવા કિસ્સામાં વાઈબ્રેશનના તફાવતને કારણે તમારી કલ્પના સાકાર નહિ થાય અને તમારી કલ્પના પ્રમાણે તમને કંઈ મળશે પણ નહિ.

-અને કદાચ આનાથી આગળ આંખ બંધ કરીને તમે એવી કલ્પના કરો છો કે, ઝાડની ડાળીઓને હલાવીને ઝાડ પરથી 500 રૂપિયા અને 2000 રૂપિયાની અનેક નોટોને નીચે ખંખેરી રહ્યો છું ત્યારે તમારું મન તમને એમ કહેશે કે, તું પૈસાના ઝાડ નીચે નથી બેઠો, તું તો તારા ડ્રોઈંગ રૂમમાં બેઠો છો અને તારી ઉપર પંખો છે, સીલિંગ છે. એમાંથી એક પણ રૂપિયાની નોટ નીચે પડશે નહિ. આ સમયે પણ તમારું મન તમને તમારી સાચી વાસ્તવિક વર્તમાન પરિસ્થિતિથી માહિતગાર કરે છે. તો આ સમયે પણ તમારી કલ્પના(બીજ) અને તમારું મન(જીવંત ભૂમિ) બંને પરસ્પર એકબીજા સાથે સહમત નહિ થાય. આથી, તમારી કલ્પનામાં રહેલી તમારી કાલ્પનિક સ્થિતિના વાઈબ્રેશન અને તમારી વાસ્તવિક સ્થિતિના વાઈબ્રેશન પણ ક્યારેય એકબીજા સાથે પરસ્પર એકજૂથ નહિ થાય. આથી આવા કિસ્સામાં વાઈબ્રેશનના તફાવતને કારણે તમને તમારી કલ્પના પ્રમાણે કંઈ નહિ મળે.આ તો એવી વાત થઈ કે, તમે લોટરીની ટિકિટ લેતા નથી અને તમે ભગવાનને રોજ પ્રાર્થના કરો છો કે, હે, ભગવાન મને લોટરી લગાવી દે. હે, ભગવાન મને લોટરી જીતાવી દે. ભગવાન તમને લોટરી જીતાવવા તૈયાર જ છે પરંતુ, તમે પહેલા લોટરીની ટિકિટ તો ખરીદો.

આના પરથી કહેવાનો અર્થ એમ છે કે, તમારે ભગવાન પાસેથી, કુદરત પાસેથી કંઈ મેળવવું હોય તો તમે તે મેળવી શકો છો પણ તે માટેની પાયાની શરત એ છે કે, એક કામ તો તમારે જ કરવું પડશે અને ત્યારબાદ જ તમારે જે જોઈતું હશે તે ભગવાન તમને આપશે

ઉદાહરણ તરીકે,

-જો તમારે લોટરી જીતવી હોય તો તે માટે તમારે લોટરીની ઓછામાં ઓછી એક ટિકિટ તો ખરીદવી જ પડશે એટલે કે, લોટરીની એક ટિકિટ ખરીદવાનું કામ તમારે કરવું જ પડશે.

-જો તમે ધરતીમાં અનાજનો એક દાણો વાવશો તો જ ભગવાન તમને તે એક દાણાનાં અનેક દાણાં કરીને તમને પાછાં આપશે. એટલે કે, ધરતીમાં અનાજના દાણાં વાવવાનું એક કામ

તો તમારે જ કરવું પડશે.

-જો તમે ભોજન કરો છો તો ચાવવાનું અને ચાવ્યા બાદ ભોજનને પેટમાં પહોંચાડવાનું કામ તમારે કરવું પડશે અને તે ભોજનને પચાવવાનું કામ ભગવાન કરશે.

એ જ રીતે, તમારે કોઈ કલ્પના દ્વારા પૈસા, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિને મેળવવી હોય તો તેને મેળવવા માટે કયા કયા કામ કરવા પડશે તેનું આયોજન તમારે કરવું પડશે અને તે પ્રમાણે ઓછામાં ઓછું એક કે તેથી વધુ કામ કરવા પડશે તો જ ભગવાન તમને બીજા કોઈ પૈસા, કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ મેળવી આપવામાં મદદ કરશે.

કલ્પનાશક્તિના ધનવાન બનવાના ઉદાહરણ પરથી કહેવાનો અર્થ એમ છે કે, તમારે ધનવાન બનવું હોય તો તમે ચોક્કસ બની શકો છો. આ દુનિયામાં ઘણા બધા લોકો કરોડોપતિ અને અબજોપતિ બન્યા છે અને બનતા જ રહેવાના છે પણ કહેવાનો ભાવાર્થ એ છે કે, તમારી પાસે ધનવાન બનવા માટેની ઓછામાં ઓછી એક સ્પષ્ટ યોજના, એક સ્પષ્ટ રોડમેપ હોવો જરૂરી છે.

જેમ કે,

-તમે કઈ યોજનાની મદદથી, કેટલા મહિના કે કેટલા વર્ષો પછી કરોડપતિ કે અબજોપતિ બનવા માંગો છો તે સ્પષ્ટ હોવું જોઈએ.

-શું તમારી વર્તમાન સમયની નોકરી, ધંધો કે વેપાર તમને તમારી નિર્ધારિત કરેલી સમય મર્યાદામાં તમને કરોડપતિ કે અબજોપતિ બનાવવા માટે સક્ષમ છે કે નહિ? જો નથી તો એવો કોઈ ધંધો કે વેપાર તમે અમુક સમયમાં શોધી કાઢો કે જે તમને અમુક વર્ષો પછી કરોડોપતિ કે અબજોપતિ બનાવી શકે.

-શું તમારી વર્તમાન સમયની નોકરી, ધંધો કે વેપારમાંથી અમુક નાણાં તમે દર મહિને તમારા માટે જે યોગ્ય હોય તેવા ક્ષેત્રમાં રોકાણ કરો છો કે જેના ચક્રવૃદ્ધિ વ્યાજની મદદથી તમે અમુક વર્ષો બાદ કરોડોપતિ કે અબજોપતિ બની શકો... વગેરે. આ અને આ પ્રકારના બીજા ઘણા આયોજનો હોવા જરૂરી છે કે જે તમને તમારા નિર્ધારિત કરેલા લક્ષ્ય સુધી તમારી નિર્ધારિત કરેલી સમય મર્યાદામાં પહોંચાડી શકે.

ચાલો, કલ્પનાશક્તિના ઉપયોગથી પોતાના લક્ષ્યને સરળતાથી અને ઝડપથી કઈ રીતે પ્રાપ્ત કરવો, તેની થોડી જાણકારી મેળવીએ.

ધારો કે, કોઈ એક વ્યક્તિ અમુક સમય પછી અમુક નાણાં, કોઈ ચીજવસ્તુ કે કોઈ વ્યક્તિને મેળવવા માંગે છે તો તે એકદમ સ્પષ્ટ હોવું જોઈએ કે, તે વ્યક્તિ કેટલા મહિનાઓ કે કેટલા વર્ષો પછી(એટલે કે, વાસ્તવિક સમય), કેટલા નાણાં(એટલે કે, નાણાંનો વાસ્તવિક આંકડો), કઈ ચીજવસ્તુ(એટલે કે વાસ્તવિક ચીજવસ્તુ) કે કઈ વ્યક્તિને(એટલે કે વાસ્તવિક વ્યક્તિને) મેળવવા માંગે છે અને તેને મેળવવા માટેની યોજનાઓ(એટલે કે વાસ્તવિક યોજના) અને રોડમેપ(એટલે કે વાસ્તવિક રોડમેપ) પણ એકદમ સ્પષ્ટ હોવો જોઈએ.

A 1 2 3 4 5 6 7 8 9 10 B

- આ રીતે ,તમારી પાસે તમારી શરૂઆતની સ્થિતિ એટલે કે A થી B સુધી પહોંચવા માટેનો કુલ સમય, A થી B સુધી પહોંચવા માટેની બધી જ યોજનાઓ, A થી B સુધી

પહોંચવા માટેની કામ કરવાની બધી જ પ્રોસેસ, બધા જ પેટા લક્ષ્ય અને આખો રોડમેપ તૈયાર હોવો જોઈએ.

- માની લો કે ,આજે 31 તારીખ છે અને તમારે પહેલી તારીખના રાત્રિના 12 વાગ્યા સુધીમાં તમારી કામ કરવાની યોજના પ્રમાણે, શરૂઆતના સ્થાન A થી, પેટા લક્ષ્ય-1 સુધી કામ કરવાની પ્રોસેસ-1નો ઉપયોગ કરીને પહોંચવાનું છે. તો તમારે તમારા મનમાં કલ્પના માટે સૌથી પહેલા એ સ્પષ્ટ કરી લેવું કે, આવતીકાલે પહેલી તારીખ છે અને મારી કરવાની યોજનાથી હું શરૂઆતના સ્થાન A થી પેટા લક્ષ્ય-1 સુધી પહોંચવા માટે કામ કરવાની પ્રોસેસ-1 પર કાર્ય કરી રહ્યો છું. આ આખું ચિત્ર બંધ આંખે તમારે તમારા મનમાં એક લાઈવ ચિત્ર તરીકે એટલે કે, એક ફિલ્મની જેમ જોવાનું છે. એટલે તે ફિલ્મ પ્રમાણે, તમારામાં આપોઆપ જ વાઈબ્રેશન ઉતપન્ન થવા લાગશે. તમારી કલ્પનામાં દેખાતા કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ, કોઈ સમયના વાઈબ્રેશન સાચે જ તમારા કામ કરવાના વાસ્તવિક આયોજનના વાસ્તવિક સમય, આયોજનમાં મદદરૂપ થનારી કોઈ વાસ્તવિક વસ્તુ અથવા કોઈ વાસ્તવિક વ્યક્તિના વાસ્તવિક વાઈબ્રેશનને સમાન જ હશે. આ પ્રકારે કલ્પના(વિઝયુલાઈઝેશન) કરવાથી તમારું મન ક્યારેય તમારો વિરોધ નહિ કરે કારણ કે, તમારે જે તારીખે પેટા લક્ષ્ય -1 સુધી પહોચવાનું છે તે જ તારીખ એટલે કે, પહેલી તારીખને તમે વિઝયુલાઈઝેશનમાં જુઓ છો. આથી, કલ્પના(વિઝયુલાઈઝેશન)માં તારીખ સાચી હોવાના કારણે એટલે કે, સમયની બાબતમાં તમારું મન તમારો વિરોધ નહિ કરે. બીજું તમારા શરૂઆતના સ્થાન A થી પેટા લક્ષ્ય-1 સુધી પહોંચવા માટે તમારે જે યોજનાનો, શરૂઆતના સ્થાન A થી પેટા લક્ષ્ય-1 સુધી પહોંચવા માટે તમારે કામ કરવાની પ્રોસેસ-1 નો ઉપયોગ કરવાનો છે તે યોજના અને પ્રોસેસ પણ કલ્પના (વિઝયુલાઈઝેશન)માં સાચી છે. આથી, યોજનાની બાબતમાં અને કામ કરવાની પ્રોસેસની બાબતમાં પણ તમારું મન તમારો વિરોધ નહિ કરે. ત્રીજું તમારા શરૂઆતના સ્થાન A થી પેટા લક્ષ્ય-1 સુધી પહોંચવા માટે તમારે જે વ્યક્તિની મદદ લેવાની છે, તે વ્યક્તિ પણ કલ્પનામાં(વિઝયુલાઈઝેશન)માં સાચી છે.આથી, વ્યક્તિની બાબતમાં પણ તમારું મન તમારો વિરોધ નહિ કરે. ટૂંકમાં, કલ્પનામાં (વિઝયુલાઈઝેશન) માટે ઉપયોગમાં લેવાતા પૈસા, વસ્તુ, વ્યક્તિ, સમય, કામ કરવાનું આયોજન, કામ કરવાની પ્રોસેસ, કામ કરવાનું સ્થળ વગેરે બધા જ જો સાચા હશે તો, તમારું મન તમારી કલ્પનાને એકદમ સુસંગત બેસે તેવા વાઈબ્રેશન ઉત્પન્ન કરશે અને તમે તમારી કલ્પના પ્રમાણે પહેલી તારીખે પેટા લક્ષ્ય-1 સુધી પહોંચી શકશો એટલે કે, પેટા લક્ષ્ય-1 ને પ્રાપ્ત કરી શકશો.

-આ રીતે, જયારે તમે કામ કરવાની પ્રોસેસ-1ની મદદથી, પેટા લક્ષ્ય-1 સુધી પહોંચી જાવ છો પછી બીજી તારીખે રાત્રિના બાર વાગ્યા સુધીમાં તમારે પેટા લક્ષ્ય-1 થી પેટા લક્ષ્ય-2 સુધી તમારા વાસ્તવિક સમયે પહોંચવા માટે જે વાસ્તવિક યોજના અને કામ કરવાની પ્રોસેસ-2નો ઉપયોગ કરવાનો હોય, જે વાસ્તવિક વ્યક્તિની મદદ લેવાની હોય તે તમામને તમારી કલ્પના (વિઝયુલાઈઝેશન)માં જુઓ અને કલ્પનામાં એવું જુઓ કે, તે તમામની મદદથી તમે બીજી તારીખના રાત્રિના બાર વાગ્યા સુધીમાં પેટા લક્ષ્ય-2 ને પ્રાપ્ત કરી લીધું છે.

-આ પદ્ધતિનો ઉપયોગ કરીને ક્રમશ: પેટા લક્ષ્ય-3, પેટા લક્ષ્ય-4, પેટા લક્ષ્ય-5......વગેરે ને પ્રાપ્ત કરતા જાવ અને એક સમય એવો આવશે કે તમે નિર્ધારિત કરેલી સમય મર્યાદામાં તમારા મુખ્ય લક્ષ્ય(B)ને પ્રાપ્ત કરી લેશો. આ રીતે કામ કરવાથી તમને ચક્રવૃદ્ધિ ઉર્જાનો ફાયદો, ચક્રવૃદ્ધિ ઉત્સાહનો ફાયદો થશે. જેમ અગાઉ આપણે પૈસાના રોકાણમાં કુલ મૂડી

વધારવામાં ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિ મહત્વનો ભાગ ભજવે છે તે જોયું, તેમ તમારા મુખ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવામાં, પેટા લક્ષ્યની પ્રાપ્તિમાં પણ ચક્રવૃધ્ધિનો સિદ્ધાંત અહિં પણ એટલો જ કામ કરે છે અને તેથી તેનો અદ્રશ્ય ફાયદો પણ તમને મળતો જ રહે છે.

-અહિં, એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, તમારી કલ્પના(વિઝયુલાઈઝેશન)માં ઉપયોગમાં લેવાતા સમય મર્યાદા, નાણાંનો આંકડો, ચીજવસ્તુ, વ્યક્તિ, કામ કરવા માટેની યોજના, કામ કરવાની પ્રોસેસ, રોડમેપ આ બધું એકદમ વાસ્તવિક અને સાચું હોવું જોઈએ. જો તે બધામાંથી એક પણ ખોટું અથવા તમારું મન વિરોધ કરે એ પ્રકારે હશે તો તમારી કલ્પનાને સુસંગત વાઈબ્રેશન ઉપન્ન નહિ થાય અને તમારી કલ્પના સાકાર નહિ થાય. આથી, તમારી કલ્પના પ્રમાણે તમે ધારેલા નાણાં, ચીજવસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ તમને મળશે નહિ. જેમ કે, જો તમે 31મી તારીખે કલ્પના(વિઝયુલાઈઝેશન) કરતા હોવ અને તમારા મનને તમે એમ કહો છો કે, આજે પહેલી તારીખ છે અને હું આ યોજનાની મદદથી પેટા લક્ષ્ય-1 સુધી પહોંચવા માટે કામ કરી રહ્યો છું. તો તમારું મન સમયની બાબતમાં તમારો વિરોધ કરશે અને તે રીતે કરવામાં આવેલી તમારી કલ્પના ક્યારેય સાકાર નહિ થાય. કારણ કે, તમારી કલ્પના(વિઝયુલાઈઝેશન)માં તમે એ સમયનો ઉપયોગ કરો છો કે જે સમય ખરેખર એક દિવસ પછી આવવાનો છે. આથી તમારું મન સમયની બાબતમાં તમારો વિરોધ કરશે. અહિં, તમારે એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે, જયારે તમે 31 મી તારીખે કલ્પના(વિઝયુલાઈઝેશન) કરો છો ત્યારે તમે પહેલી તારીખે રાત્રિના બાર વાગ્યા સુધીમાં જ તમારી કામ કરવાની યોજના પ્રમાણે પેટા લક્ષ્ય-1 સુધી પહોંચશો. આ માટે તમારી આજની તારીખ એટલે કે, 31 મી તારીખ પ્રમાણે, પહેલી તારીખ માટે તમારે ભવિષ્યકાળમાં જવાનું છે. પહેલી તારીખ(ભવિષ્યકાળ)ને તમારી આજની 31 મી તારીખ(વર્તમાનકાળ)માં લાવવાનો નથી. વિશ્વના મોટાભાગના લોકો અહિં જ ભૂલ કરી બેસે છે. એટલે ફરીવાર કહું છું કે, ભવિષ્યકાળને ક્યારેય વર્તમાનકાળમાં લાવીને કલ્પના(વિઝયુલાઈઝેશન) કરવી નહિ. કલ્પના(વિઝયુલાઈઝેશન) કરવા માટે તમારે જ ભવિષ્યકાળમાં જવું. આ રીતે કલ્પના કરવાથી તમારું મન સમયની બાબતમાં તમારો વિરોધ નહિ કરે અને તમારી કલ્પના અને તમારા મનનાં વાઈબ્રેશન એકબીજા સાથે સુસંગત થશે, પરસ્પર એકબીજા સાથે સહમત થશે અને તમારી કલ્પના પણ સાકાર થશે.

આ વાતને વધુ સારી રીતે સમજવા માટે એક વધુ કિસ્સાનું વિશ્લેષણ કરીએ.

એક યુનિવર્સીટીમાં એક મનોચિકિત્સક દ્વારા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓના ત્રણ જૂથ બનાવવામાં આવ્યા. (A),(B) અને (C) જેમાં,

(A) જૂથના વિદ્યાર્થીઓને તેમની સફળતાનાં ગોલને, ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સખત મહેનત(હાર્ડ વર્ક) કરીને ભણવાનું કહેવામાં આવ્યું.

(B) જૂથના વિદ્યાર્થીઓને આકર્ષણના સિદ્ધાંત (Law of Attraction)ની મદદથી, ઈમોશનની સાથે રોજ 20 થી 25 મિનિટ વિઝયુલાઇઝ કરવાનું કહેવામાં આવ્યું કે, તેઓ પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી ચુક્યા છે, સફળતા પ્રાપ્ત કરી લીધી છે, સફળતાનો જશ્ન માનવી રહ્યા છે અને તેમને કોલેજમાં એવોર્ડ આપવામાં આવી રહ્યો છે.

(C) જૂથના વિદ્યાર્થીઓને રોજ 20 થી 25 મિનિટ એવું વિઝયુલાઇઝ કરવાનું કહેવામાં આવ્યું કે, જેમાં, તેઓ સફળતા મેળવવા માટે, પોતે પરીક્ષામાં જે માર્ક્સ મેળવવા માંગે છે તે

માટેની કાર્ય કરવાની પ્રોસેસનું જ સ્ટેપ બાય સ્ટેપ વિઝયુલાઈઝેશન કરવું. પોતાની સફળતાનાં ગોલનું ક્યારેય ભૂલથી પણ વિઝયુલાઈઝેશન કરવું નહિ.

વર્ષના અંતે ત્રણેય જૂથના જે પરિણામો આવ્યા તે મનોચિકિત્સક માટે ખૂબ જ આશ્ચર્યજનક હતા.

(A) જૂથના સખત મહેનત(હાર્ડ વર્ક) કરવાવાળા વિદ્યાર્થીઓના માર્ક્સ બેઝિક લેવલ કરતા 12% વધુ હતા.

(B) જૂથના આકર્ષણના સિદ્ધાંત (Law of Attraction) દ્વારા માત્ર પોતાની સફળતાને, પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી લીધો છે તેવું વિઝયુલાઈઝેશન કરવાવાળા વિધાર્થીઓના માર્ક્સ બેઝિક લેવલ કરતા 3% થી 7% વધુ હતા.

(C) જૂથના આકર્ષણના સિદ્ધાંત (Law of Attraction) દ્વારા પોતાની સફળતાને, પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવાની માત્ર કાર્ય કરવાની પ્રોસેસનું સ્ટેપ બાય સ્ટેપ વિઝયુલાઈઝેશન કરવાવાળા વિધાર્થીઓના માર્ક્સ બેઝિક લેવલ કરતા 50% થી 52% વધુ હતા અને આમાંથી મોટાભાગનાં વિધાર્થીઓએ તે જ વર્ષે યુનિવર્સીટીમાં ટોપ રેન્ક પણ મેળવ્યા હતા.

આવું કેમ થયું, તેની પાછળનું કારણ મનોચિકિત્સકને એ જાણવા મળ્યું કે, (C) જૂથના વિધાર્થીઓ કે જેઓ વર્ષના અંતે પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવાની પ્રોસેસનું સ્ટેપ બાય સ્ટેપ વિઝયુલાઈઝેશન કરતા હતા તે દરેક વિધાર્થીને પોતાનાં કામ કરવાના આગળના સ્ટેપમાં કઈ કઈ તકલીફો આવશે, તે તકલીફોને સૉલ્વ કરવા માટે કયા કયા પુસ્તકો વધુ વાંચવા પડશે અને પોતે કઈ કઈ નવી નવી સ્કિલ ડેવલોપ કરવી પડશે, કયું નવું નોલેજ મેળવવું પડશે... વગેરે, વગેરે. તે તમામ સમસ્યાઓનું સોલ્યૂશન મેળવવા ઉપર તેમનું મગજ સ્પષ્ટતાથી પોઝિટિવ વાઈબ્રેશન સાથે વિચારવા લાગ્યું હતું અને આ વિધાર્થીઓ સ્ટેપ બાય સ્ટેપ તે સોલ્યૂશન મેળવીને એક પછી એક તકલીફોને સોલ્વ કરતા ગયા. આથી, તેમના માર્ક્સ બેઝિક લેવલ કરતા 50% થી 52% જેટલા વધુ હતા અને વર્ષના અંતે ખૂબ જ સારા માર્ક્સ લાવીને ટોપ રેન્ક પ્રાપ્ત કરી શક્યા હતા. બીજી રીતે, કહેવું હોય તો એમ કહી શકાય કે, (C) જૂથના વિધાર્થીઓએ આકર્ષણના સિદ્ધાંત **(Law of Attraction)** ની સાથે સાથે કર્મનો સિદ્ધાંત **(Law of Karma)** નો પણ ઉપયોગ કર્યો હતો. આપણે કર્મના સિદ્ધાંતને કાર્ય અને કારણનો સિદ્ધાંત પણ કહી શકીએ. વિશ્વના દરેક મહાન ધર્મગ્રંથમાં કર્મના સિદ્ધાંતનો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો જ છે.

જયારે (B) જૂથના વિધાર્થીઓ કે જેઓ વિઝયુલાઈઝેશનમાં વર્ષના અંતે પોતાને મળનારી માત્ર પોતાની સફળતાને, માત્ર પોતાના ધ્યેયને પોતે મેળવી લીધો છે તેવું જ વિઝ્યુલાઈઝ કરતા હતા, માત્ર તેના જ સપનાઓ જોતા હતા. તેઓ આખા વર્ષ દરમ્યાન પરીક્ષામાં આવનારી પોતાની વાસ્તવિક સમસ્યાઓને ન જોઈ શક્યા. આથી, સમસ્યાઓને સૉલ્વ કરવાના વાસ્તવિક સમયે સૉલ્વ પણ ન કરી શક્યા. આથી, તેમના માર્ક્સ બેઝિક લેવલ કરતા 3% થી 7% જેટલા જ વધુ હતા.

આના પરથી એમ કહી શકાય કે, જે લોકો વિઝ્યુલાઇઝેશનમાં પોતાને પોતાની સફળતાનાં ગોલ, ધ્યેય સુધી પહોંચવા માટેની વાસ્તવિક કાર્ય કરવાની પ્રોસેસ પર, સ્ટેપ

બાય સ્ટેપ વિઝ્યુલાઇઝેશન અને તે પ્રમાણે કાર્ય કરે છે તેવા લોકો પોતાના ગોલને, ધ્યેયને ઝડપથી, સહેલાઈથી અને સારી રીતે પ્રાપ્ત કરી લે છે. જયારે જે લોકો પોતે સફળતાનાં ગોલને, ધ્યેયને પ્રાપ્ત કરી ચુક્યા છે, માત્ર તેવા જ વિચારો કર્યા કરે છે, માત્ર તેવું જ વિઝ્યુલાઈઝ કર્યા કરે છે, આવા લોકો ક્યારેય પણ પોતાના નિર્ધારિત કરેલા સમયે પોતાના ગોલને, ધ્યેયને પ્રાપ્ત કરી શકતા નથી.

અહિં કહેવાનો અર્થ એવો નથી કે, આકર્ષણનો સિદ્ધાંત કામ નથી કરતો. આકર્ષણનો સિદ્ધાંત કામ કરે છે પણ તેની સરખામણીમાં કર્મનો સિદ્ધાંત વધુ ઝડપથી, વધુ અસરકારક રીતે કામ કરે છે. આથી , વિશ્વના દરેક વ્યક્તિએ આકર્ષણના સિદ્ધાંત અને કર્મના સિદ્ધાંત બંનેનો ઉપયોગ કરીને પોતાના જીવનના તમામ લક્ષ્યોને, પોતાની નિર્ધારિત કરેલી સમય મર્યાદામાં, સરળતાથી અને સારી રીતે મેળવવા માટે ઉપયોગ કરવો જોઈએ.

કોઈ એક બંધ ઓરડામાં ફક્ત તમે એક જ બેઠા હોવ બીજું કોઈ ન હોય અને એક ખૂણા (A)માં પડેલા ટેબલને બીજા ખૂણા(B)માં તમારે જ મુકવાનું હોય ત્યારે તમે માત્ર એવી જ કલ્પના કર્યા કરો કે, તે ટેબલ ખૂણા(B) માં વ્યવસ્થિત રીતે મુકાઈ ગયું છે. તો બીજા દસ વર્ષ નીકળી જાય તો પણ તે ટેબલ પોતાની આપમેળે ક્યારેય પણ (B) ખૂણામાં નહિ જઈ શકે. વહેલું કે મોડું તમારે જ તેને (A) ખૂણામાંથી ઉપાડીને (B) ખૂણામાં મૂકવું પડશે. આ કિસ્સામાં, ટેબલ ખસેડવા માટે આકર્ષણનો સિદ્ધાંત કામ નહિ કરે પરંતુ, કર્મનો સિદ્ધાંત જ કામ કરશે.

પથ્થરમાંથી સૂંદર મૂર્તિ બનાવનાર કોઈ મૂર્તિકાર પોતાની સામે રહેલા પથ્થરને જોઈને માત્ર એમ જ વિઝ્યુલાઈઝ કર્યા કરે કે, આ પથ્થરમાંથી એક સૂંદર મૂર્તિ તૈયાર થઈ ગઈ છે. તો બીજા પચાસ વર્ષ નીકળી જાય તો પણ તે પથ્થરમાંથી આપમેળે મૂર્તિ તૈયાર નહિ થાય. જયારે મૂર્તિકાર પોતાના હાથમાં ખીલી અને હથોડી લઈને પોતાની પાસે રહેલા ફોટા કે પોતાની કલ્પના પ્રમાણે પથ્થરને કંડારીને મૂર્તિ અનુસાર આકાર આપવાનું કામ પૂર્ણ ન કરે ત્યાં સુધી તે પથ્થરમાંથી સૂંદર મૂર્તિ બનશે નહિ. અહિં, પણ માત્ર આકર્ષણનો સિદ્ધાંત પથ્થરમાંથી સૂંદર મૂર્તિ પૂર્ણરૂપે તૈયાર કરી આપતો નથી. પથ્થરમાંથી સૂંદર મૂર્તિ પૂર્ણરૂપે તૈયાર કરવા માટે કર્મનો સિદ્ધાંત જ મહત્વનો સાબિત થાય છે.

કોઈપણ દેશની સરહદ પર તૈનાત સૈનિકો ચોવીસે કલાક આંખ બંધ કરીને જો માત્ર એમ જ વિઝ્યુલાઇઝ કર્યા કરે કે, મારા દેશની જમીન, હવાઈ અને જળ સીમાઓ(સરહદો) ખૂબ જ સુરક્ષિત છે, ખૂબ જ સલામત છે. તો શું સાચે જ તે દેશની તમામ સરહદો સુરક્ષિત થઇ જશે? આવું કરવાથી એવું બનશે કે, દુશ્મન દેશના સૈનિકો વિઝ્યુલાઇઝ કરવાવાળા સૈનિકોના દેશમાં આરામથી ઘૂસી જશે અને તેમને નુકશાન પહોંચાડશે. દુશ્મન દેશના સૈનિકોની બંદૂકની ગોળીઓ ક્યારે, કઈ તરફથી આવશે તે કોઈ જાણતું હોતું નથી. આ વાત દરેક દેશના સૈનિકો ખૂબ સારી રીતે જાણે છે અને તેથી જ દરેક દેશના સૈનિકો પોતાની ડ્યુટી પર હોય ત્યારે ખૂબ જ સતર્ક રહીને પોતાના દેશની સરહદોનું રક્ષણ કરે છે. અહિં, દેશની સીમાઓની રક્ષા કરવામાં પણ આકર્ષણનો સિદ્ધાંત કામ નથી કરતો. અહિં, કર્મનો સિદ્ધાંત કામ કરે છે.

કલ્પનાશક્તિનો કામ કરવાની યોગ્ય પદ્ધતિ દ્વારા સમાજ અને સમગ્ર માનવજાત માટે સકારાત્મક અને સાચી દિશામાં ઉપયોગ કરવાથી તમે તમારા જીવનની શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજીક, આર્થિક, ભૌતિક સમસ્યાઓને દૂર કરી શકો છો.

આ રીતે કોઈ પણ વ્યક્તિ કામ કરવા માટે કલ્પના(વિઝયુલાઈઝેશન) કરવાની યોગ્ય પદ્ધતિ દ્વારા કલ્પનાશક્તિનો સકારાત્મક ઉપયોગ કરે તો, તે વ્યક્તિ પોતાને, પોતાના બાળકોને, પોતાના પરિવારના સભ્યોને, પોતાના સમાજને, પોતાના દેશને અને સમગ્ર માનવજાતિને એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપી શકશે.

~ આત્મ ચિંતન

- શું તમે કલ્પનાશક્તિની અદ્રશ્ય શક્તિ પર વિશ્વાસ રાખો છો કે નહિ ?
-શું તમે કલ્પનાશક્તિનો ઉપયોગ કરવાની સાચી અને યોગ્ય પદ્ધતિને જાણો છો કે નહિ?
-આકર્ષણનો સિદ્ધાંત તમારા શબ્દોનો પ્રતિભાવ નથી આપતો, તમારા વાઈબ્રેશનનો પ્રતિભાવ આપે છે. શું આ વાત તમે જાણો છો ?

પ્રકરણ ૧૪ : પ્રાર્થના અને ઈશ્વર

સૌથી પહેલા તમે આ એક પ્રશ્ન તમારી જાતને પૂછો કે, કોઈપણ મનુષ્ય સવારથી રાત્રિ સુધીના કોઈપણ સમયે, ચોવીસ કલાકમાંથી કોઈપણ સમયે શા માટે પોતાની ઘરની બહાર નીકળતો હશે? આ પ્રશ્નનો જવાબ તમે ઘણી બધી રીતે આપી શકો પરંતુ, આ પ્રશ્નનો એકદમ સરળ જવાબ આપવો હોય તો એમ કહી શકાય કે, કોઈપણ મનુષ્ય અમુક નાણાં, કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ(જેમાં વ્યક્તિ પોતે અને/અથવા અન્ય વ્યક્તિઓ એમ બંનેના સંદર્ભમાં), માતૃભૂમિ કે ઈશ્વરના કામકાજ અર્થે પોતાના ઘરની બહાર નીકળતો હશે.

- સવારે કોઈ વ્યક્તિ જાગે અને સૌથી પહેલા જો તે વ્યક્તિ કદાચ જીમમાં જતી હોય તો તે વ્યક્તિ પોતાની તંદુરસ્તી માટે બહાર નીકળે છે તેમ કહી શકાય.

-સવારે કોઈ વ્યક્તિ જાગે અને સૌથી પહેલા મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે ચર્ચમાં જતી હોય તો તે વ્યક્તિ ભગવાનને પ્રાર્થના કરવા અથવા ભગવાનના કામકાજ અર્થે બહાર નીકળે છે તેમ કહી શકાય.

-સવારે કોઈ વ્યક્તિ જાગે અને સૌથી પહેલા પોતાની દિનચર્યા ચાલુ કરવા માટે જો તે વ્યક્તિ ખાવાપીવાની અમુક ચીજવસ્તુઓ મેળવવા માટે કોઈ દુકાન કે કોઈ ફેરિયા પાસે જાય તો તે વ્યક્તિ કોઈ ચીજવસ્તુ મેળવવા માટે પોતાના ઘરની બહાર નીકળે છે તેમ કહી શકાય.

-સવારે કોઈ વ્યક્તિ જાગે અને સૌથી પહેલા અમુક પૈસા મેળવવા માટે અન્ય કોઈ વ્યક્તિ પાસે અથવા કોઈ બેંકમાં અથવા કોઈ નજીકના ATM મશીને જાય છે તો, તે વ્યક્તિ પૈસા માટે

ઘરની બહાર નીકળે છે તેમ કહી શકાય.

-સવારે કોઈ વ્યક્તિ જાગે અને સૌથી પહેલા તે વ્યક્તિ પોતાની માતૃભૂમિની રક્ષા કરવા માટે સરહદ પર તૈનાત થઈ જાય છે તો, તે વ્યક્તિ માતૃભૂમિના રક્ષણનાં કામ માટે ઘરની બહાર નીકળે છે તેમ કહી શકાય.

આમ, કોઈ પણ વ્યક્તિના ઘરની બહાર નીકળવાના કારણના કેન્દ્રમાં એકદમ બારીકાઈથી જોવામાં આવે તો તમને ખ્યાલ આવશે કે, પૈસા, કોઈ ચીજવસ્તુ, કોઈ વ્યક્તિ (જેમાં તે વ્યક્તિ સ્વયં પોતે અને/અથવા અન્ય વ્યક્તિઓ), માતૃભૂમિ અને ઈશ્વર રહેલા છે. અગાઉના પ્રકરણોમાં આપણે પૈસા, ચીજવસ્તુ, વ્યક્તિ અને માતૃભૂમિ પર વિસ્તૃતથી જોયું. હવે, અહિં આપણે ઈશ્વર, તેની દ્રશ્ય અને અદ્રશ્ય શક્તિઓ, ઈશ્વરને કરવામાં આવતી પ્રાર્થના, તેના ફાયદા અને તેના ચમત્કારને ઓળખવાનો એક પ્રયાસ કરીશું.

ઈશ્વર છે કે નહિ? જો આ સવાલ આખી દુનિયાભરના લોકોને પૂછવામાં આવે તો, આ સવાલના જવાબમાં ઘણા લોકો એમ કહેશે કે ઈશ્વર છે.ભલે ઈશ્વરને આપણે જોઈ શકતા નથી પણ, ઈશ્વર તો છે જ અને ઘણા લોકો એમ કહેશે કે ઈશ્વર નથી કારણ કે, ઈશ્વર દેખાતા નથી. તો ખાસ કરીને, જે લોકો એમ કહેતા હોય કે, ઈશ્વર દેખાતા નથી એટલે ઈશ્વર નથી. આવા લોકોને વ્યક્તિગત રીતે, હું એક પ્રશ્ન પૂછવા માંગુ છું કે, શું હવા દેખાય છે? હવા દેખાતી નથી પરંતુ, આપણે તેને અનુભવી શકીએ છીએ, મહેસૂસ કરી શકીએ છીએ. આથી, આપણે સ્વીકારીએ છીએ કે, હવા અસ્તિત્વ ધરાવે છે અને આવા લોકોને વ્યક્તિગત રીતે કહેવા માંગુ છું કે, સર્જન હોય તો સર્જક હોવો જ જોઈએ. આ વાતનો હંમશા સ્વીકાર કરવો. ભલે સર્જક દેખાય કે ન દેખાય પણ, સર્જક ભૂતકાળમાં કે વર્તમાનકાળમાં હોવાનો જ. તમે તે સર્જકને કોઈ કારણસર ન જોઈ શક્યા હોવ અથવા તે સર્જકને જોવાની તમારામાં ક્ષમતા ન હોય તો એમ ક્યારેય માની લેવું નહિ કે સર્જક ન હતો અથવા સર્જક નથી.

-જયારે તમે કોઈ બાળકને જુઓ છો ત્યારે તમારે તે વાતનો સ્વીકાર કરવો પડે છે કે, તેનું સર્જન કરનાર તેના માતા-પિતા છે જ, ભલે તમને તે દેખાય કે ન દેખાય. તેની સાથે તમારે તે વાતનો પણ સ્વીકાર કરવો પડે છે કે, તે બાળકનું સર્જન કરનાર તેના માતા-પિતાના પણ માતા પિતા(એટલે કે તે બાળકના માતાના માતા-પિતા એટલે કે તે બાળકના નાના-નાની તેમ જ તે બાળકના પિતાના માતા-પિતા એટલે કે તે બાળકના દાદા-દાદી) હોવાના જ. આ વાતનો પણ તમારે સ્વીકાર કરવો જ પડે છે. ભલે તે બાળકના નાના-નાની તેમ જ તે બાળકના દાદા-દાદી તમને દેખાય કે ન દેખાય.

-જેમ કોઈ ઊંચી ઈમારત, ઊંચી પ્રતિમા કે ઊંચી કિલ્લેબંધ દિવાલ આજે જોવા મળે તો તમને એમ માનવામાં સરળતા થશે કે, ભૂતકાળમાં આ બધું કોઈ વ્યક્તિએ બાંધ્યું હશે અને તમે તે વાતનો સ્વીકાર પણ કરો છો કે તે ઇમારતને, તે પ્રતિમાને કે તે ઊંચી કિલ્લેબંધ દિવાલનું સર્જન કરનાર કોઈ સર્જક(કોઈ વ્યક્તિ) વર્તમાનમાં હશે અથવા ભૂતકાળમાં હશે.

-જેમ કોઈ અદભૂત ચીજ્વસ્તુ તમને જોવા મળે તો તમને તે વાત માનવામાં સરળતા રહેશે કે, ભૂતકાળમાં તે અદભૂત ચીજવસ્તુ કોઈ વ્યક્તિ કે કોઈ મશીન દ્વારા બનાવવામાં આવી હશે. આમ, તે ચીજવસ્તુના સર્જન કરનાર કારીગર(સર્જક)નો તમારે સ્વીકાર કરવો પડે છે.

-જેમ તમને કોઈ પ્રાચીન ચલણી નાણાંના સિક્કા અને નોટો મળે તો તે વાત માનવામાં

તમને સરળતા રહે છે કે, આ પ્રાચીન ચલણી નાણાંના સિક્કા અને નોટોને બનાવનાર ભૂતકાળમાં કોઈ વ્યક્તિ કે કોઇ મશીન હશે જ. આમ, પ્રાચીન ચલણી નાણાંના સિક્કા અને નોટો(પૈસા) અને તેને બનાવનાર કોઈ વ્યક્તિ(સર્જક)નો તમે સ્વીકાર કરી શકો છો. ભલે તે સર્જક દેખાય કે ન દેખાય.

-જેમ તમને પૃથ્વી પર ઊંચા ઊંચા પર્વત, ઝરણાં, નદીઓ, સમુદ્ર, જ્વાળામુખી અને આકાશમાં સૂર્ય, ચંદ્ર, અસંખ્ય તારાઓ, નિહારિકા, ગેલેક્સી વગેરે તમે જોઈ શકો છો અને આ બધું કોઈ પણ માણસ ક્યારેય બનાવી શકતો નથી. આ વાતનો પણ તમારે સ્વીકાર કરવો પડે છે. કદાચ તમે એમ કહો કે, પૃથ્વી પર ઊંચા ઊંચા પર્વત, ઝરણાં, નદીઓ, સમુદ્ર, જ્વાળામુખી અને આકાશમાં સૂર્ય, ચંદ્ર, અસંખ્ય તારાઓ, નિહારિકા, ગેલેક્સી વગેરે કુદરતી છે. એ વાતનો તમે પણ સ્વીકાર કરો છો કે, આ બધું કુદરતી છે, માનવસર્જિત નથી. એટલે અહિં, કહેવાનો અર્થ એમ છે કે, આ બધું કુદરતી છે એટલે કે, તેનું સર્જન કરનાર કુદરત છે, ઈશ્વર છે, ભગવાન છે. ભલે સર્જન કરનાર સર્જક એટલે કે, કુદરત (ઈશ્વર,ભગવાન) તમને દેખાય કે ન દેખાય પણ, સર્જન કરનાર સર્જક એટલે કે કુદરત(ઈશ્વર, ભગવાન) જ હતો, કુદરત જ છે અને કુદરત જ રહેશે. આ સત્ય વાતનો કોઈ પણ વ્યક્તિએ સ્વીકાર કરવો જ પડે છે. આ એકદમ સરળતાથી સમજાય તેવી વાત છે.

કોઈ પણ વ્યક્તિ જયારે મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અથવા ચર્ચમાં જાય છે ત્યારે કોઈ પણ વ્યક્તિ ઈશ્વરને પુરા ભાવથી વંદન કરે છે અથવા ઈશ્વરને પુરા ભાવથી વંદન કરીને પોતે કોઈ પણ રીતે ઈશ્વરનો આભાર વ્યકત કરે છે અથવા પોતાને જોઈતા કોઈ પૈસા, કોઈ ચીજવસ્તુ, કોઈ વ્યક્તિ, કોઈ પરિસ્થિતિને પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસે માંગે છે અથવા ઈશ્વર પાસે કોઈ એક વ્યક્તિ બીજી અન્ય વ્યક્તિ માટે પણ પ્રાર્થના કરે છે. આ અને આ સિવાયની કોઈ પણ પ્રાર્થના કોઈ પણ મનુષ્યે પૂરી શ્રદ્ધા, પુરા વિશ્વાસથી કરવી જોઈએ અને ભગવાનમાં અતૂટ અને અડગ વિશ્વાસ રાખવો જોઈએ કે, તે તમને તમારી પ્રાર્થના પ્રમાણે જરૂરથી આપશે. બને ત્યાં સુધી પ્રાર્થનામાં કોઈ કામ ઈશ્વર તમને કરી આપે એવું ન માંગવું પણ, તમારા કોઈ કામને સારી રીતે સફળ બનાવવામાં ઈશ્વર તમને મદદ કરે એવું માંગવું. શ્રદ્ધાવાન મનુષ્યો હંમેશા નિશ્ચિંન્ત બનીને જીવતા હોય છે કારણ કે, એમને ઈશ્વરના રક્ષણમાં પુરેપુરો વિશ્વાસ હોય છે, પુરેપુરી શ્રદ્ધા હોય છે. તેઓ એ પણ જાણતા હોય છે કે, આ પૃથ્વી પર અને સમગ્ર બ્રહ્માંડમાં સૌથી મોટો માર્ગદર્શક ઈશ્વર જ છે કારણ કે, આ પૃથ્વી અને આ સમગ્ર બ્રહ્માંડ ઈશ્વરે જ બનાવેલું છે. આથી, ઈશ્વર સમગ્ર બ્રહ્માંડની દરેક જગ્યાના, દરેક વસ્તુના અને દરેક વ્યક્તિના સારા જાણકાર છે. વિશ્વના દરેક ધર્મગ્રંથોમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે લખેલું છે કે, તમને ઈશ્વરમાં જેટલી વધારે શ્રદ્ધા હશે એટલું ઈશ્વર તમને વધારે આપશે. અહિં, કેટલીક વ્યક્તિના મનમાં એ પ્રશ્ન થતો હશે કે, અડગ શ્રદ્ધા એટલે શું? અતૂટ શ્રદ્ધા એટલે શું? આ બધી વાતને ભૂતકાળના અમુક કિસ્સાઓ દ્વારા સરળતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

કોઇ એક ગામમાં એક સાચાં સંત રહેતા હતા. તે ગામના લોકોનો ખેતી જ એક માત્ર વ્યવસાય હતો. કોઈ કારણસર ચોમાસાના શરૂઆતના દિવસોમાં તે ગામમાં વરસાદ ન પડયો. આથી, ગામના બધા લોકો પોતે વાવેલું બિયારણ નિષ્ફળ જવાના ડરથી ચિંતા કરવા લાગ્યા અને તે બધા લોકો સંત પાસે ગયા અને તે સંતને પોતાની સમસ્યા જણાવી. આથી, તે સંતે બીજે દિવસે સવારે ગામના બધા લોકોને ગામની એક વિશાળ ખુલ્લી જગ્યામાં

વરસાદ વરસાવવા માટે ઈશ્વરને પ્રાર્થના કરવા માટે ભેગા થવાનું કહ્યું અને તે સંતે ગામ લોકોને એ પણ કહ્યું કે, કાલે સવારે પ્રાર્થના વખતે વરસાદ આવશે તેથી, દરેક વ્યક્તિએ પોતાની સાથે છત્રી લઈને આવવું. બીજે દિવસે સવારે નક્કી કરેલ સમય પ્રમાણે, તે સંત છત્રી લઇને ગામની તે વિશાળ ખુલ્લી જગ્યામાં પહોંચી ગયા. તો, ત્યાં તેમણે જોયું કે, ગામની એક પણ વ્યક્તિ પોતાની સાથે છત્રી લઈને આવી ન હતી. આથી, સંત બહુ જ નિરાશ થઈ ગયા અને ગામના લોકોને કહ્યું કે, "આજે આપણે વરસાદ વરસાવવા માટે ઈશ્વરને પ્રાર્થના નહિ કરીએ. આ જ જગ્યાએ, આવતીકાલે સવારે, આટલા જ વાગ્યે ઈશ્વરને પ્રાર્થના કરવા માટે ફરી ભેગા થઈશું." અને ગામના બધા લોકો પોતપોતાના ઘર તરફ ચાલવા લાગ્યા અને બીજે દિવસે સવારે તે જ જગ્યાએ, તેટલા જ વાગ્યે ફરીવાર તે સંત પ્રાર્થના કરવા માટે પોતાની સાથે છત્રી લઈને આવ્યા પરંતુ, તે વિશાળ ખુલ્લી જગ્યામાં જોયું તો, બીજે દિવસે પણ ગામના દરેક લોકો છત્રી લીધા વગર જ પ્રાર્થના કરવા માટે પહોંચી ગયા હતાં. આથી, સંત બીજા દિવસે પણ બહુ નિરાશ થઈ ગયા અને ગામના લોકોને કહ્યું કે, "આજે પણ આપણે વરસાદ વરસાવવા માટે ઈશ્વરને પ્રાર્થના નહિ કરીએ. આ જ જગ્યાએ, આવતીકાલે સવારે, આટલા જ વાગ્યે ઈશ્વરને પ્રાર્થના કરવા માટે ભેગા થઈશું " અને ફરીવાર ગામના બધા લોકો પોતપોતાના ઘર તરફ ચાલવા લાગ્યા અને ત્રીજે દિવસે સવારે તે જ જગ્યાએ, તેટલા જ વાગ્યે ફરીવાર તે સંત પ્રાર્થના કરવા માટે પોતાની સાથે છત્રી લઈને આવ્યા,પરંતુ તે વિશાળ ખુલ્લી જગ્યામાં જોયું તો, ત્રીજે દિવસે પણ ગામના દરેક લોકો છત્રી લીધા વગર જ પ્રાર્થના કરવા માટે પહોંચી ગયા. આથી સંત ત્રીજા દિવસે પણ બહુ નિરાશ થઈ ગયા અને ગામના લોકોને કહ્યું કે, "આજે પણ આપણે વરસાદ વરસાવવા માટે ઈશ્વરને પ્રાર્થના નહિ કરીએ. આ જ જગ્યાએ, આવતીકાલે સવારે, આટલા જ વાગ્યે ઈશ્વરને પ્રાર્થના કરવા માટે ફરી ભેગા થઈશું. "

સંતનું આમ કરવાનું કારણ કોઈ પણ વ્યક્તિને સમજાતું ન હતું. સંતના આ વર્તનથી અકળાયેલા એક વ્યક્તિએ સંતને વિનમ્રતાથી પૂછ્યું કે, "હે મહાત્મા ! ગામના બધા લોકો પહેલા દિવસે પ્રાર્થના કરવા માટે ભેગા થયા તો પહેલા દિવસે પ્રાર્થના કરવાની ના પાડી. બીજા દિવસે ગામના બધા લોકો પ્રાર્થના કરવા માટે ભેગા થયા તો બીજા દિવસે પણ પ્રાર્થના કરવાની ના પાડી અને આજે ત્રીજા દિવસે પણ ગામના બધા લોકો પ્રાર્થના કરવા માટે ભેગા થયા છે તો, આજે પણ પ્રાર્થના કરવાની ના પાડી. આમ ત્રણ-ત્રણ દિવસ સુધી પ્રાર્થના કરવાની ના પાડવાનું કારણ શું ?" સંતે બહુ જ વિનમ્રતાથી તે વ્યક્તિને જવાબ આપ્યો કે, "હે વત્સ ! મેં જયારે ગામ લોકોને વરસાદ વરસાવવા માટે પ્રાર્થના કરવા માટે ભેગા થવાનું કહ્યું હતું ત્યારે દરેક વ્યક્તિને પોતાની સાથે છત્રી લઈને આવવાનું પણ કહ્યું હતું પણ, પ્રથમ દિવસે કોઈ પણ વ્યક્તિ પોતાની સાથે છત્રી ન લાવી. આ કારણે મેં બીજા દિવસે પ્રાર્થના કરવાનું કહ્યું તો બીજે દિવસે પણ કોઈ પણ વ્યક્તિ પોતાની સાથે છત્રી ન લાવી. આથી, મેં ત્રીજે દિવસે એટલે કે આજે છત્રી લઈને આવવાનું કહ્યું તો આજે પણ કોઈ વ્યક્તિ પોતાની સાથે છત્રી ન લાવી. આથી, મેં આવતી કાલે એટલે કે, ચોથા દિવસે પ્રાર્થના કરવાનું કહ્યું. હું પહેલા જ દિવસથી પોતાની સાથે છત્રી લઈને આવું છું. આ છત્રી ફક્ત છત્રી નથી પરંતુ, ઈશ્વર પ્રત્યેની મારી શ્રદ્ધા છે, આસ્થા છે. જો તમે પોતાની છત્રી લીધા વગર આવો તો એનો મતલબ એમ થાય કે, તમે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વગર આવો છો. તો આ રીતે આવવાનો કોઈ મતલબ નથી અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વગરની પ્રાર્થના ક્યારેય પરિપૂર્ણ થતી નથી." સંતની આ વાત ગામનાં દરેક લોકોને બરાબર સમજાઈ ગઈ હતી અને ચોથા દિવસે સવારે તે જ જગ્યાએ, તેટલા જ વાગ્યે ફરીવાર તે સંત પ્રાર્થના કરવા માટે પોતાની સાથે છત્રી લઈને આવ્યા ત્યારે, તેમણે જોયું કે, તે વિશાળ ખુલ્લી જગ્યામાં ગામના દરેક લોકો પણ પોતાની સાથે છત્રી લઈને આવ્યા હતા

અને ત્યારબાદ સંતે અને ગામના તમામ લોકોએ વરસાદ વરસાવવા માટે ઈશ્વર પ્રત્યેની પૂરી શ્રદ્ધાથી, પૂરી આસ્થાથી, અંતઃ કરણથી ઈશ્વરને પ્રાર્થના કરી અને તે પ્રાર્થના પૂરી થઈ કે તરત જ મૂશળધાર વરસાદ આવ્યો અને તેની સાથે જ ગામના લોકો ખુશખુશાલ થઈ ગયા અને સંત પણ ખુશ હતા કેમ કે, ઈશ્વર પ્રત્યેની સાચી શ્રદ્ધા, સાચી આસ્થા શું કહેવાય તેનું સાચું જ્ઞાન ગામ લોકો મેળવી ચુક્યા હતા.

કોઈ પણ મનુષ્યની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, આસ્થા કેવી હોવી જોઈએ. તેને વધુ એક કિસ્સા દ્વારા સમજીએ.

ઘણાં સમય પહેલાની વાત છે. કોઈ એક શહેરથી બીજા શહેર જવા માટે વિમાન ઉપડ્યું. બધા યાત્રિકો આનંદ ઉલ્લાસમાં હતા. વિમાન પંદરેક મિનિટ ઉડ્યું હશે ત્યાં જાહેરાત થઈ કે, આગળ બહુ મોટું તોફાન છે. આથી, કોઈ પણ યાત્રિકે પોતાની જગ્યા પરથી ઉભું થવું નહિ. જો તોફાન શમી જાય અથવા વિમાન તે તોફાનમાંથી સહી સલામત બહાર નીકળી જાય તે પછી જ કોઈ પણ યાત્રિકે પોતાની જગ્યા પરથી ઉભું થવું. વિમાન તોફાનમાં બરાબરનું ફસાયું, ચારે બાજુ ડોલવા લાગ્યું.બધા યાત્રિકો ભયભીત થઇ ગયા. કોઈ ઈશ્વરને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરવા લાગ્યું તો કોઈ રડવા લાગ્યું. આ બધાની વચ્ચે એક સંતે જોયું કે, એક નાની બાળકી પોતાની સીટ પાસેની લાઈટ ચાલુ કરીને શાંતિથી એક પુસ્તક વાંચતી હતી. એકાદ કલાકમાં તોફાન શમી ગયું. સંતે તે બાળકીને પૂછ્યું "દીકરી, તને ડર ન લાગ્યો?" તો બાળકીએ કહ્યું "શા નો ડર?" સંતે બાળકીને કહ્યું "તોફાનને કારણે વિમાનની અસલામતીનો ડર." તો બાળકીએ કહ્યું "મારા પિતા પાઈલોટ છે. તે મને ઘરે લઈ જઈ રહ્યા છે.મને મારા પિતા પર પૂરો વિશ્વાસ(શ્રદ્ધા,આસ્થા) છે કે, તે મને સહીસલામત ઘરે પહોંચાડશે જ. તો પછી ડર શા નો ?" ત્યારે સંતે વિમાનમાં બેઠેલા દરેક લોકોને કહ્યું કે, " આ બાળકીની જેમ દરેક વ્યક્તિએ ઈશ્વરમાં શ્રદ્ધા રાખતા શીખવું જોઈએ કારણ કે, ઈશ્વર આપણો પ્રેમાળ પિતા છે. સૌથી મોટો પાઈલોટ ઈશ્વર છે, સૌથી મોટો માર્ગદર્શક ઈશ્વર છે. "

કોઈથી પણ ડરવું નહિ, કોઈથી પણ વિચલિત થવું નહિ, માત્ર ઈશ્વર જ વ્યાપક છે. ઈશ્વર સિવાય બીજું બધું જ પસાર થઈ જાય છે. અંતિમ ઈશ્વર છે અને તેથી ઈશ્વરની મદદથી બધું જ સંભવ છે. જો ઈશ્વરમાં તમને શ્રદ્ધા હશે તો તમારી માટે બધું જ સંભવ છે. જેમ કોઈ વ્યક્તિ પોતે ઘરની બહાર જાય ત્યારે પોતાના ઘરના દરવાજાને તાળું દઈને જાય છે. ઘરની સુરક્ષાને લઈને તેને તે તાળાં પર જેટલી શ્રદ્ધા હોય છે એટલી પણ શ્રદ્ધા જો તમને ઈશ્વરમાં હશે તો તમે દુનિયાને ગમે તેવા અઘરાં અને અશક્ય લાગતા કામોને પણ શક્ય કરી બતાવશો. ભય આવે અને ઈશ્વરને યાદ કરે તે જગતને જીતે છે. જેમણે ભયના સમયે ઈશ્વરને યાદ કર્યા છે અને ભયનો સામનો કર્યો છે તેઓએ ભય પર વિજય મેળવ્યો છે. કામમાં ઈશ્વરનો સાથ જરૂર માંગો પણ, કોઈ કામ ઈશ્વર કરી આપે એવું ન માંગો. સમગ્ર બ્રહ્માંડમાં ઈશ્વર વ્યાપક અને અંતિમ છે. જ્યાં તમારી કલ્પનાશક્તિ કામ કરે છે ત્યાં પણ અને જ્યાં તમારી કલ્પનાશક્તિ કામ નથી કરતી ત્યાં પણ.

એકદમ સામાન્ય નજરથી જોવામાં આવે તો પણ તમને ખ્યાલ આવશે કે, બધા ધર્મો એક જ છે. અલગ અલગ ધર્મના લોકો પોતાના અલગ અલગ ઈશ્વરને માને છે અને આપણે જાણીએ છીએ તેમ, ઈશ્વર અંતિમ છે અને ઈશ્વર માટે બધું જ સંભવ છે. જો ઈશ્વર અલગ અલગ હોય તો દરેક ઈશ્વર પોતપોતાના ધર્મના અનુયાયીઓના લોહીનો રંગ પણ અલગ અલગ બનાવી શકે છે.

જેમ કે,

કોઈ (A) ધર્મના અનુયાયીઓના લોહીનો રંગ લીલો,

કોઈ (B) ધર્મના અનુયાયીઓના લોહીનો રંગ પીળો,

કોઈ (C) ધર્મના અનુયાયીઓના લોહીનો રંગ વાદળી,

કોઈ (D) ધર્મના અનુયાયીઓના લોહીનો રંગ જાંબલી ...વગેરે, વગેરે. પણ, હકીકતમાં તેવું નથી. પૃથ્વી પર રહેતા કોઈ પણ ધર્મના દરેક મનુષ્યના લોહીનો રંગ લાલ જ છે. ફક્ત મનુષ્યો જ નહીં, પૃથ્વી પર રહેતા દરેક પશુ, પંખી, જીવજંતુના લોહીનો રંગ પણ લાલ જ છે. એટલે, આના પરથી નિઃસંદેહ અને સ્પષ્ટપણે એમ કહી શકાય કે, ઈશ્વર એક જ છે...એક જ છે....એક જ છે. પણ, એકદમ આટલી સરળ વાત પણ દુનિયાના ઘણા લોકો સમજી શકતા નથી અને પોતાનો ધર્મ ઊંચો છે અને બીજા લોકોનો ધર્મ નીચો છે તેવા મિથ્યા તર્ક-વિતર્કમાં ઝઘડાઓ કરે છે પણ, વાત ત્યારે ગંભીર બની જાય છે જયારે એક ધર્મના લોકો બીજા ધર્મના લોકોની કોઈ પણ પ્રકારની મદદ કરે છે, સેવા કરે છે અને બદલામાં સેવા મેળવનાર વ્યક્તિ પર પોતાનો ધર્મ બળજબરીપૂર્વક ઠોકી બેસાડવાના પ્રયત્નો કરે છે, બળજબરીપૂર્વક પોતાનો ધર્મ બીજા લોકોને અંગીકાર કરવા મજબૂર કરે છે. તો ઘણીવાર બે અલગ અલગ ધર્મના લોકો ધર્મના નામે એકબીજાની હત્યા કરવા માટે સામસામે આવી જાય છે અને હત્યાઓ પણ કરી બેસે છે.

પ્રાર્થનામાં અસીમ, અદભૂત અને અપાર અદ્રશ્ય શક્તિઓ રહેલી છે. આ શક્તિઓ અદ્રશ્ય સ્વરૂપે રહેલી છે. આથી, જગતના ઘણા લોકો બહુ જલ્દીથી પ્રાર્થનામાં વિશ્વાસ નથી કરતા અને પરિણામે, આવા લોકો પ્રાર્થનામાં રહેલી અસીમ, અદભૂત અને અપાર શક્તિનો લાભ લઈ શકતા નથી. પ્રાર્થનાની શક્તિનો લાભ લેવા માટેની પાયાની શરત એ છે કે, તમને ઈશ્વરમાં પુરેપુરી શ્રદ્ધા હોવી જોઈએ.

ઘણાં સમય પહેલાની વાત છે. એક વ્યક્તિનો છોકરો અસાધ્ય બીમારીનો ભોગ બન્યો હતો. ડૉક્ટરોએ તે છોકરાના પરિવારના સભ્યોને જણાવી દીધું હતું કે, તે છોકરાના બચવાની આશા ખૂબ જ ઓછી છે અને હવે તો ઓપરેશન એ જ એક છેલ્લો વિકલ્પ છે અને ઓપરેશન દ્વારા પણ તેના બચવાના ચાન્સ બહુ ઓછા છે. જો તમે કહેતા હો તો આવતીકાલે સવારે ઓપરેશન કરીએ. આથી, તે છોકરાના બાપે આવતીકાલે ઓપરેશન કરવાની મંજૂરી આપી દીધી. આથી, તે વ્યક્તિ તેમના મહોલ્લાના એક ઘરે ગઈ. તેમણે ઘરનો દરવાજો ખટખટાવ્યો. દરવાજો ખોલનાર પુરુષને ફોટો બતાવીને કહ્યું કે, "આ મારો દીકરો છે. આવતીકાલે તેમનું ઓપરેશન છે." ત્યારે દરવાજો ખોલનાર પુરુષે કહ્યું કે, "તમારે આર્થિક મદદ જોઈતી હોય એવું મને લાગે છે. કહો કેટલા રૂપિયાની જરૂર છે." તો પેલા બીમાર છોકરાના બાપે કહ્યું કે, "હું રૂપિયા માંગવા નથી આવ્યો. આવતીકાલે સવારે મારાં છોકરાનું ઓપરેશન છે. હું તો તમને એ કહેવા આવ્યો છું કે, તમે અને તમારો પરિવાર આવતી કાલે ઈશ્વરને પૂરી શ્રદ્ધાથી પ્રાર્થના કરજો કે, મારાં છોકરાનું ઓપરેશન સફળ થાય અને તે અસાધ્ય બીમારીમાંથી બચી જાય અને જલ્દીથી સાજો થઈ જાય. હું મહોલ્લાના દરેક ઘરે જઈને દરેક વ્યક્તિને બસ આ જ કહેવા નીકળ્યો છું કે, મારાં છોકરાના સાજા થવા માટે પ્રાર્થના કરે." અને બીજા દિવસે તે મહોલ્લાના દરેક વ્યક્તિએ પેલા છોકરાના ઓપરેશનને સફળ થવા અને તે છોકરાને અસાધ્ય બીમારીમાંથી જલ્દીથી સાજા થવા માટે ઈશ્વરને પૂરી શ્રદ્ધાથી પ્રાર્થના

કરી અને પ્રાર્થનાની અદ્રશ્ય અને ચમત્કારિક શક્તિ વડે તે છોકરાનું ઓપરેશન સફળ રીતે પૂર્ણ થયું અને તે છોકરો અસાધ્ય બીમારીમાંથી બચી ગયો અને બહુ જ જલ્દીથી ટૂંક સમયમાં સાજો પણ થઈ ગયો. તેને ઓપરેશન બાદ ખૂબ જ જલ્દીથી આવનારી રિકવરી અને ખૂબ જ ઓછા સમયમાં, ખૂબ ઝડપથી સાજા થવાની બાબત ડૉક્ટરો અને મેડિકલ સાયન્સ બંને માટે ખરેખર એક ચમત્કાર હતો. ખરેખર, પ્રાર્થનામાં સાચે જ અદભૂત, અસીમ, અપાર અદ્રશ્ય શક્તિઓ રહેલી છે. અહિં, કહેવાનો અર્થ એ છે કે , જ્યાં પૈસા કામ નથી કરી શકતા, જ્યાં ચીજવસ્તુઓ કામ નથી કરી શકતી, જ્યાં ડોક્ટરો (વ્યક્તિઓ) પણ કામ નથી કરી શકતા ત્યાં, ઈશ્વર અને ઈશ્વરને કરવામાં આવેલી પ્રાર્થના કામ કરે છે.

ભગવાનના નામનો મહિમા અપાર છે. ખુદ, ભગવાન પણ પોતાના નામનો મહિમા વર્ણવી શકતા નથી તો, મનુષ્ય તો શું કહેવાય? ભગવાનની ભક્તિ કરવાના ઘણા બધા પ્રકાર છે. તે બધામાંથી સૌથી સરળ પ્રકાર ભગવાનનું નામ સ્મરણ કરવું તે છે. નામ સ્મરણ એકદમ સરળ છે તેમ છતાં, ભક્તિના બીજા બધા પ્રકારો જેટલું જ અસરકારક છે. ભગવાનનું નામ સ્મરણ મનમાં ભગવાનનું બોલીને, જીભથી ધીમેથી અથવા મોટેથી બોલીને, લખીને, વાંચીને પણ કરી શકાય છે.ભગવાનનું નામ સ્મરણ કોઈ પણ પ્રકારના ખર્ચ વગર એટલે કે એકદમ મફતમાં કરી શકાય છે. ગોળ તમે અંધારામાં ખાવ કે અજવાળામાં ખાવ તો પણ ગોળ ગળ્યો જ લાગે છે. ગોળ તમે દાંત ભીંસીને ખાવ કે જીભ મમળાવીને ખાવ તો પણ ગોળ ગાળ્યો જ લાગે છે. તમે કોઈના વખાણ કરતા કરતા ગોળ ખાવ કે કોઈની નિંદા કરતા કરતા ગોળ ખાવ તો પણ ગોળ ગળ્યો જ લાગે છે. તમે તમારા દેશમાં ગોળ ખાવ કે વિદેશમાં ગોળ ખાવ ગોળ તમને ગળ્યો જ લાગે છે. તમે સવારે નાહ્યા પહેલા ગોળ ખાવ કે નાહ્યા બાદ ગોળ ખાવ તો પણ ગોળ ગળ્યો જ લાગે છે. તમે ગોળને પ્રેમ કરતા કરતા ખાવ કે ગોળને નફરતથી ગાળું દેતા દેતા ખાવ તો પણ ગોળ તમને ગાળ્યો લાગે લાગે ને લાગે જ. તેમ ઈશ્વરના નામ સ્મરણને કોઈ પણ પ્રકારના બંધનો નડતા નથી. ઈશ્વરનું નામ દેશ અને કાળના નિયમોમાંથી મુકત છે એટલે કે, કોઈ પણ જગ્યાએ અને કોઈ પણ સમયે ઈશ્વરનું નામ સ્મરણ કરી શકાય છે. આ ઉપરાંત, ઈશ્વરના નામ સ્મરણને પવિત્ર કે અપવિત્ર અવસ્થાનું કોઇ પણ બંધન પણ નડતું નથી. કોઈ સ્ત્રી પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકે છે અને કોઈ પુરુષ પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકે છે એટલે કે, ભગવાનનું નામ સ્મરણ લિંગ અને જાતિના નિયમોમાંથી મુકત છે. નાહીને પણ ઈશ્વરનું નામ સ્મરણ કરી શકાય છે અને નાહ્યા વગરની અવસ્થામાં પણ ઈશ્વરનું નામ સ્મરણ કરી શકાય છે. અંધારામાં પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકાય છે અને અજવાળામાં પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકાય છે. ઘરમાં પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકાય છે અને ઘરની બહાર પણ ભગવાનનું નામ સ્મરણ કરી શકાય છે. તમે ભાવથી ભગવાનનું નામ સ્મરણ કરો કે કુભાવથી ભગવાનનું નામ સ્મરણ કરો તો પણ તે સવળું જ કામ કરે છે. તમે ખેતરમાં અનાજનો દાણો ઉભો વાવો તો પણ ભલે અને આડો વાવો તો પણ ભલે તે અંકુરિત થાય જ છે, તે ઉગે જ છે. એ જ રીતે, તમે ખુરશીમાં બેઠા બેઠા ભગવાનનું નામ સ્મરણ કરો કે બેડ પર સુતા સુતા ભગવાનનું નામ સ્મરણ કરો તો પણ ભગવાનનું નામ સ્મરણ સવળું જ કામ કરે છે. ક્યારેય અવળું કામ કરતું નથી. આથી, તમારું કામ થાય... થાય....અને થાય જ. ભગવાનનું નામ સ્મરણ મનુષ્યના શારીરિક, માનસિક, કૌટુંબિક, આકસ્મિક, નાણાંકીય, સામાજિક તેમ જ ભવોભવના દુઃખોને દૂર કરે છે.

પણ શરત ફક્ત એટલી છે કે, ભગવાનનું નામ સ્મરણ કરતી વખતે તમારે ભગવાનના

નામમાં પૂર્ણ વિશ્વાસ રાખવો પડશે, એટલે કે, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ આસ્થા રાખવી પડશે. જયારે કોઈ વ્યક્તિ પોતાના ઘરની બહાર જાય ત્યારે પોતાના ઘરના દરવાજાને તાળું દે છે અને તે પચાસ કે સાંઈઠ રૂપિયાના તાળાં પર તેને જેટલો વિશ્વાસ હોય, ફક્ત એટલો જ વિશ્વાસ કે તેના કરતા વધારે વિશ્વાસ તમારે ઈશ્વરના નામમાં રાખવાનો છે. આટલું બધું સરળ છે ભગવાનનું નામ સ્મરણ. એટલે ફરીવાર કહું છું, "સરળ એ જ શ્રેષ્ઠ." તેમ છતાં, વિશ્વના મોટા ભાગના લોકો ભગવાનનું નામ સ્મરણ કરી શકતા નથી કારણ કે, ઘણા બધા લોકોના મનમાં હજી પણ એમ છે કે, જે અઘરું હોય તે જ સારું હોય છે પણ, હકીકતમાં તેવું હોતું નથી.

થોડા સમય પહેલા દુનિયાના ઘણા બધા દેશના લોકો પર એક સરવે કરવામાં આવ્યો હતો અને તેમને પૂછવામાં આવ્યું હતું કે, "મનુષ્યને જીવનમાં ખુશ રહેવા માટે શેની સૌથી વધારે જરૂર પડે છે?" તો 98% લોકોનો જવાબ હતો કે, સારું સ્વાસ્થ્ય (એટલે કે, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બન્ને) અને સારા સંબંધો (ચીજવસ્તુ,પૈસા એ બધું પછી)

આપણે કોઈ પણ મનુષ્યની જિંદગીને વધુ સુખી, વધુ તંદુરસ્ત, વધુ સમૃદ્ધ અને વધુ શાંતિપૂર્ણ બનાવવા માટે જરૂરી એવા પૈસા, વસ્તુ, વ્યક્તિ, માતૃભૂમિ વિશે વિસ્તૃતથી જાણ્યું. હવે, તેમાં ઈશ્વર વિશે થોડી ચર્ચા આગળ વધારીશું.

આપણે જાણીએ છીએ તેમ ઈશ્વર અંતિમ છે અને ઈશ્વરની મદદથી બધું જ સંભવ છે એટલે કે, સૂર્ય, ચંદ્ર, તારાઓ, નિહારિકાઓ, ગેલેક્સી, પૃથ્વી, ગુરુ, શુક્ર વગેરે ગ્રહો અને પૃથ્વી પરના ઊંચા ઊંચા પર્વતો, ઝરણાં, નદીઓ, જ્વાળામુખી, કોઈ વ્યક્તિનું જીવન અને મૃત્યુ, કોઈ ચીજવસ્તુ અને નાણાંનું સર્જન અને વિનાશ વગેરે બધું ફક્ત ઈશ્વરના હાથમાં છે.

તમે તમારા દેશમાં, માતૃભૂમિમાં અને/અથવા કર્મભૂમિમાં કોઈ પણ પ્રકારના ડર વિના, મુક્તપણે પોતાના ધંધા-ઉદ્યોગ વિકસાવી શકો છો, નોકરી કરી શકો છો, પુષ્કળ નાણાં કમાઈ શકો છો, જીવન જરૂરિયાતની અને મોજશોખની પુષ્કળ ચીજવસ્તુઓ ખરીદી શકો છો અને પોતાનું ઘર બનાવીને, પોતાના બાળકો અને પોતાના પરિવારના અન્ય સભ્યો સાથે પોતાના જીવનનો આનંદ માણી શકો છો.

તો અહિં સવાલ એ છે કે, જીવનની કોઈ મુશ્કેલ ઘડીમાં, કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં, જયારે તમારે ઈશ્વર, માતૃભૂમિ, કોઈ વ્યક્તિ, કોઈ ચીજવસ્તુ કે અમુક પૈસા માંથી કોઈ એક અથવા એક કરતા વધારેની પસંદગી કરવાની થાય ત્યારે સૌથી વધુ મહત્વ કોને આપવું અને સૌથી ઓછું મહત્વ કોને આપવું. તે પસંદ કરવાના એક માપદંડને એકદમ બારીકાઈથી, એકદમ સરળ રીતે સમજીએ.

(1)ઈશ્વર - તમારી માતૃભૂમિ અને /અથવા કર્મભૂમિ, પૃથ્વી અને અન્ય ગ્રહો, કોઈ વ્યક્તિનું જીવન અને મૃત્યુ, કોઈ ચીજવસ્તુ અને નાણાંનું સર્જન અને વિનાશ વગેરે બધું ફક્ત ઈશ્વરના હાથમાં છે. કારણ કે, સમગ્ર બ્રહ્માંડમાં સંપૂર્ણ અને અંતિમ ફક્ત અને ફક્ત ઈશ્વર છે અને તેથી ઈશ્વર માટે બધું જ સંભવ છે.

(2) માતૃભૂમિ અને/અથવા કર્મભૂમિ- માતૃભૂમિ અને/અથવા કર્મભૂમિ પર કોઈ વ્યક્તિની મદદથી તમે તમારા નોકરી, ધંધા, ઉદ્યોગ, વ્યવસાય, કોઈ ચીજવસ્તુનું ઉત્પાદન કે તેનો વેપાર

કરીને અમુક પૈસા કમાઈ શકો છો અને પોતાના પરિવારના સભ્યો તેમજ અન્ય લોકો સાથે સારા સંબંધો બનાવીને એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જીવન જીવી શકો છો. ટૂંકમાં, તમે માતૃભૂમિ અથવા કર્મભૂમિ પર કોઈ પણ વ્યક્તિ સાથે સારા સંબંધો બનાવી શકો છો તેમજ ચીજ વસ્તુઓ અને પૈસાનું સર્જન કરી શકો છો. માતૃભૂમિ અને/અથવા કર્મભૂમિનું(એટલે કે પૃથ્વી ગ્રહ અને બીજા બધા ગ્રહો)નું સર્જન ફક્ત ઈશ્વર જ કરી શકે છે.

(3)ચીજવસ્તુ- ચીજવસ્તુને પોતાનું એક આગવું મહત્વ છે એમ ચીજવસ્તુને પોતાની એક મર્યાદા પણ છે. ભૂખ લાગે ત્યારે ખાવાપીવાની ચીજવસ્તુઓ, પહેરવા અને ઓઢવા માટે કપડાં, રહેવા માટે મકાન આ બધું કોઈને કોઈ ચીજવસ્તુને આભારી છે. ભૂખ લાગે ત્યારે ખાવાપીવાની ચીજવસ્તુઓ હોય તો જ ભૂખ તૃપ્ત કરી શકાય છે. પૈસા ખાઈ કે પી શકતા નથી. ચીજવસ્તુઓ વેચીને પૈસા પ્રાપ્ત કરી શકાય છે અને નાણાંની ચલણી નોટો અને સિક્કાઓ બનાવવા માટે પણ કાગળ અને અમુક ધાતુ એટલે કે, ચીજવસ્તુ જ વાપરવામાં આવે છે. ડિજિટલ કરન્સી હોય તો તેને જોવા માટે તમારા મોબાઇલ ફોન કે કોમ્પ્યુટરની સ્ક્રીનની મદદ લેવી પડે છે, જે એક ચીજવસ્તુ જ છે. એટલે કે, નાણાંના મૂળ બંધારણમાં કોઈ ને કોઇ ચીજવસ્તુ જ રહેલી છે. ટૂંકમાં, ચીજવસ્તુઓ વેચીને નાણાંનું સર્જન ત્યારે કરી શકાય છે જયારે તેને ખરીદનાર કોઈ હોય. ફક્ત ચીજવસ્તુઓ વડે પૃથ્વી ગ્રહ અને બીજા ગ્રહોનું નિર્માણ થઈ શકતું નથી.

(4) નાણાં(પૈસા)- જેમ પૈસાને પોતાનું એક આગવું મહત્વ છે તેમ પૈસાને પોતાની એક મર્યાદા પણ છે. પૈસાના સર્જનમાં, બંધારણમાં કોઈને કોઈ ચીજવસ્તુ હોવી અનિવાર્ય છે. કોઈ ચીજવસ્તુ વેચીને પૈસા મેળવનાર દુકાનદાર કે ફેરિયો તમારી સમક્ષ હાજર હોય તો પૈસા આપીને કોઈ પણ પ્રકારની ચીજસ્તુઓ તમે ખરીદી શકો છો અને પોતાની જરૂરિયાત પૂરી કરી શકો છો. ફક્ત પૈસા વડે તમે પૃથ્વી ગ્રહ અને બીજા ગ્રહો, વ્યક્તિ અને વસ્તુનું નિર્માણ કરી શકતા નથી.

આથી, એક વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જીવન જીવવા માટે ઈશ્વર, માતૃભૂમિ, વ્યક્તિ, ચીજવસ્તુ કે નાણાંને તેમની સર્જન કરવાની ક્ષમતા અને તેમના મહત્ત્વને આધારે નીચેના ક્રમમાં લખી શકાય.

(1) સૌથી વધારે મહત્ત્વ ઈશ્વરને આપવું.

(2) ઈશ્વર કરતા થોડું ઓછું મહત્ત્વ માતૃભૂમિને આપવું.

(3) ઈશ્વર, માતૃભૂમિ કરતા થોડું ઓછું મહત્ત્વ વ્યક્તિને આપવું.

(4)ઈશ્વર, માતૃભૂમિ, વ્યક્તિ કરતા થોડું ઓછું મહત્ત્વ ચીજવસ્તુને આપવું.

(5) ઈશ્વર, માતૃભૂમિ, વ્યક્તિ, ચીજવસ્તુ કરતા થોડું ઓછું મહત્ત્વ નાણાંને આપવું. એટલે કે, વધારે મહત્ત્વથી ઓછા મહત્ત્વ તરફના ક્રમને આ રીતે લખી શકાય.

ઈશ્વર > માતૃભૂમિ > વ્યક્તિ > ચીજવસ્તુ > નાણાં

વિશ્વના કુલ સુખી લોકોમાંથી 98 % લોકો ઉપર પ્રમાણેના ક્રમ પ્રમાણે પોતાની જિંદગીના કોઈ પણ નિર્ણય લે છે અને તેને કારણે સાચા અર્થમાં પોતાની એક ખુશહાલ જિંદગી જીવી રહ્યા છે અને વિશ્વમાં જે લોકો વર્તમાનમાં અત્યારે દુઃખી છે તેઓએ

ભૂતકાળમાં ઉપર પ્રમાણેના ક્રમ પ્રમાણે નિર્ણય નહિ લીધા હોય તેને કારણે અત્યારે કોઈને કોઈ કારણે દુઃખી જિંદગી જીવી રહ્યા છે.વિશ્વના તમામ દેશોની જેલમાં રહેલા કેદીઓના ગુના તપાસવામાં આવે તો, તમને જાણવા મળશે કે, 90% ગુનાઓના મૂળમાં પૈસા(નાણાં) અને કોઈ વ્યક્તિ(સ્ત્રી અને/અથવા પુરુષ) રહેલા છે અને બાકીના 10% ગુનાઓના મૂળમાં જમીન, મકાન અને બીજી બધી સંપત્તિ ટૂંકમાં, કોઈ પણ પ્રકારની ચીજવસ્તુ રહેલી છે.

ઈશ્વર > માતૃભૂમિ > વ્યક્તિ > ચીજવસ્તુ > નાણાં

ઉપર જણાવેલ ક્રમ પ્રમાણે, કોઈ પણ વ્યક્તિ પોતાની જિંદગીની ગમે તેવી મુશ્કેલ ઘડીમાં, ગમે તેવી ખરાબ સ્થિતિમાં પણ એકદમ સરળતાથી, ઝડપથી, સાચો નિર્ણય લઈ શકશે અને પોતાને, પોતાના બાળકોને અને પોતાના પરિવારના સભ્યોને સાચા અર્થમાં વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જીવન આપી શકશે.

~ આત્મ ચિંતન

- શું તમે ઈશ્વરમાં માનો છો કે નહિ?

-શું તમે એ વાતનો સ્વીકાર કરો છો કે સર્જન છે તો સર્જક હોવો જ જોઈએ ?

-શું તમે ઈશ્વરમાં શ્રદ્ધા રાખો છો કે નહિ?

-શું તમે કોઈ વ્યક્તિને કોઈ પણ પ્રકારની મદદ કરીને તેના બદલામાં તે વ્યક્તિ પર પોતાનો ધર્મ અંગીકાર કરવાનું દબાણ તો નથી કરતા ને ?

- શું તમે ઈશ્વરીય પ્રાર્થનામાં રહેલી અસીમ, અદભૂત અને અપાર અદ્રશ્ય શક્તિઓમાં વિશ્વાસ ધરાવો છો કે નહિ ?

-શું તમે ભગવાનનાં નામ સ્મરણનો મહિમા જાણો છો કે નહિ ?

-ઈશ્વર, માતૃભૂમિ, વ્યક્તિ, ચીજવસ્તુ અને નાણાં આ બધામાંથી કયા સમયે, કોને વધુ મહત્ત્વ આપવું અને કયા સમયે, કોને ઓછું મહત્ત્વ આપવું, તમે તેનું સાચું જ્ઞાન ધરાવો છો કે નહિ ?

~ ઉપસંહાર ~

હવે, તમે આ પુસ્તક આખું વાંચી લીધું હશે.

વધુ સુખી, વધુ સફળ, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જીવન જીવવા માટેની એકદમ સરળ અને પ્રેક્ટિકલ પદ્ધતિઓ અને ઉપાયો અમલમાં પણ મૂકી દીધા હશે. તમારી વર્તમાન જિંદગી અત્યારે ભલે ગમે તેટલી ખરાબ કે દુઃખોથી ભરેલી

હોય પણ, મને પૂરો વિશ્વાસ છે કે, આ પુસ્તકમાં આપવામાં આવેલી એકદમ સરળ અને પ્રેક્ટિકલ પદ્ધતિઓ અમલમાં મૂકીને તમે ખૂબ જ ટૂંક સમયમાં વધુ સુખી, વધુ સફળ, વધુ સમૃદ્ધ, વધુ તંદુરસ્ત અને વધુ શાંતિપૂર્ણ જીવન જીવવા લાગશો અને જિંદગીનો સાચો આનંદ પણ માણી શકશો.

આ પુસ્તક લખવાનો મુખ્ય હેતુ પૃથ્વી પર વસતા દરેક માનવીની કોઇ પણ પ્રકારની સમસ્યા, કોઇ પણ પ્રકારના દુઃખ જેમ કે, માનસિક, શારીરિક, આર્થિક, પારિવારિક, કૌટુંબિક કે સામાજિક સમસ્યાઓ અને દુઃખોને દૂર કરી તેમને સાચા અર્થમાં, માનસિક અને શારીરિક તંદુરસ્તી, આર્થિક સમૃદ્ધિ, માનસિક શાંતિ, આધ્યાત્મિક ઉન્નતિ આપીને તેમને સુખી જિંદગી આપવાનો છે કારણ કે, સુખી જીવન જીવવું એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે. મને પુરેપુરો વિશ્વાસ છે કે, આ પુસ્તક તમને ખરા અર્થમાં એક વધુ સફળ, વધુ સુખી, વધુ તંદુરસ્ત, વધુ સમૃદ્ધ અને વધુ શાંતિપૂર્ણ જિંદગી આપવામાં ચોક્કસ ને ચોક્કસ મદદરૂપ થશે જ.

આ "જીવન પરિવર્તક પુસ્તક" (લાઈફ ચેન્જર બુક)જન્મ દિવસ પર, સગાઇમાં, મેરેજમાં, મેરેજ એનિવર્સરી પર, નવા વર્ષના દિવસે, દિવાળી, નાતાલ, રમઝાન, પતેતી વગેરે બધા જ તહેવારનાં દિવસે, રાષ્ટ્રિય તહેવારો પર, ફ્રેન્ડશિપ ડે,વર્લ્ડ હેપ્પીનેસ ડે(20 માર્ચ), વર્લ્ડ બુક ડે(23 એપ્રિલ), ચિલ્ડ્રેન ડે,... વગેરે જેવા દિવસો પર અને તે સિવાયના દિવસોમાં પણ તમે તમારા મિત્રો, બાળકો, દેશ-વિદેશમાં રહેતાં તમારા સગાસંબંધીઓને અને કર્મચારીઓને એક મહાન અને એક ક્રાંતિકારી ગિફ્ટ આપવા માટે આ પુસ્તક તમે એકદમ સરળતાથી અને ખૂબ જ ઝડપથી amazon (એમેઝોન) પરથી ઑનલાઈન મેળવી શકશો.આ પુસ્તકની મદદથી તમને કોઈ પણ પ્રકારનો ફાયદો થાય એટલે તરત જ તમે તમારો કિંમતી પ્રતિભાવ આપજો, રિવ્યુ આપજો. તમારો પ્રતિભાવ મને સમગ્ર માનવજાત માટે ઉપયોગી થાય તેવા સર્વ શ્રેષ્ઠ પુસ્તકો લખવા માટે હંમેશા નવી ઉર્જા, નવો ઉત્સાહ અને નવી નવી પ્રેરણા પૂરી પાડતા રહેશે.

આ પ્રોબ્લેમ સૉલ્વર સૉલ્યુશન, ગૉલ અચીવર ગાઈડ અને લોકોની જરૂરિયાતને પરિપૂર્ણ કરનાર આ લાઈફ ચેન્જર બુક માટે હું દરેક વ્યક્તિને ફરી એકવાર કહેવા માંગુ છું કે,

એક વાર આ પુસ્તક વાંચી તો જો,

“કિસ્મત” બદલાઈ જશે !!!

- એમ. પટેલ